# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર



## ધોરણ - આઠમું














# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર. ૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થાપન થયેલ સમન્વય સમિતિની દિનાંક ૨૯-૧૨-૨૦૧૭ રોજની મીટિંગમાં આ પાઠ્યપુસ્તક નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

## ધોરણ - આઠમું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

A77V3G

તમારા સ્માર્ટફોનમાં DIKSHA APP દ્વારા પાઠ્યપુસ્તકના પહેલા પાના પરના Q. R. Code વડે ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q. R. Code વડે તે પાઠ સંબંધિત અધ્યયન અધ્યાપન માટે ઉપયુક્ત દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૮
પુનર્મુદ્રણ :
સપ્ટેંબર, ૨૦૨૧

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ઇતિહાસ વિષય સમિતિ :**
ડૉ. સદાનંદ મોરે, અધ્યક્ષ
શ્રી. મોહન શેટે, સભ્ય
શ્રી. પાંડુરંગ બલકવડે, સભ્ય
ડૉ. શુભાંગના અત્રે, સભ્ય
ડૉ. સોમનાથ રોડે, સભ્ય
શ્રી. બાપૂસાહેબ શિંદે, સભ્ય
શ્રી. બાળકૃષ્ણ ચોપડે, સભ્ય
શ્રી. પ્રશાંત સરુડકર, સભ્ય
શ્રી. મોગલ જાધવ, સભ્ય-સચિવ

**ભાષાંતર :**
ધર્મિકા ધીરેન દોશી

**ભાષાંતર સંયોજક :**
કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ, પુણે.

**મુખપૃષ્ઠ અને સજાવટ**
શ્રી. દિલીપ કદમ

**નકશાકાર**
શ્રી. રવિકિરણ જાધવ

**નાગરિકશાસ્ત્ર વિષય સમિતિ :**
ડૉ. શ્રીકાંત પરાંજપે, અધ્યક્ષ
પ્રા. સાધના કુલકર્ણી, સભ્ય
ડૉ. પ્રકાશ પવાર, સભ્ય
પ્રા. અર્જિક્ય ગાયકવાડ, સભ્ય
પ્રા. સંગિતા આહેર, સભ્ય
ડૉ. મોહન કાશીકર, સભ્ય
શ્રી. વૈજનાથ કાળે, સભ્ય
શ્રી. મોગલ જાધવ, સભ્ય-સચિવ

**અક્ષરાંકન :**
સમર્થ ગ્રાફિક્સ, 522, નારાયણ પેઠ, પુણે.

કાગળ : ૭૦ જી.એસ.એમ. ક્રિમવોવ્હ
મુદ્રણાદેશ : N/PB/2022-23/Qty.- 2,000
મુદ્રક : M/s. S Graphix (India) Pvt. Ltd., Thane

**ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષય અભ્યાસજૂથ :**
શ્રી. રાહુલ પ્રભૂ
શ્રી. સંજય વઝરેકર
શ્રી. સુભાષ રાઠોડ
સૌ. સુનીતા દળવી
ડૉ. શિવાની લિમયે
શ્રી. ભાઊસાહેબ ઉમાટે
ડૉ. નાગનાથ યેવલે
શ્રી. સદાનંદ ડોંગરે
શ્રી. રવીંદ્ર પાટીલ
સૌ. રૂપાલી ગિરકર
ડૉ. મિનાક્ષી ઉપાધ્યાય
ડૉ. રાવસાહેબ શેળકે
ડૉ. સતીશ ચાપલે
શ્રી. વિશાલ કુલકર્ણી
પ્રા. શેખર પાટીલ
શ્રી. રામદાસ ઠાકર
ડૉ. અજિત આપટે
ડૉ. મોહન ખડસે
સૌ. શિવકન્યા કદેરકર
શ્રી. ગૌતમ ડાંગે
ડૉ. વ્યંકટેશ ખરાત
શ્રી. રવિંદ્ર જિંદે
ડૉ. પ્રભાકર લોંઢે
ડૉ. મંજિરી ભાલેરાવ
પ્રા. શશિ નિઘોજકર

**સંયોજક**
શ્રી. મોગલ જાધવ
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર
સૌ.વર્ષા સરોદે
વિષય સહાયક, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**નિર્મિતિ**
શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. પ્રભાકર પરબ
નિર્મિતિ અધિકારી
શ્રી. શશાંક કણિકદળે
સહાયક નિર્મિતિ અધિકારી

**લેખન જૂથ**
શ્રી. રાહુલ પ્રભૂ
શ્રી. ભાઊસાહેબ ઉમાટે
શ્રી. પ્રશાંત સરુડકર
પ્રા. શિવાની લિમયે
શ્રી. સંજય વઝરેકર
પ્રા. સાધના કુલકર્ણી

**પ્રકાશક**
શ્રી. વિવેક ઉત્તમ ગોસાવી,
નિયંત્રક,
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની ..................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ત્રીજાથી પાંચમાં સુધી ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર વિષયનો અભ્યાસ તમે 'પરિસર અભ્યાસમાં કર્યો છે. ધોરણ છઠ્ઠાથી આ બંને વિષયોનો સમાવેશ એક જ પાઠ્યપુસ્તકમાં કરવામાં આવ્યો છે. ધોરણ આઠમાનું આ પાઠ્યપુસ્તક આપના હાથમાં આપતા અમને આનંદ થાય છે.

પાઠ્યપુસ્તકની રચના, વિષય વ્યવસ્થિત સમજાય, મનોરંજક લાગે અને આપણાં પૂર્વજોએ કરેલા કાર્યોમાંથી પ્રેરણા મળે એ હેતુથી કરેલી છે. આ પાઠ્યપુસ્તકના અભ્યાસથી જ્ઞાનની સાથે સાથે તમારું અધ્યયન અર્થપૂર્ણ થશે એવું અમને લાગે છે. તે માટે પાઠ્યપુસ્તકમાં રંગીન ચિત્રો, નકશા આપેલા છે. પાઠ્યપુસ્તકમાંના દરેક પાઠનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવો. તેમાંનો જે ભાગ તમને ના સમજાય તે ભાગ શિક્ષક, વાલી પાસેથી સમજી લેવો. ચોરસમાં આપેલ વિગત તમારી જિજ્ઞાસા વધારનારી છે ! વધુ માહિતી માટે 'એપ'ના માધ્યમથી ક્યૂ.આર.કોડ દ્વારા પ્રત્યેક પાઠ સંબંધિત ઉપયુક્ત દશ્ય-શ્રાવ્ય સાહિત્ય તમને ઉપલબ્ધ થશે. અધ્યયન માટે તે તમને ચોક્કસ ઉપયોગી થશે. ઇતિહાસ વિષયને મનોરંજક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જેથી આ વિષય ચોક્કસ રસપ્રદ લાગશે.

ઇતિહાસના ભાગમાં 'આધુનિક ભારતનો ઇતિહાસ' આપ્યો છે. ઇતિહાસનો નવો પ્રવાહ અને શિક્ષણના રાષ્ટ્રીય કેન્દ્રિયતત્વો, અધ્યયન નિષ્પત્તિનો સુમેળ સાધીને આ પાઠ્યપુસ્તકનું લેખન કર્યું છે. આધુનિક ભારતના ઇતિહાસમાં સ્વાતંત્ર્ય, સમતા, બંધુતા અને ન્યાય જેવા તત્વોનો આવિષ્કાર કેવી રીતે થતો રહ્યો તે આ પાઠ્યપુસ્તકના અભ્યાસથી સ્પષ્ટ થશે. પાઠ્યપુસ્તકમાં આધુનિક ભારતના ઇતિહાસના સાધનોનો પરિચય આપવામાં આવ્યો છે. તેમજ ભારતમાં અંગ્રેજી સત્તાનો વિસ્તાર કેવી રીતે થતો ગયો તેની સમીક્ષા કરવામાં આવી છે. અંગ્રેજી સત્તાની ગુલામીમાં ભારતને સ્વતંત્ર કરવા માટે ભારતીય જનતાએ આપેલ અવિસ્મરણીય લડત, કરેલા ત્યાગની માહિતી ઇતિહાસના ભાગમાં આપેલી છે.

નાગરિકશાસ્ત્રના ભાગમાં સંસદીય શાસનપધ્ધતિનો પરિચય આપવામાં આવ્યો છે. આપણા દેશનો કારભાર સંવિધાન, કાયદા અને નિયમ અનુસાર ચાલે છે તે જણાવ્યું છે. પાઠ્યપુસ્તકમાં ભારતની સંસદ, કેન્દ્રિય કારોબારી મંડળ, ભારતની ન્યાયવ્યવસ્થા, રાજ્યસરકારનો કારભાર, નોકરશાહી સંરચના અને એ બધાની સમાજના લોકશાહીકરણની પ્રક્રિયામાં ભૂમિકા સ્પષ્ટ કરી છે.

(ડૉ. સુનિલ મગર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે

તા. : ૧૮ એપ્રિલ ૨૦૧૮, અખાત્રીજ

ભારતીય સૌર દિનાંક : ૨૮ ચૈત્ર ૧૯૪૦

## - શિક્ષકો માટે -

આપણે ધોરણ છઠ્ઠા અને સાતમાના અભ્યાસક્રમમાં અનુક્રમે પ્રાચીન અને મધ્યયુગીન ભારતના ઇતિહાસનો અભ્યાસ કર્યો છે. ધોરણ આઠમાના ઇતિહાસમાં ભારતમાં વસાહતીકરણ અને નિર્વસાહતીકરણની પ્રક્રિયા તેમજ સ્વાતંત્ર્યોત્તર કાળખંડના સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનનો સમાવેશ છે. સ્વાતંત્ર્ય લડત પાછળની વૈચારિક પ્રેરણા, ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદય અને વિકાસ, સ્વાતંત્ર્ય સેનાનીનું યોગદાનના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય જવાબદારીનું ભાન અને રાષ્ટ્રાભિમાન વધશે.

ઇતિહાસ વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનો વિષય છે. તેથી ઇતિહાસમાં સાધનોનું મહત્ત્વ અનન્ય છે. કાળખંડાનુસાર ઇતિહાસના સાધનોનું બદલાતું સ્વરૂપ ધ્યાનમાં લઈને પહેલા ઘટકમાં ઇતિહાસના સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. યુરોપમાં જાગૃતિયુગ અને ક્રાંતિયુગને કારણે સામ્રાજ્યવાદ વધતા એશિયા અને આફ્રિકા ખંડમાં વસાહતીકરણની પ્રક્રિયા વધવા લાગી. ભારત પાશ્ચાત્ય સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષાનો કઈ રીતે ભોગ બન્યો, બ્રિટિશ રાજવહીવટનું ભારત પર શું પરિણામ થયું, પછી ભારતીયોની અસ્મિતા જાગૃત થઈને સ્વાતંત્ર્યની પ્રેરણા કઈ રીતે મળી તેનો આપણે વિચાર કરીશું.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનું અધ્યાપન કરાવતી વખતે 1857નો બળવો, રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના, જહાલ અને મવાળ કાળખંડમાં રાષ્ટ્રીય મહાસભાનું કાર્ય, ગાંધીયુગમાં સત્યાગ્રહના માર્ગે થયેલ ચળવળો, સશસ્ત્ર ક્રાંતિકારી ચળવળ, આઝાદ હિંદ સેનાની લડત, ભારતને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ, સંસ્થાનોનું વિલિનીકરણ, ફ્રેંચ અને પોર્ટુગીઝ વસાહતોની મુક્તિ જેવી ઘટનાઓની સમગ્ર માહિતી વિદ્યાર્થીઓને દશ્ય-શ્રાવ્ય સાધનો ચલચિત્ર, માહિતીપટ, અનુબોધ પટ, ઓડિયો સીડી વગેરે, ક્ષેત્રમુલાકાત, પ્રદર્શનો, સંચલિકા, વર્તમાનપત્ર જેવા માધ્યમોથી પૂરી પાડી શકાય.

રાજકીય ઘટનાઓનો વિચાર કરતી વખતે ભારતના સામાજિક અને આર્થિક ક્ષેત્રમાં કઈ રીતે ફેરફાર થતા ગયા, ભારતના લોકોમાં સામાજિક અને રાજકીય સમતાનો વિચાર કઈ રીતે અંકુરિત થયો તેનો પરિચય વિદ્યાર્થીઓને કરાવી શકાય. ભારતીય ઇતિહાસની પાર્શ્વભૂમિનો અભ્યાસ કરતી વખતે મહારાષ્ટ્ર રાજ્ય નિર્મિતિની ઘટના અને સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનનો પણ આપણે વિચાર કરવાનો છે.

ધોરણ સાતના નાગરિકશાસ્ત્રના ભાગમાં આપણે સંવિધાને નિર્માણ કરેલ શાસન પધ્ધતિ, પ્રશાસકીય વ્યવસ્થા, ન્યાયદાન યંત્રણા અને ન્યાયદાન પધ્ધતિનો વિચાર કરવામાં આવ્યો છે. પ્રસ્તુત આશય સમકાલિન ઘટનાઓના આધારે શીખવવો. સંવિધાનમાંનું તત્વજ્ઞાન અને તેમાંથી પ્રતિબિંબિત થતા મૂલ્યો અને આદર્શોનો પરિચય તેમને કરાવવો.

સંવિધાન એક પ્રવાહી દસ્તાવેજ છે અને તેના દ્વારા લોકશાહી અને કાયદો પ્રત્યક્ષ વ્યવહારમાં આવે છે. તેની માહિતી વિદ્યાર્થીઓને આપવી. જેથી વિદ્યાર્થીઓમાં સામાજિક અને આર્થિક જ્ઞાન વધશે. લોકશાહી સંસ્થા અને વિવિધ રાજકીય પ્રક્રિયા વચ્ચેનો સંબંધ શોધવો શક્ય બનશે. પાઠ્યપુસ્તકમાં આપેલ આશયના આધારે ચર્ચા, જૂથચર્ચા, પ્રકલ્પ, ભીંતપત્રકો, એક જ વિષયના આધારે અનેક રાજકીય પાસાઓ સમજાવી શકાય એવા ઉપક્રમ વિદ્યાર્થીઓ પાસે કરાવી શકાય.

પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે જ્ઞાનરચનાવાદી શિક્ષણ અને કૃતિયુક્ત અધ્યાપનને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ માટે પાઠ્યઘટક વિશે વધારાની અને મનોરંજક માહિતી ચોરસ ભાગમાં આપવામાં આવી છે. તેની સાથે જ ચર્ચા કરીએ, કરી જુઓ જેવી કૃતિઓ દ્વારા વિદ્યાર્થીને અધ્યયન પ્રક્રિયામાં સક્રિય રાખવાનો વિચાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓની કૃતિશીલતાને, વિચારશક્તિને અને સ્વમત પ્રગટીકરણને તક મળશે એ દષ્ટિકોણથી સ્વાધ્યાય અને ઉપક્રમોની રજૂઆત કરવામાં આવી છે. પાઠ વિશે વધારાની પૂરક માહિતી આપવા માટે QR Code નો સમાવેશ પાઠ્યપુસ્તકમાં કરવામાં આવ્યો છે. તેનો ઉપયોગ કરીને પ્રભાવી અધ્યાપન કરાવવું તમારા માટે સરળ બનશે.

# ઇતિહાસ
## (આધુનિક ભારતનો ઇતિહાસ)

### અનુક્રમણિકા


| ક્ર. | પાઠનું નામ | પૃ.ક્ર. |
|---|---|---|
| ૧. | ઇતિહાસના સાધનો | ૧ |
| ૨. | યુરોપ અને ભારત | ૫ |
| ૩. | બ્રિટિશ સત્તાનું પરિણામ | ૧૦ |
| ૪. | ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ | ૧૫ |
| ૫. | સામાજિક અને ધાર્મિક જાગૃતિ | ૨૧ |
| ૬. | સ્વાતંત્ર્ય ચળવળના યુગનો પ્રારંભ | ૨૫ |
| ૭. | અસહકારની ચળવળ | ૩૧ |
| ૮. | સવિનય કાનૂનભંગ ચળવળ | ૩૬ |
| ૯. | સ્વાતંત્ર્ય લડતનું અંતિમ પર્વ | ૪૦ |
| ૧૦. | સશસ્ત્ર ક્રાંતિકારી ચળવળ | ૪૫ |
| ૧૧. | સમાનતાની લડત | ૫૦ |
| ૧૨. | સ્વાતંત્ર્ય પ્રાપ્તિ | ૫૬ |
| ૧૩. | સ્વાતંત્ર્ય લડતની પૂર્તિ | ૫૯ |
| ૧૪. | મહારાષ્ટ્ર રાજ્યની નિર્મિતિ | ૬૨ |



**S.O.I. Note :** The following foot notes are applicable : (1) © Government of India, Copyright : 2018. (2) The responsibility for the correctness of internal details rests with the publisher. (3) The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. (4) The administrative headquarters of Chandigarh, Haryana and Punjab are at Chandigarh. (5) The interstate boundaries amongst Arunachal Pradesh, Assam and Meghalaya shown on this map are as interpreted from the "North-Eastern Areas (Reorganisation) Act. 1971," but have yet to be verified. (6) The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India. (7) The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned. (8) The spellings of names in this map, have been taken from various sources.

## અધ્યયન નિષ્પત્તિ

| સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **વિદ્યાર્થીને જોડીમાં/ સમૂહમાં/ વ્યક્તિગત અધ્યયનની તક આપવી અને તેમને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવા.**<br>• બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીને ભારતીય સત્તાધીશોના અંતર્ગત વંશ પરંપરાગત ઝગડામાં પડવું મહત્ત્વનું લાગ્યું જેવી વિવિધ ઘટનાઓ વિશે પ્રશ્નો ઉભા થવા.<br>• વસાહતવાદી પ્રશાસન કેન્દ્રો અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામના મહત્ત્વના સ્થળો જેવા ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના સ્થળોની મુલાકાત લેવી.<br>• ગાંધીજીની અહિંસાની સંકલ્પના અને તેનું ભારતીય સ્વાતંત્ર્ય/રાષ્ટ્રીય ચળવળ પર થયેલ પરિણામ<br>• ભારતીય સ્વાતંત્ર્ય ચળવળની મહત્ત્વની ઘટના દર્શાવતી કાળરેખા.<br>• ચૌરી ચૌરા ઘટના પર આધારિત ભૂમિકા પાલનનું આયોજન<br>• વસાહતવાદી કાળખંડમાં રોકડિયો પાક લેવાથી વધુ પ્રભાવિત થયેલા ક્ષેત્રો ભારતના નકશામાં દર્શાવવા, જેવા પ્રકલ્પ અને કૃતિ/ઉપક્રમ આયોજિત કરવા.<br>• તે સમયની વિવિધ ચળવળોનો ઈતિહાસ દેશી અને બ્રિટિશ લેખ, આત્મચરિત્રો, સમકાલીન લખાણો, કાગળપત્રો, વર્તમાનપત્રના લેખો, ચલચિત્ર, માહિતીપટ અને આધુનિક લખાણ જેવા સાધનોનો પરિચય કરવો.<br>• સ્વ-મૂલ્યમાપન માટે અધ્યાપન, વૈજ્ઞાનિક દૃષ્ટિએ નવીનતાપૂર્ણ અને કસોટી સંદર્ભના પ્રશ્નોનો પરિચય આપવો. (દા.ત.પ્લાસીની લડાઈ પાછળના કારણો ક્યા હતા ?) | **વિદ્યાર્થી**<br>08.73H.01. ઇતિહાસના વિવિધ સાધનો ઓળખે છે અને તેમનો તે કાળના ઇતિહાસના પુનર્લેખન માટે ઉપયોગ સ્પષ્ટ કરે છે.<br>08.73H.02. વિવિધ સ્રોત, વિવિધ પ્રદેશો માટે ઉપયોગમાં લેવાયેલ નામાવલી અને તે તે કાળમાં બનેલી ઐતિહાસિક ઘટનાઓને આધારે 'આધુનિક કાળખંડ', 'મધ્યયુગીન કાળખંડ' અને 'પ્રાચીન કાળખંડ' વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરી શકે છે.<br>08.73H.03. બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપની સૌથી શક્તિશાળી સત્તા કેવી રીતે બને તે સ્પષ્ટ કરે છે.<br>08.73H.04. વિવિધ પ્રદેશોના બ્રિટિશ કૃષિ ધોરણ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરે છે. દા.ત.ગળીનો બળવો.<br>08.73H.05. ઓગણીસમા શતકની આદિવાસી સમાજની રચના અને તેમનો પર્યાવરણ સાથેનો સંબંધ વર્ણવે છે.<br>08.73H.06. આદિવાસી સમાજના સંદર્ભમાં બ્રિટિશોના પ્રશાસકીય ધોરણનું સ્પષ્ટીકરણ આપે છે.<br>08.73H.07. ૧૮૫૭ ના રાષ્ટ્રીય બળવાનો ઉગમ, સ્વરૂપ અને વિસ્તાર તેમ જ તેમાંથી લીધેલા બોધનું સ્પષ્ટીકરણ આપે છે.<br>08.73H.08. બ્રિટિશ સત્તાના કાળમાં, પ્રાચીન નાગરી અને વ્યાપારી કેન્દ્રો અને હસ્તવ્યવસાય પર આધારિત ઉદ્યોગ નાશ પામી નવા નાગરી વ્યાપારી કેન્દ્રો અને ઉદ્યોગધંધા કેવી રીતે વિકસિત થયા તેનું વિશ્લેષણ કરે છે.<br>08.73H.09. ભારતની નવી શિક્ષણ વ્યવસ્થાનું સંસ્થાત્મીકરણ કેવી રીતે થયું તે સ્પષ્ટ કરે છે.<br>08.73H.10. જાતિવ્યવસ્થા, સ્ત્રીઓનું સ્થાન, વિધવા પુનર્વિવાહ, બાળવિવાહ, સામાજિક સુધારણા અને આ પ્રશ્નો સંદર્ભે બ્રિટિશ ધોરણ અને કાયદાનું વિશ્લેષણ કરે છે.<br>08.73H.11. કળાના ક્ષેત્રમાં આધુનિક કાળમાં ઘટેલી પ્રમુખ ઘટનાઓની રૂપરેખા વર્ણવી શકે છે.<br>08.73H.12. ઈ.સ. ૧૮૭૦ થી સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધીના સમયની હિલચાલની સમીક્ષા કરે છે.<br>08.73H.13. રાષ્ટ્ર ઉન્નતિની પ્રક્રિયાની મુખ્ય ઘટકોનું વિશ્લેષણ કરે છે. |

# ૧. ઇતિહાસના સાધનો

પ્રાચીન અને મધ્યયુગીન ભારતના ઇતિહાસના સાધનોનો આપણે અભ્યાસ કર્યો છે. આ વર્ષે આપણે આધુનિક ભારતના ઇતિહાસના સાધનોનો અભ્યાસ કરીશું. ઇતિહાસના સાધનોમાં ભૌતિક, લેખિત અને મૌખિક સાધનોનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે આધુનિક તંત્રજ્ઞાન પર આધારિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો પણ સમાવેશ થાય છે.

**ભૌતિક સાધનો :** ઇતિહાસના ભૌતિક સાધનોમાં વિવિધ વસ્તુ, નાણાં, પૂતળા અને પદક વગેરે સાધનોનો સમાવેશ કરી શકાય.

**ઈમારત અને બાંધકામ (વાસ્તુ) :** આધુનિક ભારતના ઇતિહાસનો કાળખંડ યુરોપિયન વિશેષતઃ બ્રિટિશ સત્તાધીશો અને સંસ્થાનિકોના રાજ્યકારભારનો કાળ માનવામાં આવે છે. આ કાળમાં વિવિધ ઇમારતો, પૂલ, રસ્તા, પરબ, ફૂવારા જેવા બાંધકામ બાંધવામાં આવ્યા. આ ઇમારતોમાં પ્રશાસકીય કચેરીઓ, અધિકારીઓ તેમજ નેતાઓ અને ક્રાંતિકારીઓના નિવાસસ્થાનો, સંસ્થાનિકોના રાજવાડા, કિલ્લા, કારાગૃહ જેવી ઈમારતોનો સમાવેશ થાય છે. આ બાંધકામો પૈકી અનેક ઈમારતો આજે પણ સારી સ્થિતિમાં જોવા મળે છે. કેટલાક વાસ્તુને રાષ્ટ્રીય સ્મારક તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે, જ્યારે કેટલીક ઇમારતોમાં સંગ્રહાલયો બનાવવામાં આવ્યા છે. દા.ત. અંદામાનની સેલ્યુલર જેલ.

આ બધા બાંધકામ-વાસ્તુની મુલાકાત લીધા બાદ આપણને તે કાળના ઇતિહાસ, સ્થાપત્યશાસ્ત્ર, વાસ્તુના સ્વરૂપો પરથી તે સમયની આર્થિક સંપન્નતા વિશે માહિતી મળે છે. જેમકે આંદામાનમાં આવેલ સેલ્યુલર જેલની મુલાકાત લેતા સ્વાતંત્ર્યવીર સાવરકરના ક્રાંતિકારી કાર્યો વિશે, મુંબઈમાં મણિભવન અથવા વર્ધામાં આવેલ સેવાગ્રામ આશ્રમની મુલાકાત લેતા ગાંધીયુગના ઇતિહાસ વિશે માહિતી મળે છે.

**શું તમે જાણો છો ?**

**વસ્તુસંગ્રહાલયો અને ઇતિહાસ :** ઇતિહાસના અભ્યાસ માટે વસ્તુસંગ્રહાલયમાં વિવિધ વસ્તુ, ચિત્રો, છાયાચિત્રો વગેરેનું જતન કરવામાં આવે છે. પુણેમાં આગાખાન પેલેસમાં આવેલ ગાંધી સ્મારક સંગ્રહાલયમાં આપણને મહાત્મા ગાંધીના વપરાશની અનેક વસ્તુઓ, કાગળો જોવા મળે છે.



આગાખાન પેલેસ, પુણે.

**પૂતળા અને સ્મારકો :** સ્વાતંત્ર્યપૂર્વે અને સ્વાતંત્ર્યોત્તર કાળમાં અનેક વ્યક્તિઓના સ્મારકો પૂતળાના રૂપમાં ઊભા કરવામાં આવે છે. આ પૂતળાઓ પણ આધુનિક ભારતના ઇતિહાસના અભ્યાસની દૃષ્ટિએ મહત્ત્વના છે. વિવિધ પૂતળા પરથી આપણને તે કાળના રાજ્યકર્તાઓ અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ વિશે માહિતી મળે છે. પૂતળાની દર્શનીય પાટ પર સંબંધિત વ્યક્તિનું પૂર્ણ નામ, જન્મ-મૃત્યુની નોંધ, તે વ્યક્તિનું ટૂંકમાં કાર્ય, જીવનકાળ વિશે માહિતી મળે છે. મહાત્મા જ્યોતિરાવ ફુલે, લોકમાન્ય ટિળક, ડૉ.બાબાસાહેબ આંબેડકરના પૂતળાની જેમ વિવિધ ઘટનાઓના સ્મૃતિ ચિહ્ન તરીકે બનાવેલ સ્મારકો પણ સંબંધિત ઘટના, ઘટનાકાળ, તે


ઘટના સંબંધિત વ્યક્તિ વિશે માહિતી આપે છે. દા.ત. વિવિધ સ્થળે આવેલ શહીદ સ્મારકો.



**કરી જુઓ.**

તમારા આજુબાજુના પરિસરમાં આવેલા સ્મારકો અને પૂતળા વિશે માહિતી મેળવો. તેના પરથી તમને તે ઘટના અથવા વ્યક્તિ વિશે કઈ માહિતી મળે છે તેની નોંધ કરો.

**લેખિત સાધનો :** આધુનિક ભારતના ઇતિહાસના લેખિત સાધનોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.




**વર્તમાનપત્રો અને નિયતકાલિકો :** વર્તમાનપત્રો-માંથી આપણને સમકાલિન ઘટના વિશે માહિતી મળે છે. સાથે જ એકાદ ઘટનાનું વિશ્લેષણ, મહાનુભવોના મતમતાંતરો, અગ્રલેખો પ્રસિદ્ધ થતા હોય છે. આપણને તે કાળની રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ઘટનાઓની માહિતી મળે છે. સ્વાતંત્ર્યપૂર્વે જ્ઞાનોદય, જ્ઞાનપ્રકાશ, કેસરી, દીનબંધુ, અમૃતબઝાર પત્રિકા જેવા વર્તમાનપત્રો લોકજાગૃતિના મહત્ત્વપૂર્ણ સાધનો હતા. આ વર્તમાનપત્રો દ્વારા આપણે બ્રિટિશ સરકારના ભારત વિષયક ધોરણો, તેનું ભારત પર થયેલ પરિણામ વિશે અભ્યાસ કરી શકીએ છીએ. બ્રિટિશકાળમાં વર્તમાનપત્રો માત્ર રાજકીય જ નહીં પણ સામાજિક જાગૃતિના સાધન તરીકે પણ કામ કરતા હતા. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરે 'નિબંધમાળા' માસિક દ્વારા, લોકહિતવાદી ઉર્ફે ગોપાળ હરી દેશમુખે 'પ્રભાકર' સાપ્તાહિકમાં લખેલ શતપત્રો દ્વારા વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક વિષયો પર લેખન કર્યું.

**જાણી લઈએ...**


**ડૉ. બાબાસાહેબ આંબેડકર અને વર્તમાનપત્રો :** ડૉ. બાબાસાહેબ આંબેડકરે જાન્યુઆરી ૧૯૨૦ થી 'મૂકનાયક' પાક્ષિક શરૂ કર્યું. પરંતુ તેમને વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જવાનું થતા તેમણે પોતાના સહકાર્યકરને આ પત્રની જવાબદારી સોંપી. ડૉ.બાબાસાહેબ આંબેડકરે એપ્રિલ ૧૯૨૭માં 'બહિષ્કૃત ભારત' પત્ર શરૂ કર્યું. સામાન્ય જનતાની જાગૃતિ અને સંગઠન કરવા માટે 'બહિષ્કૃત ભારત' પત્રમાં લેખન કર્યું. એ સિવાય 'જનતા' અને 'પ્રબુદ્ધ ભારત' જેવા બીજા બે વર્તમાનપત્રો ચલાવ્યા.




**નકશા અને રૂપરેખા :** નકશાને પણ ઇતિહાસનું મહત્ત્વનું સાધન માનવામાં આવે છે. નકશા પરથી આપણે શહેર અથવા એકાદ સ્થળના બદલાયેલ સ્વરૂપનો અભ્યાસ કરી શકીએ છીએ. બ્રિટિશ કાળમાં સ્થપાયેલ 'સર્વે ઓફ ઇંડિયા' નામના સ્વતંત્ર વિભાગે ભારતના, ભારતના વિવિધ પ્રાંતોના, શહેરોના વૈજ્ઞાનિક પધ્ધતિથી સર્વેક્ષણ કરીને નકશા તૈયાર કર્યા છે. નકશા પ્રમાણે વાસ્તુવિશારદે તૈયાર કરેલ રૂપરેખા પણ ઇમારત સ્થાપત્યશાસ્ત્રના તેમજ એકાદ ભાગના વિકાસના તબક્કાના અભ્યાસની

દૃષ્ટિએ મહત્ત્વના છે. દા.ત. મુંબઈ પોર્ટ ટ્રસ્ટ વિભાગ પાસે મુંબઈ બંદરની મૂળ રૂપરેખા છે. બંદરનો વિકાસ કરતી વખતે વાસ્તુવિશારદો અને ઇજનેરોએ તૈયાર કરેલ રૂપરેખા પરથી આપણને મુંબઈના શહેરી વિકાસ વિશે માહિતી મળે છે.

**મૌખિક સાધનો :** આધુનિક ભારતના ઇતિહાસના મૌખિક સાધનોમાં નીચેના સાધનોનો સમાવેશ થાય છે.




**સ્ફૂર્તિગીત :** સ્વાતંત્ર્ય ચળવળના સમયમાં અનેક સ્ફૂર્તિગીતોની રચના કરવામાં આવી. તે પૈકી અનેક ગીતો આજે લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ છે. પરંતુ અનેક અપ્રકાશિત સ્ફૂર્તિગીતો સ્વાતંત્ર્ય-સૈનિકોને મોઢે યાદ છે. આ સ્ફૂર્તિગીતોમાંથી આપણને સ્વાતંત્ર્યપૂર્વના કાળની પરિસ્થિતિ, સ્વાતંત્ર્ય આંદોલન પાછળની પ્રેરણા વિશે માહિતી મળે છે.

**પોવાડા :** પોવાડામાંથી ઐતિહાસિક ઘટનાની તેમજ વ્યક્તિના કાર્યો વિશે માહિતી મળે છે. બ્રિટિશ કાળમાં ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ, વિવિધ ક્રાંતિકારીઓએ કરેલ પરાક્રમ પર આધારિત પોવાડાની રચના કરવામાં આવી. લોકોમાં પ્રેરણા, ચૈતન્ય નિર્માણ કરવા માટે આ પોવાડાનો ઉપયોગ કરવામાં આવતો. સ્વાતંત્ર્યલડતની જેમ જ સત્યશોધક સમાજે પોવાડાના માધ્યમે શોષિત વર્ગમાં આણેલી જાગૃતિ, સંયુક્ત મહારાષ્ટ્રની લડત જેવી ઘટનાઓ પર આધારિત પોવાડાની રચના કરવામાં આવી છે.



**કરી જુઓ.**

ભારતીય સ્વાતંત્ર્ય આંદોલનના કાળ સાથે સંબંધિત સ્ફૂર્તિગીતો અને પોવાડાનો સંગ્રહ કરો અને તેનું પ્રસ્તુતીકરણ કરો.

**દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્ય-શ્રાવ્ય સાધનો :** આધુનિક કાળમાં તંત્રજ્ઞાનના વિકાસને કારણે છાયાચિત્રણ, ધ્વનિમુદ્રણ, ચલચિત્ર વગેરે કળાનો વિકાસ થયો. અર્થાત તેમાંથી નિર્માણ થયેલ છાયાચિત્રો, ધ્વનિમુદ્રિતો (રેકોર્ડસ), ચલચિત્રનો ઉપયોગ ઇતિહાસના સાધન તરીકે કરી શકાય છે.

**છાયાચિત્રો :** છાયાચિત્રો એ આધુનિક ભારતના ઇતિહાસના દૃશ્ય સ્વરૂપના સાધનો છે. છાયાચિત્રણ કળાની શોધ થયા પછી વિવિધ વ્યક્તિ, ઘટના તે જ પ્રમાણે વસ્તુ અને વાસ્તુના છાયાચિત્રો પાડવાની શરૂઆત થઈ. આ છાયાચિત્રોમાંથી આપણને વ્યક્તિ તેમજ પ્રસંગ જેમ ઘટ્યા હોય તેમ, તેની દૃશ્ય સ્વરૂપમાં માહિતી મળે છે. મધ્યયુગીન કાળની વ્યક્તિઓ કેવી દેખાય છે અથવા ઘટના કઈ રીતે ઘટી તેના ચિત્રો ઉપલબ્ધ થાય છે. પરંતુ પ્રસ્તુત ચિત્રોની વિશ્વસનીયતા અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેની તુલનામાં છાયાચિત્રો વધુ વિશ્વસનીય માનવામાં આવે છે. વ્યક્તિના છાયાચિત્રો પરથી તે વ્યક્તિ કેવી દેખાતી હતી, તેનો પહેરવેશ કેવો હતો તે વિશે માહિતી મળે છે. પ્રસંગના છાયાચિત્રો દ્વારા સંબંધિત પ્રસંગ નજર સામે ઉભો થાય છે અને વાસ્તુ અથવા વસ્તુના છાયાચિત્રો દ્વારા તેનું સ્વરૂપ ધ્યાનમાં આવે છે.

**ધ્વનિમુદ્રિતો (રેકોર્ડસ્) :** છાયાચિત્રણ કલાની જેમ જ ધ્વનિમુદ્રણ તંત્રની શોધ પણ મહત્ત્વપૂર્ણ છે. ધ્વનિમુદ્રિતો અથવા રેકોર્ડસ એ ઇતિહાસના શ્રાવ્ય સ્વરૂપના સાધનો છે. આધુનિક કાળમાં નેતાએ અથવા મહત્ત્વની વ્યક્તિએ આપેલા ભાષણો, ગીતો ધ્વનિમુદ્રિતોના સ્વરૂપમાં ઉપલબ્ધ છે. તેમનો ઉપયોગ ઇતિહાસના સાધન તરીકે કરી શકાય છે. દા.ત. રવિન્દ્રનાથ ટાગોરે પોતે ગાયેલું 'જન ગણ મન' રાષ્ટ્રગીત અથવા સુભાષચંદ્ર બોઝે

આપેલા ભાષણનો ઉપયોગ આધુનિક ભારતના ઇતિહાસના અભ્યાસમાં શ્રાવ્ય સાધન તરીકે કરવામાં આવે છે.

**ચલચિત્ર :** ચલચિત્ર એ આધુનિક તંત્રજ્ઞાનનું એક આગવું આવિષ્કાર માનવામાં આવે છે. વીસમા શતકમાં ચલચિત્ર તંત્રજ્ઞાનમાં મોટા પ્રમાણમાં પ્રગતિ થઈ. દાદાસાહેબ ફાળકેએ ઇ.સ. ૧૯૧૩માં ભારતીય ચલચિત્રસૃષ્ટિનો પાયો નાંખ્યો. ભારતીય સ્વાતંત્ર્ય લડત, દાંડીયાત્રા, મીઠાનો સત્યાગ્રહ, ભારત છોડો આંદોલન જેવા ઐતિહાસિક પ્રસંગોની ઓડિયો સીડી ઉપલબ્ધ છે. આ સીડીને કારણે ઘટેલી ઘટના આપણને જેમની તેમ જાણવા મળે છે.

પ્રાચીન અને મધ્યયુગીન કાળની તુલનામાં આધુનિક ભારતના ઇતિહાસનો અભ્યાસ કરવા માટે વિપુલ પ્રમાણમાં અને વિવિધ પ્રકારના સાધનો ઉપલબ્ધ છે. આ કાળખંડના ભૌતિક સાધનો મોટા પ્રમાણમાં સારી સ્થિતિમાં છે. અભિલેખાગારમાં જતન કરીને મૂકવામાં આવેલ અનેક લેખિત સાધનો પણ ઉપલબ્ધ છે. લેખિત સાધનોનો ઉપયોગ કરતી વખતે, તે વિચાર કયા વિચારોથી પ્રેરિત છે, એકાદ ઘટના તરફ જોવાનો સાધનકર્તાનો દષ્ટિકોણ શું છે, તે ચકાસવું પડે છે. આવા સાધનોનું જતન કરવું આવશ્યક છે. ઐતિહાસિક સાધનોનું જતન કરવાથી ઇતિહાસનો સમૃધ્ધ વારસો આપણે ભાવિ પેઢી સુધી પહોંચાડી શકીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(૧) ઇતિહાસના સાધનોમાં .......... સાધનો આધુનિક તંત્રજ્ઞાન પર આધારિત છે.
(અ) લેખિત (બ) મૌખિક
(ક) ભૌતિક (ડ) દશ્ય-શ્રાવ્ય

(૨) પુણેમાં ............. માં આવેલ ગાંધી સ્મારક સંગ્રહાલયમાં ગાંધીજીના ઇતિહાસ વિશે માહિતી મળે છે.
(અ) આગાખાન પેલેસ (બ) સાબરમતી આશ્રમ
(ક) સેલ્યુલર જેલ (ડ) લક્ષ્મી વિલાસ પેલેસ

(૩) વીસમા શતકનો આધુનિક તંત્રજ્ઞાનનો એક આગવો આવિષ્કાર એટલે .............
(અ) પોવાડા (બ) છાયાચિત્ર
(ક) મુલાકાત (ડ) ચલચિત્ર

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**


(૧) બ્રિટિશ કાળમાં વર્તમાનપત્રો સામાજિક જાગૃતિના સાધન તરીકે કામ કરતા હતા.

(૨) વિડિઓ સીડીને આધુનિક ભારતના ઇતિહાસના અભ્યાસમાં અતિશય વિશ્વસનીય સાધન માનવામાં આવે છે.

**૩. ટૂંક નોંધ લખો.**

(૧) છાયાચિત્રો (૨) વસ્તુસંગ્રહાલયો અને ઇતિહાસ
(૩) શ્રાવ્ય સાધનો

**૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**ઉપક્રમ**

(૧) ઈન્ટરનેટની મદદથી ભારતીય સ્વાતંત્ર્ય લડતની વિવિધ ઘટનાના છાયાચિત્રોનો સંગ્રહ કરો.

(૨) સ્વાતંત્ર્ય લડતના પ્રસિધ્ધ નેતા અને તેમના ચરિત્ર વિશે માહિતી મેળવો અને વાંચો.

A7GR54

# ૨. યુરોપ અને ભારત

આધુનિક કાળખંડમાં યુરોપમાં ઘટતી વિવિધ ઘટનાઓનો પડઘો ભારતમાં પડતો હતો, તેથી આધુનિક ભારતના ઇતિહાસના કાળખંડનો અભ્યાસ કરતી વખતે આપણે તે કાળમાં યુરોપમાં ઘટતી ઘટનાનો અભ્યાસ કરવો પડે છે.

**પ્રબોધન યુગ :** યુરોપિયન ઇતિહાસમાં મધ્યયુગનો અંતિમ તબક્કો એટલે કે ૧૩ થી ૧૬મા શતકને પ્રબોધન યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ કાળખંડમાં જાગૃતિ, ધર્મસુધારણા ચળવળ અને ભૌગોલિક શોધ જેવી ઘટનાઓને કારણે આધુનિક યુગનો પાયો નખાયો. માટે જ આ કાળને પ્રબોધન યુગ કહેવામાં આવે છે.

પ્રબોધન યુગમાં યુરોપની કળા, સ્થાપત્ય, તત્વજ્ઞાન વગેરે ક્ષેત્રમાં ગ્રીક અને રોમન પરંપરાનું પુનર્જીવન થયું. તેથી સર્વાંગી પ્રગતિને વેગ મળ્યો. પ્રબોધનકાળમાં માનવતાવાદને વેગ મળ્યો. માણસનો માણસ તરફ જોવાનો દષ્ટિકોણ બદલાયો. ધર્મને બદલે માણસ દરેક વિચારોનો કેન્દ્રબિંદુ બન્યો.

**લિઓનાર્દો-દ-વિંચી :** તેમને પ્રબોધન કાળનું



અષ્ટપાસા ધરાવતું વ્યક્તિત્વ માનવામાં આવે છે. તેઓ અનેક શાસ્ત્રો અને કળામાં પારંગત હતા. શિલ્પકળા, સ્થાપત્ય કળા, ગણિત, અભિયાંત્રિકી સંગીત, ખગોળશાસ્ત્ર જેવા વિવિધ વિષયો પર તેમનું પ્રભુત્વ હતું. પરંતુ તેઓ ચિત્રકાર તરીકે વિશ્વવિખ્યાત થયા. તેમની 'મોનાલિસા' અને 'દ લાસ્ટ સપર' ચિત્રકૃતિઓ અમર બની છે.

પ્રબોધન ચળવળ માનવી જીવનના દરેક ક્ષેત્રે વ્યાપી છે. જ્ઞાન, વિજ્ઞાન તેમજ વિવિધ કળા ક્ષેત્રે આપણને પ્રબોધન ચળવળનો આવિષ્કાર જોવા મળે છે. પ્રબોધનકાળની કળા અને સાહિત્યમાંથી માનવી ભાવના અને સંવેદનાનું ચિત્રણ થવા લાગ્યું. લોકોને સમજાય એવી પ્રાદેશિક ભાષામાં સાહિત્ય નિર્માણ થવા લાગ્યું. આશરે ઇ.સ. ૧૪૫૦માં જર્મનીના જોહાન્સ ગુટેનબર્ગે છાપકામ યંત્રની શોધ કરી. છપાઈ યંત્રની શોધને કારણે નવા વિચાર, નવી સંકલ્પના અને જ્ઞાન સમાજમાં બધા સુધી પહોંચવા માંડ્યા.

**ધર્મસુધારણા ચળવળ :** સ્વતંત્ર બુધ્ધિથી વિચાર કરનાર વિચારકોએ રોમન કૅથલિક ચર્ચની જૂની ધાર્મિક કલ્પના પર પ્રહાર કર્યો. લોકોના અજ્ઞાનનો ફાયદો લઈને ખ્રિસ્તી ધર્મગુરૂ કર્મકાંડોને મહત્ત્વ આપતા. ધર્મના નામે લોકોને ઠગતા. તેના વિરોધમાં યુરોપમાં જે ચળવળ શરૂ થઈ તેને 'ધર્મસુધારણા ચળવળ' કહે છે. આ ચળવળને કારણે ધાર્મિક ક્ષેત્રમાં માણસનું સ્વાતંત્ર્ય અને બુધ્ધિવાદ જેવા તત્વોને મહત્ત્વ પ્રાપ્ત થયું.

**ભૌગોલિક શોધ :** ઇ.સ. ૧૪૫૩માં ઑટોમન તુર્કે બાયઝન્ટાઈન સામ્રાજ્યની રાજધાની કૉન્સ્ટેન્ટિનોપલ (ઈસ્તમ્બૂલ) જીતી લીધું. આ શહેરમાંથી એશિયા અને યુરોપને જોડતો વ્યાપારી જમીન માર્ગ જતો હતો. તુર્કોએ આ માર્ગ બંધ કરતા યુરોપિયન દેશોને એશિયા તરફ જતો નવો માર્ગ શોધવાની જરૂરિયાત જણાઈ. તેમાંથી જ ભૌગોલિક શોધનું નવું પર્વ શરૂ થયું.



**જાણી લઈએ.**

**ભૌગોલિક શોધ :** પંદરમા શતકમાં યુરોપિયન ખલાસીઓ ભારત તરફ જતા જળમાર્ગની શોધ કરવા દરિયાઈ સફરે નીકળ્યા.

- ઇ.સ. ૧૪૮૭માં પોર્તુગીઝ ખલાસી બાર્થોલોમ્યુ ડાયસ ભારતની શોધ માટે નીકળ્યો. પરંતુ તે આફ્રિકાના દક્ષિણ છેડા એટલે કે કેપ ઑફ ગુડ હોપ સુધી પહોંચ્યો.
- ઇ.સ. ૧૪૯૨માં ભારતની પશ્ચિમ દિશામાં જઈને શોધ કરવાના પ્રયત્નમાં ખ્રિસ્તોફર કોલંબસ અમેરિકા ખંડના પૂર્વ કિનારે પહોંચ્યો.
- ઇ.સ. ૧૪૯૮માં પોર્તુગીઝ ખલાસી વાસ્કો-દ-ગામા આફ્રિકાના દક્ષિણ છેડે ચક્કર લગાવી ભારતના પશ્ચિમ કિનારે આવેલ કાલિકત બંદરે પહોંચ્યો.



**કરી જુઓ.**

- દુનિયાના નકશામાં સાહસિકોએ શોધેલા નવા સાગરી માર્ગો અને પ્રદેશ દર્શાવો.

**યુરોપમાં વૈચારિક ક્રાંતિ :** પ્રબોધન કાળમાં થયેલા ફેરફારને કારણે યુરોપની મધ્યયુગથી આધુનિક યુગ તરફ હિલચાલ શરૂ થઈ. આ જ કાળમાં યુરોપમાં વૈચારિક ક્રાંતિ થઈ. પહેલેથી પ્રવર્તતા અજ્ઞાન અને અંધશ્રદ્ધામાંથી સમાજ બહાર નીકળવા લાગ્યો. પ્રસ્થાપિત રિવાજ અને પરંપરા તેમજ ઘટતી ઘટનાઓ તરફ ચિકિત્સક દ્દષ્ટિકોણથી જોવાની શરૂઆત થઈ. આ સંપૂર્ણ ફેરફારને 'વૈચારિક ક્રાંતિ' કહેવાય છે. આ વૈચારિક ક્રાંતિને કારણે યુરોપમાં વૈજ્ઞાનિક ક્ષેત્રે સંશોધનને વેગ મળ્યો.

**રાજકીય ક્ષેત્રે ક્રાંતિ :** આધુનિક કાળખંડના શરૂઆતના તબક્કામાં યુરોપમાં અનેક રાજકીય ફેરફારો શરૂ થયા. ૧૮મા તેમજ ૧૯મા શતકમાં ઘટેલી અનેક ક્રાંતિકારક ઘટનાઓને કારણે આ કાળખંડ 'ક્રાંતિયુગ' તરીકે ઓળખાય છે. આ કાળમાં ઈંગ્લેન્ડમાં સંસદીય લોકશાહીનો વિકાસ થયો. કેબિનેટ પધ્ધતિના સ્વરૂપમાં ફેરફાર થયો. ઇ.સ. ૧૬૮૯ના બિલ ઑફ રાઈટસને કારણે રાજાના અધિકારો પર મર્યાદા આવી. પાર્લામેન્ટનું સાર્વભૌમત્વ પ્રસ્થાપિત થયું.

**અમેરિકન સ્વાતંત્ર્ય યુધ્ધ :** યુરોપમાં ઘટેલી ક્રાંતિકારક ઘટનાઓની પાર્શ્વભૂમિમાં અમેરિકન સ્વાતંત્ર્યયુધ્ધનો વિચાર કરવો પણ મહત્ત્વપૂર્ણ છે. અમેરિકા ખંડની શોધ થયા બાદ યુરોપિયન દેશોએ પોતાનું ધ્યાન આ ખંડ તરફ કેન્દ્રિત કર્યું. સામ્રાજ્યવાદી યુરોપિયન દેશોએ અમેરિકા ખંડના વિવિધ પ્રદેશોને તાબામાં લઈ ત્યાં પોતાની વસાહતો સ્થાપી. ઈંગ્લેન્ડે ઉત્તર અમેરિકાની પૂર્વ કિનારાપટ્ટી પર તેર વસાહતો સ્થાપી. શરૂઆતમાં આ વસાહતો પર ઈંગ્લેન્ડનું નામમાત્રનું વર્ચસ્વ હતું. પરંતુ સમય જતા ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે અમેરિકન વસાહતો પર બંધનો અને ભારે કર લાદવાની શરૂઆત કરી. અમેરિકન સ્વાતંત્ર્યપ્રિય જનતાએ તેનો વિરોધ કર્યો. ઈંગ્લેન્ડે વસાહતીઓને દબાવવા માટે વસાહતીઓ વિરુધ્ધ યુધ્ધ પોકાર્યું. અમેરિકન વસાહતીઓએ જ્યોર્જ વૉશિંગ્ટનના નેતૃત્વ નીચે સૈન્ય સંઘઠિત કરીને પ્રતિકાર કર્યો. અંતે વસાહતીઓના સૈન્યનો વિજય થયો. આ ઘટના 'અમેરિકન સ્વાતંત્ર્ય-યુધ્ધ' તરીકે ઓળખાય છે. અને આમ સંઘરાજ્ય શાસન પધ્ધતિ, લેખિત સંવિધાન ધરાવનાર, લોકશાહી વ્યવસ્થા ધરાવતો 'અમેરિકાના સંયુક્ત સંસ્થાનો' નામનો નવો દેશ અસ્તિત્વમાં આવ્યો.

**ફ્રેંચ રાજ્યક્રાંતિ :** ઇ.સ. ૧૭૮૯માં ફ્રાન્સની જનતાએ ત્યાંની અનિયંત્રિત, અન્યાયકારક રાજાશાહી અને સરંજામશાહી વિરુધ્ધ સ્વાતંત્ર્ય સંગ્રામ કર્યો અને પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી. આ ઘટના 'ફ્રેંચ રાજ્યક્રાંતિ' તરીકે ઓળખાય છે. ફ્રેંચ રાજ્યક્રાંતિએ વિશ્વને સ્વાતંત્ર્ય, સમતા, બંધુતા જેવા મૂલ્યોની ભેટ આપી.

વિશ્વના ઇતિહાસમાં થયેલ રાજકીય ક્રાંતિમાં અમેરિકન સ્વાતંત્ર્ય યુધ્ધ અને ફ્રેંચ રાજ્યક્રાંતિનું વિશેષ સ્થાન છે.

**ઔદ્યોગિક ક્રાંતિ :** અઢારમાં શતકના ઉત્તરાર્ધથી યુરોપમાં ઔદ્યોગિક ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફાર થવાની શરૂઆત થઈ. બાષ્પશક્તિ પર ચાલતા યંત્રની મદદથી ઉત્પાદન થવા લાગ્યું. નાના ઘરઘરાઉ ઉદ્યોગધંધાનું સ્થાન મોટા કારખાનાએ લીધું. હાથેથી થતાં કામને બદલે યંત્રથી કામ થવાની શરૂઆત થઈ. આગગાડી અને આગબોટ જેવા વાહન વ્યવહારના નવા સાધનો આવ્યા. યંત્રયુગની શરૂઆત થઈ. એને જ 'ઔદ્યોગિક ક્રાંતિ' કહેવાય છે.

ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ થયો અને પાશ્ચાત્ય વિશ્વમાં તેનો તબક્કાવાર પ્રસાર થયો. એ સમયે ઈંગ્લેન્ડમાં એટલી ઔદ્યોગિક પ્રગતિ થઈ હતી કે તેનું વર્ણન 'વિશ્વના કારખાના' તરીકે કરવામાં આવતું.

**મૂડીવાદનો ઉદય :** નવા સાગરી માર્ગોની શોધ પછી યુરોપ અને એશિયાઇ દેશોમાં વ્યાપારના નવા પર્વની શરૂઆત થઈ. સાગરી માર્ગે પૂર્વના દેશો સાથે વ્યાપાર કરવા અનેક વેપારી આગળ આવ્યા. માત્ર એક વેપારી માટે જહાજ દ્વારા માલ પરદેશ મોકલવો શક્ય નહોતું. તેથી અનેક વેપારીઓએ એકત્રિત થઈ તેમણે વેપારની શરૂઆત કરી. તેમાંથી જ ભાગીદારી ધરાવતી અનેક વેપારી કંપનીઓ ઉદયમાં આવી. પૌર્વાત્ય દેશો સાથે થતો વ્યાપાર ફાયદાકારક હતો. આ વ્યાપારથી જ દેશોની આર્થિક સમૃદ્ધિ વધી. તેથી યુરોપના રાજ્યકર્તાઓ વેપારી કંપનીઓને લશ્કરી સંરક્ષણ અને વેપારી સગવડો આપવા લાગ્યા. આ વ્યાપારને કારણે યુરોપિયન દેશોમાં ધન સંચય વધવા લાગ્યો. આ સંપત્તિનો ઉપયોગ વ્યાપાર અને ઉદ્યોગધંધામાં મૂડી તરીકે કરવામાં આવ્યો. આમ યુરોપિયન દેશોમાં મૂડીવાદી અર્થવ્યવસ્થાનો ઉદય થયો.

**વસાહતવાદ :** એક દેશના કેટલાક લોકો દ્વારા બીજા ભૂપ્રદેશના એકાદ વિશિષ્ટ ભાગમાં વસવું એટલે વસાહત સ્થાપવી. આર્થિક અને લશ્કરી દષ્ટિએ શક્તિશાળી દેશો દ્વારા પોતાના સામર્થ્યના બળ પર એકાદ ભૂપ્રદેશનો તાબો મેળવવો અને તે સ્થળે પોતાનું રાજકીય વર્ચસ્વ પ્રસ્થાપિત કરવું એટલે 'વસાહતવાદ'. યુરોપિયન દેશોની આ જ વસાહતવાદી પ્રવૃત્તિને કારણે સામ્રાજ્યવાદનો ઉદય થયો.

**સામ્રાજ્યવાદ :** વિકસિત રાષ્ટ્ર દ્વારા અવિકસિત રાષ્ટ્ર પર પોતાનું સર્વાંગી વર્ચસ્વ પ્રસ્થાપિત કરવું અને અનેક નવી વસાહતો સ્થાપવી એટલે જ 'સામ્રાજ્યવાદ'. એશિયા અને આફ્રિકા ખંડના અનેક રાષ્ટ્રો યુરોપિયન રાષ્ટ્રોની આ સામ્રાજ્યવાદી મહત્ત્વકાંક્ષાનો ભોગ બન્યા.

**બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીનો ભારતમાં સામ્રાજ્યવાદ :** ભારતમાં વ્યાપારી એકાધિકાર મેળવવા માટે યુરોપિયન સત્તાઓમાં ગળાકાપ સ્પર્ધા હતી. ઇ.સ. ૧૬૦૦માં અંગ્રેજોએ ભારતમાં વ્યાપાર કરવા માટે બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના કરી હતી. આ કંપનીએ બાદશાહ જહાંગીર પાસેથી પરવાનગી મેળવીને સુરતમાં વખારની સ્થાપના કરી. આ કંપની મારફતે ઈંગ્લેન્ડનો ભારત સાથેનો વ્યાપાર ચાલતો હતો.

**અંગ્રેજ અને ફ્રેંચ સંઘર્ષ :** ભારતના વેપારની સ્પર્ધામાં અંગ્રેજ અને ફ્રેંચ એકબીજાના પ્રતિસ્પર્ધી હતા. આ સ્પર્ધાને કારણે અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે ત્રણ યુધ્ધો થયા. આ યુધ્ધો 'કર્ણાટકના યુધ્ધો' તરીકે ઓળખાય છે. કર્ણાટકના ત્રીજા યુધ્ધમાં અંગ્રેજોએ ફ્રેંચનો નિર્ણાયક પરાભવ કર્યો. તેથી ભારતમાં બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીનો કોઈ પ્રબળ સ્પર્ધક વધ્યો નહીં.

**બંગાળમાં બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીની સત્તાનો પાયો :** બંગાળ ભારતનો અત્યંત સમૃધ્ધ પ્રાંત હતો. ઇ.સ.૧૭૫૯માં સિરાજ ઉદ્દૌલા બંગાળના નવાબ બન્યા. ઈસ્ટ ઇંડિયા કંપનીના અધિકારી મોગલ બાદશાહ પાસેથી બંગાળ પ્રાંતમાં મળેલી વ્યાપારી સવલતોનો દુરૂપયોગ કરતા હતા. અંગ્રેજોએ નવાબની પરવાનગી લીધા સિવાય કોલકાત્તામાં આવેલી પોતાની વખાર ફરતે કિલ્લેબંધી કરી. તેથી સિરાજ ઉદ્દૌલાએ અંગ્રેજો સામે પગલા લઈને

કોલકાત્તાની વખાર કબજે કરી. આ ઘટનાથી અંગ્રેજોમાં અસંતોષ નિર્માણ થયો. રોબર્ટ ક્લાઈવે મુત્સદ્દીગીરી વાપરીને નવાબના સેનાપતિ મીર જાફરને નવાબપદની લાલચ આપીને પોતાના પક્ષમાં લઈ લીધો. ઇ.સ. ૧૭૫૭માં પ્લાસીમાં નવાબ સિરાજ ઉદ્દૌલા અને અંગ્રેજ સૈન્યનો સામનો થયો. પરંતુ મીર જાફરના નેતૃત્વ નીચે નવાબનું લશ્કર યુધ્ધમાં ન ઉતરતા સિરાજ ઉદ્દૌલાનો પરાભવ થયો.

અંગ્રેજોના ટેકાને લીધે મીર જાફર બંગાળનો નવાબ બન્યો. આગળ જતાં તેણે વિરોધ શરૂ કરતા તેના જમાઈ મીર કાસીમને નવાબ બનાવ્યો. મીર કાસીમે અંગ્રેજોના ગેરકાયદે વ્યાપાર પર અંકુશ મૂકવાનાં પ્રયત્ન કરતા જ તેમણે ફરીથી મીર જાફરને નવાબ પદ આપ્યું.

બંગાળમાં અંગ્રેજોની કાર્યવાહી પર લગામ કસવા માટે મીર કાસીમ, અયોધ્યાના નવાબ શુજા ઉદ્દૌલા અને મોગલ બાદશાહ શાહ આલમે અંગ્રેજો વિરુધ્ધ એકત્રિત ઝુંબેશ ચલાવી. ઇ.સ. ૧૭૬૪માં બિહારના બકસારમાં યુધ્ધ થયું. જેમાં અંગ્રેજોનો વિજય થયો. આ લડાઈ બાદ અલાહાબાદની સંધિ અનુસાર બંગાળ પ્રાંતમાં દિવાની એટલે કે મહેસૂલ ઉઘરાવવાનો અધિકાર બ્રિટિશ ઈસ્ટ ઇંડિયા કંપનીને મળ્યો. આમ ભારતમાં અંગ્રેજી સત્તાનો પાયો બંગાળમાં નખાયો.


ટિપુ સુલતાન

**અંગ્રેજ-મૈસૂર સંઘર્ષ :** મૈસૂર રાજ્યના હૈદરઅલીએ બળવો કરીને મૈસૂરનું રાજ્ય તાબામાં લીધું. હૈદરઅલીના મૃત્યુ પછી તેમના દિકરા ટિપુ સુલતાન મૈસૂરની સત્તા પર આવ્યા. તેમણે અંગ્રેજો વિરુધ્ધની લડાઈઓ બહાદુરીથી લડી. અંતે ઇ.સ. ૧૭૯૯માં શ્રીરંગપટ્ટણમાં થયેલ યુધ્ધમાં ટિપુ સુલતાન મૃત્યુ પામ્યા અને મૈસૂરના પ્રદેશ પર અંગ્રેજોનું વર્ચસ્વ નિર્માણ થયું.

**સિંધ પર અંગ્રેજોનો તાબો :** ભારતમાં પોતાની સત્તા સુરક્ષિત કરવા માટે અંગ્રેજો વાયવ્ય સરહદ તરફ વળ્યા. તેમને ભય હતો કે રશિયા અફઘાનિસ્તાનના માર્ગે ભારત પર આક્રમણ કરશે. તેથી તેમણે અફઘાનિસ્તાન પર પોતાનો પ્રભાવ પ્રસ્થાપિત કરવાનું નક્કી કર્યું. અફઘાનિસ્તાન તરફ જતો માર્ગ સિંધમાંથી પસાર થતો હતો. તેથી અંગ્રેજોનું ધ્યાન સિંધ તરફ કેન્દ્રિત થયું અને ઇ.સ. ૧૮૪૩માં તેમણે સિંધ પ્રાંત કબજે કર્યો.


રણજિતસિંહ

**શીખ સત્તાની પડતી :** ઓગણીસમાં શતકની શરૂઆતમાં પંજાબની સત્તા રણજિતસિંહના હાથમાં હતી. રણજિતસિંહના મૃત્યુ બાદ તેમના નાની ઉંમરના દીકરા દલીપસિંગ ગાદીએ આવ્યા. તેમના વતી તેમની માતા રાણી જિંદન રાજ્યનો કારભાર સંભાળવા લાગ્યા. પરંતુ તેઓ સરદારો પર અંકુશ રાખી શક્યા નહીં. આ તક ઝડપીને અંગ્રેજોએ કેટલાક શીખ સરદારોને પોતાના પક્ષમાં ભેળવી લીધા. શીખોને લાગ્યું કે અંગ્રેજો પંજાબ પર આક્રમણ કરશે. આથી તેમણે અંગ્રેજો પર હુમલો કર્યો. શીખ-અંગ્રેજ વચ્ચેના આ પહેલા યુધ્ધમાં શીખોનો પરાભવ થયો. અંગ્રેજોએ દલીપસિંગને ગાદી પર કાયમ રાખ્યા. પંજાબ પર અંગ્રેજોનો વધતો પ્રભાવ કેટલાક સ્વાતંત્ર્યપ્રેમી શીખોને માન્ય ન હતો. મુલતાનના અધિકારી મૂળરાજે અંગ્રેજો વિરુધ્ધ બંડ પોકાર્યું. હજારો શીખ સૈનિકો અંગ્રેજો વિરુધ્ધ યુધ્ધમાં ઉતર્યા. આ બીજા યુધ્ધમાં પણ શીખનો પરાભવ થયો. ઇ.સ. ૧૮૪૯માં અંગ્રેજોએ પંજાબનો પ્રદેશ પોતાના રાજ્ય સાથે જોડી દીધો.

ભારતમાં મરાઠા સત્તા પ્રબળ સત્તા હતી. મરાઠાઓનો પરાભવ કરીને અંગ્રેજોએ ભારતમાં પોતાની સત્તાનો પાયો કેવી રીતે મજબૂત કર્યો તેનો અભ્યાસ આપણે આગળના પાઠમાં કરીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(૧) ઇ.સ. ૧૪૫૩માં ઑટોમન તુર્કે ........... શહેર જીતી લીધું.

(અ) વેનિસ (બ) કૉન્સ્ટૅન્ટિનોપલ

(ક) રોમ (ડ) પેરિસ

(૨) ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ ............માં થયો.

(અ) ઈંગ્લેન્ડ (બ) ફ્રાન્સ

(ક) ઈટલિ (ડ) પોર્ટુગીઝ

(૩) અંગ્રેજોના ગેરકાયદેસર વ્યાપાર પર અંકુશ મૂકવાનો પ્રયત્ન .......... એ કર્યો.

(અ) સિરાજ ઉદ્દૌલા (બ) મીર કાસીમ

(ક) મીર જાફર (ડ) શાહ આલમ

**૨. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) વસાહતવાદ (૨) સામ્રાજ્યવાદ

(૩) પ્રબોધન યુગ (૪) મૂડીવાદી અર્થવ્યવસ્થા

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) પ્લાસીની લડાઈમાં સિરાજ ઉદ્દૌલાનો પરાભવ થયો.

(૨) યુરોપિયન દેશોને એશિયા તરફ જતો નવો માર્ગ શોધવાની આવશ્યકતા જણાઈ.

(૩) યુરોપના રાજ્યકર્તાઓ વેપારી કંપનીઓને લશ્કરી સંરક્ષણ અને વેપારી સવલતો આપવા લાગ્યા.

**૪. પાઠના આધારે નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| ખલાસીઓ | કાર્ય |
|---|---|
| ................. | આફ્રિકાના દક્ષિણ છેડા સુધી પહોંચ્યો. |
| ખ્રિસ્તોફર કોલંબસ | ................... ................... |
| ................. | ભારતના પશ્ચિમ કિનારે આવેલ કાલિકત બંદરે પહોંચ્યો. |

**ઉપક્રમ**

પ્રબોધનકાળના પ્રસિધ્ધ ચિત્રકાર, સાહિત્યકારો, વૈજ્ઞાનિકોના કાર્ય વિશે સંદર્ભગ્રંથો તેમજ ઈન્ટરનેટની મદદથી માહિતી અને ચિત્રો મેળવી વર્ગમાં પ્રકલ્પ પ્રસ્તુત કરો.

AFGHY9

# ૩. બ્રિટિશ સત્તાનું પરિણામ

આ પાઠમાં આપણે અંગ્રેજ સત્તાના ભારત પર થયેલ પરિણામ વિશે અભ્યાસ કરીશું.

**બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીની સ્થાપના :** ભૌગોલિક શોધોને કારણે યુરોપિયન સત્તા ભારતના કિનારે કેવી રીતે પહોંચી તે આપણે જોયું પોર્તુગીઝ, ડચ, ફ્રેંચ, બ્રિટિશ જેવા દરેક યુરોપિયન દેશો ભારતના બજારને કબજે કરવા સત્તા સ્પર્ધામાં ઉતર્યા. અંગ્રેજો વેપારના નિમિત્તે ભારત આવ્યા ત્યારે પહેલેથી જ ભારતમાં રહેલા પોર્તુગીઝોએ તેમનો સખત વિરોધ કર્યો. સમય જતા અંગ્રેજ-પોર્તુગીઝો વચ્ચે મૈત્રી સંબંધ પ્રસ્થાપિત થતા વિરોધ ઓછો થયો. પરંતુ ભારત પર વર્ચસ્વ પ્રસ્થાપિત કરવાની સ્પર્ધામાં અંગ્રેજોએ ફ્રેંચ, ડચ અને સ્થાનિક સત્તાધીશોના વિરોધનો સામનો કરવો પડ્યો.


**અંગ્રેજ અને મરાઠા :** મુંબઈ એ અંગ્રેજો માટે પશ્ચિમ ભારતનું મુખ્ય કેન્દ્ર હતું. તેની આસપાસનો પ્રદેશ મેળવવાનો તેમણે પ્રયત્ન કર્યો, પરંતુ આ પ્રદેશો પર મરાઠાઓની મજબૂત પકડ હતી. માધવરાવ પેશવાના મૃત્યુબાદ તેમના કાકા રઘુનાથરાવે પેશવાપદની લાલચમાં અંગ્રેજોની મદદ માંગી. તેથી મરાઠાઓના રાજકારણમાં અંગ્રેજોનો પ્રવેશ થયો.

ઇ.સ. ૧૭૭૪ થી ૧૮૧૮ દરમ્યાન મરાઠા-અંગ્રેજો વચ્ચે ત્રણ યુધ્ધ થયા. પહેલા યુધ્ધમાં મરાઠા સરદારોએ એક થઈને અંગ્રેજોનો સામનો કરતા મરાઠાઓની શ્રેષ્ઠતા સિધ્ધ થઈ. ઇ.સ. ૧૭૮૨માં સાલબાઈની સંધિથી અંગ્રેજ-મરાઠા વચ્ચેનું પહેલું યુધ્ધ સમાપ્ત થયું.

**તૈનાતી ફોજ :** ઇ.સ. ૧૭૯૮માં લૉર્ડ વેલસ્લી ગવર્નર જનરલ તરીકે ભારત આવ્યો. તેણે સમગ્ર ભારત પર અંગ્રેજોનું વર્ચસ્વ પ્રસ્થાપિત કરવાનું ધોરણ સ્વીકાર્યું. તે માટે તેણે અનેક ભારતીય સત્તાધીશો સાથે તૈનાતી ફોજનો કરાર કર્યો. આ કરાર અનુસાર ભારતીય સત્તાધીશોને અંગ્રેજોની લશ્કરી મદદનું આશ્વાસન આપવામાં આવ્યું. જેને માટે તેણે કેટલીક શરતો મૂકી. ભારતીય રાજ્યકર્તાઓએ તેમના રાજ્યમાં અંગ્રેજ લશ્કર રાખવું. તે લશ્કરના ખર્ચ માટે રોકડ રકમ અથવા તેટલા જ ઉત્પાદનવાળો પ્રદેશ કંપનીને આપવો, તેમણે બીજા સત્તાધીશો સાથે અંગ્રેજોની મધ્યસ્થીથી જ સંબંધ રાખવા, પોતાના દરબારમાં અંગ્રેજોનો રેસિડેંટ (પ્રતિનિધિ) રાખવો જેવી શરતો મૂકી. ભારતના કેટલાક સત્તાધીશોએ આ પધ્ધતિ સ્વીકારીને પોતાનું સ્વાતંત્ર્ય ગુમાવ્યું.

ઇ.સ. ૧૮૦૨માં બાજીરાવ પેશવા બીજાએ અંગ્રેજો સાથે તૈનાતી ફોજનો કરાર કર્યો. આ કરાર વસઈની સંધિ તરીકે પ્રસિધ્ધ છે; પરંતુ આ સંધિ કેટલાક મરાઠા સરદારોને માન્ય ન હતી. તેથી અંગ્રેજ-મરાઠા વચ્ચે બીજું યુધ્ધ થયું. જેમાં વિજય મેળવ્યા બાદ મરાઠા રાજ્યમાં અંગ્રેજોનો હસ્તક્ષેપ વધવા લાગ્યો. જે સહન ન થતા બાજીરાવ બીજાએ અંગ્રેજો વિરુધ્ધ યુધ્ધ પોકાર્યું. જેમાં તેનો પરાભવ થયો. ઇ.સ. ૧૮૧૮માં તેમણે શરણાગતિ સ્વીકારી. તે દરમ્યાન મોગલોની રાજધાની દિલ્લી પ્રત્યક્ષ રૂપે દૌલતરાવ શિંદેના નિયંત્રણ હેઠળ હતી. જનરલ લેકે શિંદેની ફોજનો પરાભવ કરીને બાદશાહને તાબામાં લીધો અને હિંદુસ્તાન જીતી લીધું.

**છત્રપતિ પ્રતાપસિંહ :** પેશવાઈનો અસ્ત થયા બાદ પણ સાતારાના છત્રપતિ પ્રતાપસિંહ ગાદી પર હતા. અંગ્રેજોએ છત્રપતિ પ્રતાપસિંહ સાથે સંધિ કરીને રાજ્ય-કારભારમાં તેમની મદદ કરવા માટે અંગ્રેજ અધિકારી ગ્રેંડ ડફની નિમણૂંક કરી. ત્યારબાદ તેમને પદભ્રષ્ટ કરીને કાશીમાં મૂકવામાં આવ્યા. ઇ.સ. ૧૮૪૭માં ત્યાંજ તેમનું મૃત્યુ થયું.



છત્રપતિ પ્રતાપસિંહ

છત્રપતિ પ્રતાપસિંહના કારભારી રંગો બાપુજી ગુપ્તેએ ઈંગ્લેન્ડ સુધી જઈને આ અન્યાય વિરુદ્ધ દાદ માગવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ન્યાય મેળવવાના પ્રયત્નમાં તેમને સફળતા મળી નહીં. આગળ જતા લૉર્ડ ડેલહૌસીએ દત્તક વારસો નામંજૂર કરીને ઇ.સ. ૧૮૪૮માં સાતારાનું રાજ્ય ખાલસા કર્યું.

### શું તમે જાણો છો ?

છત્રપતિ પ્રતાપસિંહે સાતારા શહેરમાં યેવતેશ્વરના દેવાલયની પાછળની બાજુએ અને મહાદરામાં તળાવ બાંધીને તેનું પાણી શહેરમાં પહોંચાડ્યું. શહેરમાં રસ્તા બાંધ્યા, રસ્તાની બંને બાજુએ વૃક્ષો વાવ્યા. છોકરા છોકરીઓને સંસ્કૃત, મરાઠી, અંગ્રેજી શીખવવા માટે પાઠશાળા બાંધી ત્યાંજ એક છાપખાનું નાંખ્યું અને અનેક ઉપયુક્ત ગ્રંથો છાપ્યા. ઇ.સ. ૧૮૨૭માં રાજનીતિવિષયક ગ્રંથ 'સભાનીતિ' છાપ્યો. તેમણે સાતારાથી મહાબળેશ્વર અને પ્રતાપગઢ સુધી રસ્તો બાંધ્યો. તે જ રસ્તો મહાડ સુધી આગળ વધાર્યો. છત્રપતિ પ્રતાપસિંહ દરરોજ રોજનીશી લખતા.

## ભારત પર બ્રિટિશ સત્તાનું પરિણામ

**દ્વિ રાજ્ય વ્યવસ્થા :** ઇ.સ. ૧૭૬૫માં રોબર્ટ ક્લાઈવ્હે બંગાળમાં દ્વિ રાજ્ય વ્યવસ્થા અસ્તિત્વમાં લાવી. મહેસૂલ ઉઘરાવવાનું કામ કંપનીએ પોતાના હાથમાં રાખ્યું, જ્યારે શાંતિ અને સુવ્યવસ્થા જાળવવાનું કામ બંગાળના નવાબ પાસે રાખ્યું. એને જ 'દ્વિ રાજ્ય વ્યવસ્થા' કહે છે.

સમય જતા દ્વિ રાજ્ય વ્યવસ્થાના દુષ્પરિણામ દેખાવા લાગ્યા. સામાન્ય જનતા પાસેથી કર રૂપે વસૂલેલા પૈસા કંપનીના અધિકારીઓએ પોતાના ખીસ્સામાં નાખ્યા. ભારતમાં વેપારનો એકાધિકાર માત્ર ઈસ્ટ ઈંડિયા કંપનીને આપેલો હોવાથી ઈંગ્લેન્ડમાંની અનેક વેપારી કંપનીઓ દ્વેષ અનુભવતી હતી. ભારતમાં કંપનીના કારભારની ઈંગ્લેન્ડમાં ટીકા થવા લાગી ત્યારે કંપનીના કારભાર પર નિયંત્રણ મૂકવા માટે ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે કેટલાક મહત્ત્વના કાયદા કર્યા.

**પાર્લામેન્ટે કરેલા કાયદા :** ઇ.સ. ૧૭૭૩ના રેગ્યુલેટિંગ એક્ટ અનુસાર બંગાળના ગવર્નરને 'ગવર્નર જનરલ'નો હોદ્દો આપવામાં આવ્યો. આ એક્ટ અનુસાર લૉર્ડ વૉરન હેસ્ટિંગ્જ ગવર્નર જનરલ બન્યા. મુંબઈ અને મદ્રાસ વસાહતોના ધોરણ પર નિયંત્રણ રાખવાનો અધિકાર તેમને મળ્યો. તેમની મદદ માટે ચાર સભ્યોની સમિતિ નીમવામાં આવી.

ઇ.સ. ૧૭૮૪માં પિટનો ભારત વિષયક કાયદો મંજૂર થયો. કંપનીના ભારતમાં રાજ્યકારભાર પર પાર્લામેન્ટનું નિયંત્રણ રાખવા માટે એક કાયમી નિયામક મંડળની સ્થાપના કરવામાં આવી. ભારતના રાજ્યકારભાર વિષયક આદેશ કંપનીને આપવાનો અધિકાર આ મંડળને આપવામાં આવ્યો. પાર્લામેન્ટે ઇ.સ. ૧૮૧૩, ૧૮૩૩ અને ૧૮૫૩માં કંપનીના કારભારમાં ફેરફાર કરનારા કાયદા બનાવ્યા. આ રીતે કંપનીના પ્રશાસન પર બ્રિટિશ સરકારનું અપ્રત્યક્ષ નિયંત્રણ અસ્તિત્વમાં આવ્યું.

ભારતમાં અંગ્રેજી સત્તાના આગમનની સાથે નવી પ્રશાસકીય પદ્ધતિ અમલમાં આવી. મુલકી નોકરશાહી, લશ્કર, પોલીસ દળ અને ન્યાય સંસ્થા એ ભારતમાં અંગ્રેજી પ્રશાસનના પ્રમુખ આધારસ્તંભ હતા.

**મુલકી નોકરશાહી :** ભારતમાં અંગ્રેજ સત્તા મજબૂત કરવા માટે અંગ્રેજોને નોકરશાહીની આવશ્યકતા હતી. લૉર્ડ કૉર્નવાલિસે નોકરશાહીની નિર્મિતિ કરી. મુલકી નોકરશાહી અંગ્રેજી શાસનનો મહત્ત્વનો ઘટક બની. કંપની અધિકારીઓએ વ્યક્તિગત ખાનગી વેપાર કરવો નહીં, એવો નિયમ તેમણે બનાવ્યો. તેના માટે તેમણે અધિકારીઓના પગાર વધાર્યા.

પ્રશાસનની સુવિધા માટે તેમણે અંગ્રેજોના તાબામાંના પ્રદેશોની જિલ્લાવાર વિભાગણી કરી. જિલ્લા શાસનનો પ્રમુખ, જિલ્લાધિકારી કહેવાતો. મહેસૂલ ઉઘરાવવું ન્યાય આપવો, શાંતિ અને સુવ્યવસ્થા જાળવવા એ તેમની જવાબદારી હતી.

અધિકારીઓની ભરતી ઈંડિયન સિવિલ સર્વીસીસ (આય. સી. એસ.) આ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા કરવામાં આવતી.

**લશ્કર અને પોલીસ દળ :** ભારતમાં અંગ્રેજોના તાબામાંના પ્રદેશોનું સંરક્ષણ કરવું, નવા પ્રદેશો હસ્તગત કરવા અને ભારતમાં થતા અંગ્રેજ વિરોધી બળવાને કચડી નાખવાના કાર્યો લશ્કરના હતા. દેશમાં કાયદો અને સુવ્યવસ્થા જાળવવાનું કામ પોલીસ દળનું હતું.

**ન્યાયવ્યવસ્થા :** ઈંગ્લેન્ડની ન્યાયવ્યવસ્થાના આધારે અંગ્રેજોએ ભારતમાં નવી ન્યાયવ્યવસ્થા સ્થાપિત કરી. દરેક જિલ્લામાં મુલકી - ખટલા માટે દિવાની ન્યાયાલય અને ફોજદારી ખટલા માટે ફોજદારી ન્યાયાલયની સ્થાપના કરી. તેમના નિર્ણયોના પુનર્વિચાર માટે ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના કરી.

**કાયદા સામે સમાનતા :** પહેલા ભારતમાં જુદા જુદા સ્થળે જુદા જુદા કાયદા હતા. ન્યાયદાનમાં જાતિ અનુસાર ભેદભાવ કરવામાં આવતો. લૉર્ડ મેકૉલેના નેતૃત્વ નીચે સ્થાપન થયેલી વિધિ સમિતિએ કાયદાની સંહિતા તૈયાર કરી. સમગ્ર ભારતમાં એકજ કાયદો લાગૂ કર્યો. કાયદા સામે બધા સમાન છે એ તત્વ અંગ્રેજોએ દઢ કર્યું.

આ પધ્ધતિમાં પણ કેટલાક દોષ હતા. યુરોપિયન લોકો પર ખટલો ચલાવવા માટે સ્વતંત્ર ન્યાયાલયો અને જુદા કાયદા અસ્તિત્વમાં હતા. નવા કાયદા સામાન્ય લોકોને સમજાતા નહોતા. સામાન્ય લોકો માટે ન્યાય ખૂબ જ ખર્ચાળ બાબત હતી. ખટલા વર્ષો સુધી ચાલતાં.

**અંગ્રેજોના આર્થિક ધોરણ :** પ્રાચીન કાળથી જ ભારત પર આક્રમણ થતા રહેતા. અનેક આક્રમકો ભારતમાં સ્થાયી થયા. તેઓ ભારતીય સંસ્કૃતિ સાથે એક રસ થયા. તેમણે અહીં રાજ્ય કર્યું હોવા છતાં ભારતની અર્થવ્યવસ્થામાં મૂળભૂત ફેરફાર કર્યા નહોતા. અંગ્રેજોનું તેવું નહોતું.

ઈંગ્લેન્ડ આધુનિક રાષ્ટ્ર હતું. ઔદ્યોગિક ક્રાંતિને કારણે ત્યાં મૂડીવાદી અર્થવ્યવસ્થા દઢ થઈ હતી. આ વ્યવસ્થાને પોષક અર્થવ્યવસ્થા તેમણે ભારતમાં સ્થાપી. તેનાથી ઈંગ્લેન્ડને આર્થિક લાભ થયો, પરંતુ ભારતીયોનું આર્થિક શોષણ થવા લાગ્યું.

**જમીન મહેસૂલ વિષયક ધોરણ :** અંગ્રેજી અમલ શરૂ થતા પહેલા ગ્રામીણ અર્થવ્યવસ્થા સ્વયંપૂર્ણ હતી. ખેતી અને અન્ય ઉદ્યોગો દ્વારા ગામની જરૂરિયાતો ગામમાંથી જ પૂરી થઈ જતી. જમીન મહેસૂલ રાજ્યની આવકનું પ્રમુખ સાધન હતું. અંગ્રેજ પહેલાના કાળમાં પાકને અનુરૂપ મહેસૂલ આકારવામાં આવતું. પાક સારો ન થયો હોય તો મહેસૂલમાં છૂટ મળતી. મહેસૂલ મુખ્યત્વે ધાન્યના રૂપમાં લેવામાં આવતું. મહેસૂલ ભરવામાં મોડું થાય તો પણ ખેડૂત પાસેથી જમીન પડાવી લેવામાં આવતી નહીં.

આવક વધારવા માટે અંગ્રેજોએ મહેસૂલ પધ્ધતિમાં મહત્ત્વના ફેરફાર કર્યા. જમીન માપીને જમીનના ક્ષેત્રફળ અનુસાર મહેસૂલ આકારવામાં આવ્યું. મહેસૂલ રોકડ સ્વરૂપમાં અને નિશ્ચિત સમયે જ ભરવું એવો નિયમ કરવામાં આવ્યો. સમયસર મહેસૂલ ન ભરનાર ખેડૂતોની જમીન જપ્ત કરવામાં આવશે, એવો નિયમ કરવામાં આવ્યો. ભારતમાં જુદા જુદા સ્થળે મહેસૂલ ઉઘરાવવાની અંગ્રેજોની પધ્ધતિ જુદી જુદી હતી. બધે ખેડૂતોનું શોષણ થતું હતું.

**નવી જમીન મહેસૂલ વ્યવસ્થાના પરિણામ :** નવી જમીન મહેસૂલ વ્યવસ્થાના અનિષ્ટ પરિણામો ગ્રામીણ જીવન પર થયા. મહેસૂલ ભરવા માટે ખેડૂતો મળે તે કિંમતે પાક વેંચવા લાગ્યા. વેપારી અને દલાલો વ્યાજબી દર કરતા ઓછા દરે તેમનો માલ ખરીદવા લાગ્યા. ખેડૂતોને મહેસૂલ ભરવા માટે ક્યારેક શાહુકાર પાસે જમીન ગિરવે મૂકીને કર્જ લેવું પડતું. જેથી ખેડૂતો દેવાદાર થવા લાગ્યા. કર્જ ચૂકવાય નહીં તો તેમને પોતાની જમીન વેંચવી પડતી.

સરકાર, જમીનદાર, શાહુકાર, વેપારી એ બધા ખેડૂતોનું શોષણ કરતા.

**ખેતીનું વેપારીકરણ :** પહેલા ખેડૂતો મુખ્યત્વે અન્નધાન્ય ઉગાડતા. આ અન્નધાન્ય તેમના ઘરમાં ઉપયોગ માટે તેમજ ગામની જરૂરિયાત પૂરી કરવા માટે ઉપયોગી થતું. અંગ્રેજ સરકારે, કપાસ, ગળી, તમાકુ, ચા વગેરે રોકડિયા પાકને ઉત્તેજન આપ્યું. અન્નધાન્યની વાવણી ને બદલે નફો મેળવી આપતા વેપારી પાક લેવા પર ભાર દેવા માંડ્યા, આ પ્રક્રિયાને 'ખેતીનું વ્યાપારીકરણ' કહે છે.

**દુકાળ :** ઇ.સ. ૧૮૬૦ થી ૧૯૦૦ના કાળમાં ભારતમાં મોટા દુકાળ પડ્યા, પરંતુ અંગ્રેજ રાજ્યકર્તાઓએ દુકાળ નિવારણ માટે પૂરતા પ્રયત્નો કર્યા નહીં. તેમજ પાણી પૂરવઠાની યોજના પર વધુ ખર્ચ પણ કર્યો નહીં.

**વાહન વ્યવહાર અને સંદેશવ્યવહાર વ્યવસ્થામાં સુધારણા :** વેપારવૃધ્ધિ અને પ્રશાસનની સુવિધા માટે અંગ્રેજોએ ભારતમાં વાહનવ્યવહાર અને




મુંબઈ-થાણે રેલ્વે (૧૮૫૩)

સંદેશવ્યવહારની આધુનિક સુખસુવિધા નિર્માણ કરી. કોલકાત્તા અને દિલ્લીને જોડતા મહામાર્ગ બાંધ્યા. ઇ.સ. ૧૮૫૩માં મુંબઇ-થાણે રેલ્વે માર્ગ પર આગગાડી દોડવા લાગી. તે જ વર્ષે અંગ્રેજોએ ભારતમાં તારયંત્ર દ્વારા સંદેશ મોકલવાની યંત્રણા શરૂ કરી. આ યંત્રણા દ્વારા ભારતના પ્રમુખ શહેરો અને લશ્કરી થાણા એકબીજા સાથે જોડાયા. તે જ પ્રમાણે અંગ્રેજોએ ટપાલ વ્યવસ્થા પણ શરૂ કરી.

ભારતીય સમાજ જીવન પર આ બધી સુધારણાના દૂરગામી પરિણામો થયા. દેશના વિવિધ ભાગોમાંના લોકોનો પરસ્પર સંપર્ક વધ્યો. જેથી તેમનામાં એકતાની ભાવના વધવા લાગી.

**ભારતના જૂના ઉદ્યોગધંધાનો હ્રાસ :** ભારતમાંથી ઈંગ્લેન્ડ જતા માલ પર અંગ્રેજ સરકાર ભારે કર આકારતી હતી અને ઈંગ્લેન્ડમાંથી ભારત આવતા માલ પર ખૂબ જ ઓછો કર નાખવામાં આવતો. તેમ જ ઈંગ્લેન્ડથી આવતો માલ યંત્ર પર તૈયાર થતો. તેથી તેનું ઉત્પાદન મોટા પ્રમાણમાં અને ઓછા ખર્ચે થતું. આવા સસ્તા માલ સાથે સ્પર્ધા કરવી ભારતીય કારીગરો માટે મુશ્કેલ બન્યું. પરિણામે ભારતના પારંપારિક ઉદ્યોગધંધા બંધ થયા અને અનેક કારીગરો બેકાર થયા.

**ભારતમાં નવા ઉદ્યોગધંધાનો વિકાસ :** અંગ્રેજ સરકારનો ટેકો, વ્યવસ્થાપનનો અનુભવ અને મૂડી જેવી બાબતના અભાવને કારણે ભારતીય ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં આગળ આવી શક્યા નહીં. આવા અવરોધોને માત કરીને કેટલાક ભારતીયોએ ઉદ્યોગની સ્થાપના કરી.



જમશેદજી ટાટા

ઇ.સ. ૧૮૫૪માં કાવસજી નાનાભૉય દાવરે મુંબઈમાં પહેલી કાપડની મીલ શરૂ કરી. ઇ.સ. ૧૮૫૫માં બંગાળના રિશ્રામાં પહેલી શણની મીલ શરૂ થઈ. ઇ.સ. ૧૯૦૭માં જમશેદજી ટાટાએ જમશેદપુરમાં ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીના પોલાદ નિર્મિતિના કારખાનાની સ્થાપના કરી.

ભારતમાં કોલસા, ધાતુ, સાકર, સિમેંટ અને રાસાયણિક દ્રવ્યો જેવા ઉદ્યોગોની શરૂઆત થઈ.

**સામાજિક અને સાંસ્કૃતિક પરિણામ :** ઓગણીસમાં શતકમાં યુરોપમાં માનવતાવાદ, બુધ્ધિવાદ, લોકશાહી, રાષ્ટ્રવાદ, ઉદારમતવાદ જેવા મૂલ્યો પર આધારિત નવા યુગનો ઉદય થયો. પાશ્ચાત્ય વિશ્વના આ પરિવર્તનના પડઘા ભારતમાં પણ પડવા સ્વાભાવિક હતા. પ્રશાસન ચલાવવા

માટે અંગ્રેજોએ ભારતીય સમાજનો પરિચય કરવો જરૂરી હતો. તે માટે તેમણે અહીંની પરંપરા, ઇતિહાસ, સાહિત્ય, કળા તેમજ સંગીત, પ્રાણી-પક્ષીનો અભ્યાસ કરવાની શરૂઆત કરી. ઇ.સ. ૧૭૮૪માં અંગ્રેજ અધિકારી વિલ્યમ જોન્સે કોલકાત્તામાં 'એશિયાટિક સોસાયટી ઑફ બંગાળ' સંસ્થાની સ્થાપના કરી. જર્મન વિચારક મૅક્સમ્યુલર ભારતીય ધર્મ, ભાષા, ઇતિહાસનો અભ્યાસુ હતો. આ ઉદાહરણોને કારણે આપણે પણ આપણા ધર્મ, ઇતિહાસ, પરંપરાનો અભ્યાસ કરવો જોઈએ, એની જાણ નવશિક્ષિત ભારતીયોને થવા લાગી.

અંગ્રેજોએ ભારતમાં અનેક કાયદા કર્યા. ઇ.સ. ૧૮૨૯માં લૉર્ડ બૅંટિકને સતી પ્રથા બંધીનો કાયદો કર્યો. ઇ.સ. ૧૮૫૬માં લૉર્ડ ડેલહૌસીએ વિધવા પુનર્વિવાહને માન્યતા આપતો કાયદો કર્યો. આ કાયદો સમાજ સુધારણાનો પૂરક બન્યો.

પ્રશાસન ચલાવવા માટે બ્રિટિશરોને અંગ્રેજી શિક્ષણ મેળવેલ ભારતીયોની જરૂર હતી. લૉર્ડ મેકૉલેની ભલામણ અનુસાર ઇ.સ. ૧૮૩૫માં ભારતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ કરવામાં આવ્યું. નવા શિક્ષણ દ્વારા નવા પાશ્ચાત્ય વિચાર, આધુનિક સુધારણા, વિજ્ઞાન અને તંત્રજ્ઞાનનો ભારતના લોકોને પરિચય કરાવવામાં આવ્યો. ઇ.સ. ૧૮૫૭માં કોલકાત્તા, મુંબઈ, મદ્રાસ(ચેન્નઇ)માં વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી. પાશ્ચાત્ય શિક્ષણ મેળવેલ મધ્યમવર્ગે ભારતમાં સામાજિક જાગૃતિની ચળવળનું નેતૃત્વ કર્યું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(૧) પોર્તુગીઝ ............. ફ્રેંચ, બ્રિટિશરો ભારતના બજારને કબજે કરવાની સત્તા સ્પર્ધામાં ઉતર્યા.
(અ) ઓસ્ટ્રિયન (બ) ડચ
(ક) જર્મન (ડ) સ્વીડીશ

(૨) ૧૮૦૨માં .............. પેશવાએ અંગ્રેજો સાથે તૈનાતી ફોજના કરાર કર્યા.
(અ) નાના બાજીરાવ (બ) સવાઈ માધવરાવ
(ક) પેશવા નાનાસાહેબ (ડ) બીજા બાજીરાવ

(૩) જમશેદજી ટાટાએ ........... માં ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપનીના પોલાદ નિર્મિતિના કારખાના સ્થાપ્યા.
(અ) મુંબઇ (બ) કોલકાત્તા
(ક) જમશેદપુર (ડ) દિલ્લી

**૨. નીચેની સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) મુલકી નોકરશાહી
(૨) ખેતીનું વ્યાપારીકરણ
(૩) અંગ્રેજોના આર્થિક ધોરણો

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ભારતીય ખેડૂતો દેવાદાર બન્યા.
(૨) ભારતના જૂના ઉદ્યોગધંધાનો હ્રાસ થયો.

**૪. પાઠની મદદથી નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| વ્યક્તિ | કાર્યો |
|---|---|
| લૉર્ડ કૉર્નવાલિસ | ........................ |
| ................ | સતી પ્રથા બંધીનો કાયદો કર્યો. |
| લૉર્ડ ડેલહૌસી | ........................ |
| ................ | 'એશિયાટિક સોસાયટી ઓફ બંગાળ'ની સ્થાપના |

**ઉપક્રમ**

બ્રિટિશરોએ પ્રશાસન, શિક્ષણ, વાહનવ્યવહાર અને સંદેશવ્યવહારમાં કરેલ સુધારણાની સચિત્ર માહિતી તૈયાર કરો.

AFQDZH

# ૪. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ

ઇ.સ. ૧૮૫૭માં અંગ્રેજી સત્તાને હલાવી નાખે તેવો મોટો સ્વાતંત્ર્ય સંગ્રામ ભારતમાં થયો. આ સંગ્રામ કંઈ અચાનક ઉદ્‌ભવ્યો નહતો. તેની પહેલા પણ ભારતમાં અંગ્રેજો વિરુધ્ધ અનેક બળવા થયા હતા. ઇ.સ. ૧૮૫૭ના બળવાનો વ્યાપ અને તેની પાછળની ભૂમિકાને ધ્યાનમાં લઈને સ્વાતંત્ર્ય વીર સાવરકરે જે પુસ્તકની રચના કરી તે '૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ' પુસ્તકે આગળ જતા અનેક ક્રાંતિકારીઓને બ્રિટિશરો વિરુધ્ધ લડતની પ્રેરણા આપી.

**ઇ.સ.૧૮૫૭ પહેલાની લડતો :** ભારતમાં જે જે ભાગમાં અંગ્રેજોની સત્તા સ્થપાઈ, ત્યાંના લોકોને અંગ્રેજી શાસનના દુષ્પરિણામ ભોગવવા પડ્યા.

**શું તમે જાણો છો ?**

**પાઈકોનો સ્વાતંત્ર્ય સંગ્રામ :** ઓડિશામાં મધ્યયુગીન કાળથી જ પાઈકપધ્ધતિ અસ્તિત્વમાં હતી. ત્યાંના જુદા જુદા સ્વતંત્ર રાજાના જે નોકર સૈનિકો હતા તેમને 'પાઈક' કહેવામાં આવતા. રાજા આ પાઈકોને મફતમાં જમીન ખેડવા આપતા. તેઓ જમીન ખેડીને પોતાનો ઉદર નિર્વાહ કરતા. તેના બદલામાં યુધ્ધનો પ્રસંગ ઉભો થાય તો તેમણે પોતાના રાજાના પક્ષમાં ઉભા રહેવું એવી શરત હતી.

ઇ.સ. ૧૮૦૩માં અંગ્રેજોએ ઓડિશા જીતી લીધું. અંગ્રેજોએ પાઈકોની વંશપરંપરાગત જમીન લઈ લીધી. તેથી પાઈકો રોષે ભરાયા. તેમજ અંગ્રેજોએ લાદેલા કરને કારણે મીઠાની કિંમત વધતા સામાન્ય લોકોનું જીવન અસહ્ય બન્યું. પરિણામે ૧૮૧૭માં પાઈકોએ અંગ્રેજો વિરુધ્ધ સશસ્ત્ર સ્વાતંત્ર્ય સંગ્રામ કર્યો. આ બળવાનું નેતૃત્વ બક્ષી જગનબંધુ વિદ્યાધરે કર્યું.

કંપનીની સત્તાને કારણે દરેક સ્તરે આપણું શોષણ થાય છે તેનું ભાન ભારતના લોકોને થવા લાગ્યું અને આ સત્તા વિરુધ્ધ અસંતોષ પણ વધવા લાગ્યો.

કંપની સરકારના સમયમાં ખેડૂતો અને સામાન્ય જનતા કંગાળ બન્યા. એવા સમયે ૧૭૭૦માં બંગાળ પ્રાંતમાં મોટો દુકાળ પડ્યો. અંગ્રેજી રાજ્યકર્તાઓનું જનતા સાથેનું વર્તન ઉદાસીન અને સંવેદન શૂન્ય હતું.

ઇ.સ. ૧૭૫૩ થી ૧૮૫૭ના સમયમાં બંગાળમાં પ્રથમ સંન્યાસીઓના અને ત્યાર બાદ ફકીરોના નેતૃત્વ નીચે ખેડૂતોએ લડત લડી. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં પણ આવું જ બન્યું.

ઉમાજી નાઈકે ચલાવેલી લડત પણ આવી જ ઉગ્ર હતી. ઉમાજીએ પોતાના રામોશી બાંધવો અને સ્થાનિક યુવકોને સંગઠિત કરીને અંગ્રેજો વિરુધ્ધ બંડ પોકાર્યું. તેમણે એક જાહેર- નામું બહાર પાડી અંગ્રેજો વિરુધ્ધ લડવાનું અને અંગ્રેજી સત્તાને ઉથલાવી નાખવાનું આહ્‌વાન કર્યું. પુણે, સાતારા, અહમદનગર, સોલાપુર, નાસિક, ભોર વગેરે ભાગોમાં તેમણે પોતાની ધાક જમાવી. ૧૮૩૨માં કંપની સરકારે ઉમાજી નાઈકની ધરપકડ કરી. તેમને પુણેમાં ફાંસી આપવામાં આવી.



ઉમાજી નાઈક

ભારતમાં આદિવાસી અને વન્ય જમાતીઓએ અંગ્રેજી સત્તાને આહ્‌વાન આપ્યું. આ જમાતીનો ઉદરનિર્વાહ વન્ય સંપત્તિના આધારે થતો હતો. બ્રિટિશરોએ કાયદા દ્વારા તેમના હક્ક પર તરાપ મારી. પરિણામે બિહાર, છોટા નાગપુર પરિસરના કોલામ, ઓડિશાના ગોંડ, બિહારમાં સંથાળ લોકોએ બ્રિટિશરો વિરુધ્ધ લડત ચલાવી કોલ્હાપુર પરિસરમાં ગડકરીઓએ, કોંકણમાં ફોંડ, સાવંતોએ અંગ્રેજી સત્તાને આહ્‌વાન આપ્યું. ઇ.સ. ૧૮૫૭ પહેલા દેશના

જુદા જુદા ભાગોમાં કેટલાક જમીનદાર અને રાજારજવાડાઓએ લડત ચલાવી.

ઈસ્ટ ઇંડિયા કંપનીની ફોજમાં અનેક ભારતીય સૈનિકો હતા. કંપનીનું વર્તન તેમને દુભાવનારું હતું. તેમના વેતન અને ભથ્થા અંગ્રેજી સૈનિકોની તુલનામાં અત્યંત ઓછા હતા. ઇ.સ. ૧૮૦૬માં વેલ્લારમાં અને ઇ.સ. ૧૮૨૪માં બરાકપુરના બળવાએ ઉગ્રરૂપ ધારણ કર્યું હતું.

આ બધી લડતો તે તે પરિસરમાં ચલાવવામાં આવી. જે સ્થાનિક સ્વરૂપની અને એકાકી હતી. અંગ્રેજોએ બળનો ઉપયોગ કરીને તેને દાબી દીધી. લોકોનો અસંતોષ દાબી દેવામાં આવ્યો. પણ તે નહીંવત થયો ન હતો. આ સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પરિણમ્યો. બ્રિટિશ કંપની સરકાર વિરુધ્ધ અનેક સ્થળે લડત ચલાવવામાં આવી. દારૂગોળાના કોઠાર પર તણખા ઝરે અને ત્યાં વિસ્ફોટ થાય એવી પરિસ્થિતિ થઈ. ભારતના વિવિધ વર્ગોમાં ઉદ્ભવેલો અસંતોષ આ બળવાના રૂપે બહાર નીકળ્યો અને અભૂતપૂર્વ સશસ્ત્ર લડતમાં પરિણમ્યો.

**૧૮૫૭ના બળવાના કારણો :** અંગ્રેજો પહેલા ભારતમાં રજવાડા હતા. તેમાં ફેરફાર થયો, પરંતુ ગામડા પહેલા જેવા જ રહ્યા. અંગ્રેજોએ પ્રચલિત વ્યવસ્થા બદલીને નવી વ્યવસ્થા નિર્માણ કરવાનો પ્રયત્ન કર્યો. આમ બદલાતી વ્યવસ્થાને કારણે જનતાના મનમાં અસ્થિરતા અને અસુરક્ષિતતાની ભાવના નિર્માણ થઈ.

**આર્થિક કારણો :** અંગ્રેજોએ પોતાની આવક વધારવા માટે નવી મહેસૂલ પધ્ધતિ અમલમાં મૂકી. ખેડૂતો પાસેથી બળજબરી પૂર્વક કર ઉઘરાવવામાં આવતો. તેથી ખેતી વ્યવસ્થા પડી ભાંગી. ઈંગ્લેન્ડમાં બનતો માલ ભારતમાં વેંચીને આર્થિક લાભ મેળવવાનું બ્રિટિશરોનું ધોરણ હતું. તેમણે અહીંના ઉદ્યોગધંધા પર ભારે કર નાખ્યા. ભારતમાં વિકસિત હસ્તકલા અને કાપડ ઉદ્યોગ નષ્ટ થવા લાગ્યો. અનેક ભારતીય કામદારો બેરોજગાર બન્યા. આ બધાના મનમાં અંગ્રેજો વિરુધ્ધ અસંતોષ વધતો ગયો.

**સામાજિક કારણો :** અંગ્રેજો આપણા રીત રિવાજો, પરંપરામાં હસ્તક્ષેપ કરી રહ્યા છે એવું ભારતીય લોકોને લાગવા માંડ્યું. સતીબંદી, વિધવા વિવાહ જેવા કાયદા સામાજિક દૃષ્ટિએ યોગ્ય હોવા છતાં તે આપણી જીવન પધ્ધતિમાં હસ્તક્ષેપ કરી રહ્યા છે એવું ભારતના લોકોને લાગ્યું. આથી તેઓ રોષે ભરાયા હતા.

**રાજકીય કારણો :** ઇ.સ. ૧૭૫૭થી અંગ્રેજોએ અનેક ભારતીય રાજ્યો પોતાના તાબામાં લીધા. ડેલહાઉસીએ વિવિધ કારણોથી અનેક સંસ્થાનો ખાલસા કર્યા. અયોગ્ય રીતે ચાલતા કારભારનું નિમિત્ત ધરીને અયોધ્યાના નવાબને પદભ્રષ્ટ કર્યા. સાતારા, નાગપુર, ઝાંસી જેવા સંસ્થાનોને રાજાના દત્તક પુત્રોનો વારસા હક્ક નામંજૂર કરીને ખાલસા કર્યા. ડેલહાઉસીના આ ધોરણને કારણે ભારતીયોમાં અવિશ્વાસનું વાતાવરણ વધતું ગયું.

**ભારતીય સૈનિકોમાં અસંતોષ :** અંગ્રેજ અધિકારીઓ ભારતીય સૈનિકો સાથે તુચ્છતાભર્યો વ્યવહાર કરતા, તેમને સૈન્યમાં સુબેદાર કરતાં મોટું પદ આપવામાં આવતું નહીં. ગોરા સૈનિકો કરતાં તેમનો પગાર પણ ઓછો હતો. શરૂઆતમાં તેમને અપાતા ભથ્થા પણ અંગ્રેજોએ ધીમે ધીમે ઓછા કરી નાખ્યા. આમ અનેક કારણોથી ભારતીય સૈનિકોમાં અસંતોષ વધતો ગયો.

**તાત્કાલિક કારણ :** ઇ.સ. ૧૮૫૬માં બ્રિટિશરોએ ભારતીય સૈનિકોને લાંબી નળીવાળી એન્ફિલ્ડ બંદુકો આપી. તેની કારતુસોનું આવરણ દાંતથી તોડવું પડતું આ આવરણમાં ગાય અને ડુક્કરની ચરબી વપરાતી હોવાના સમાચાર ચારે બાજુ ફેલાયા. તેથી હિંદુ અને મુસ્લિમ સૈનિકોની ધાર્મિક ભાવના દુભાણી અને સૈનિકોમાં અસંતોષ નિર્માણ થયો.

**દાવાનળ સળગ્યો :** જે જે સૈનિકોએ ચરબી લગાડેલી કારતુસો વાપરવાનો વિરોધ કર્યો, તેમના પર શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી અને તેમને ઉગ્ર શિક્ષા કરવામાં આવી. બરાકપુરની છાવણીમાં



મંગલ પાંડે

મંગલ પાંડેએ અંગ્રેજ અધિકારીઓના અન્યાયી વર્તનનો વિરોધ કરવા માટે બ્રિટિશ અધિકારીઓ પર ગોળી છોડી. મંગલ પાંડેની ધરપકડ કરી તેને ફાંસી આપવામાં આવી. આ સમાચાર ચારે બાજુ ફેલાઈ ગયા. મેરઠ છાવણીમાં ભારતીય સૈનિકોની આખી પલટણે બંડ પોકાર્યું. સૈનિકો દિલ્લી તરફ જવા નીકળ્યા. રસ્તામાં હજારો નાગરિકો તેમની સાથે આવતા ગયા. ૧૨ મે, ૧૮૫૭ના રોજ સૈનિકોએ દિલ્લીનો તાબો મેળવ્યો. તેમણે મોઘલ બાદશાહ બહાદુરશાહને લડતનું નેતૃત્વ સોંપ્યું. તેમને ભારતના સમ્રાટ ઘોષિત કર્યા.

**લડતનો વ્યાપ :** દિલ્લી તાબામાં આવતા જ સૈનિકોનો આત્મવિશ્વાસ વધ્યો. ભારતમાં અન્ય સ્થળે આવેલા સૈનિકોને પણ પ્રેરણા મળી. ઉત્તર ભારતમાં પણ બળવો ફેલાયો. બિહારથી રાજપૂતાના સુધીની અંગ્રેજ છાવણીમાં રહેલા ભારતીય સૈનિકોએ બંડ પોકાર્યું. લખનૌ, અલાહાબાદ, કાનપુર, બનારસ, બરેલી, ઝાંસી વગેરે સ્થળોએ પણ બળવાની શરૂઆત થઈ. આ સ્વાતંત્ર્ય સંગ્રામ દક્ષિણ ભારત સુધી ફેલાયો. નાગપુર, સાતારા, કોલ્હાપુર, નરગુંદ જેવા સ્થળે સ્વાતંત્ર્ય સંગ્રામ થયો. સાતારા છત્રપતિના વારસદાર શહાજી પ્રતાપસિંહ અને કારભારી રંગો બાપુજી, કોલ્હાપુરના ચિમા સાહેબ, નરગુંદના બાબાસાહેબ ભાવે, અહમદનગર જિલ્લાના સંગમનેર નજીક ભાગોજી નાઈક વગેરે આ લડતના આગેવાન હતા. નાસિક જિલ્લાના પેઠ, સુરગાણાની રાણી જેવી સ્ત્રીઓ પણ તેમાં શામેલ થઈ. ૧૮૫૭માં ખાનદેશમાં કજારસિંગના નેતૃત્વ નીચે ભીલોએ સ્વાતંત્ર્ય સંગ્રામ કર્યો. સાતપુડા પરિસરમાં શંકરશાહે લડતનું નેતૃત્વ કર્યું. ખાનદેશના બળવામાં ચારસો ભીલ સ્ત્રીઓ પણ સહભાગી થઈ હતી.

**લડતનું નેતૃત્વ :** ૧૮માં શતકમાં મોઘલ સામ્રાજ્ય નિર્બળ થયા બાદ નાદિરશાહ, અબ્દાલી જેવા વિદેશીઓએ હિંદુસ્તાન પર આક્રમણ કરવાની શરૂઆત કરી. મોઘલ સામ્રાજ્ય તેમનો પ્રતિકાર કરી શકે એમ નથી એ ધ્યાનમાં આવતા મરાઠાઓએ વિદેશી આક્રમણથી હિંદુસ્તાનના રક્ષણની જવાબદારી પોતાના માથે લીધી. પાણીપતમાં અબ્દાલી વિરુધ્ધ મરાઠાઓએ લડાઈ કરી. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મોઘલ સામ્રાજ્યના વારસદાર બહાદુરશાહ અંગ્રેજો વિરુધ્ધ લડવા માટે અસમર્થ છે તે ધ્યાનમાં આવ્યા બાદ બહાદુરશાહનું નેતૃત્વ માન્ય રાખીને નાનાસાહેબ પેશવા, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપેએ ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના સૂત્રો પોતાના હાથમાં લીધા. પરિણામે આ સંગ્રામમાં હિંદુ મુસ્લિમ બાંધવોની એકતા દેખાઈ આવી. મૌલવી અહમદ ઉલ્લા, કુંવરસિંહ, મોઘલ સેનાપતિ બખ્તખાન, બેગમ હજરત મહલે વિવિધ સ્થળે બળવાનું નેતૃત્વ કર્યું. દિલ્લી, કાનપુર, તેમજ પશ્ચિમ બિહારમાં બળવાનું સ્વરૂપ વિશેષ ઉગ્ર હતું.



નાનાસાહેબ પેશવે



તાત્યાસાહેબ ટોપે



રાણી લક્ષ્મીબાઈ



બેગમ હજરત મહલ



કુંવરસિંહ




**દમન :** ભારતીયો અંગ્રેજો સામે વીરતાપૂર્વક લડ્યા. જેમાં સૈનિક, જમીનદાર, રાજા, સેનાપતિ અને જનતા પણ સહભાગી બની હતી. ભારતીય સૈનિકોના નિયોજિત સમય કરતાં પહેલા જ સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ થયો. શરૂઆતમાં ભારતીય સૈનિકોને સફળતા મળી. પરંતુ અંગ્રેજી સત્તાની સૈન્ય સંખ્યા અને પ્રશાસકીય તાકાત વધારે હતી. અંગ્રેજોએ સામ, દામ, દંડ, ભેદથી આ બળવાનું દમન કર્યું. આ આંચકાથી અંગ્રેજી સત્તાએ જલ્દી જ પોતાને સંભાળી લીધી અને તે પછીના છ મહિનામાં જ તેમના હાથમાંથી ગયેલા સ્થળો તેમણે પાછા મેળવ્યા. રાણી લક્ષ્મીબાઈ, કુંવરસિંહ, અહમદઉલ્લા શહીદ થયા, બહાદુરશાહને રંગૂનની જેલમાં રાખવામાં આવ્યા. નાનાસાહેબ અને બેગમ હજરત મહલે નેપાળમાં આશ્રય લીધો. તાત્યા ટોપે દસ મહિના સુધી અંગ્રેજો સામે લડતા રહ્યા. પરંતુ વિશ્વાસઘાતને કારણે તેઓ ઝડપાઈ ગયા અને તેમને ફાંસી આપવામાં આવી. આમ ઇ.સ. ૧૮૫૮ના અંત સુધીમાં અંગ્રેજોએ આ લડતને કઠોરતાપૂર્વક કચડી નાખી.



બહાદુરશાહ

લડાઈની શરૂઆત ભારતીય સૈનિકોના અસંતોષથી થઈ હોવા છતાં આગળ જતાં ખેડૂત, કામદારો, સામાન્ય જનતા, આદિવાસી બધાં જ અંગ્રેજોના વિરોધમાં એકત્રિત થયા. આ અન્યાયકારી રાજસત્તાનો અંત કરવા માટે બધા ભારતીયોએ આ સંગ્રામ કર્યો. આ લડતમાં હિંદુ, મુસલમાન, વિવિધ જાતી-જમાતિ લોકો મોટી સંખ્યામાં જોડાયા. દરેકનું એક સમાન ધ્યેય હતું ભારતમાંથી અંગ્રેજોનું પાછા જવું. આ બળવા પાછળ પૂર્ણ સ્વાતંત્ર્યની પ્રેરણા હોવાથી આ લડતને વ્યાપક રાષ્ટ્રીય સ્વરૂપ પ્રાપ્ત થયું.

**સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ થવાના કારણો :** ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ નીચેના કારણોથી નિષ્ફળ નીવડ્યો.

- **બળવાનો પ્રસાર આખા ભારતમાં થયો નહીં :** આ સ્વાતંત્ર્ય સંગ્રામ સંપૂર્ણ ભારતમાં એક જ સમયે થયો નહીં. ઉત્તર ભારતમાં બળવાની તીવ્રતા વધારે હતી. તે છતાં ઉત્તરમાં પણ રાજપૂતાના, પંજાબ, બંગાળનો કેટલોક ભાગ, ઈશાન ભારત આ બળવાથી અલિપ્ત રહ્યા.

- **સર્વમાન્ય નેતાનો અભાવ :** ભારતીય સ્તરે અંગ્રેજોના વિરોધમાં સર્વમાન્ય નેતૃત્વ નિર્માણ થઈ શક્યું નહીં. તેથી અંગ્રેજોના વિરોધમાં એકસૂત્રતા આવી નહીં.

- **રાજા-રજવાડાના ટેકાનો અભાવ :** અંગ્રેજી સત્તાનો ત્રાસ જેટલો જનતાને થતો હતો તેટલો જ સંસ્થાનિકોને પણ થતો હતો. તે પૈકી કેટલાકને બાદ કરતાં બાકીના સંસ્થાનિકો અંગ્રેજોના વફાદાર રહ્યા.

- **લશ્કરી દાવ-પેચનો અભાવ :** ભારતીય સૈનિકોમાં શૌર્ય હતું, પરંતુ યોગ્ય સમયે યોગ્ય દાવપેચ રમતા તેમને આવડ્યું નહીં. દિલ્લી જીત્યા પછી તેને ટકાવતા આવડ્યું નહીં. તેમજ સ્વાતંત્ર્ય સંગ્રામ કરનારાઓ પાસે પૂરતા શસ્ત્રો પણ ન હતા. અંગ્રેજી સત્તા પાસે પ્રચંડ આર્થિક તાકાત, શિસ્તબધ્ધ સૈન્ય, આધુનિક અસ્ત્ર, શસ્ત્ર અને અનુભવી સૈનિકો હતાં. વાહનવ્યવહાર તેમના તાબામાં હોવાથી તેમના સૈનિકોનું સ્થળાંતર ઝડપી થતું. તેથી ભારતીય સૈનિકો તેમની સામે ટકી શક્યા નહીં. લડત એ માત્ર શૂરવીરતાથી નહીં પણ લશ્કરી દાવપેચથી પણ જીતવા પડે છે.

- **આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અંગ્રેજોને અનુકૂળ :** રશિયા સાથેનું અંગ્રેજોનું ક્રિમિયન યુધ્ધ હાલમાં જ પૂર્ણ થયું હતું. જેમાં અંગ્રેજોનો વિજય થયો હતો. દુનિયાના અનેક દેશો સાથે તેઓ વ્યાપાર કરતા હતા. અંગ્રેજોની લશ્કરી તાકાત વધારે હતી. જ્યારે સ્વાતંત્ર્ય સંગ્રામ કરનારાઓની પરિસ્થિતિ તેનાથી વિરુધ્ધ હતી.

## સ્વાતંત્ર્ય સંગ્રામનું પરિણામ :

**ઈસ્ટ ઈંડિયા કંપનીનો રાજવહીવટ પૂર્ણ થયો :** કંપનીની સત્તાને કારણે ભારતીયોમાં અસંતોષ વધતો ગયો અને તેથી જ અંગ્રેજોએ ૧૮૫૭ના બળવાનો સામનો કરવો પડ્યો એ ઈંગ્લેન્ડની રાણીના ધ્યાનમાં આવ્યું. ભારતમાં અંગ્રેજી સત્તા કંપનીના હાથમાં સુરક્ષિત નથી એવું લાગતા ઇ.સ. ૧૮૫૮માં બ્રિટિશ પાર્લામેન્ટે કાયદો પસાર કરીને ઈસ્ટ ઇંડિયા કંપનીનો રાજવહીવટ બરખાસ્ત કર્યો. ગવર્નર જનરલને બદલે વાઈસરૉયની નિમણૂંક કરવાનું નક્કી થયું. લૉર્ડ કેનિંગ અંતિમ ગવર્નર અને પ્રથમ વાઈસરૉય બન્યા. તેમજ ઈંગ્લેન્ડની સરકારમાં ભારતનો કારભાર સંભાળવા માટે ભારતમંત્રી પદ નિર્માણ કરવામાં આવ્યું.

**રાણીનું જાહેરનામું :** ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાએ ભારતીયોને ઉદ્દેશીને એક જાહેરનામું બહાર પાડ્યું. દરેક ભારતીય અમારા પ્રજાજન છે. વંશ, ધર્મ, જાતિ અથવા જન્મ સ્થાનના આધારે પ્રજામાં ભેદભાવ કરવામાં આવશે નહીં. સરકારી નોકરીઓ ગુણવત્તાના આધારે આપવામાં આવશે. ધાર્મિક બાબતોમાં પણ કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવામાં આવશે નહીં. સંસ્થાનિકો સાથે કરેલા કરારો પાળવામાં આવશે. તેમ જ તે કોઈપણ કારણોસર ખાલસા કરવામાં આવશે નહીં, એવી ખાતરી આ

જાહેરનામામાં આપવામાં આવી.

**ભારતીય લશ્કરની પુનર્રચના :** લશ્કરમાં અંગ્રેજી સૈનિકોનું પ્રમાણ વધારવામાં આવ્યું. મહત્ત્વના સ્થળે અંગ્રેજ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી. તોપખાનું સંપૂર્ણપણે અંગ્રેજ અધિકારીઓના તાબામાં રાખવામાં આવ્યા. લશ્કરી ટુકડીઓનું વિભાજન જાતિને આધારે કરવામાં આવ્યું. ફરીથી ભારતીય સૈનિકો એકત્રિત થઈને અંગ્રેજો વિરુધ્ધ સ્વાતંત્ર્ય સંગ્રામ ન પોકારે તેની કાળજી રાખવામાં આવી.

**ધોરણાત્મક ફેરફાર :** ભારતીયોની સામાજિક અને ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવાનું ધોરણ અંગ્રેજોએ સ્વીકાર્યું. સાથે જ ભારતીય સમાજ સામાજિક દૃષ્ટિએ એકત્રિત ન થાય તેની કાળજી રાખવાની શરૂઆત કરી. ભારતીયોમાં જાતિ, ધર્મ, વંશ, પ્રદેશ જેવા કારણોથી કાયમ સંઘર્ષ નિર્માણ થતો રહે, ભારતીયોના મનમાં એકબીજા માટે કલુષિતતા નિર્માણ થાય એ ધોરણ સ્વીકારવામાં આવ્યું 'ભાગલા પાડો અને રાજ કરો' એ જ અંગ્રેજી રાજ્યનું સૂત્ર બન્યું.

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામને કારણે અંગ્રેજી સત્તાનો વિરોધ સંગઠિત થઈને કરવો જોઈએ, એવું ભારતીયોને લાગવા માંડ્યું. ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ ભારતીય સ્વાતંત્ર્ય ચળવળનું પ્રેરણાસ્ત્રોત બન્યો.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન ફરીથી લખો.**

(ઉમાજી નાઈક, સ્વાતંત્ર્ય સંગ્રામ, લૉર્ડ ડેલહાઉસી, ભારતમંત્રી, તાત્યા ટોપે)

(૧) સ્વાતંત્ર્યવીર સાવરકરે ૧૮૫૭ના બળવાને ......... નામ આપ્યું.

(૨) રામોશી બાંધવને સંગઠિત કરીને ......... એ અંગ્રેજો વિરુધ્ધ બંડ પોકાર્યું.

(૩) ૧૮૫૭ના બળવા પછી ભારત વિષયક કારભાર કરવા માટે ઈંગ્લેન્ડની સરકારમાં .......... પદ નિર્માણ કરવામાં આવ્યું.

(૪) ગવર્નર જનરલ ........... એ ભારતના સંસ્થાનો ખાલસા કર્યા.

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) પાઈકોએ અંગ્રેજો વિરુધ્ધ સશસ્ત્ર બળવો કર્યો.

(૨) હિંદુ અને મુસ્લિમ સૈનિકોમાં અસંતોષ નિર્માણ થયો.

(૩) ભારતીય સૈનિકો અંગ્રેજી સૈન્ય સામે ટકી શક્યા નહીં.

(૪) સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ભારતીય લશ્કરી ટુકડીનું વિભાજન જાતિના આધારે કરવામાં આવ્યું.

(૫) અંગ્રેજોએ ભારતીય ઉદ્યોગધંધા પર ભારે કર નાંખ્યા.

**૩. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ માટેના સામાજિક કારણો ક્યા હતા ?

(૨) ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતીયોને શાથી નિષ્ફળતા મળી ?

(૩) ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના પરિણામ લખો.

(૪) ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ પછી અંગ્રેજોએ ધોરણમાં ક્યા ફેરફાર કર્યા ?

**ઉપક્રમ**

(૧) સ્વાતંત્ર્યવીર સાવરકર લિખિત પુસ્તક '૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ' મેળવો અને વાંચો.

(૨) ભારતના નકશામાં ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામના સ્થળો દર્શાવો.

AFZA2J

# ૫. સામાજિક અને ધાર્મિક જાગૃતિ

અંગ્રેજી શિક્ષણના પ્રસાર સાથે નવા વિચાર, નવી કલ્પના, નવા તત્ત્વજ્ઞાનનો પ્રસાર થયો. તેમજ પાશ્ચાત્ય વિચાર, સંસ્કૃતિ સાથે ભારતના લોકોનો પરિચય થયો. તેથી ભારતીય સમાજમાં સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક જેવા દરેક ક્ષેત્રે ફેરફાર થયા.


ભારતીય સમાજના પછાતપણાનું કારણ તેમની અંધશ્રદ્ધા, રૂઢિપ્રિયતા, જાતિભેદ, ઊંચનીંચની ભ્રામક કલ્પના, ચિકિત્સક વૃત્તિનો અભાવ છે, તેવું સુશિક્ષિત સમાજને જણાયું, દેશને પ્રગતિના પંથે લઇ જવા માટે ભારતીય સમાજના દોષ અને અનિષ્ટ પ્રવત્તિનું નિર્મૂલન કરીને માનવતા, સમાનતા, બંધુતા જેવા તત્વો પર આધારિત નવો સમાજ નિર્માણ કરવાની આવશ્યકતા હતી. ભારતીય સમાજના વિવિધ પ્રશ્નો દૂર કરવા માટે સુશિક્ષિત વિચારકોએ પોતાના લેખન દ્વારા જનજાગૃતિ કરવાનું કાર્ય કર્યું. તત્કાલીન ભારતમાં શરૂ થયેલ આ વૈચારિક જાગૃતિને 'ભારતીય જાગૃતિ' કહે છે.

## ધર્મ સુધારણા અને સમાજ સુધારણાનું પર્વ

**બ્રાહ્મો સમાજ :** રાજા રામમોહન રાયે ઇ.સ. ૧૮૨૮માં બંગાળ પ્રાંતમાં બ્રાહ્મો સમાજની સ્થાપના કરી. તેમણે અનેક ભાષા અને ધર્મનો અભ્યાસ કર્યો અને તેમાંથી જ તેમની અદ્વૈતવાદી વિચારસરણી વિકસિત થઈ. એકેશ્વરવાદ, ઊંચ-નીચનો ભેદભાવ ન માનવો, કર્મકાંડનો વિરોધ, પ્રાર્થનાના માર્ગનું અનુસરણ એ બ્રાહ્મો સમાજના તત્વો હતા, રાજા રામમોહન રૉયે સતી પ્રથા, બાળવિવાહ, પડદા પધ્ધતિનો વિરોધ કર્યો. વિધવા વિવાહ, સ્ત્રી શિક્ષણનું સમર્થન કર્યું. કોલકાત્તામાં હિંદુ કોલેજની સ્થાપના કરી. તે જ પ્રમાણે 'સંવાદ કૌમુદી' વર્તમાન પત્ર દ્વારા જનજાગૃતિ કરી.



રાજા રામમોહન રૉય



દાદોબા પાંડુરંગ તર્ખડકર

**પ્રાર્થના સમાજ :** દાદોબા પાંડુરંગ તર્ખડકરે ઇ.સ. ૧૮૪૮માં મુંબઈમાં પરમહંસ સભાની સ્થાપના કરી. આગળ જતા પરમહંસ સભા વિસર્જિત થયા બાદ તેના જ કેટલાક સભ્યોએ પ્રાર્થના સમાજની સ્થાપના કરી. દાદોબાના ભાઈ ડૉ. આત્મારામ પાંડુરંગ પ્રાર્થના સમાજના પહેલા અધ્યક્ષ હતા. મુંબઈ વિદ્યાપીઠના તરૂણ પદવીધરો આ સંસ્થાના સભ્ય હોવાથી તેની પ્રતિષ્ઠા ખૂબ વધી.

ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે, ડૉ. રા. ગો. ભાંડારકરે પ્રાર્થના સમાજનું કાર્ય આગળ વધાર્યું. મૂર્તિપૂજાનો વિરોધ, એકેશ્વરવાદ, કર્મકાંડનો વિરોધ એ પ્રાર્થના સમાજના તત્વો હતા. તેમણે ઉપાસના અને પ્રાર્થના પર ભાર આપ્યો. પ્રાર્થના સમાજે સામાજિક સુધારણા માટે અનાથાલયો, સ્ત્રી શિક્ષણ સંસ્થા, કામગારો માટે રાત્રિશાળા, દલિતો માટે સંસ્થા શરૂ કરી. પ્રાર્થના સમાજના સભ્ય મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદેએ 'ડિપ્રેસ્ડ ક્લાસીસ્ મિશન'ની સ્થાપના કરીને તેના માધ્યમે સામાજિક સમસ્યા ઉકેલવાનો પ્રયત્ન કર્યો.


**સત્યશોધક સમાજ :** મહાત્મા જોતીરાવ ફુલેએ ઇ.સ. ૧૮૭૩માં સત્યશોધક સમાજની સ્થાપના કરી. સમાનતાના તત્વ પર આધારિત સમાજનું નિર્માણ કરવાનું કાર્ય સત્યશોધક સમાજે કર્યું. તેમણે અસ્પૃશ્યતાનો વિરોધ કર્યો. તેની સાથે બહુજન સમાજના શિક્ષણને સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. મહાત્મા જોતીરાવ ફુલેએ 'બ્રાહ્મણોનો કસબ',



મહાત્મા જોતીરાવ ફુલે

'ગુલામગીરી', 'ખેડૂતોના ચાબુક', 'સાર્વજનિક સત્યધર્મ' જેવા પુસ્તકોના માધ્યમથી સમાજમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. સ્ત્રી-પુરૂષ અથવા માણસ-માણસ વચ્ચે ભેદ નિર્માણ કરનાર રીતરિવાજોની કડક ટીકા કરી.

**આર્ય સમાજ :** ઇ.સ. ૧૮૭૫માં સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી. તેમણે વેદો પર આધારિત 'સત્યાર્થ પ્રકાશ' નામનો ગ્રંથ લખ્યો. પ્રાચીન વૈદિક ધર્મ એ જ ખરો ધર્મ છે. તેમાં જાતપાતના ભેદભાવને સ્થાન નહોતું, સ્ત્રી-પુરૂષ સમાનતા હતી તેવું તેમણે જણાવ્યું. 'વેદો તરફ પાછા ચાલો' એ આર્યસમાજનું સૂત્ર હતું. આખા ભારતમાં આર્યસમાજની શાખાઓ ખોલી આર્યસમાજના માધ્યમથી જુદા જુદા સ્થળે શિક્ષણ સંસ્થાઓ સ્થાપી.



સ્વામી દયાનંદ સરસ્વતી

**રામકૃષ્ણ મિશન :** રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે ઇ.સ. ૧૮૯૭માં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. રામકૃષ્ણ મિશને લોકસેવાના કાર્યો કર્યા. મિશને દુકાળગ્રસ્તોને મદદ, રોગી, દીનદુઃખિયાનો ઉપચાર, સ્ત્રી શિક્ષણ, આધ્યાત્મિક ઉન્નતિના ક્ષેત્રે કાર્ય કર્યું અને આજે પણ કરે છે. સ્વામી વિવેકાનંદ ઉત્તમ વક્તા હતા. તેમણે ઇ.સ. ૧૮૯૩માં અમેરિકાના શિકાગોમાં વિશ્વધર્મ પરિષદમાં હિંદુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું. ભારતના તરૂણોને 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અટકો નહીં' એવો સંદેશ આપ્યો.



સ્વામી વિવેકાનંદ

**શીખ સમાજમાં સુધારણા :** શીખોમાં ધર્મસુધારણા માટે અમૃતસરમાં 'સિંગસભા'ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાએ શીખ સમાજમાં શિક્ષણ પ્રસાર અને આધુનિકીકરણ કર્યું. આગળ જતાં 'અકાલી ચળવળે' શીખ સમાજની સુધારણાવાદી પરંપરા ચાલુ રાખી.

**સ્ત્રી વિષયક સુધારણા :** ભારતમાં બ્રિટિશ સત્તાનો વિસ્તાર થયો, તે કાળમાં ભારતમાં સ્ત્રીઓની પરિસ્થિતિ દયનીય હતી. તેમને શિક્ષણનો અધિકાર ન હતો. તેમની સાથે સમાન વ્યવહાર કરવામાં આવતો નહીં. બાળવિવાહ, દહેજ પધ્ધતિ, સતીપ્રથા, કેશમુંડન, વિધવા વિવાહનો વિરોધ જેવી પ્રથાઓ સમાજમાં પ્રવર્તતી હતી. તત્કાલિન ગવર્નર લૉર્ડ બેંટિકે સતીપ્રથા બંધીનો કાયદો કરવા માટે રાજા રામમોહન રૉય જેવા સમાજસુધારકોની મદદ લીધી. ગોપાળ હરી દેશમુખ ઉર્ફે લોકહિતવાદીએ શતપત્રના માધ્યમે સ્ત્રી-પુરૂષ સમાનતાને પ્રોત્સાહન આપ્યું.




ગોપાળ હરી દેશમુખ

ઇ.સ. ૧૮૪૮માં મહાત્મા ફુલેએ પુણેમાં ભિડે વાડામાં પહેલી કન્યા શાળાની શરૂઆત કરી. જેમાં તેમને તેમના પત્ની સાવિત્રીબાઈનો સાથ મળ્યો. સમાજના કર્મઠ લોકોએ કરેલી ટીકા, નિંદાની પરવા કર્યા સિવાય સાવિત્રીબાઈએ શિક્ષણનું કાર્ય ચાલુ રાખ્યું. મહાત્મા ફુલેએ પોતાના ઘરમાં બાલહત્યા પ્રતિબંધક ગૃહની સ્થાપના કરી. કેશમુંડનની પદ્ધતિ બંધ કરવા માટે વાળંદોનો સંપ કર્યો.



સાવિત્રીબાઈ ફુલે

પં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિષ્ણુશાસ્ત્રી પંડિત અને વિરેશલિંગમ પંતલુએ વિધવા પુનર્વિવાહને માન્યતા અપાવવા માટે વિશેષ પ્રયત્નો કર્યા. ગોપાળ ગણેશ આગરકરે પોતાના 'સુધારક' વર્તમાનપત્ર દ્વારા બાળવિવાહ, સંમતિવયનો કાયદો અંગે નિખાલસ-ઉદાર મતો રજૂ કર્યા. મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદેએ મુંબઈમાં દેવદાસી પ્રથા વિરુધ્ધ પરિષદ ભરી. તારાબાઈ શિંદેએ 'સ્ત્રી-પુરૂષ તુલના' ગ્રંથમાં અત્યંત જહાલ ભાષામાં સ્ત્રીઓના હક્કોને પ્રોત્સાહન આપ્યું. મહર્ષિ ધોંડો કેશવ કર્વેએ પુણેમાં 'અનાથ બાલિકાશ્રમ' શરૂ કર્યા. વિધવા, પરિત્યક્તા સહિત દરેક સ્ત્રીઓ શિક્ષણ મેળવીને પોતાના પગભર થાય એ તેમનો હેતુ હતો. તેમના પ્રયત્નોથી જ વીસમા શતકમાં ભારતમાં પ્રથમ મહિલા વિદ્યાપીઠની સ્થાપના થઈ. પંડિતા રમાબાઈએ 'શારદાસદન' સંસ્થાની સ્થાપના કરી. દિવ્યાંગ છોકરા, છોકરી, સ્ત્રીઓના પાલનપોષણની જવાબદારી સ્વીકારી. રમાબાઈ રાનડેએ 'સેવાસદન' સંસ્થાના માધ્યમથી સ્ત્રીઓ માટે પરિચારિકા અભ્યાસક્રમ શરૂ કર્યો. તેમણે સ્ત્રીઓને મતદાનનો હક્ક મળવો જોઈએ તેવી માંગણી સરકાર સામે કરી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પોતાના લખાણ દ્વારા સ્ત્રીઓ પર થતા અન્યાયને વાચા આપી. મહાત્મા ગાંધીએ સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન આપ્યું. સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન સ્ત્રીઓએ અમૂલ્ય યોગદાન આપ્યું.


વિરેશલિંગમ પંતલુ


મહર્ષિ ધોંડો કેશવ કર્વે


સ્ત્રી સુધારણા ચળવળને કારણે સમાજની અન્યાયકારક પ્રથા બંધ થવામાં મદદ મળી. સ્ત્રીઓના પ્રશ્નોને વાચા મળી. સ્ત્રીઓ લેખન દ્વારા પોતાના વિચારો રજૂ કરવા લાગી. શિક્ષણના કારણે જીવનના દરેક ક્ષેત્રે તેમનું કર્તૃત્વ જણાવા લાગ્યું.

**વિચાર કરો -**

* સમાજ સુધારકોએ સ્ત્રી શિક્ષણની શરૂઆત ન કરી હોત તો ?
* વર્તમાનકાળમાં શિક્ષણને કારણે સ્ત્રીઓના જીવનમાં કયા પરિવર્તન થયા છે ?
* આજે પણ તમને સ્ત્રી શિક્ષણ માટે પ્રયત્ન કરવાની જરૂરત જણાય છે કે ? જો હા, તો કયા પ્રયત્ન કરવા જોઈએ ?

**મુસ્લિમ સમાજમાં સુધારણા ચળવળ :** અબ્દુલ લતીફે મુસ્લિમ સમાજમાં ધર્મસુધારણાની શરૂઆત કરી. તેમણે બંગાળ પ્રાંતમાં 'ધ મોહમ્મદન લિટરરી સોસાયટી' સંસ્થાની સ્થાપના કરી.

સર સય્યદ અહમદ ખાને 'મોહમ્મદન એંગ્લો - ઓરિએંટલ કોલેજ' ની સ્થાપના કરી. આગળ જતા તેનું જ રૂપાંતર અલિગઢ મુસ્લિમ વિદ્યાપીઠમાં થયું. તેમણે પાશ્ચાત્ય વિજ્ઞાન અને તંત્રજ્ઞાનને પ્રોત્સાહન આપ્યું. પાશ્ચાત્ય શિક્ષણ અને વિજ્ઞાનને સ્વીકાર્યા સિવાય મુસ્લિમ સમાજની પ્રગતિ થશે નહીં, એવો તેમનો દૃઢ મત હતો.


સર સય્યદ અહમદ ખાન

**હિંદુ સમાજની ચળવળ :** હિંદુ સમાજને સન્માનીય સ્થાન મળે તે માટે ઇ.સ. ૧૯૧૫માં 'હિંદુ મહાસભા' સંસ્થાની સ્થાપના થઈ. પં. મદન મોહન માલવીયાએ 'બનારસ હિંદુ વિદ્યાપીઠ'નો પાયો નાંખ્યો. ડૉ. કેશવ બળીરામ હેડગેવારે ઇ.સ. ૧૯૨૫માં નાગપુરમાં 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'ની સ્થાપના કરી. હિંદુત્વવાદી તરૂણોની શિસ્તબધ્ધ અને ચારિત્ર સંપન્ન સંસ્થા ઉભી કરવાનું



ડૉ. કેશવ બળીરામ હેડગેવાર

તેમનું ધ્યેય હતું. સ્વાતંત્ર્યવીર વિ. દા. સાવરકરે રત્નાગિરીમાં હિંદુ ધર્મની દરેક જાતિને મુક્ત પ્રવેશ હોય તેવાં પતિત પાવન મંદિરનું નિર્માણ કર્યું. સહભોજન જેવા કાર્યક્રમોનું આયોજન કર્યું.

### શું તમે જાણો છો ?

**અન્ય ક્ષેત્રોમાં પ્રબોધન :** પ્રબોધનકાળમાં સુધારણા ચળવળની જેમ જ સાહિત્ય, કળા, વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ મહત્ત્વની હતી. સાહિત્ય ક્ષેત્રે ગુરૂદેવ રવિન્દ્રનાથ ટાગોરને અને વિજ્ઞાન ક્ષેત્રે સી.વી.રામનને નોબેલ પારિતોષિક મળ્યું. તેના પરથી ભારતની પ્રગતિની કલ્પના કરી શકાય છે. આવી પ્રગતિને કારણે આધુનિક ભારતની રચના થઈ. કથા- નવલકથામાંથી સ્વાતંત્ર્યની પ્રેરણા મળવા લાગી. સમાજસુધારણાના વિચારો પણ વ્યક્ત થવા લાગ્યા.

આ કાળમાં સ્ત્રીઓ પણ લેખન કરવા લાગી. નવા વર્તમાનપત્રો અને માસિકો પણ સમાજસુધારણા અને રાજકીય જાગૃતિના વાહક બન્યા.

આ કાળમાં કળાના ક્ષેત્રે પણ પ્રગતિ થઈ. સંગીત વધુ લોકાભિમુખ થવા લાગ્યું. ભારતીય શૈલી અને પાશ્ચાત્ય તંત્રના સુમેળથી નવી ચિત્રકલા સામે આવી.

વિજ્ઞાન વિષયક અનેક ગ્રંથો લખાયા. ભારતની પ્રગતિ માટે પ્રયોગશીલતા અને વૈજ્ઞાનિક દષ્ટિકોણનું મહત્ત્વ લોકોને સમજાવા લાગ્યું.

આધુનિક ભારતના ઇતિહાસમાં જાગૃતિનો આવિષ્કાર મહત્ત્વનો હતો. સ્વાતંત્ર્ય, સમાનતા, રાષ્ટ્રવાદની કલ્પના ધરાવતા સુધારકોએ રાજકીય ક્ષેત્રમાં રાષ્ટ્રવ્યાપી ચળવળ ઉભી કરી. તેનો અભ્યાસ આપણે આગળના પાઠમાં કરીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(સર સય્યદ અહમદ ખાન, સ્વામી વિવેકાનંદ, મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે)

(૧) રામકૃષ્ણ મિશનની સ્થાપના ......... એ કરી.

(૨) મોહમ્મદન એંગ્લો ઓરિએંટલ કોલેજની સ્થાપના ........... એ કરી.

(૩) ડિપ્રેસ્ડ ક્લાસેસ મિશનની સ્થાપના ....... એ કરી.

**૨. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| સમાજ સુધારકના નામ | સંસ્થા | વર્તમાનપત્રો/ પુસ્તક | સંસ્થાના કાર્યો |
|---|---|---|---|
| રાજા રામમોહન રૉય | .......... | સંવાદકૌમુદી | ........ |
| ............. | આર્ય સમાજ | ........... | ........ |
| મહાત્મા ફુલે | ........... | ગુલામગિરી | ........ |

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ભારતમાં સામાજિક, ધાર્મિક પરિવર્તનની ચળવળ શરૂ થઈ.

(૨) મહાત્મા ફુલે એ વાળંદોમાં સંપ કર્યો.

**૪. ટૂંક નોંધ લખો.**

(૧) રામકૃષ્ણ મિશન

(૨) સાવિત્રીબાઈ ફુલેએ કરેલ સ્ત્રીવિષયક સુધારણા.

**ઉપક્રમ**

(૧) 'સ્ત્રી શિક્ષણ' વિષય પર શાળામાં નિબંધ સ્પર્ધા આયોજિત કરો.

(૨) સમાજ સુધારકોના છાયાચિત્રોનો સંગ્રહ કરો.

AG9647

# ૬. સ્વાતંત્ર્ય ચળવળના યુગનો પ્રારંભ

અંગ્રેજી શિક્ષણનું ભારતીય સમાજજીવન પર મિશ્ર પરિણામ થયું - નવસુશિક્ષિત સમાજે લાવેલી જાગૃતિને કારણે રાષ્ટ્રીયત્વની ભાવનાનું બીજારોપણ થયું. ભારતના વિવિધ ભાગોમાં થયેલી ચળવળોને કારણે જુદા જુદા પ્રાંતની રાજકીય સંસ્થાનું એકસૂત્રીકરણ કરવું, રાજકીય દષ્ટિએ જાગૃત હોય તેવા વિવિધ જૂથોને અને વ્યક્તિને ભેગા લાવવા અને રાષ્ટ્રના હિતના પ્રશ્નો તરફ લોકોનું ધ્યાન દોરી રાષ્ટ્રની આકાંક્ષા પ્રગટ કરવા માટે એક અખિલ ભારતીય સ્તરે રાજકીય સંગઠન ઊભું કરવા માટે અનુકૂળ પરિસ્થિતિ નિર્માણ થઈ.

**બ્રિટિશ રાજવહીવટમાં પ્રશાસકીય કેન્દ્રિકરણ :** બ્રિટિશ પ્રશાસનને કારણે ભારતમાં ખરા અર્થમાં એક છત્રી અમલ શરૂ થયો. આખા દેશમાં સમાન ધોરણો, કાયદા સામે દરેકને સમાન દરજ્જાને કારણે લોકોમાં એક રાષ્ટ્રીયત્વની ભાવના વિકસિત થઈ. બ્રિટિશરોએ પોતાના પ્રશાસનની સુવિધા માટે અને લશ્કરના ઝડપી સ્થળાંતર માટે રેલ્વે, રસ્તાના જાળા ઉભા કર્યા. આ ભૌતિક સુવિધાઓનો ફાયદો ભારતના લોકોને પણ થયો. ભારતના વિવિધ પ્રાંતના લોકોનો પરસ્પર સંબંધ વધ્યો, તેમની વચ્ચે સંવાદ વધ્યો અને રાષ્ટ્રભાવનામાં વૃધ્ધિ થવા લાગી.

**આર્થિક શોષણ :** ભારતની સંપત્તિનો પ્રવાહ અનેક માર્ગે ઈંગ્લેન્ડ તરફ શરૂ થયો. ઈંગ્લેન્ડના સામ્રાજ્યવાદી ધોરણને કારણે ભારતનું આર્થિક શોષણ થવા લાગ્યું. ખેડૂતોએ ફરજિયાત રોકડિયા પાક લેવા પડતા, મહેસૂલનો બોજો, સતત પડતા દુષ્કાળને કારણે ભારતીય ખેતીને ફટકો પડ્યો. પારંપારિક ઉદ્યોગ ધંધાનો હ્રાસ થતા બેકારી વધવા લાગી. સામંતો કામગાર વર્ગનું શોષણ કરતા હતા. મધ્યમવર્ગ પર નવા નવા કર લાદવામાં આવ્યા. તેથી લોકોના મનમાં અસંતોષની ભાવના પ્રગટી હતી.

**પાશ્ચાત્ય શિક્ષણ :** પાશ્ચાત્ય શિક્ષણના પ્રસારને કારણે ભારતના લોકોને ન્યાય, સ્વાતંત્ર્ય, સમાનતા, લોકશાહી જેવી નવી કલ્પનાનો પરિચય થયો. બુધ્ધિ નિષ્ઠા, વિજ્ઞાન નિષ્ઠા, માનવતા, રાષ્ટ્રવાદ જેવા મૂલ્યો ભારતના લોકોએ આત્મસાત કર્યા. તેથી આપણા દેશનો કારભાર ચલાવવા માટે આપણે સક્ષમ છીએ, એ મૂલ્યના આધારે પોતાના દેશની ઉન્નતિ કરવી એવી ભાવના દઢ થવા લાગી. અંગ્રેજી ભાષાને કારણે ભાષિક વિવિધતાથી સંપન્ન ભારતને સંપર્કનું એક નવું માધ્યમ મળ્યું.




ડૉ. ભાઉ દાજી લાડ

**ભારતના પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ :** બ્રિટિશરોએ કોલકાત્તામાં 'એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી. અનેક ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ શરૂ કર્યો. સંસ્કૃત, ફારસી અને અન્ય ભારતીય ભાષાની હસ્તલિખિત પ્રતો ચકાસીને તેના પર સંશોધનો પ્રસિધ્ધ કર્યા. ડૉ. ભાઉ દાજી લાડ, ડૉ. રા. ગો. ભાંડારકર જેવા કેટલાક ભારતીય વિદ્વાનોએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ઊંડો અભ્યાસ કર્યો. આપણને પ્રાચીન સમૃધ્ધ વારસો મળ્યો છે એ ધ્યાનમાં આવતા ભારતીયોની અસ્મિતા જાગૃત થઈ. પુણેમાં 'ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર' નામની સંસ્થા છેલ્લા સો વર્ષોથી કાર્યરત છે.



ડૉ. રા. ગો. ભાંડારકર

**વર્તમાનપત્રોનું કાર્ય :** આ જ કાળમાં અંગ્રેજી અને પ્રાદેશિક ભાષામાં વર્તમાનપત્રો અને નિયતકાલિકો પ્રસિધ્ધ થવા લાગ્યા. આ વર્તમાનપત્રો દ્વારા રાજકીય અને સામાજિક જાગૃતિ થવા લાગી. દર્પણ, પ્રભાકર, હિંદુ, અમૃત બઝાર પત્રિકા, કેસરી, મરાઠા જેવા વર્તમાનપત્રો દ્વારા સરકારના ધોરણની ટીકા થવા લાગી.



વ્યોમેશચંદ્ર બૅનર્જી

**ભારતીય રાષ્ટ્રીય સભાની સ્થાપના :** ૨૮ ડિસેમ્બર, ૧૮૮૫ના રોજ મુંબઈમાં ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં રાષ્ટ્રીય સભાનું પહેલું અધિવેશન ભરવામાં આવ્યું. ભારતના વિવિધ પ્રાંતોના ૭૨ પ્રતિનિધિ આ અધિવેશનમાં હાજર રહ્યા હતા. કોલકાત્તાના નામાંકિત વકીલ વ્યોમેશચંદ્ર બેનર્જી આ અધિવેશનના અધ્યક્ષ હતા. એ બધાએ મળીને આ જ સભામાં ભારતીય રાષ્ટ્રીય સભાની (ઇંડિયન નૅશનલ કૉંગ્રેસ) સ્થાપના કરી. બ્રિટિશ અધિકારી એલન ઓક્ટેવ્હિઅન હ્યૂમે પણ રાષ્ટ્રીય સભાની સ્થાપનામાં આગળ પડતો ભાગ લીધો. ભારતના લોકોને પ્રશાસનમાં વધુ પ્રતિનિધિત્વ મળે, બ્રિટિશ સરકાર લશ્કરી ખર્ચમાં કાપ મૂકે જેવી માંગણીઓ બ્રિટિશ સરકાર સામે મૂકવામાં આવી.

**રાષ્ટ્રીય સભાના ઉદ્દેશો :** ભારતના જુદા જુદા ભાગના લોકોને ધર્મ, વંશ, જાતિ, ભાષા, ભૌગોલિક પ્રદેશ જેવા ભેદ ભૂલીને એક વ્યાસપીઠ પર લાવવા, પરસ્પરની સમસ્યા સમજવા માટે વિચારવિમર્શ કરવો, લોકોમાં એકતાની ભાવના વધારવી, રાષ્ટ્રની ઉન્નતિ માટે પ્રયત્નો કરવા એ રાષ્ટ્રીય સભાના ઉદ્દેશો હતા.

**મવાળ યુગ (૧૮૮૫ થી ૧૯૦૫) :** રાષ્ટ્રીય સભાની સ્થાપના પછી શરૂઆતના દશકમાં તેમનું કાર્ય ધીમું પણ સતત ચાલુ હતું. રાષ્ટ્રીય સભાના નેતા વાસ્તવવાદી અને ઉચ્ચ શિક્ષિત હતા. સંગઠનના કાર્યો દ્વારા મજબૂત પાયો નાખવો જોઈએ એની તેમને જાણ હતી. તેમના પર પાશ્ચાત્ય વિચારકોના ઉદારમતવાદી તત્વજ્ઞાનનો, સ્વાતંત્ર્ય, સમાનતા, બંધુતા જેવા મૂલ્યોનો પ્રભાવ હતો. તેમને અરજી વિનંતી અને કાયદાકીય માર્ગ પર વિશ્વાસ હતો. કાયદાકીય માર્ગે માંગણી કરતાં અંગ્રેજો આપણી માંગણી પૂરી કરશે એવી તેમને આશા હતા. ગોપાળ કૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા, સુરેન્દ્રનાથ બેનર્જી એ મવાળ વિચારસરણી ધરાવતા નેતા હતા.

રાષ્ટ્રીય સભાના અધિવેશનમાં પ્રાંતિક વિધિમંડળમાં લોકપ્રતિનિધિ હોવા જોઈએ, સુશિક્ષિત ભારતીયોને નોકરી મળે, વધતા જતા લશ્કરી ખર્ચ પર કાપ મૂકવો, લોકોના કાયદેસર હક્કોનું રક્ષણ થાય તે માટે કાર્યકારી સંસ્થા અને ન્યાય સંસ્થામાં સુધારા કરવા જેવા વિવિધ ઠરાવો તેમણે રજૂ કર્યા.

રાષ્ટ્રીય ચળવળમાં ફૂટ પાડવા માટે બ્રિટિશરોએ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિનો આધાર લીધો.

**જહાલ યુગ (૧૯૦૫-૧૯૨૦) :** રાજકીય દૃષ્ટિએ જાગૃત ભારતીયો જાતિ, ધર્મ, ભાષા, પ્રાંતના ભેદભાવ ભૂલીને રાષ્ટ્રીય સભાના વ્યાસપીઠ પર સાથે આવવા લાગ્યા હતા. રાષ્ટ્રસભાના ઉદ્દેશો અને કાયદાકીય માર્ગે ચળવળ આગળ વધારવા માટે તેઓ એકમત હોવા છતા કાર્ય પદ્ધતિ બાબતે તેમની વચ્ચે મતભેદ હતો. આ મતભેદ તાત્વિક સ્વરૂપનો હતો. રાજકીય ચળવળના આ મતભેદ પરથી બે પ્રમુખ રાજકીય જૂથ તૈયાર થયા. શાંતિપૂર્ણ અને કાયદાકીય માર્ગને અનુસરનાર મવાળ અને સ્વતંત્રતા મેળવવા માટે વધુ તીવ્ર સંઘર્ષ કરવો જોઈએ તેવું માનનાર જહાલ તરીકે ઓળખાયા. લાલા લજપતરાય, બાળ ગંગાધર ટિળક અને બિપિનચંદ્ર પાલ જહાલ વિચારસરણી ધરાવતા નેતા હતા.



લોકમાન્ય ટિળક


શરૂઆતમાં ભારતીય લોકોમાં રાજકીય જાગૃતિ લાવવા માટે વર્તમાનપત્રો, રાષ્ટ્રીય ઉત્સવ અને રાષ્ટ્રીય શિક્ષણનો આધાર લીધો. 'કેસરી' અને 'મરાઠા' આ વર્તમાનપત્ર દ્વારા લોકમાન્ય ટિળકે સરકારની દમનશાહીની આકરી ટીકા કરી. બંગાળ પ્રાંતમાં 'અમૃત બઝાર પત્રિકા' જહાલ મતવાદી વિચારોનું મુખપત્ર હતું. અંદરોઅંદરના ભેદભાવ ભૂલીને લોકો એક થાય, તેમના વિચારોનું આદાન-પ્રદાન થાય, રાષ્ટ્રપુરૂષોના કાર્યમાંથી સામાન્ય જનતાને પ્રેરણા મળે એ હેતુથી લોકમાન્ય ટિળકે શિવજયંતિ અને ગણેશોત્સવ જેવા ઉત્સવોનું આયોજન કર્યું. રાજકીય કારણોસર લોકો ભેગા થશે તો સરકાર તેના પર પ્રતિબંધ મૂકશે, પરંતુ ધાર્મિક કારણોસર લોકો ભેગા થશે તો સરકાર તેના પર પ્રતિબંધ મૂકી શકશે નહીં એવો તેમનો મત હતો. લોકમાન્ય ટિળકે મંડાલે જેલમાં 'ગીતા રહસ્ય' ગ્રંથ લખ્યો. જેનું કેન્દ્ર બિંદુ કર્મયોગ હતું. તેથી લોકોએ પણ કૃતિશીલ રહેવું જોઈએ તેના પણ તેમણે ભાર આપ્યો સ્વભાષા, સ્વસંસ્કૃતિ વિશે પ્રેમ, આસ્થા ધરાવતી પેઢી નિર્માણ થાય તે માટે જહાલ નેતાઓએ શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી, લાખો લોકો સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લઈને સરકારને આહ્વાન આપી સંઘર્ષ કરશે તો જ સફળતા મળશે એવો જહાલ નેતાઓનો મત હતો. ચળવળને વધુ તીવ્ર કરવા માટે તેઓ એકમત હતા. પરંતુ સશસ્ત્ર બળવાને બદલે વ્યાપક જન આંદોલન કરવું જોઈએ એવો તેમનો આગ્રહ હતો. મવાળ નેતાઓએ સ્વાતંત્ર્ય ચળવળનો પાયો નાંખ્યો અને જહાલ નેતાઓએ તે ચળવળને આગળ વધારી.

ઇ.સ. ૧૮૯૭માં પુણેમાં પ્લેગ ફાટી નીકળતા હાહાકાર મચી ગયો. સેંકડો લોકો મૃત્યુ પામ્યા. આ રોગ પર કાબૂ મેળવવા માટે રેંડ નામના અધિકારીની નિમણૂંક કરવામાં આવી. પ્લેગના રોગી શોધવા માટે તેણે ઝડતી લેવાનું શરૂ કર્યું. લોકો પર જુલમ જબરદસ્તી કરી. તેનો બદલો લેવા માટે ચાફેકર બંધુએ તેનો વધ કર્યો. સરકારે આ ષડયંત્રમાં ટિળકનો સંબંધ જોડવાના ભરપૂર પ્રયત્નો કર્યા. તેમાં નિષ્ફળતા મળવા છતાં પણ સરકારે લોકમાન્ય ટિળકને જેલમાં નાખ્યા.

**બંગાળના ભાગલા :** બ્રિટિશરોએ હિંદુ-મુસ્લિમ સમાજમાં દ્વેષના બીજ રોપીને 'ભાગલા કરો અને રાજ કરો'ની નીતિનો આધાર લેવાનું નક્કી કર્યું. તત્કાલીન વાઇસરૉય લૉર્ડ કર્ઝને તેને ખાતર પાણી આપ્યા. બંગાળ એક મોટો પ્રાંત હતો. આ પ્રાંતનો કારભાર કરવો પ્રશાસકીય દષ્ટિએ મુશ્કેલ હોવાનું કારણ આપીને લૉર્ડ કર્ઝને ઇ.સ. ૧૯૦૫માં બંગાળ પ્રાંતના ભાગલા જાહેર કર્યા. આ ભાગલાને કારણે મુસ્લિમ બહુસંખ્યા ધરાવતા પૂર્વ બંગાળ અને હિંદુ બહુસંખ્યા ધરાવતા પશ્ચિમ બંગાળની રચના થઈ. ભાગલાને કારણે હિંદુ મુસલમાનમાં ફાટ પાડીને સ્વતંત્રતા ચળવળને દુર્બળ કરવાનો છૂપો હેતુ હતો.

**બંગભંગ ચળવળ :** માત્ર બંગાળમાં જ નહીં પરંતુ સંપૂર્ણ ભારતમાં ભાગલાના વિરોધમાં જનમત જાગૃત થયો. ૧૬ ઑક્ટોબર એ ભાગલાના દિવસને રાષ્ટ્રીય શોકદિન તરીકે પાળવામાં આવ્યો. ભારતભરમાં નિષેધ સભાઓ દ્વારા સરકારનો નિષેધ કરવામાં આવ્યો. બધી જગ્યાએ 'વંદે માતરમ્' ગીત ગવાવા લાગ્યું. એકતાના પ્રતિક તરીકે રક્ષાબંધનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સરકારી શાળા, મહાવિદ્યાલયોનાં બહિષ્કાર કરીને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ ચળવળમાં સહભાગી થયા. બંગભંગ આંદોલનનું નેતૃત્વ સુરેન્દ્રનાથ બેનર્જી, આનંદમોહન બોસ, રવિન્દ્રનાથ ટાગોર જેવા નેતાઓએ કર્યું. બંગભંગ ચળવળ દ્વારા ભારતીય રાષ્ટ્રીય ચળવળ વ્યાપક બની. અસંતોષની તીવ્રતા જોઈને ઇ.સ. ૧૯૧૧માં બ્રિટિશરોએ બંગાળના ભાગલા રદ્દ કર્યા.

**રાષ્ટ્રીય સભાનો ચતુઃસૂત્રી કાર્યક્રમ :** ઇ.સ. ૧૯૦૫માં ભરાયેલ રાષ્ટ્રીય સભાના અધિવેશનના અધ્યક્ષ નામદાર ગોખલે હતા. તેમણે બંગભંગ ચળવળને ટેકો આપ્યો. ઇ.સ. ૧૯૦૬ના અધિવેશનના અધ્યક્ષ દાદાભાઈ નવરોજી હતા. દાદાભાઈ નવરોજીએ વ્યાસપીઠ પરથી સૌ


દાદાભાઈ નવરોજી

પ્રથમ વાર 'સ્વરાજ્ય' શબ્દનો ઉચ્ચાર કર્યો. અધ્યક્ષીય ભાષણમાં તેમણે સંદેશ આપ્યો કે એક થઈને રહો, દઢતાથી પ્રયત્ન કરો અને સ્વરાજ્યનું ધ્યેય સાધ્ય કરો. જેથી લાખો બાંધવો આજે દારિદ્ર, ભૂખમરો અને રોગચાળાનો ભોગ બની રહ્યા છે તેમને બચાવી શકાશે અને સુધારેલ રાષ્ટ્રોમાં ભારતનું જે માન હતું, તે ફરી પ્રાપ્ત થશે. આજ અધિવેશનમાં સ્વરાજ્ય, સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ અને બહિષ્કાર એ ચતુ:સૂત્રી કાર્યક્રમ રાષ્ટ્રીય સભાએ એકમતથી સ્વીકાર્યો. સ્વદેશી ચળવળને કારણે આપણે સ્વયંપૂર્ણ અને સ્વાવલંબી બનીશું. સ્વદેશીના માર્ગે જવા માટે આપણે દેશની મૂડી, સાધન સામગ્રી, મનુષ્યબળ અને અન્ય સર્વ શક્તિ એકત્રિત કરવી પડશે અને તેના દ્વારા જ આપણાં દેશનું હિત સાધી શકાશે. પરદેશી વસ્તુ અને માલનો બહિષ્કાર એ પહેલું પગથિયું અને પરદેશી રાજવહીવટના બહિષ્કારને કારણે બ્રિટિશ સામ્રાજ્યના મૂળ પર જ ઘા થશે એવો નેતાઓનો મત હતો.

**શું તમે જાણો છો ?**


ઇ.સ. ૧૯૦૫માં નામદાર ગોપાળ કૃષ્ણ ગોખલેએ 'ભારત સેવક સમાજ'ની સ્થાપના કરી લોકોમાં દેશભક્તિ નિર્માણ કરીને સ્વાર્થ ત્યાગની શિક્ષા આપવી, ધર્મ અને જાતિના વિરોધનો નાશ કરી સામાજિક સંવાદિતતા નિર્માણ કરવી, શિક્ષણનો પ્રસાર કરવો એ ભારત સેવક સમાજનો મુખ્ય ઉદ્દેશ હતો.



ગોપાળકૃષ્ણ ગોખલે

**જહાલ અને મવાળ વચ્ચેનો મતભેદ :** રાષ્ટ્રીય સભાની વિચારસરણીનો મતભેદ ૧૯૦૭ના સુરત અધિવેશનમાં વધુ વણસી ગયો. સ્વદેશી અને બહિષ્કારના ઠરાવને પડતો મૂકવાનો મવાળનો પ્રયત્ન હતો. તે સફળ ન થાય એવો જહાલોનો પ્રયત્ન હતો. નામદાર ગોખલે, સુરેન્દ્રનાથ બેનર્જી, ફિરોજશાહ મેહતા જેવા મવાળ નેતાઓએ જહાલ નેતાઓ રાષ્ટ્રીય સભા કબજે કરવાનો પ્રયત્ન કરે છે એવો આરોપ મૂક્યો. લાલા લજપતરાયે મધ્યસ્થી કરવાનો પ્રયત્ન કર્યો. ભારતીય રાષ્ટ્રીય સભા એ રાષ્ટ્રીય વ્યાસપીઠ છે અને તેમાં ફૂટ પડે તે ચાલે નહીં એવો ટિળકનો મત હતો. અધિવેશન દરમ્યાન તણાવ વધતા અને સમાધાન અશક્ય બનતા અંતે રાષ્ટ્રીય સભામાં ફૂટ પડી.

**બ્રિટિશ સરકારની દમનશાહી :** બંગાળના ભાગલા પછી શરૂ થયેલા પ્રભાવી જન આંદોલનને જોઈને સરકાર અસ્વસ્થ બની. આ આંદોલનને કચડી નાખવા માટે સરકારે દમનશાહીનું ધોરણ સ્વીકાર્યું. સાર્વજનિક સભાઓ પર પ્રતિબંધ મૂક્યો. આ કાયદાનો ભંગ કરનારને કઠોર શિક્ષા કરી. શાળાના બાળકોને પણ માર માર્યો. વર્તમાનપત્રો પર પ્રતિબંધ મૂક્યા. સરકારની ટીકા કરવાનો આરોપ મૂકીને અનેક છાપખાના જપ્ત કર્યા. લેખકો અને સંપાદકોને જેલમાં મોકલી દીધા. સરકારે જહાલ નેતાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી. જેની તીવ્ર પ્રતિક્રિયા બંગાળમાં થઈ. ક્રાંતિકારીઓએ ગોળીબાર, બોમ્બધડાકાનો માર્ગ અપનાવ્યો. 'કેસરી' વર્તમાનપત્રમાં આ બોમ્બધડાકાનું સમર્થન કરનાર લોકમાન્ય ટિળક પર



લાલ-બાલ-પાલ

રાજદ્રોહનો આરોપ મૂકીને તેમને છ વર્ષ સુધી મ્યાન મારની મંડાલે જેલમાં મોકલી દીધા. બિપિનચંદ્ર પાલને પણ જેલમાં મોકલ્યા અને લાલા લજપતરાયને પંજાબમાંથી હદપાર કર્યા.

**મુસ્લિમ લીગની સ્થાપના :** બંગભંગ ચળવળ દરમ્યાન રાષ્ટ્રીય સભાને જનતાનો પ્રચંડ પ્રતિસાદ મળતો જોઈને બ્રિટિશ સરકાર બેચેન બની. અંગ્રેજોએ ફરી 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી. મુસલમાનોના હિતોની જાળવણી માટે તેમનું સ્વતંત્ર રાજકીય સંગઠન હોવું જોઈએ એવો પ્રચાર તેમણે શરૂ કર્યો. બ્રિટિશ સરકારના પ્રોત્સાહનને કારણે મુસ્લિમ સમાજના ઉચ્ચવર્ણના લોકોનું એક શિષ્ટમંડળ આગાખાનના નેતૃત્વમાં ગવર્નર જનરલ લૉર્ડ મિંટોને મળ્યું. લૉર્ડ મિંટો અને અન્ય બ્રિટિશ અધિકારીઓના ઉત્તેજનને કારણે ઇ.સ. ૧૯૦૬માં 'મુસ્લિમ લીગ' ની સ્થાપના થઈ.

**મોર્લે-મિંટો કાયદા :** ભારતીય જનતામાં બ્રિટિશ સરકારના કાર્ય બાબતે અસંતોષ હતો. ભારતીય જનતાની ગરીબીનું મુખ્ય કારણ બ્રિટિશરોનું આર્થિક ધોરણ છે. એવી જનતાની ભાવના હતી. કર્ઝનનું દમનશાહીનું ધોરણ, સુશિક્ષિત ભારતીયોનો નોકરીમાં સમાવેશ ન કરવો, ભારત બહાર આફ્રિકામાં ભારતીયો પ્રતિ અન્યાયપૂર્ણ વર્તણૂંકને કારણે પણ અસંતોષ વધવા લાગ્યો. ભારતીયોના અસંતોષને તત્પૂરતો મલમ લગાવવા માટે ઇ.સ. ૧૯૦૯માં મોર્લે-મિંટો સુધારણા કાયદો કરવામાં આવ્યો. આ કાયદા અંતર્ગત કાયદામંડળમાં ભારતીય સભ્યોની સંખ્યા વધારવામાં આવી અને કેટલાક નિર્વાચિત ભારતીય પ્રતિનિધિનો કાયદામંડળમાં સમાવેશ કરવાની જોગવાઈ કરવામાં આવી. આ કાયદા દ્વારા મુસ્લિમો માટે વિભક્ત મતદાર સંઘની યોજના કરવામાં આવી. બ્રિટિશરોની આ કુટિલ નીતિને કારણે ભારતમાં ફૂટ પડવાની શરૂઆત થઈ.

**લખનૌ કરાર :** ઇ.સ. ૧૯૧૬માં લખનૌમાં ભરાયેલ ભારતીય રાષ્ટ્રીય સભાના અધિવેશનમાં લોકમાન્ય ટિળકના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય સભાના મતભેદ દૂર કરવાના પ્રયત્ન કરવામાં આવ્યા. આ જ વર્ષે ભારતીય રાષ્ટ્રીય સભા અને મુસ્લિમ લીગ વચ્ચે પણ સમાધાન થયું. તેને 'લખનૌ કરાર' કહેવામાં આવે છે. આ કરાર અનુસાર મુસ્લિમોના વિભક્ત મતદાર સંઘને રાષ્ટ્રીય સભાએ માન્યતા આપી અને મુસ્લિમ લીગે ભારતને રાજકીય અધિકાર મેળવી આપવાના કાર્યમાં રાષ્ટ્રીય સભા સાથે સહકાર્ય કરવાનું માન્ય કર્યું.



ડૉ. ઍની બેઝંટ

**હોમરૂલ ચળવળ :** ઇ.સ. ૧૯૧૪માં મંડાલેની જેલમાંથી ટિળક છૂટ્યા ત્યારે યુરોપમાં પહેલા વિશ્વયુધ્ધની શરૂઆત થઈ હતી. આ યુધ્ધના સીધા પરિણામ ભારતે પણ ભોગવવા પડ્યા. રોજિંદી જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધ્યા. બ્રિટિશ સરકારે ભારતીયો પર અનેક પ્રતિબંધ મૂક્યા. તેથી ભારતીય લોકોમાં અસંતોષ વધવા લાગ્યો. આવી પરિસ્થિતિમાં ડૉ. એની બેઝંટ અને લોકમાન્ય ટિળકે હોમરૂલ ચળવળ શરૂ કરી. હોમરૂલ એટલે આપણો રાજ્યકારભાર આપણે કરવો. એને જ સ્વશાસન કહેવાય છે. આયર્લેન્ડમાં પણ વસાહતવાદ વિરુધ્ધ આવી ચળવળ શરૂ થઈ હતી. તે જ પ્રમાણે ભારતીય હોમરૂલ ચળવળે બ્રિટિશ સરકાર પાસે સ્વશાસનનો અધિકાર માંગ્યો. ડૉ. એની બેઝંટ અને લોકમાન્ય ટિળકે આખા દેશમાં ફરી ફરીને સ્વશાસનની માંગણી લોકો સુધી પહોંચાડી. 'સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ અધિકાર છે અને હું તે મેળવીશ' એવું લોકમાન્ય ટિળકે દઢતા પૂર્વક કહ્યું.

**પહેલું વિશ્વયુધ્ધ અને ભારત :** યુરોપમાં યુધ્ધજન્ય પરિસ્થિતિ, ભારતીય જનતામાં વધતો અસંતોષ, હોમરૂલ ચળવળની વધતી લોકપ્રિયતા આ પરિસ્થિતિમાં ભારતીયોનો સહયોગ મેળવવો બ્રિટિશરો માટે આવશ્યક હતું. તે માટે સુધારણાનો આગળનો હપ્તો ભારતીયોને આપવાનું એટલે કે ભારતીયોને કેટલાક રાજકીય અધિકાર આપવાનું બ્રિટિશ સરકારે નક્કી કર્યું. ઇ.સ. ૧૯૧૭માં તત્કાલીન ભારતમંત્રી મોંટેગ્યુએ જાહેર કર્યું કે ભારતને ટપ્પે ટપ્પે સ્વશાસનનો અધિકાર અને જવાબદાર રાજ્યપધ્ધતિ આપવામાં આવશે. સરકાર જો ભારતીયોની માંગણી પ્રત્યે સમજદારી અને સહાનુભૂતિ દર્શાવશે તો ભારતીય

જનતા પણ સરકારને સહકાર્ય કરશે એવું લોકમાન્ય ટિળકે જાહેર કર્યું. લોકમાન્ય ટિળકના આ ધોરણને 'પ્રતિયોગી સહકારિતા' કહેવાય છે.

**મોંટેગ્યુ-ચેમ્સફર્ડ કાયદો :** ઇ.સ. ૧૯૧૯માં બ્રિટિશ પાર્લામેન્ટે ભારતમાં ઘટનાત્મક સુધારણા કરવા માટે એક કાયદો મંજૂર કર્યો. તેને મોંટેગ્યુ-ચેમ્સફર્ડ કાયદો કહે છે. આ કાયદા અનુસાર બિન મહત્વપૂર્ણ ખાતા ભારતીય મંત્રીઓને સોંપવામાં આવ્યા. જ્યારે અર્થ, મહેસૂલ, ગૃહ જેવા મહત્ત્વના ખાતા ગવર્નરના તાબામાં હતા. ઇ.સ. ૧૯૧૯ના કાયદા દ્વારા ભારતીયોની જવાબદાર રાજ્યપધ્ધતિની માંગણીને પૂર્ણ ન્યાય મળ્યો નહીં. આ કાયદાએ બધાંને નિરાશ કર્યા. 'આ સ્વરાજ્ય નથી અને તેનો પાયો પણ નથી' એવા શબ્દોમાં લોકમાન્ય ટિળકે આ કાયદાની ટીકા કરી. સરકારને નમાવવી હશે તો આંદોલન વધુ તીવ્ર કરવું પડશે એ દરેક ભારતીયોને સમજાઈ ગયું હતું. ભારત નવા આંદોલન માટે સજ્જ બન્યું.

## સ્વાધ્યાય

**૧. (અ) આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન ફરીથી લખો.**

(૧) ........... એ ભારત સેવક સમાજની સ્થાપના કરી.
- (અ) ગણેશ વાસુદેવ જોશી
- (બ) ભાઉ દાજી લાડ
- (ક) મ. ગો. રાનડે
- (ડ) ગોપાળ કૃષ્ણ ગોખલે

(૨) રાષ્ટ્રીય સભાનું પહેલું અધિવેશન .......... માં ભરવામાં આવ્યું.
- (અ) પુણે (બ) મુંબઈ
- (ક) કોલકાત્તા (ડ) લખનૌ

(૩) ગીતા રહસ્ય ગ્રંથ ........... એ લખ્યો.
- (અ) લોકમાન્ય ટિળક (બ) દાદાભાઈ નવરોજી
- (ક) લાલા લજપતરાય (ડ) બિપીનચંદ્ર પાલ

**(બ) નામ લખો.**

(૧) મવાળ નેતા ............., ..............

(૨) જહાલ નેતા ............., ..............

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) સ્વાતંત્ર્ય લડત દરમ્યાન ભારતીયોની અસ્મિતા જાગૃત થઈ.

(૨) ભારતીય રાષ્ટ્રીય સભામાં બે જૂથ તૈયાર થયા.

(૩) લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા કરવાનું નક્કી કર્યું.

**૩. ટૂંક નોંધ લખો.**

(૧) રાષ્ટ્રીય સભાના ઉદ્દેશો

(૨) બંગભંગ ચળવળ

(૩) રાષ્ટ્રીય સભાનો ચતુ:સૂત્રી કાર્યક્રમ

**૪. ભારતીય રાષ્ટ્રીય સભા સ્થાપવાની પાર્શ્વભૂમિ નીચેના મુદ્દાઓના આધારે સ્પષ્ટ કરો.**
- પ્રશાસકીય કેન્દ્રિકરણ
- આર્થિક શોષણ
- પાશ્ચાત્ય શિક્ષણ
- ભારતના પ્રાચીન ઇતિહાસનો અભ્યાસ
- વર્તમાનપત્રોનું કાર્ય

**ઉપક્રમ**

ઈન્ટરનેટની મદદથી રાષ્ટ્રીય સભાના શરૂઆતના કાળના નેતાઓ વિશે વધુ માહિતી મેળવો.

AGI25U

# ૭. અસહકારની ચળવળ

ઇ.સ. ૧૯૨૦ થી ૧૯૪૭ના ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના સમયગાળાને 'ગાંધીયુગ' તરીકે ઓળખવામાં આવે છે. ઇ.સ. ૧૯૨૦માં લોકમાન્ય ટિળકના નિધન બાદ રાષ્ટ્રીય ચળવળના સૂત્રો મહાત્મા ગાંધીના હાથમાં આવ્યા. ગાંધીજીએ સત્ય, અહિંસા, સત્યાગ્રહ જેવા સૂત્રોના આધારે ભારતીય સ્વાતંત્ર્યની લડતને નવી દિશા આપી. ગાંધીજીના પ્રભાવી નેતૃત્વના કારણે રાષ્ટ્રીય ચળવળ વધુ વ્યાપક બની. ભારતની સ્વાતંત્ર્ય લડતનું નવું પર્વ શરૂ થયું.



મહાત્મા ગાંધી

**ગાંધીજીનું દક્ષિણ આફ્રિકામાં કાર્ય :** ઇ.સ. ૧૮૯૩માં મહાત્મા ગાંધી વકીલાત માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા. દક્ષિણ આફ્રિકા એ ઈંગ્લેન્ડની એક વસાહત હતી. ત્યાં અનેક ભારતીયો ઉદ્યોગ, વ્યાપાર અને અન્ય કામધંધા અર્થે સ્થાયી થયા હતા. ત્યાંના ભારતીય લોકો સાથે ગુનેગારો જેવું વર્તન કરવામાં આવતું. બધી જ જગ્યાએ તેમનું અપમાન કરવામાં આવતું. ઇ.સ. ૧૯૦૬માં સરકારના એક આદેશ અનુસાર કાળા લોકોએ ઓળખપત્ર રાખવું ફરજિયાત કરવામાં આવ્યું. તેમની સ્વતંત્રતા પર બંધનો નાખવામાં આવ્યા. ગાંધીજીએ ત્યાંના લોકોને સત્યાગ્રહના માર્ગે આ અન્યાય વિરુદ્ધ ન્યાય મેળવી આપ્યો.

**ગાંધીજીનું ભારતમાં આગમન :** ૯ જાન્યુઆરી, ૧૯૧૫ના રોજ ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા. નામદાર ગોપાળ કૃષ્ણ ગોખલેની સલાહ અનુસાર આખા ભારતમાં ભ્રમણ કર્યું. સામાન્ય લોકોના દુ:ખ, દરિદ્રતા જોઈને તેઓ દુ:ખી થયા. તેમણે રાષ્ટ્રસેવાનું વ્રત લીધું. તેઓ અમદાવાદમાં સાબરમતી નદીના કાંઠે આશ્રમમાં રહેવા લાગ્યા. સામાન્ય જનતાને ન્યાય મેળવી આપવા માટે તેમણે સત્યાગ્રહના અભિનવ તંત્રનો આધાર લીધો.

**સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન :** ગાંધીજી લોક ચળવળમાં સત્યાગ્રહનું નવું તંત્ર લાવ્યા. સત્યાગ્રહ એટલે સત્યનો, ન્યાયનો આગ્રહ રાખવો. અન્યાય કરનાર વ્યક્તિને સંયમ અને અહિંસાના માર્ગે સત્ય અને ન્યાયની જાણ કરવી અને તેનો મત પરિવર્તન કરવો એ સત્યાગ્રહના ઉદ્દેશો હતા. સત્યાગ્રહ કરનાર વ્યક્તિ હિંસા કે અસત્યનો આશરો લઈ ન શકે એવું ગાંધીજીએ જણાવ્યું હતું.

આગળ જતાં ભારતની જ નહીં પરંતુ વિશ્વના અનેક દેશોની જનતાએ અન્યાયનો પ્રતિકાર કરવા માટે સત્યાગ્રહનો માર્ગ સ્વીકાર્યો. અમેરિકામાં વસતા કાળા લોકોના હક્ક માટે લડતા માર્ટિન લ્યૂથર કિંગ, અને દક્ષિણ અફ્રિકાના નેલ્સન મંડેલા પર ગાંધીજીના સત્યાગ્રહના માર્ગનો પ્રભાવ પડ્યો.

**ચંપારણ્ય સત્યાગ્રહ :** બિહારના ચંપારણ્યમાં બ્રિટિશ ખેત માલિકો ભારતીય ખેડૂતોને ગળી ઉગાડવા ફરજ પાડતા. આ ગળી નિશ્ચિત દરે જ ખેતમજૂરોને વેંચવા ફરજ પાડવામાં આવતા ખેડૂતોને આર્થિક નુકશાન થતું હતું. ઇ.સ. ૧૯૧૭માં ગાંધીજી ચંપારણ્ય ગયા. ગાંધીજીએ ચંપારણ્યના ખેડૂતોને સંગઠિત કરી સત્યાગ્રહના માર્ગે આંદોલન કર્યું. ભારતમાં ગાંધીજીની આ પહેલી લડત સફળ નીવડી, ખેડૂતોને ન્યાય મળ્યો.

**ખેડા સત્યાગ્રહ :** ગુજરાતના ખેડા જિલ્લામાં સતત પડેલા દુકાળને કારણે પાકની સ્થિતિ અત્યંત ખરાબ હતી. તે છતાં પણ સરકાર દ્વારા ફરજિયાત મહેસૂલ વસૂલવામાં આવતું. ગાંધીજીએ ખેડૂતોને મહેસૂલ ન ભરવાની સલાહ આપી. ઇ.સ. ૧૯૧૮માં સ્થાનિક ખેડૂતોએ ખેડા જિલ્લામાં મહેસૂલ વિરોધી

ચળવળ શરૂ કરી ગાંધીજીએ ચળવળનું નેતૃત્વ સ્વીકાર્યું. ટૂંક સમયમાં જ સરકારે મહેસૂલ માફ કર્યું.


**અમદાવાદમાં કામદારોની લડત :** પહેલા વિશ્વયુધ્ધના સમયમાં પ્રચંડ મોંઘવારી વધી હતી. મીલ કામદારોએ પગાર વધારાની માંગણી કરી. જેને મીલમાલિકોએ નકારી દીધી. ગાંધીજીની સલાહ અનુસાર કામદારોએ હડતાલ અને ઉપવાસ કર્યા. ગાંધીજીએ પણ કામદારો સાથે ઉપવાસ કર્યા. અંતે મીલમાલિકોએ પીછેહઠ કરી અને કામદારોને પગાર વધારો કરી આપ્યો.

**રોલેટ એક્ટ વિરુધ્ધ સત્યાગ્રહ :** પહેલા વિશ્વયુધ્ધમાં ભારતીયોએ બ્રિટિશરોની મદદ કરી. યુધ્ધ સમાપ્ત થયા બાદ ભારતીયોના હિતમાં નિર્ણય લેવાશે, જવાબદાર શાસનપધ્ધતિ અમલમાં આવશે એવી ભારતીયોને આશા હતી. ભારતની જનતામાં વધતી કિંમતો, વધેલા કર વગેરે આર્થિક અને રાજકીય કારણોને કારણે બ્રિટિશ સરકાર વિરુધ્ધ અસંતોષ વધ્યો હતો.

બ્રિટિશ સરકારે આ અસંતોષને દબાવવા માટે તે સંબંધિત ઉપાયયોજના સૂચવવા માટે સર સિડની રૉલેટની અધ્યક્ષતામાં એક સમિતિ નીમી. આ સમિતિની ભલામણ અનુસાર ૧૭ માર્ચ, ૧૯૧૯ના રોજ કેન્દ્રિય કાયદામંડળના ભારતીય સભ્યોએ કરેલા વિરોધને ન ગણકારતા નવો કાયદો કર્યો. તેને 'રૉલેટ એક્ટ' કહેવામાં આવે છે. આ કાયદા દ્વારા સરકારને કોઈપણ ભારતીયની તપાસ કર્યા સિવાય ધરપકડ કરવાનો, ન્યાયાલયમાં ખટલો ચલાવ્યા સિવાય જેલમાં નાખવાનો અધિકાર આપવામાં આવ્યો. આ કાયદા દ્વારા કરવામાં આવેલ શિક્ષા વિરુધ્ધ અપીલ કરવાની સખત મનાઈ ફરમાવવામાં આવી. ભારતીયોએ આ કાયદાને 'કાળો કાયદો' જાહેર કર્યો. આ કાયદાનો આખા દેશમાં વિરોધ થયો. ગાંધીજીએ કાયદાના વિરોધમાં સત્યાગ્રહ કર્યો. ૬ એપ્રિલ, ૧૯૧૯ના 'રોલેટ એક્ટ'ના વિરોધમાં દેશવ્યાપી હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું. આ આહ્વાનને ભારતીયોએ મોટા પ્રમાણમાં પ્રતિસાદ આપ્યો.

**જલિયાંવાલા બાગ હત્યાકાંડ :** પંજાબ પ્રાંતમાં રોલેટ એક્ટ વિરુધ્ધની ચળવળે પ્રખર સ્વરૂપ ધારણ કર્યું. અમૃતસર શહેર આ ચળવળનું પ્રમુખ કેન્દ્ર બન્યું. સરકારે દમનનો માર્ગ અપનાવ્યો. ગાંધીજીને પંજાબ પ્રાંતમાં પ્રવેશવાની મનાઈ ફરમાવવામાં આવી. જનરલ ડાયરે અમૃતસરમાં સભાબંધીનો હુકમ જાહેર કર્યો. હડતાળ પ્રકરણમાં ડૉ. સત્યપાલ અને સૈફુદ્દીન કિચલુ જેવા પ્રમુખ નેતાઓની ધરપકડ કરવામાં આવી.

આ ઘટનાના વિરોધમાં ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં વૈશાખી તહેવાર નિમિત્તે સભા આયોજિત કરવામાં આવી. એ સમયે જનરલ ડાયર લશ્કરની ગાડીઓ લઈને ત્યાં આવ્યો. જલિયાંવાલા બાગ મેદાનની એક જ બાજુ આવેલા સાંકડા રસ્તાને બંધ કરી નિઃશસ્ત્ર, નિરપરાધ જનતા પર પૂર્વસૂચના આપ્યા સિવાય અમાનુષી ગોળીબાર કરવામાં આવ્યો. બંદુકના ૧૬૦૦ રાઉન્ડ છોડ્યા બાદ દારૂગોળો ખતમ થતા ગોળીબાર બંધ થયો. આ હત્યાકાંડમાં આશરે ચારસો સ્ત્રી-પુરૂષો મૃત્યુ પામ્યા. અસંખ્ય લોકો જખમી થયા. ગોળીબાર પછી તરત જ સંચારબંધી લાગુ કરાતા જખમી લોકોનો તાત્કાલિક ઉપચાર થઈ શક્યો નહીં. સંપૂર્ણ પંજાબમાં લશ્કરી કાયદો લાગુ કરીને સરકારે અનેક લોકોને જેલમાં મોકલ્યા.


રવિન્દ્રનાથ ટાગોર

આ હત્યાકાંડ માટે પંજાબના ગવર્નર માયકલ ઓડવાયર જવાબદાર હતા. આખા દેશમાં આ કાયદાનો નિષેધ કરવામાં આવ્યો. હત્યાકાંડના નિષેધ તરીકે રવિન્દ્રનાથ ટાગોરે બ્રિટિશ સરકારે તેમને આપેલા 'સર'ના ખિતાબનો ત્યાગ કર્યો. આગળ જતા ભારતીયોએ આ હત્યાકાંડની તપાસની માંગણી કરી. તેથી સરકારે હંટર કમિશનની નિમણૂક કરી.

**ખિલાફત ચળવળ :** તુર્કસ્તાનના સુલતાન વિશ્વભરના મુસ્લિમોના ખલિફા એટલે કે ધર્મપ્રમુખ હતા. પહેલા વિશ્વયુધ્ધમાં તુર્કસ્તાન ઈંગ્લેન્ડના વિરોધી જૂથમાં હતું. યુધ્ધમાં ભારતીય મુસ્લિમોનો સહયોગ મેળવવા માટે યુધ્ધ સમાપ્તિ પછી ખલિફાના સામ્રાજ્યને આંચ નહીં આવે, એવું આશ્વાસન ઈંગ્લેન્ડના વડાપ્રધાને આપ્યું હતું. પરંતુ યુધ્ધ સમાપ્તિ પછી ઇંગ્લેન્ડે આ આશ્વાસન પાળ્યું નહીં. તેથી મુસ્લિમોમાં અસંતોષની લાગણી ઉદ્‌ભવી. ભારતીય મુસ્લિમોએ ખલિફાને ટેકો દેવા માટે જે ચળવળ શરૂ કરી, તેને 'ખિલાફત ચળવળ' કહેવામાં આવે છે. આ બાબતે જો હિંદુ-મુસ્લિમ એકતા આધારિત રાષ્ટ્રીય ચળવળ શરૂ કરવામાં આવે તો, સરકાર ચોક્કસ મુશ્કેલીમાં મૂકાશે એવી ગાંધીજીની માન્યતા હતી. તેથી ગાંધીજીએ ખિલાફત ચળવળને ટેકો આપ્યો. અસહકાર ચળવળના પ્રસ્તાવને ખિલાફત કમિટિએ માન્ય કર્યો. આ કાળમાં હિંદુ-મુસ્લિમ એકતા વિશેષ રૂપે જણાઈ આવી.

**અસહકાર ચળવળ :** ગાંધીજીની ધારણા હતી કે, ભારતમાં બ્રિટિશ સરકાર એ ભારતીયોના સહયોગ પર જ આધારિત છે. જો ભારતીયો બ્રિટિશ સરકારને સંપૂર્ણ અસહકાર પ્રગટ કરે તો તે સરકાર તૂટી પડશે. આ ઉદ્દેશથી તેમણે જનતાને અસહકાર ચળવળમાં સહભાગી થવાનું આહ્‌વાન આપ્યું.

ઇ.સ. ૧૯૨૦માં નાગપુરમાં રાષ્ટ્રીય સભાનું અધિવેશન ભરવામાં આવ્યું. આ અધિવેશનમાં ચિત્તરંજન દાસે રજૂ કરેલ અસહકારના પ્રસ્તાવને મંજૂરી મળી. અસહકાર ચળવળના બધા સૂત્રો ગાંધીજીના હાથમાં સોંપવામાં આવ્યા. આ ઠરાવ અનુસાર શાસકીય કાર્યાલયો, ન્યાયાલયો, પરદેશી વસ્તુ, સરકારી શાળા, મહાવિદ્યાલયોનો બહિષ્કાર કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો.

**અસહકાર ચળવળની આગેકૂચ :** અસહકારના કાર્યક્રમ અનુસાર પંડિત મોતીલાલ નહેરુ, ચિત્તરંજન દાસ જેવા નામાંકિત વકીલોએ ન્યાયાલયનો બહિષ્કાર કર્યો. શાળા-કોલેજના બહિષ્કારમાંથી જ રાષ્ટ્રીય શિક્ષણની કલ્પના અસ્તિત્વમાં આવી. અનેક રાષ્ટ્રીય શાળા, મહાવિદ્યાલયો અને વિદ્યાપીઠોની સ્થાપના કરવામાં આવી. આવનારી ચૂંટણીઓનો પણ બહિષ્કાર, વિદેશી કાપડની હોળી, વિદેશી કાપડ વેંચતી દુકાન આગળ દેખાવો કરવામાં આવ્યા. તેથી વિદેશી કાપડની આયાત ઘટી.

ઇ.સ. ૧૯૨૧માં મુંબઈ આવેલા 'પ્રિન્સ ઑફ વેલ્સ'નું સ્વાગત હડતાળ પાડીને કરવામાં આવ્યું. નિર્જન રસ્તા અને બંધ દુકાનોએ રાજકુંવરનું સ્વાગત કર્યું. આસામમાં ચાના બગીચાથી માંડીને બંગાળમાં રેલ્વે કર્મચારીઓ સુધી આ ચળવળ પ્રસરી હતી. અસહકાર ચળવળને દાબી દેવા માટે સરકારે દમન શરૂ કર્યું.

ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચોરામાં ફેબ્રુઆરી ૧૯૨૨માં શાંતિપૂર્ણ મોરચા (રેલી) પર પોલીસે ગોળીબાર કર્યો. ત્યારે ગુસ્સે ભરાયેલ ટોળાએ પોલીસ ચોકીને આગ ચાંપી. જેમાં એક પોલીસ અધિકારી સહિત ૨૨ પોલીસો મૃત્યુ પામ્યા. આ ઘટનાથી ગાંધીજી ખૂબ વ્યથિત થયા. ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૨ના રોજ ગાંધીજીએ અસહકારની ચળવળ સ્થગિત કરી.

### શું તમે જાણો છો ?

**મુળશી સત્યાગ્રહ :** અસહકાર ચળવળ સમયે પુણે જિલ્લાના મુળશી તાલુકાના ખેડૂતોએ સરકાર વિરુધ્ધ સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહનું નેતૃત્વ સેનાપતિ પાંડુરંગ મહાદેવ બાપટે કર્યું હતું. જેના માટે તેમને સાત વર્ષની સજા કરવામાં આવી.

માર્ચ ૧૯૨૨માં ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. તેમના પર 'યંગ ઇંડિયા'માં ત્રણ રાષ્ટ્રદ્રોહી લેખ લખવાનો આરોપ મૂકીને રાજદ્રોહનો ખટલો ચલાવવામાં આવ્યો. અમદાવાદમાં ખાસ ન્યાયાલય સ્થાપવામાં આવ્યું. ગાંધીજીને છ વર્ષની સજા સંભળાવવામાં આવી.

પરંતુ તબિયતની અસ્વસ્થતાને કારણે ગાંધીજીને

જેલમાંથી છોડી દેવામાં આવ્યા. ગાંધીજીએ અસહકાર ચળવળની સાથે બીજા વિધાયક કાર્યક્રમો હાથ ધર્યા. જેમાં મુખ્યત્વે સ્વદેશીનો પ્રસાર, હિંદુ-મુસ્લિમ એકતા, દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ, ખાદીનો પ્રસાર, રાષ્ટ્રીય શિક્ષણ જેવી બાબતોનો સમાવેશ હતો. આ વિધાયક કાર્યક્રમને કારણે ગ્રામીણ ભાગમાં રાષ્ટ્રીય ચળવળ વધુ વ્યાપક બની.

**સ્વરાજ્ય પક્ષ :** રાષ્ટ્રીય સભાના સભ્યો ચિત્તરંજન દાસ, મોતીલાલ નહેરુએ સરકારને મુશ્કેલીમાં મૂકવા માટે કાયદામંડળમાં પ્રવેશ કરવાનો વિચાર રજૂ કર્યો. ઇ.સ. ૧૯૨૨માં રાષ્ટ્રીય સભા અંતર્ગત સ્વરાજ્ય પક્ષની સ્થાપના કરવામાં આવી.

ઇ.સ. ૧૯૨૩માં થયેલ ચૂંટણીમાં મધ્યવર્તી અને પ્રાંતિક કાયદામંડળમાં સ્વરાજ્ય પક્ષના અનેક ઉમેદવારો ચૂંટાઈ આવ્યા. જેમાં મુખ્યત્વે મોતીલાલ નેહરુ, મદનમોહન માલવીયા, લાલા લજપતરાય, ન. ચિ. કેળકરનો સમાવેશ હતો. જ્યારે દેશમાં રાજકીય ચળવળ મંદ થઈ હતી, ત્યારે સ્વરાજ્ય પક્ષે કાયદામંડળમાં લડત આપી. કાયદામંડળમાં તેમણે સરકારના અન્યાયકારક ધોરણોનો તીવ્ર વિરોધ કર્યો. આવનારા સમયમાં ભારતમાં જવાબદાર રાજ્ય પધ્ધતિ આપવી એવી માંગણી કરી. ભારતીયોના પ્રશ્નો ઉકેલવા માટે ગોળમેજી પરિષદ બોલાવવી, રાજકીય કેદીઓને મુક્ત કરવા માટે વિધિમંડળમાં ઠરાવ પસાર કરાવ્યા. સરકારે સ્વરાજ્ય પક્ષના મોટા ભાગના ઠરાવો રદ્દ કર્યા.

**સાયમન કમિશન :** ઈસ. ૧૯૧૯માં મોંટેગ્યુ ચેમ્સફર્ડ કાયદા દ્વારા કરાયેલ સુધારણા સમાધાનકારક નહોતી. તેથી ભારતીય જનતામાં અસંતોષ હતો. તેથી અંગ્રેજ સરકારે ઇ.સ. ૧૯૨૭માં સર જૉન સાયમનની અધ્યક્ષતામાં એક કમિશનની નિમણૂંક કરી. સાત સભ્યો ધરાવતા આ કમિશનમાં એક પણ ભારતીય નહતો, તેથી ભારતના રાજકીય પક્ષોએ સાયમન કમિશનનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું.

ઇ.સ. ૧૯૨૮માં સાયમન કમિશન ભારત આવ્યું ત્યારે તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તેમની વિરુધ્ધ દેખાવો



સાયમન પાછો જા

કરવામાં આવ્યા. 'સાયમન ગો બૅક', 'સાયમન પાછો જા' એવી ઘોષણા દ્વારા તેનો તીવ્ર વિરોધ કરવામાં આવ્યો. પ્રદર્શનકારો પર લાઠી ચાર્જ કરવામાં આવ્યો, લાહોરમાં સાયમન કમિશન વિરુધ્ધ કરાયેલ દેખાવોનું નેતૃત્વ લાલા લજપતરાયના હાથમાં હતું. આ દેખાવકારો પર પોલીસે લાઠી ચાર્જ કર્યો. નિષ્ઠુર પોલીસ અધિકારી સૉંડર્સે લાલાજીની છાતી પર લાકડીઓથી પ્રહાર કર્યા. આ લાઠી ચાર્જ પછી નિષેધસભામાં લાલાજીએ કહ્યું કે, 'લાકડીના દરેક આઘાત સાથે બ્રિટિશ સામ્રાજ્યની શબપેટી પર એક એક ખીલો ઠોકવામાં આવી રહ્યો છે. ત્યાર બાદ કેટલાક દિવસો પછી લાલાજીનું મૃત્યુ થયું.


લાલા લજપતરાય

**નહેરુ અહેવાલ :** ભારતના નેતા એકમતથી રાજ્યબંધારણ તૈયાર કરી શકે એમ નથી, એવી ટીકા ભારતમંત્રી બર્કનહેડે કરી. આ આહ્‌વાન સ્વીકારીને સર્વપક્ષીય સમિતિની સ્થાપના કરવામાં આવી. આ સમિતિના અધ્યક્ષ પં. મોતીલાલ નહેરુ હતા.

ભારતમાં વસાહતીનું સ્વરાજ્ય સ્થાપવું, પ્રૌઢ મતદાન પધ્ધતિ લાગુ કરવી, ભારતીયોને મૂળભૂત નાગરી હક્કો આપવા, ભાષાવાર પ્રાંતરચના કરવી જેવા પ્રસ્તાવ આ અહેવાલમાં હતા. આ અહેવાલને 'નેહરુ અહેવાલ' કહેવાય છે.

ઇ.સ. ૧૯૨૯ના અંત સુધીમાં સરકાર નહેરુ અહેવાલ સ્વીકારશે નહીં તો સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ કરવાની ચીમકી આપી. આમ ડિસેમ્બર, ૧૯૨૯માં જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં ભરાયેલ લાહોર અધિવેશન ઐતિહાસિક ઠર્યું.

**પૂર્ણ સ્વરાજ્યની માંગણી :** વસાહતીઓનું સ્વરાજ્ય એ અત્યાર સુધી રાષ્ટ્રીય સભાનો ઉદ્દેશ હતો. જે અનેક તરૂણ કાર્યકર્તાઓને માન્ય ન હતું. પં. જવાહરલાલ નહેરુ અને સુભાષચંદ્ર બોઝ જેવા તરૂણોએ સંપૂર્ણ સ્વરાજ્યની માંગણી કરી. આ તરૂણ જૂથના પ્રભાવને કારણે રાષ્ટ્રીય સભાના લાહોર અધિવેશનમાં સંપૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ ઠરાવ દ્વારા રાષ્ટ્રીય સભાએ વસાહતીનું સ્વરાજ્ય એ ઉદ્દેશનો ત્યાગ કર્યો. હવે ભારતનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય એ રાષ્ટ્રીય ચળવળનું ધ્યેય બન્યું.

૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ રાવી નદીના કિનારે પં. જવાહરલાલ નેહરુએ ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો અને ૨૬ જાન્યુઆરીના દિવસને સ્વાતંત્ર્યદિન તરીકે પાળવામાં આવે એવું નક્કી કરવામાં આવ્યું. બ્રિટિશ સત્તાથી ભારતને મુક્ત કરવા માટે અહિંસક માર્ગે સ્વતંત્રતાની લડત ચલાવવાની પ્રતિજ્ઞા ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ આખા દેશમાં લેવામાં આવી. તેથી આખા દેશમાં ચેતનવંતુ વાતાવરણ નિર્માણ થયું.



પં. જવાહરલાલ નેહરુ

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ગાંધીજીએ પોતાના કાર્યની શરૂઆત ... દેશમાંથી કરી.
- (અ) ભારત (બ) ઈંગ્લેન્ડ
- (ક) દક્ષિણ આફ્રિકા (ડ) મ્યાનમાર

(૨) ખેડૂતોએ ... જિલ્લામાં મહેસૂલ બંધીની ચળવળ શરૂ કરી.
- (અ) ગોરખપુર (બ) ખેડા
- (ક) સોલાપુર (ડ) અમરાવતી

(૩) જલિયાંવાલા બાગ હત્યાકાંડના નિષેધ તરીકે રવિન્દ્રનાથ ટાગોરે સરકારે આપેલા .... ખિતાબનો ત્યાગ કર્યો.
- (અ) લૉર્ડ (બ) સર
- (ક) રાવબહાદુર (ડ) રાવસાહેબ

**૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

(૧) દક્ષિણ આફ્રિકામાં ઇ.સ. ૧૯૦૬ના આદેશ અનુસાર કાળા લોકો પર કયા બંધનો લાદવામાં આવ્યા?

(૨) ગાંધીજીએ ભારતમાં પહેલો સત્યાગ્રહ કયાં કર્યો?

(૩) જલિયાંવાલા બાગમાં ગોળીબારનો આદેશ આપનાર અધિકારી કોણ હતો?

**૩. નીચેના પ્રશ્નોના ૨૫ થી ૩૦ શબ્દોમાં જવાબ લખો.**

(૧) સત્યાગ્રહનું તત્ત્વજ્ઞાન સ્પષ્ટ કરો.

(૨) સ્વરાજ્ય પક્ષની સ્થાપના શા માટે કરવામાં આવી?

**૪. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ભારતીય જનતાએ રોલેટ એક્ટનો વિરોધ કર્યો.

(૨) ગાંધીજીએ અસહકાર ચળવળ સ્થગિત કરી.

(૩) ભારતીયોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો.

(૪) ભારતમાં ખિલાફત ચળવળ શરૂ કરવામાં આવી.

**ઉપક્રમ**

૨૬ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ લેવામાં આવેલી સ્વતંત્રતાની પ્રતિજ્ઞા મેળવીને વર્ગમાં તેનું સમૂહ વાંચન કરો.

AGRX7H

# ૮. સવિનય કાનૂનભંગ ચળવળ

લાહોર અધિવેશનમાં સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ પસાર થયા બાદ મહાત્મા ગાંધીએ સવિનય કાનૂનભંગનો નિર્ણય કર્યો. આ ચળવળ શરૂ કર્યા પહેલા ગાંધીજીએ બ્રિટિશ સરકાર સામે વિવિધ માંગણીઓ રજૂ કરી. જેમાં મીઠા પરનો કર રદ્દ કરીને મીઠું બનાવવાનો સરકારનો એકાધિકાર રદ્દ કરવો એ મુખ્ય માંગણી હતી. પરંતુ સરકારે ગાંધીજીની માંગણીઓ નકારતા ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરીને આખા દેશમાં સત્યાગ્રહ કરવાનું નક્કી કર્યું.




દાંડી યાત્રા

મીઠું એ સામાન્ય જનતાના આહારના મહત્ત્વનો ઘટક છે. તેથી મીઠા જેવી જીવનાવશ્યક વસ્તુ પર કર લાદવો અન્યાયકારક હતો. તેથી ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો. મીઠાનો સત્યાગ્રહ પ્રતિકાત્મક હતો. બ્રિટિશ સરકારના જુલમી અને અન્યાયકારક કાયદાનો શાંતિપૂર્ણ અને સત્યાગ્રહના માર્ગે ભંગ કરવો એ તેનો વ્યાપક હેતુ હતો.

મીઠાનો સત્યાગ્રહ કરવા માટે ગાંધીજીએ ગુજરાતના સમુદ્રકિનારે આવેલ દાંડીને પસંદ કર્યું. ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજી ૭૮ સહકાર્યકર્તાઓ સાથે સાબરમતી આશ્રમથી દાંડી જવા નીકળ્યા. આશરે ૩૮૫ કિમીની પદયાત્રામાં માર્ગમાં આવતા અનેક ગામોમાં તેમણે ભાષણો કર્યા. પોતાના ભાષણ દ્વારા ગાંધીજીએ જનતાને નિર્ભય થઈને કાનૂનભંગ ચળવળમાં ભાગ લેવાનું આહ્‌વાન આપ્યું. ગાંધીજીના ભાષણોને કારણે કાનૂનભંગનો સંદેશ સર્વત્ર ફેલાયો અને ચળવળને અનુકૂળ વાતાવરણ તૈયાર થયું. ૫ એપ્રિલ, ૧૯૩૦ના રોજ ગાંધીજી દાંડી પહોંચ્યા. ૬ એપ્રિલે સમુદ્ર કિનારે મીઠુ ઉંચકીને ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો અને આખા દેશમાં સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થઈ.

**પેશાવરનો સત્યાગ્રહ :** વાયવ્ય સરહદ પ્રાંતમાં ખાન અબ્દુલ ગફારખાન ગાંધીજીના નિષ્ઠાવાન અનુયાયી હતા. તેમને સરહદના ગાંધી તરીકે ઓળખવામાં આવે છે. તેમણે 'ખુદા-એ-ખિદમતગાર' સંગઠનની સ્થાપના કરી. ૨૩ એપ્રિલ, ૧૯૩૦ના રોજ તેમણે પેશાવરમાં સત્યાગ્રહ શરૂ કર્યો. આશરે એક અઠવાડિયા સુધી પેશાવર શહેર સત્યાગ્રહીઓના તાબામાં હતું. સરકારે ગઢવાલ પલટણને સત્યાગ્રહીઓ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. પરંતુ ગઢવાલ પલટણના અધિકારી ચંદ્રસિંગ ઠાકુરે ગોળીબાર કરવાની ના પાડી. તેથી લશ્કરી ન્યાયાલયે તેમને સખત શિક્ષા કરી.



ખાન અબ્દુલ ગફારખાન

મહાત્મા ગાંધીએ શરૂ કરેલા સવિનય કાનૂનભંગ આંદોલનને કારણે બ્રિટિશ સરકાર મુશ્કેલીમાં આવી. ૪ મે, ૧૯૩૦ના રોજ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. દેશમાં દમન શાહીનો દોર શરૂ થયો. દેશભરમાં ગાંધીજીની ધરપકડનો વિરોધ કરવામાં આવ્યો.

**સોલાપુરનો સત્યાગ્રહ :** સોલાપુરના સત્યાગ્રહમાં મીલ કામદારો આગળ પડતા હતા. ૯ મે, ૧૯૩૦ના રોજ સોલાપુરમાં હડતાલ પાડવામાં આવી અને મોટો મોર્ચો કાઢવામાં આવ્યો. તત્કાલીન કલેક્ટરે મોર્ચા પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. જેમાં શંકર શિવદારે સહિત અનેક સ્વયંસેવકો મૃત્યુ પામ્યા. પરિણામે જનતાએ પોલીસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન ન્યાયાલયો, મ્યુનિસિપલ ઈમારતો પર હુમલો કર્યો.

સરકારે માર્શલ લો એટલે કે લશ્કરી કાયદો લાગુ કર્યો. આંદોલનને કચડી નાખવામાં આવ્યું. આંદોલનમાં આગળ પડતો ભાગ લેનારા મલ્લાપ્પા ધનશેટ્ટી, શ્રીકૃષ્ણ સારડા, કુર્બાન હુસેન અને જગન્નાથ શિંદેને ફાંસી આપવામાં આવી.



મલ્લાપ્પા ધનશેટ્ટી



શ્રીકૃષ્ણ સારડા



કુર્બાન હુસેન



જગન્નાથ શિંદે

**ધારાસના સત્યાગ્રહ :** ગુજરાતમાં આવેલ ધારાસનાના સત્યાગ્રહનું નેતૃત્વ સરોજિની નાયડુએ કર્યું. મીઠાનો કાયદાનો ભંગ કરવા નીકળેલા સત્યાગ્રહીઓ પર પોલીસે લાઠીચાર્જ કર્યો. સત્યાગ્રહીઓ શાંતિ પૂર્વક લાકડીઓનો પ્રહાર સહન કરતા રહ્યા. તેમને ઉપચાર માટે લઈ જવામાં આવે એટલે બીજી ટુકડી સત્યાગ્રહ માટે આગળ આવે. આવું અખંડ પણે ચાલુ હતું. મહારાષ્ટ્રમાં વડાળા, માલવણ, શિરોડા જેવા સ્થળોએ મીઠાનો સત્યાગ્રહ થયો.



સરોજિની નાયડુ

જ્યાં મીઠાના અગરો ન હતા, ત્યાં લોકોએ જંગલવિષયક કાનૂન ભંગની શરૂઆત કરી. મહારાષ્ટ્રમાં બિળાશી, સંગમનેર, કળવણ, ચિરનેર, પુરસદ જેવા સ્થળે થયેલ જંગલ સત્યાગ્રહમાં આદિવાસીઓએ મોટા પ્રમાણમાં ભાગ લીધો.

**બાબુ ગેનુનું બલિદાન :** મુંબઈમાં વિદેશી માલના બહિષ્કારનું આંદોલન ચાલુ હતું. વિદેશી માલ લઈ જતા વાહનોને આંદોલનકારીઓ રોકતા. આ આંદોલનમાં મુંબઈની મીલમાં કામ કરનાર બાબુ ગેનુ સૈદ આગળ પડતા હતા. પોલીસ બંદોબસ્તમાં પરદેશી માલ લઈ જતો એક ટ્રક બાબુ ગેનુ સામે આવ્યો. ટ્રકને રોકવા માટે તેઓ રસ્તા પર આડા ઊભા રહ્યાં. પોલીસોની ધમકી પછી પણ તેઓ પોતાની જગ્યાએથી હલ્યા નહીં. અંતે ટ્રક તેમના શરીર પરથી પસાર થયું. જેમાં બાબુ ગેનું શહીદ થઈ ગયાં. બાબુ ગેનુનું આ બલિદાન રાષ્ટ્રીય ચળવળ માટે પ્રેરણાદાયી બન્યું.



બાબુ ગેનુ

### શું તમે જાણો છો ?

**કાનૂનભંગ ચળવળની વિશેષતા :**

- અત્યાર સુધીની ચળવળો શહેરી વિભાગ પૂરતી મર્યાદિત હતી. પરંતુ આ ચળવળ દેશવ્યાપી બની. ગામોગામના લોકોએ તેમાં પોતાનો સહભાગ આપ્યો.
- આ ચળવળમાં સ્ત્રીઓએ પણ મોટા પ્રમાણમાં ભાગ લીધો. કસ્તુરબા ગાંધી, કમલાદેવી ચટોપાધ્યાય, અવંતિકાબાઈ ગોખલે, લીલાવતી મુન્શી, હંસાબેન મહેતાએ સત્યાગ્રહનું નેતૃત્વ કર્યું.
- આ ચળવળ પૂર્ણપણે અહિંસક પધ્ધતિથી પાર પડી. અંગ્રેજ સરકારની જોરદાર દમન-શાહી છતાં પણ જનતાએ નિ:શસ્ત્ર પ્રતિકાર કર્યો. તેથી ભારતીય જનતા નિર્ભય બની.

**ગોળમેજી પરિષદ :** સવિનય કાનૂનભંગ ચળવળ ચાલુ હતી. ત્યારે ભારત સાથે સંબંધિત પ્રશ્નોની ચર્ચા કરવાનો મત બ્રિટનના વડાપ્રધાન રૅમ્સે મૅકડોનાલ્ડે રજૂ કર્યો. તે માટે તેમણે લંડનમાં એક પરિષદનું આયોજન કર્યું. આ પરિષદને ગોળમેજી પરિષદ કહેવામાં આવે છે. ઇ.સ.૧૯૩૦ થી ૧૯૩૨ દરમ્યાન ત્રણ ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું.

**પહેલી ગોળમેજી પરિષદ :** પહેલી ગોળમેજી પરિષદના અધ્યક્ષ રૅમ્સે મૅકડોનાલ્ડ હતા. આ પરિષદમાં ભારત તેમજ ઈંગ્લેન્ડના જુદાં જુદાં પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર, સર તેજ બહાદુર સપ્રૂ, બૅરિસ્ટર જીના વગેરેએ ભાગ લીધો. કેન્દ્રિય સ્તરે જવાબદાર શાસન પધ્ધતિ, ભારતમાં સંઘરાજ્યની સ્થાપના જેવા વિવિધ વિષયો પર આ પરિષદમાં ચર્ચા કરવામાં આવી. આ પરિષદમાં વિવિધ રાષ્ટ્રીય પક્ષ અને સંસ્થાનિકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. પરંતુ રાષ્ટ્રીય સભાએ આ પરિષદમાં ભાગ લીધો નહીં. રાષ્ટ્રીય સભા એ દેશની પ્રાતિનિધિક સંસ્થા હતી. તેના સહભાગ વિના ગોળમેજી પરિષદની ચર્ચા નિષ્ફળ રહી.

**ગાંધી-આયર્વિન કરાર :** બીજી ગોળમેજી પરિષદમાં રાષ્ટ્રીય સભા સહભાગી થાય એવી આશા બ્રિટિશ વડાપ્રધાને વ્યક્ત કરી. વડાપ્રધાનના આહ્વાનને ધ્યાનમાં લઈને વાઈસરૉયે ગાંધીજી અને બીજા નેતાને જેલમાંથી મુક્ત કર્યા. રાષ્ટ્રીય સભા મુક્તપણે ચર્ચા કરી શકે તેવું વાતાવરણ નિર્માણ કર્યું. મહાત્મા ગાંધી અને વાઈસરૉય આયર્વિન વચ્ચે સમજૂતી થઈ. તેને જ 'ગાંધી-આયર્વિન' કરાર કહે છે. આ કરાર અનુસાર બ્રિટિશ સરકારે ભારતના પ્રસ્તાવિત રાજ્ય બંધારણમાં જવાબદાર રાજ્ય પધ્ધતિના સ્વીકારને સંમતિ આપી. પરિણામે રાષ્ટ્રીય સભાએ સવિનય કાનૂનભંગની ચળવળ પાછી ખેંચી લીધી અને બીજી ગોળમેજી પરિષદમાં સહભાગી થવાની તૈયારી દર્શાવી.

**બીજી ગોળમેજી પરિષદ :** ઇ.સ. ૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું આ પરિષદમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સભાના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા. રાષ્ટ્રીય સભાની સાથે ભારતના જુદી જુદી જાતિ-જમાતી, પક્ષ તેમ જ સંસ્થાનિકોના પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવ્યા હતાં. ગોળમેજી પરિષદમાં સરકારે અલ્પસંખ્યકોનો પ્રશ્ન ઉભો કર્યો. આ પ્રશ્ને તેમ જ ભાવિ સંઘરાજ્યના બંધારણના સ્વરૂપ વિશે મતભેદ નિર્માણ થયો. ગાંધીજીએ એકમત તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં નિષ્ફળતા મળી. આખરે નિરાશ થઈને ગાંધીજી ભારત પાછા ફર્યા.

**પુણે કરાર :** ડૉ. બાબાસાહેબ આંબેડકરે ગોળમેજી પરિષદમાં દલિતોનું પ્રતિનિધિત્વ કર્યું. ત્યાં તેમણે દલિતો માટે સ્વતંત્ર મતદાર સંઘની માંગણી રજૂ કરી. બીજી ગોળમેજી પરિષદ પછી બ્રિટિશ વડાપ્રધાન રૅમ્સે મૅકડોનાલ્ડે જાતીય નિવેડો (નિર્ણય) જાહેર કર્યો. તે અનુસાર દલિતો માટે સ્વતંત્ર મતદાર સંઘ જાહેર કરવામાં આવ્યા. જાતીય નિવેડા અનુસાર હિંદુ સમાજનું થયેલું વિભાજન ગાંધીજીને માન્ય નહતું. આથી તેમણે એ નિવેડા વિરુધ્ધ યેરવડા જેલમાં આમરણ ઉપવાસ શરૂ કર્યા. રાષ્ટ્રીય સભાના નેતાઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરને તેમની માંગણી વિશે પુનર્વિચાર કરવા વિનંતી કરી. રાષ્ટ્રહિતને ધ્યાનમાં લઈ ડૉ. બાબાસાહેબ આંબેડકરે આ વિનંતી માન્ય કરી. ઇ.સ. ૧૯૩૨માં મહાત્મા ગાંધી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર વચ્ચે પુણેમાં કરાર થયો, આ કરાર 'પુણે કરાર' તરીકે પ્રસિધ્ધ છે. આ કરાર અનુસાર દલિતો માટે સ્વતંત્ર મતદાર સંઘને બદલે અનામત રાખવાની જોગવાઈ કરી.



ડૉ. બાબાસાહેબ આંબેડકર

**ત્રીજી ગોળમેજી પરિષદ :** નવેમ્બર ૧૯૩૨માં ઈંગ્લેન્ડમાં ત્રીજી ગોળમેજી પરિષદ ભરવામાં આવી રાષ્ટ્રીય સભાએ આ પરિષદનો બહિષ્કાર કર્યો. તેથી આ પરિષદ અર્થહીન નીવડી.

**સવિનય કાનૂનભંગનો બીજો ફેરો :** બીજી ગોળમેજી પરિષદથી ગાંધીજી ઉદ્વિગ્ન મને ભારત પાછા ફર્યા. તેમણે સવિનય કાનૂનભંગ આંદોલન ફરીથી શરૂ કરવાનો નિર્ણય કર્યો. સરકારે ગાંધીજીની તરત જ ધરપકડ કરી. તેથી જનતામાં અસંતોષ નિર્માણ થયો.

સરકારે આ ચળવળનો જવાબ અમાનુષ દમનશાહી દ્વારા આપ્યો. દરેક નાગરી હક્કો પર પ્રતિબંધ મૂક્યો. રાષ્ટ્રીય સભા અને તેની સહયોગી સંગઠનો ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. તેમના કાર્યાલયો અને નિધિનો કબજો લઈ લીધો. રાષ્ટ્રીય વર્તમાનપત્રો અને સાહિત્ય પર પ્રતિબંધ લાદવામાં આવ્યો. અંતે એપ્રિલ, ૧૯૩૪માં ગાંધીજીએ ચળવળ પાછી ખેંચી લીધી અને સવિનય કાનૂનભંગ આંદોલનનું ઐતિહાસિક પર્વ પૂરું થયું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાનો ફરીથી લખો.**

(મહાત્મા ગાંધી, ખુદા-એ-ખિદમતગાર, રૅમ્સે મૅક્ડોનાલ્ડ, સરોજિની નાયડુ)

(૧) લંડનમાં ગોળમેજી પરિષદનું આયોજન ................ એ કર્યું હતું.

(૨) ખાન અબ્દુલ ગફારખાને ................ સંગઠનની સ્થાપના કરી.

(૩) ધારાસના સત્યાગ્રહનું નેતૃત્વ .......... એ કર્યું.

(૪) બીજી ગોળમેજી પરિષદમાં રાષ્ટ્રીય સભાના પ્રતિનિધિ તરીકે ........... ઉપસ્થિત રહ્યા.

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ચંદ્રસિંગ ઠાકુરને લશ્કરી ન્યાયાલયે સખત શિક્ષા કરી.

(૨) સોલાપુરમાં સરકારે માર્શલ લૉ એટલે કે લશ્કરી કાયદો લાગુ પાડ્યો.

(૩) પહેલી ગોળમેજી પરિષદ નિષ્ફળ નીવડી.

(૪) ગાંધીજીએ યેરવડા જેલમાં આમરણ ઉપવાસ શરૂ કર્યા.

**૩. નીચેના પ્રશ્નોના ૨૫ થી ૩૦ શબ્દોમાં જવાબ લખો.**

(૧) ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરીને દેશભરમાં સત્યાગ્રહ કરવાનું શા માટે નક્કી કર્યું ?

(૨) રાષ્ટ્રીય સભાએ સવિનય કાનૂનભંગની ચળવળ શા માટે પાછી ખેંચી ?

**૪. સવિનય કાનૂનભંગ આંદોલનની નીચેની કાળરેખા પૂર્ણ કરો.**

૧૨ માર્ચ, ૧૯૩૦ | ૬ એપ્રિલ, ૧૯૩૦ | ૨૩ એપ્રિલ, ૧૯૩૦ | ૪ મે, ૧૯૩૦ | ૬ મે, ૧૯૩૦

**ઉપક્રમ**

(૧) સવિનય કાનૂનભંગ ચળવળમાં નીચેની વ્યક્તિના કાર્યો વિશે વધુ માહિતી મેળવી છાયાચિત્ર સહિત વર્ગમાં પ્રદર્શિત કરો. (અ) સરોજિની નાયડુ (બ) ખાન અબ્દુલ ગફારખાન (ક) બાબુ ગેનુ સૈદ

(૨) પાઠમાં ઉલ્લેખ કરાયેલ સવિનય કાનૂનભંગ ચળવળના સ્થળો ભારતની રૂપરેખાવાળા નકશામાં દર્શાવો.

AH1T95

# ૯. સ્વાતંત્ર્ય લડતનું અંતિમ પર્વ

આ પાઠમાં આપણે ભારત છોડો આંદોલન, ભૂમિગત ચળવળ, આઝાદ હિંદ સેનાના કાર્યનો અભ્યાસ કરવાના છીએ.

**૧૯૩૫નો કાયદો :** આ કાયદામાં ભારતમાં બ્રિટિશ શાસિત પ્રાંત અને સંસ્થાનો મળીને એક સંઘરાજ્ય સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી. તે અનુસાર બ્રિટિશ શાસિત પ્રદેશોના કારભાર ભારતીય પ્રતિનિધિના હાથમાં સોંપવામાં આવનાર હતો. સંઘરાજ્યમાં જોડાયા બાદ સંસ્થાનોની સ્વાયત્તતા રહેવાની ન હોવાથી, સંસ્થાનિકોએ સંઘરાજ્યમાં જોડાવાની ના પાડી. માટે આ કાયદાથી સંઘરાજ્યની યોજના અમલમાં આવી નહીં.

**પ્રાંતિક મંત્રીમંડળ :** ઇ.સ. ૧૯૩૫ના કાયદા દ્વારા રાષ્ટ્રીય સભાનું સમાધાન થયું ન હોવા છતાં, રાષ્ટ્રીય સભાએ આ કાયદા અનુસાર થનાર પ્રાંતિક કાયદામંડળની ચૂંટણીમાં ભાગ લેવાનું નક્કી કર્યું. ઇ.સ. ૧૯૩૭માં દેશના અગિયાર પ્રાંતમાં ચૂંટણીઓ થઈ. જેમાંથી આઠ પ્રાંતોમાં રાષ્ટ્રીય સભાને બહુમત મળતા તેમનું મંત્રીમંડળ સત્તા પર આવ્યું. અન્ય ત્રણ પ્રાંતોમાં કોઈપણ એક પક્ષને બહુમત ન મળતા ત્યાં સંમિશ્ર મંત્રીમંડળ બનાવવામાં આવ્યા.


રાષ્ટ્રીય સભાના મંત્રીમંડળે જેલમાંથી રાજકેદીઓની મુક્તિ, મૂળ ઉદ્યોગ શિક્ષણની શરૂઆત, દલિત સમાજની સુધારણા માટે ઉપાયયોજના, દારૂબંધી, ખેડૂતો માટે કર્જનિવારણ કાયદો જેવા અનેક લોકોપયોગી કાર્યો કર્યા.

**ક્રિપ્સ યોજના :** બીજા મહાયુધ્ધમાં ઈંગ્લેન્ડે જાપાનના વિરોધમાં અમેરિકાનો પક્ષ લીધો. જાપાની લશ્કર ભારતની પૂર્વ સીમા નજીક ખડકવામાં આવ્યું. જાપાન ભારત પર આક્રમણ કરે તો તેનો પ્રતિકાર કરવા માટે ભારતીયોનો સહયોગ મેળવવો ઈંગ્લેન્ડને આવશ્યક લાગ્યું. માટે ઈંગ્લેન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે સ્ટેફર્ડ ક્રિપ્સને ભારતમાં મોકલ્યો. માર્ચ ૧૯૪૨માં તેમણે ભારત સામે એક યોજના રજૂ કરી પરંતુ આ યોજનાથી કોઈપણ રાજકીય પક્ષનું સમાધાન થયું નહીં. પૂર્ણ સ્વાતંત્ર્યની માંગણીનો સ્પષ્ટ ઉલ્લેખ આ યોજનામાં ન હોવાથી રાષ્ટ્રીય સભાએ તે યોજનાને નામંજૂર કરી. ક્રિપ્સ યોજનામાં પાકિસ્તાનની નિર્મિતિનો સમાવેશ ન હોવાથી મુસ્લિમ લીગે પણ આ યોજના નકારી દીધી.

**બીજું વિશ્વયુધ્ધ અને રાષ્ટ્રીય સભા :** ઇ.સ. ૧૯૩૯માં યુરોપમાં બીજું વિશ્વયુધ્ધ શરૂ થયું. તત્કાલિન વાઈસરૉય લૉર્ડ લિનલિથગોએ ભારત ઈંગ્લેન્ડના પક્ષમાં યુધ્ધમાં સહભાગી થવાની ઘોષણા કરી. યુરોપમાં લોકશાહીનું રક્ષણ કરવા માટે પોતે લડતા હોવાનો દાવો ઈંગ્લેન્ડે કર્યો. આ દાવો સાચો હોય તો ઈંગ્લેન્ડે ભારતને તાત્કાલિક સ્વાતંત્ર્ય આપવું, જેવી માંગણી રાષ્ટ્રીય સભાએ કરી. આ માંગણી પૂર્ણ કરવાની ઈંગ્લેન્ડે ના પાડતા નવેમ્બર ૧૯૩૯માં રાષ્ટ્રીય સભાના પ્રાંતિક મંત્રીમંડળોએ રાજીનામા આપ્યા.

**ભારત છોડો ચળવળ :** ક્રિપ્સ યોજના પછી રાષ્ટ્રીય સભાએ સ્વાતંત્ર્ય માટે તીવ્ર ચળવળ કરવાનો નિર્ધાર કર્યો. ૧૪ જુલાઈ, ૧૯૪૨ના રોજ વર્ધામાં રાષ્ટ્રીય સભાની કાર્યકારિણીએ ભારતમાં બ્રિટિશ સત્તાનો તાત્કાલિક અંત આણીને ભારતને સ્વાતંત્ર્ય દેવાની માંગણી કરતો ઠરાવ માન્ય કર્યો. આ માંગણી માન્ય ન થતા રાષ્ટ્રીય સભા ભારતની સ્વતંત્રતા માટે અહિંસક ચળવળ શરૂ કરશે, એવો ઈશારો પણ કરવામાં આવ્યો.

**ભારત છોડો ઠરાવ :** ૭ ઑગસ્ટ, ૧૯૪૨ના રોજ મુંબઈના ગોવાલિયા ટેંક મેદાનમાં (ક્રાંતિ મેદાન) રાષ્ટ્રીય સભાનું અધિવેશન શરૂ થયું. આ અધિવેશનના અધ્યક્ષ મૌલાના અબુલ કલામ આઝાદ હતા. વર્ધામાં રાષ્ટ્રીય સભાની કાર્યકારિણીએ મંજૂર કરેલા ભારત છોડો ઠરાવ પર મુંબઈના અધિવેશનમાં સહીસિક્કા થવાના હતા. ૮ ઑગસ્ટના રોજ પંડિત જવાહરલાલ



મૌલાના આઝાદ

નેહરૂએ રજૂ કરેલો 'ભારત છોડો' ઠરાવ પ્રચંડ બહુમતીથી મંજૂર થયો. ગાંધીજીના નેતૃત્વમાં દેશવ્યાપી અહિંસક આંદોલન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગાંધીજીએ કહ્યું, ''આ ક્ષણથી દરેક સ્ત્રી-પુરુષોએ આપણે સ્વતંત્ર થયા છીએ, એમ સમજવું જોઈએ અને સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે વર્તવું જોઈએ. આપણે ભારતને સ્વતંત્ર કરીશું અથવા આ ભગીરથ પ્રયત્ન કરતા કરતાં મરી જઈશું'' ગાંધીજીએ જનતા 'કરેંગે યા મરેંગે'નો નારો આપ્યો.

**જન આંદોલનનો પ્રારંભ :** રાષ્ટ્રીય સભાના પ્રમુખ નેતાઓની ધરપકડ થવાના સમાચાર આખા દેશમાં ફેલાઈ ગયા. રોષે ભરાયેલ જનતાએ અનેક સ્થળે દેખાવો કર્યા. પોલીસે જનતા પર લાઠી ચાર્જ અને ગોળીબાર કર્યા, તે છતાં લોકો ગભરાયા નહીં. કેટલાક સ્થળે બ્રિટિશ સરકારના દમનના પ્રતિક એવા જેલ, પોલીસ સ્ટેશન, રેલ્વે સ્થાનકો જેવા સ્થળે આંદોલન-કારીઓએ હુમલા કર્યા. સરકારી કચેરીઓને

**જાણી લઈએ...**



આચાર્ય વિનોબા ભાવે

**વ્યક્તિગત સત્યાગ્રહ :** બ્રિટિશ સરકાર સતત માંગણીઓ તરફ દુર્લક્ષ કરતી હોવાથી રાષ્ટ્રીય સભાએ યુદ્ધ વિરોધી પ્રચાર કરવાનું નક્કી કર્યું. એ માટે સામુદાયિક ચળવળ ન કરતા એક એક વ્યક્તિએ કાયદાનો ભંગ કરવો, એવો નિર્ણય લેવામાં આવ્યો. તેને જ વ્યક્તિગત સત્યાગ્રહ કહેવાય છે. આચાર્ય વિનોબા ભાવે વ્યક્તિગત સત્યાગ્રહના પહેલા સત્યગ્રાહી હતા. ત્યારબાદ આશરે પચીસ હજાર સત્યાગ્રહીઓએ વ્યક્ગિત સત્યાગ્રહમાં ભાગ લઈને જેલમાં જવાનું સ્વીકાર્યું.

તાબામાં લેવાનો પ્રયત્ન કર્યો. મહારાષ્ટ્રમાં ચિમૂર, આષ્ટી, થાવલી, મહાડ, ગારગોટી જેવા અનેક ગામોના આબાલવૃદ્ધે દઢતાથી અને અસીમ ધૈર્યથી આપેલી લડત અવિસ્મરણીય બન્યા.

**શું તમે જાણો છો ?**

**બાળવીરોની સ્ફૂર્તિગાથા...**



શિરીષકુમાર

સ્વતંત્રતા ચળવળમાં શાળાના વિદ્યાર્થીઓએ પણ યોગદાન આપ્યું. નંદુરબારમાં શાળાના વિદ્યાર્થીઓએ શિરીષકુમારના નેતૃત્વ નીચે ત્રિરંગો ઝંડો લઈને દેખાવો કર્યા. 'વંદે માતરમ્'ના નારા લગાવ્યા. ચિડાઈને પોલીસે નાના બાળકો પર પણ ગોળીબાર કર્યો. આ ગોળીબારમાં શિરીષકુમાર, લાલદાસ, ધનસુખલાલ, શશીધર, ઘનશ્યામ એ વિદ્યાર્થીઓ શહીદ થયા.



જયપ્રકાશ નારાયણ

**ભૂમિગત ચળવળ :** ૧૯૪૨ના અંતમાં જન આંદોલનને નવો વળાંક મળ્યો. આંદોલનનું નેતૃત્વ તરૂણ સમાજવાદી કાર્યકર્તાઓ પાસે આવ્યું. જયપ્રકાશ નારાયણ, ડૉ. રામમનોહર લોહિયા, છોટુભાઈ પુરાણિક, અચ્યુતરાવ પટવર્ધન, અરૂણા અસફઅલી, યુસુફ મેહેરઅલી, સુચેતા કૃપલાની, એસ. એમ. જોશી, શિરૂભાઊ લિમયે, ના. ગ. ગોરે, યશવંતરાવ ચવ્હાણ, વસંતદાદા પાટીલ, મગનલાલ બાગડી, ઉષા મેહતા જેવા આગેવાનો હતા. રેલ્વેમાર્ગોની તોડફોડ કરવી, ટેલિફોનના તાર કાપવા, પૂલ તોડી નાખવા જેવા માર્ગે આંદોલનકર્તાઓએ વાહનવ્યવહાર અને સરકારી યંત્રણા છિન્નભિન્ન કરી નાખી. સંપૂર્ણ ભારતમાં આંદોલનના પડઘા પડ્યા.



અરૂણા અસફઅલી



અચ્યુતરાવ પટવર્ધન

સિંધ પ્રાંતમાં હેમુ કલાનીએ હથિયારબંધ બ્રિટિશ સેનાને લઈ જતી રેલ્વે આવવાના સમાચાર મળતાં જ રેલ્વેમાર્ગને ઉડાડી દેવાનો પ્રયત્ન કર્યો. ન્યાયાલયે તેમને ફાંસીની શિક્ષા સંભળાવી.

હાલના રાયગડ જિલ્લાના કર્જત તાલુકાના ભાઈ કોતવાલનું 'આઝાદ દસ્ત' નાગપુરના જનરલ આવારીની 'લાલ સેના' જેવા જૂથે કેટલાક મહિનાઓ સુધી સરકારના નાકમાં દમ કરી રાખ્યો. મુંબઈમાં વિઠ્ઠલ ઝવેરી, ઉષા મહેતા અને તેમના સાથીદારોએ એક ગુપ્ત પ્રક્ષેપણ કેન્દ્રની સ્થાપના કરી. તેને 'આઝાદ રેડિઓ' કહેવામાં આવતું. તેના પર રાષ્ટ્રભક્તિના ગીતો ગાવામાં આવતા. દેશમાં ચાલતા આંદોલનના સમાચાર પ્રસારિત કરવામાં આવતા. દેશભક્તિ વિષય પર ભાષણો પ્રક્ષેપિત કરવામાં આવતા. તેથી જનતાને આંદોલન ચલાવવાનું પ્રોત્સાહન મળ્યું. કોલકાત્તા, દિલ્લી અને પુણેમાં આવા પ્રક્ષેપણ કેન્દ્રો કેટલાક સમય ચલાવવામાં આવ્યા.

**પ્રતિસરકારની સ્થાપના :** દેશના કેટલાક ભાગમાં બ્રિટિશ અધિકારીઓની હકાલપટ્ટી કરીને ત્યાં લોકાભિમુખ સરકારની સ્થાપના કરવામાં આવી. એને પ્રતિસરકાર કહેવામાં આવતી. બંગાળમાં મિદનાપુર, ઉત્તર પ્રદેશમાં બાલિયા અને આઝમગઢ, બિહારમાં ભાગલપુર અને પૂર્ણિયા જિલ્લામાં પ્રતિસરકારની સ્થાપના કરવામાં આવી.

ઇ.સ. ૧૯૪૨માં મહારાષ્ટ્રમાં સાતારા જિલ્લામાં ક્રાંતિસિંહ નાના પાટીલે બ્રિટિશ સરકારનો અંત આણીને પ્રતિસરકારની સ્થાપના કરી. કુંડલમાં ક્રાંતિ અગ્રણી જી. ડી. ઉર્ફે બાપુ લાડના નેતૃત્વ નીચે સ્થપાયેલ તુફાન સેનાના માધ્યમથી કર ઉઘરાવવો, કાયદો અને સુવ્યવસ્થા જાળવી રાખવા, ગુનેગારોને સજા કરવી જેવા કામો પ્રતિસરકાર દ્વારા કરવામાં આવતા. આ સરકારે નીમેલ લોકન્યાયાલય દ્વારા અપાયેલ ન્યાય-નીવેડાને લોકો સ્વીકારતા. શાહુકારશાહીનો વિરોધ, દારૂબંધી, સાક્ષરતા પ્રસાર, જાતિભેદ નિર્મૂલન, જેવા અનેક વિધાયક કામો આ સરકારે કર્યા. તેથી પ્રતિસરકાર જનતાનું પ્રેરણાસ્થાન બની.



ક્રાંતિસિંહ નાના પાટીલ

**ચલે જાવ ચળવળનું મહત્ત્વ :** ઇ.સ. ૧૯૪૨ની ચળવળે દેશવ્યાપી આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું. સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો ઉદ્દેશ પૂર્ણ કરવા માટે એક લાખ કરતા વધારે ભારતીયયોએ અસીમ ત્યાગ કર્યો. અનેકોએ બલિદાન આપ્યા. આંદોલનકારીઓની સંખ્યા એટલી પ્રચંડ હતી કે, તેમને રાખવા માટે દેશની જેલો ઓછી પડી. સાને ગુરૂજી, રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ વગેરેએ દેશભક્તિના ગીતો દ્વારા આંદોલન-કારીઓનો ઉત્સાહ વધાર્યો. આ રાષ્ટ્રવ્યાપી આંદોલનને 'ઑગસ્ટ ક્રાંતિ' પણ કહેવામાં આવે છે.



રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ

**આઝાદ હિંદ સેના :** ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિ માટે નેતાજી સુભાષચંદ્ર બોઝે અભૂતપૂર્વ પ્રયત્ન કર્યા. ભારતની પૂર્વ સીમા પર હજારો ભારતીય સૈનિક બ્રિટિશરો વિરુધ્ધ યુધ્ધ કરવા માટે ઉભા રહ્યા. એ બધા આઝાદ હિંદ સેનાના સૈનિકો હતા. તેમના નેતા હતા નેતાજી સુભાષચંદ્ર બોઝ.

સુભાષચંદ્ર બોઝ રાષ્ટ્રીય સભાના મહત્ત્વપૂર્ણ નેતા હતા. તેમણે બે વાર રાષ્ટ્રીય સભાનું અધ્યક્ષપદ શોભાવ્યું. ઈંગ્લેન્ડ બીજા વિશ્વયુધ્ધમાં ગૂંચવાયેલું હતું, તેનો ફાયદો લઈને ભારતમાં આંદોલન તીવ્ર કરવું,



નેતાજી સુભાષચંદ્ર બોઝ

તે માટે અંગ્રેજોના શત્રુની પણ મદદ લેવી, એવો સુભાષબાબુનો મત હતો. પરંતુ તે બાબતે રાષ્ટ્રીય સભાના જ્યેષ્ઠ નેતાઓ સાથે તેમને મતભેદ થયો. પરિણામે સુભાષબાબુએ અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું. પોતાનો વિચાર જનતા સમક્ષ રજૂ કરવા માટે તેમણે 'ફૉરવર્ડ બ્લૉક' પક્ષની સ્થાપના કરી.

સુભાષચંદ્ર બોઝ પોતાના ભાષણ દ્વારા ભારતીયોને બ્રિટિશ સત્તા વિરુધ્ધ બળવો કરવાનું આહ્‌વાન આપવા લાગ્યા. તેથી સરકારે તેમને જેલમાં પૂર્યા. જેલમાં સુભાષબાબુએ આમરણ ઉપવાસ ચાલુ કરતા સરકારે તેમને મુક્ત કરીને તેમના ઘરમાં નજરકેદ કરવામાં આવ્યા. ત્યાંથી છૂપાઈને તેઓ દેશાંતર કરી ગયા. એપ્રિલ ૧૯૪૧માં તેઓ જર્મની પહોંચ્યા. ત્યાં તેમણે ફ્રી ઇંડિયા સેંટરની સ્થાપના કરી. જર્મનીના બર્લિન રેડિઓ કેન્દ્ર પરથી તેમણે જનતાને ભારતની સ્વતંત્રતા માટે સશસ્ત્ર લડાઈમાં ભાગ લેવાનું આહ્‌વાન કર્યું. આ જ કાળમાં રાસબિહારી બોસે સુભાષબાબુને જાપાન આવવાનું નિમંત્રણ આપ્યું.

**આઝાદ હિંદ સેનાની સ્થાપના :** રાસબિહારી બોસ ૧૯૧૫થી જાપાનમાં રહેતા હતા, તેમણે અગ્નિ એશિયાના દેશપ્રેમી ભારતીયોને સંગઠિત કરીને તેમણે ઇંડિયન ઇંડિપેંડન્સ લીગ' નામની સંસ્થા સ્થાપી. ઇ.સ. ૧૯૪૨ના પૂર્વાર્ધમાં જાપાને અગ્નિ એશિયાના બ્રિટિશરોના તાબામાં રહેલા પ્રદેશો જીત્યા. ત્યાંના બ્રિટિશ સૈન્યમાં સમાવિષ્ટ હજારો ભારતીય સૈનિક અને અધિકારી જાપાનના હાથે ઝડપાયા. રાસબિહારી બોસે કેપ્ટન મોહનસિંગની મદદથી ભારતીય સૈનિકોની એક પલટણ તૈયાર કરી. જેને 'આઝાદ હિંદ સેના' નામ આપ્યું. આગળ જતાં નેતાજી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ સેનાનું નેતૃત્વ કર્યું.



રાસબિહારી બોસ

ઇ.સ. ૧૯૪૩ના ઓક્ટોબરમાં નેતાજીએ સિંગાપૂરમાં આઝાદ હિંદ સરકારની સ્થાપના કરી. શહાનવાઝ ખાન, જગન્નાથ ભોંસલે, ડૉ. લક્ષ્મી સ્વામીનાથન, ગુરૂબક્ષસિંગ ધિલ્લોઁ, પ્રેમકુમાર સહગલ વગેરે તેમના પ્રમુખ સહકારી હતા. કેપ્ટન લક્ષ્મી સ્વામીનાથન, ઝાંસીની રાણી મહિલા પથકના પ્રમુખ હતા. નેતાજી સુભાષચંદ્ર બોઝે ભારતની જનતાને 'તુમ મુઝે ખુન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા' એવો નારો આપ્યો.

**આઝાદ હિંદ સેનાનું પરાક્રમ :** નવેમ્બર ૧૯૪૩માં જાપાને અંદામાન અને નિકોબાર ટાપુ જીતીને તે આઝાદ હિંદ સરકારને સ્વાધીન કર્યા. નેતાજીએ તેમને અનુક્રમે 'શહીદ' અને 'સ્વરાજ્ય' નામ આપ્યા. ઇ.સ. ૧૯૪૪માં આઝાદ હિંદ સેનાએ મ્યાનમારનો આરાકાનનો પ્રદેશ મેળવ્યો. આસામની પૂર્વ સીમા પરના સ્થળો જીત્યા. આજ કાળમાં આઝાદ હિંદ સેનાને જાપાન તરફથી મળતી મદદ બંધ થઈ જવાથી ઈમ્ફાલની ચળવળ અધૂરી રહી ગઈ. પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આઝાદ હિંદ સેનાના સૈનિકો દઢતાથી લડતા હતા. પરંતુ એ જ સમયે જાપાને શરણાગતિ સ્વીકારી ૧૮ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ વિમાન અકસ્માતમાં આઝાદ હિંદ સેનાએ શસ્ત્રો હેઠા મૂકવા પડ્યા. આમ આઝાદ હિંદ સેનાની લડત પૂરી થઈ.

બ્રિટિશ સરકારે આઝાદ હિંદ સેનાના અધિકારીઓ પર રાજદ્રોહનો આરોપ મૂક્યો. પં.જવાહરલાલ નેહરુ, ભૂલાભાઈ દેસાઈ, તેજ બહાદુર સપ્રૂ જેવા નિષ્ણાંત કાયદા પંડિતોએ તેમને બચાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ લશ્કરી ન્યાયલયે આ અધિકારીઓને દોષી ઠેરવી જન્મટીપની શિક્ષા આપી. તેથી ભારતીય જનતામાં બ્રિટિશ શાસન વિરુધ્ધ પ્રચંડ અસંતોષ નિર્માણ થયો અંતે સરકારે લશ્કરી ન્યાયાલયે આપેલી શિક્ષા રદ્દ કરવી પડી.

**ભારતીય નૌકાદળ અને વિમાન દળનો બળવો :** આઝાદ હિંદ સેનાની પ્રેરણાથી નૌસેનિકોમાં અને વાયુ સૈનિકોમાં બ્રિટિશ સત્તા વિરુધ્ધ અસંતોષ નિર્માણ થયો. ૧૮ ફેબ્રુઆરી, ૧૯૪૬ના રોજ બ્રિટિશ યુધ્ધ નૌકા 'તલવાર' પર અસંતોષ સપાટીએ આવી ગયો. સૈનિકોએ યુધ્ધ નૌકા પર ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. બ્રિટિશ સત્તા વિરુધ્ધ નારા લગાવ્યા. બ્રિટિશ સરકારે લશ્કર મોકલીને નૌસૈનિકો પર ગોળીબાર કર્યો. જેનો બળવાખોરોએ ગોળીબારથી જ જવાબ આપ્યો. મુંબઈના કામદારો અને સામાન્ય લોકોએ નૌસૈનિકોને ટેકો આપ્યો. અંતે સરદાર વલ્લભભાઈ પટેલની મધ્યસ્થીથી નૌસૈનિકોએ શસ્ત્રો હેઠા મૂક્યા.

મુંબઈમાં નૌસૈનિકોના બળવાને ટેકો આપવા માટે દિલ્લી, લાહોર, કરાચી, અંબાલા, મેરઠ વગેરે સ્થળોએ હવાઈ દળના અધિકારીઓએ બંડ પોકાર્યું. આ બળવો રાજ્યકર્તા વિરોધી અસંતોષની ભાવના ચરમ સીમાએ પહોંચ્યાનો નિર્દેશક હતો. આમ ૧૯૪૨ થી ૧૯૪૬ના સમય દરમ્યાન ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો હચમચી ગયો હતો. 'ભારત છોડો' આંદોલન દ્વારા ભારતીય જનતાએ બ્રિટિશરોનો પ્રખર વિરોધ વ્યક્ત કર્યો. લશ્કર, નૌકાદળ અને વિમાનદળ બ્રિટિશ સત્તાના આધારસ્તંભ હતા. તેઓ પણ બ્રિટિશ વિરોધી બનવા લાગ્યા. આ બધી ઘટનાને કારણે બ્રિટિશ રાજ્યકર્તાઓને જાણ થઈ કે ભારતમાં આપણી સત્તા લાંબો સમય ટકી શકશે નહીં.

## स्वाध्याय

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(અંદામાન અને નિકોબાર, ઑગસ્ટ ક્રાંતિ, વિનોબા ભાવે)

(૧) વ્યક્તિગત સત્યાગ્રહના પહેલા સત્યાગ્રહી ........ હતા.

(૨) ઇ.સ. ૧૯૪૨ના રાષ્ટ્રવ્યાપી આંદોલનને ............ કહેવાય છે.

(૩) નવેમ્બર ૧૯૪૩માં જાપાને .......... બેટ જીતીને આઝાદ હિંદ સરકારને સ્વાધીન કર્યા.

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) નવેમ્બર ૧૯૩૯માં રાષ્ટ્રીય સભાના પ્રાંતિક મંત્રી મંડળે રાજીનામા આપ્યા.

(૨) આઝાદ હિંદ સેનાએ શસ્ત્રો હેઠા મૂકવા પડ્યા.

(૩) પ્રતિસરકાર જનતાના પ્રેરણાસ્ત્રોત બન્યા.

**૩. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| સંગઠન | સંસ્થાપક |
|---|---|
| ફૉરવર્ડ બ્લૉક | |
| ઇંડિયન ઇંડિપેંડન્સ લીગ | |
| તુફાન સેના | |

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) શિરીષકુમારના કાર્યમાંથી તમને શું પ્રેરણા મળે છે ?

(૨) ઈંગ્લેન્ડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે સ્ટેફર્ડ ક્રિપ્સને ભારત શા માટે મોકલ્યા હતા ?

(૩) રાષ્ટ્રીય સભાના પ્રમુખ નેતાઓની ધરપકડના સમાચાર આખા દેશમાં ફેલાતા શું પ્રતિક્રિયા ઉમટી ?

**ઉપક્રમ**

(૧) આઝાદ હિંદ સેનાની લડતની ઘટનાની કાળરેખા તૈયાર કરો.

(૨) ઈન્ટરનેટની મદદથી ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનના છાયાચિત્રો મેળવો અને રાષ્ટ્રીય દિન નિમિત્તે તેનું પ્રદર્શન આયોજિત કરો.

AHAPAS

# ૧૦. સશસ્ત્ર ક્રાંતિકારી ચળવળ

બ્રિટિશ સામ્રાજ્ય વિરુધ્ધ ભારતમાં વિવિધ માર્ગે આંદોલનો થયા. તેમાંનો એક માર્ગ સશસ્ત્ર ક્રાંતિનો હતો. આ પાઠમાં આપણે તેના વિશે જાણીશું.

ઇ.સ. ૧૮૫૭ પહેલા અંગ્રેજી સત્તા વિરુધ્ધ થયેલા બળવા અને ૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામનો અભ્યાસ કર્યો છે. ત્યાર પછીના સમયમાં રામસિંહ કુકાએ પંજાબમાં સરકાર વિરોધી બળવાનું આયોજન કર્યું હતું.

**વાસુદેવ બળવંત ફડકે :** મહારાષ્ટ્રમાં વાસુદેવ બળવંત ફડકેએ અંગ્રેજો વિરુધ્ધ સશસ્ત્ર લડત ચલાવી. તેમની માન્યતા હતી કે બ્રિટિશ સામ્રાજ્ય સામે સશસ્ત્ર લડત લડવી જોઈએ. તેમણે વસ્તાદ લહુજી સાળવે પાસે શસ્ત્રવિદ્યાનું શિક્ષણ લીધું. બ્રિટિશ સત્તા વિરુધ્ધ સશસ્ત્ર બળવો કરવા માટે તેમણે રામોશી બાંધવોને સંગઠિત કરીને બંડ પોકાર્યું. આ બંડ અસફળ રહ્યું. બ્રિટિશ સરકારે તેમને એડનની જેલમાં મોકલ્યા. ઇ.સ. ૧૮૮૩માં જેલમાં જ તેમનું મૃત્યુ થયું. સ્વાતંત્ર્ય માટે તેમણે સશસ્ત્ર લડત શરૂ કરી.


વાસુદેવ બળવંત ફડકે

**ચાફેકર બંધુ :** ઇ.સ. ૧૮૯૭માં પુણેમાં ફેલાયેલ પ્લેગના રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે કરાતા કાર્યો દરમ્યાન પ્લેગ કમિશનર રેંડે જુલમ-બળજબરી કરી. તેના પ્રતિશોધ રૂપે ૨૨ જૂન, ૧૮૯૭ના રોજ દામોદર અને બાળકૃષ્ણ ચાફેકર બંધુઓએ રેંડનો વધ કર્યો. દામોદર, બાળકૃષ્ણ અને વાસુદેવ એ ત્રણ ભાઈઓ અને તેમના સહકાર્યકર્તા મહાદેવ રાનડેને ફાંસીની સજા થઈ. એક જ ઘરના ત્રણ ભાઈઓ દેશ માટે શહીદ થઈ ગયા.

આજ સમય દરમ્યાન બિહારમાં મુંડા આદિવાસીઓએ બિરસા મુંડાના નેતૃત્વ હેઠળ સરકાર વિરુધ્ધ મોટો બળવો પોકાર્યો.

**અભિનવ ભારત :** ઇ.સ. ૧૯૦૦માં સ્વાતંત્ર્યવીર વિનાયક દામોદર સાવરકરે નાસિકમાં 'મિત્રમેળા' નામની ક્રાંતિકારીઓના ગુપ્ત સંગઠનની સ્થાપના કરી. ઇ.સ. ૧૯૦૪માં આજ સંસ્થાને 'અભિનવ ભારત' નામ આપવામાં આવ્યું. ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સાવરકર ઈંગ્લેન્ડ ગયા. તેમણે ત્યાંથી અભિનવ ભારત સંસ્થાના ભારતીય સભ્યોને ક્રાંતિકારી સાહિત્ય, પિસ્તોલ વગેરે સાહિત્ય મોકલવાની શરૂઆત કરી. તેમણે પ્રસિધ્ધ ઈટાલિયન ક્રાંતિકારી જોસેફ મૅઝિનીનું ચરિત્ર લખ્યું. ૧૮૫૭નો બળવો એ પહેલું ભારતીય સ્વાતંત્ર્ય યુધ્ધ હતું. તેમણે '૧૮૫૭નો સ્વાતંત્ર્ય સંગ્રામ' નામનું પુસ્તક લખ્યું.


સ્વાતંત્ર્યવીર વિ. દા. સાવરકર

**શું તમે જાણો છો ?**

પચાસ વર્ષની સશ્રમ કારાવાસની શિક્ષા ભોગવવા માટે સ્વા.સાવરકરને અંદામાન લઈ જવામાં આવ્યા. તેઓ ત્યાં દસ વર્ષ હતા. પોતાની આત્મકથા 'મારી જન્મટીપ'માં સાવરકરે અંદામાનના તે ભયાનક દિવસોના અનુભવો લખ્યા છે. પછી સરકારે તેમને રત્નાગિરી લઈ જઈને ત્યાં સ્થાનબદ્ધ કર્યા. સાવરકરે ત્યાં જાતિભેદ નિર્મૂલન, અસ્પૃશ્યતા નિવારણ, સહભોજન, ભાષાશુદ્ધિકરણ જેવી સામાજિક ચળવળો ચલાવી. તેઓ મહાન સાહિત્યકાર હતા. ઇ.સ. ૧૯૩૮માં મુંબઈમાં ભરાયેલ મરાઠી સાહિત્ય સંમેલનના અધ્યક્ષ હતા.

સરકારને અભિનવ ભારત સંગઠનના કાર્યો પ્રત્યે અણગમો થવા લાગ્યો. તેથી સરકારે બાબારાવ સાવરકરની ધરપકડ કરી. તેમને જન્મટીપની સજા ફરમાવી. આ સજાનો બદલો લેવા માટે અનંત લક્ષ્મણ કાન્હેરેએ નાસિકના કલેક્ટર જેક્સનનો વધ કર્યો. સરકારે અભિનવ ભારત સંગઠન સાથે સંબંધિત લોકોની ધરપકડ કરવાની શરૂઆત કરી. સરકારે જેક્સનના વધને સ્વાતંત્ર્યવીર સાવરકર સાથે જોડીને તેમની ધરપકડ કરી, તેમના પર ખટલો ચલાવવામાં આવ્યો. ન્યાયાલયે તેમને પચાસ વર્ષની સશ્રમ કારાવાસની શિક્ષા કરી.

**બંગાળમાં ક્રાંતિકારી ચળવળ :** બંગાળના ભાગલા બાદ બ્રિટિશ વિરોધી અસંતોષ ખૂબ તીવ્ર બન્યો હતો. સ્થાનિક બળવાને બદલે રાષ્ટ્રીય સ્તરે વ્યાપક ક્રાંતિકારી ચળવળો શરૂ થવા લાગી. દેશના વિવિધ ભાગોમાં ક્રાંતિકારી વિચારો ધરાવતા તરૂણો પોતાની ગુપ્ત સંસ્થા સ્થાપવા લાગ્યા. બ્રિટિશ અધિકારીઓ પર ધાક બેસાડવી, બ્રિટિશ શાસનયંત્રણા ખોરવી નાખવી, લોકોમાંથી બ્રિટિશ સરકારનો ભય દૂર કરવો, બ્રિટિશ સરકાર ઉથલાવી નાખવી એ તેમના પ્રમુખ ઉદ્દેશો હતા.

બંગાળમાં 'અનુશીલન સમિતિ' નામનું ક્રાંતિકારી સંગઠન કાર્યરત હતું. અનુશીલન સમિતિની પાંચસોથી વધુ શાખા હતી. અરવિંદ ઘોષના ભાઈ બારીંદ્રકુમાર ઘોષ આ સંગઠનના પ્રમુખ હતા. અરવિંદ ઘોષ આ સંગઠનને સલાહ અને માર્ગદર્શન આપતા. કોલકાતા નજીક માણિકતાળાના આ સમિતિનું બોંબ તૈયાર કરવાનું કેન્દ્ર હતું.

ઇ.સ. ૧૯૦૮માં અનુશીલન સમિતિના સભ્ય ખુદીરામ બોસ અને પ્રફુલ્લ ચાકીએ કિંગ્જફોર્ડ નામના ન્યાયાધીશને ઠાર મારવાની યોજના ઘડી. પરંતુ જે ગાડી પર તેમણે બોંબ નાંખ્યો તે ગાડી કિંગ્જફોર્ડની નહતી. આ હુમલામાં બે અંગ્રેજ સ્ત્રીઓ મૃત્યુ પામી અંગ્રેજોના હાથમાં ન આવે તે માટે પ્રફુલ્લ ચાકીએ પોતાને ગોળી મારી લીધી. ખુદીરામ બોસ પોલીસના હાથમાં ઝડપાઈ ગયા. તેમને ફાંસી દેવામાં આવી. આ પ્રકરણની તપાસ કરતી વખતે પોલીસને અનુશીલન સમિતિના કાર્યો વિશે માહિતી મળી. તેમણે આ સંગઠનના સભ્યોની ધરપકડ કરવાની શરૂઆત કરી. અરવિંદ ઘોષની પણ ધરપકડ કરવામાં આવી. બોંબ તૈયાર કરનાર સાથે અરવિંદ બાબુનો સંબંધ જોડવામાં સરકાર નિષ્ફળ નીવડતા ન્યાયાલયે તેમને નિર્દોષ જાહેર કરી મુક્ત કર્યા. અન્ય સભ્યોને લાંબા સમય સુધીની શિક્ષા કરવામાં આવી.

રાસબિહારી બોસ અને સચિંદ્રનાથ સંન્યાલે બંગાળની બહાર પણ ક્રાંતિકારી સંગઠનનું જાળું વિસ્તાર્યું. પંજાબ, દિલ્લી, ઉત્તર પ્રદેશમાં ક્રાંતિકાર્યોના કેન્દ્ર ઊભા કર્યાં. રાસબિહારી બોસ અને તેમના સહકાર્યકર્તાએ વાઈસરૉય લૉર્ડ હોર્ડિંગ્ઝ પર બોંબ ફેંક્યો પરંતુ લૉર્ડ હોર્ડિંગ્ઝ બચી ગયો.

મદ્રાસ પ્રાંતમાં પણ ક્રાંતિકાર્ય ચાલુ હતું. ક્રાંતિકારી વાંચી અય્યરે બ્રિટિશ અધિકારી ઍશને ઠાર મારી પોતાને ગોળી મારીને આત્મ બલિદાન આપ્યું.

**ઇંડિયા હાઉસ :** ભારતીય ક્રાંતિકારીઓને પરદેશના ભારતીય ક્રાંતિકારીઓ પાસેથી સહાયતા મળતી હતી. લંડનમાં આવેલું ઇંડિયા હાઉસ આવી સહાયતાનું મહત્ત્વનું કેન્દ્ર હતું. ભારતીય દેશભક્ત પં.શ્યામજી કૃષ્ણ વર્માએ ઇંડિયા હાઉસની સ્થાપના કરી હતી. આ સંસ્થા દ્વારા ભારતીય તરૂણોને ઈંગ્લેન્ડમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે શિષ્યવૃત્તિ આપવામાં આવતી. સ્વાતંત્ર્ય વીર સાવરકરને આવી શિષ્યવૃત્તિ મળી હતી. માદામ કામાએ જર્મનીના સ્ટુટગાર્ડમાં ભરાયેલ જાગતિક સમાજવાદી પરિષદમાં



પં. શ્યામજી કૃષ્ણ વર્મા



માદામ કામા

ભારતની સ્વતંત્રતાનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. આજ પરિષદમાં તેમણે ભારતીય ધ્વજ ફરકાવ્યો હતો. મદનલાલ ધિંગ્રા ઇંડિયા હાઉસ સાથે સંબંધિત બીજા ભારતીય ક્રાંતિકારી તરૂણ હતા. તેમણે અંગ્રેજ અધિકારી કર્ઝન વાયલીને ઠાર મારતા તેમને ફાંસીની સજા આપવામાં આવી.

**ગદર ચળવળ :** પહેલા વિશ્વયુધ્ધના સમયમાં બ્રિટિશ વિરોધી ક્રાંતિકારી કાર્યોને વેગ મળ્યો. બ્રિટિશોના શત્રુની મદદ મેળવીને ભારતમાં સત્તા ઉથલાવી શકાશે, આ પ્રયત્નોમાં ભારતીય સૈનિકોનો સાથ મેળવી શકાશે, એવું ક્રાંતિકારીઓને લાગતું હતું. આ તકનો લાભ લેવા માટે ક્રાંતિકારક સંગઠનો સ્થાપવામાં આવ્યા. તેમાંનું એક પ્રમુખ સંગઠન હતું 'ગદર'.

અમેરિકા અને કેનેડાના ભારતીયોએ 'ગદર' સંગઠનની સ્થાપના કરી હતી. લાલા દરદયાળ, ભાઈ પરમાનંદ, ડૉ.પાંડુરંગ સદાશિવ ખાનખોજે વગેરે ક્રાંતિકારીઓ આ સંગઠનના પ્રમુખ નેતાઓ હતા. 'ગદર' એટલે વિદ્રોહ. આ સંગઠનના મુખપત્રનું નામ હતું 'ગદર'. આ મુખપત્ર દ્વારા બ્રિટિશ રાજવહીવટના ભારત પર થતું દુષ્પરિણામની જાણ કરવામાં આવતી. ભારતીય ક્રાંતિકારીઓના સાહસિક કાર્યોની માહિતી આપવામાં આવતી. આમ 'ગદર' મુખપત્રએ ભારતીયોને રાષ્ટ્રપ્રેમ અને સશસ્ત્ર ક્રાંતિનો સંદેશ આપ્યો.

બ્રિટિશ વિરોધી બળવો કરવા માટે 'ગદર' સંગઠનના નેતાઓએ યુધ્ધ જન્ય પરિસ્થિતિનો લાભ લેવાનું નક્કી કર્યું. તેમણે પંજાબમાં બ્રિટિશરો વિરુધ્ધ બળવો કરવાની યોજના ઘડી. લશ્કરના ભારતીય સૈનિકોને બળવામાં સહભાગી થવા તૈયાર કર્યા. રાસબિહારી બોસ અને વિષ્ણુ ગણેશ પિંગળે બળવાનું નેતૃત્વ કરશે એવું નક્કી કરવામાં આવ્યું. પરંતુ વિશ્વાસ ઘાતને કારણે બ્રિટિશરોને આ યોજનાની જાણ થઈ ગઈ. પિંગળે પોલીસના હાથમાં ઝડપાઈ ગયા. તેમને ફાંસી આપવામાં આવી. રાસબિહારી બોસ નાસી જવામાં સફળ થયા. જાપાન જઈને તેમણે પોતાનું ક્રાંતિકાર્ય ચાલુ રાખ્યું.

યુદ્ધ દરમ્યાન પરદેશમાં અન્ય સ્થળોએ પણ ક્રાંતિકારી ચળવળો કાર્યરત હતી. બર્લિનમાં વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય, ભૂપેન દત્ત અને હરદયાળે જર્મન પરરાષ્ટ્ર ખાતાની સહયોગથી બ્રિટિશરો વિરુધ્ધ યોજના ઘડી. ઇ.સ. ૧૯૧૫માં મહેન્દ્રપ્રતાપ, બરકતુલ્લા અને ઓબીદુલ્લા સિંધીએ કાબૂલમાં સ્વતંત્ર ભારતની હંગામી સરકારની સ્થાપના કરી હતી.

**કાકોરી કાવતરું :** સરકારના દમનથી ક્રાંતિકારી ચળવળનો અંત આવ્યો નહીં. ગાંધીજીએ અસહકારની ચળવળ સ્થગિત કરતા અનેક તરૂણો ક્રાંતિ તરફ વળ્યા. ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ બિસ્મિલ, યોગેશ ચેટર્જી, સચિન્દ્રનાથ સંન્યાલ વગેરે ક્રાંતિકારીઓ એકત્રિત થયા ક્રાંતિ માટે જોઇતા પૈસા ભેગા કરવા માટે તેમણે ૯ ઑગસ્ટ, ૧૯૨૫ના રોજ ઉત્તરપ્રદેશના કાકોરી રેલ્વેસ્ટેશન નજીક રેલ્વે દ્વારા લઈ જવાતો સરકારી ખજાનો લૂટ્યો. તેને 'કાકોરી કાવતરું' કહેવામાં આવે છે. સરકારે તાત્કાલિક કાર્યવાહી કરીને ક્રાંતિકારીઓની ધરપકડ કરી. તેમના પર ખટલો ચલાવવામાં આવ્યો. અશફાક ઉલ્લા ખાન, રામપ્રસાદ બિસ્મિલ, રોશન સિંગ, રાજેન્દ્ર લાહિરીને ફાંસી આપવામાં આવી. ચંદ્રશેખર આઝાદ પોલીસના હાથમાં ઝડપાયા નહીં.


ચંદ્રશેખર આઝાદ

**હિંદુસ્તાન સૉશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન :** સમાજવાદી વિચારોથી પ્રભાવિત થયેલા તરૂણોએ દેશવ્યાપી ક્રાંતિકારી સંગઠન ઉભું કરવાનું નક્કી કર્યું. જેમાં ચંદ્રશેખર આઝાદ,


ભગતસિંગ


રાજગુરૂ


સુખદેવ

ભગતસિંગ, રાજગુરૂ, સુખદેવ વગેરે પ્રમુખ હતા. આ બધા ક્રાંતિકારીઓ ધર્મનિરપેક્ષ વિચાર- સરણી ધરાવતા હતા. ઇ.સ. ૧૯૨૮માં દિલ્લીના ફિરોઝશાહ કોટલા મેદાન પર ભરાયેલ બેઠકમાં આ તરૂણોએ 'હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન' નામની સંસ્થાની સ્થાપના કરી. ભારતને બ્રિટિશરોના શોષણમાંથી મુક્ત કરવું એ સંસ્થાનો ઉદ્દેશ હતો. સાથે જ તેઓ ખેડૂતો-કામદારોનું શોષણ કરનારી સામાજિક, આર્થિક વ્યવસ્થા પણ બદલવા ઇચ્છતા હતા. ભગતસિંગે સામાજિક ન્યાય અને સમતા પર આધારિત સમાજનું નિર્માણ કરવા પર ભાર આપ્યો.

શસ્ત્રો ભેગા કરવા અને કાર્યક્રમોનો અમલ કરવાનું કાર્ય, આ સંસ્થાના સ્વતંત્ર વિભાગને સોંપવામાં આવ્યું હતું. આ વિભાગનું નામ હતું. 'હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન આર્મી' અને તેના પ્રમુખ હતા ચંદ્રશેખર આઝાદ.


આ સંસ્થાના સભ્યોએ અનેક ક્રાંતિકારી કાર્યો કર્યાં. ભગતસિંગ અને રાજગુરૂએ લાલા લજપતરાયના મૃત્યુનો બદલો લેવા માટે બ્રિટિશ અધિકારી સૉંડર્સને ગોળી મારી તેની હત્યા કરી.

એ સમયે સરકારે મધ્યવર્તી વિધિમંડળમાં નાગરી હક્કો પર ઘાત કરતા બે વિધયકો રજૂ કર્યા હતા. તેનો નિષેધ કરવા માટે ભગતસિંગ અને બટુકેશ્વર દત્તે વિધિમંડળમાં બૉંબ ફેંક્યો.

સરકારે તત્કાળ હિંદુસ્તાન સૉશ્યલિસ્ટ રિપબ્લિકન આર્મીના કેન્દ્ર પર ધાડ પાડી. પોલીસને ત્યાંથી સૉંડર્સની હત્યાના સૂત્રો મળ્યા. સરકારે ક્રાંતિકારીઓની ધરપકડ શરૂ કરી. તેમના પર રાજદ્રોહનો આરોપ મૂકી ખટલો ચલાવવામાં આવ્યો. ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ લાહોરની જેલમાં ભગતસિંગ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી આપવામાં આવી.

છેલ્લે સુધી ચંદ્રશેખર આઝાદ પોલીસના હાથમાં આવ્યા નહીં. અલ્હાબાદના આલ્ફ્રેડ પાર્કમાં પોલીસ સાથે થયેલી ચકમકમાં તે મૃત્યુ પામ્યા.

**ચિતગાવ શસ્ત્રાગાર પર હુમલો :** બંગાળમાં ચિતગાવના ક્રાંતિકારી જૂથના પ્રમુખ સૂર્ય સેન હતા. તેમણે અનંત સિંગ, ગણેશ ઘોષ, કલ્પના દત્ત, પ્રીતિલતા વડ્ડેદાર જેવા નિષ્ઠાવાન ક્રાંતિકારીઓની ફોજ ઉભી કરી હતી. સૂર્ય સેને તેમની મદદથી ચિતગાવમાં આવેલ શસ્ત્રાગાર પર હુમલો કરવાની યોજના ઘડી. ૧૮ એપ્રિલ, ૧૯૩૦ના રોજ ક્રાંતિકારીઓએ યોજના અનુસાર બે શસ્ત્રાગારના અસ્ત્રશસ્ત્રનો તાબો મેળવ્યો. ટેલિફોન અને ટેલિગ્રાફ યંત્રણા ખેરવી નાખી અને સંદેશવહન યંત્રણા ઠપ્પ કરવામાં સફળ બન્યા. ત્યારબાદ તેમણે બ્રિટિશ ફોજ સાથે રોમાંચક લડત લડી.


સૂર્ય સેન


કલ્પના દત્ત


પ્રીતિલતા વડ્ડેદાર

૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૩ના રોજ સૂર્યસેન અને તેમના કેટલાક સહયોગીઓ પોલીસના હાથમાં ઝડપાઈ ગયા. સૂર્ય સેન અને તેમના મોટાભાગના સહયોગીઓને ફાંસીની સજા આપવામાં આવી- પ્રીતિલતા વડ્ડેદારે પોલીસના હાથમાં ઝડપાવાને બદલે આત્મ બલિદાન આપ્યું.

ચિતગાવ બળવાને કારણે ક્રાંતિકારી ચળવળને વેગ મળ્યો. શાંતિ ઘોષ અને સુનિતી ચૌધરી નામની શાળાની બે વિદ્યાર્થીનીઓએ જિલ્લા ન્યાયાધીશને ઠાર માર્યા. કોલકાતા વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં બીના દાસે ગવર્નરને ગોળીઓ ધરબી દીધી. આવી અનેક ક્રાંતિકારી ઘટના આ કાળમાં ઘટી.

ઇ.સ. ૧૯૪૦માં સરદાર ઉધમસિંગે જલિયાંવાલા બાગ હત્યાકાંડના જવાબદાર ઓડવાયરનો ઈંગ્લેન્ડમાં વધ કર્યો.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ક્રાંતિકારી ચળવળનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ક્રાંતિકારીઓએ બ્રિટિશ સત્તા સાથે લડતી વખતે સાહસ અને નિર્ધારનું પ્રદર્શન કર્યું. તેમના રાષ્ટ્રપ્રેમ અને સમર્પણવૃત્તિ અજોડ હતા. તેમના બલિદાન ભારતીય લોકો માટે પ્રેરણાદાયી બન્યા છે.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(પં.શ્યામજી કૃષ્ણ વર્મા, મિત્રમેળા, રામસિંહ કુકા)

(૧) સ્વાતંત્ર્યવીર સાવરકરે ........... નામનું ક્રાંતિકારીઓનું ગુપ્ત સંગઠન સ્થાપ્યું.

(૨) ....... એ પંજાબમાં સરકાર વિરોધી બળવાનું આયોજન કર્યું.

(૩) ઇંડિયા હાઉસની સ્થાપના ............ એ કરી.

**૨. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**

| ક્રાંતિકારી | સંગઠન |
|---|---|
| .................. | અભિનવ ભારત |
| બારીંદ્રકુમાર ઘોષ | .................... |
| ચંદ્રશેખર આઝાદ | .................... |

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) ચાફેકર બંધુએ રેંડનો વધ કર્યો.

(૨) ખુદીરામ બોસને ફાંસી આપવામાં આવી.

(૩) ભગતસિંગ અને બટુકેશ્વર દત્તે મધ્યવર્તી વિધિમંડળમાં બોંબ ફેંક્યા.

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(૧) ચિત્તગાવ શસ્ત્રાગાર પરના હુમલાનો વૃત્તાંત લખો.

(૨) સ્વાતંત્ર્યવીર સાવરકરે સશસ્ત્ર ક્રાંતિમાં આપેલું યોગદાન સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

(૧) ક્રાંતિકારીઓના જીવન પર આધારિત નાટક, ચલચિત્ર જુઓ અને તેમાંથી તમને ગમેલા પ્રસંગનું વર્ગમાં પ્રસ્તુતીકરણ કરો.

(૨) ક્રાંતિકારીઓની ગાથા પર આધારિત હસ્તલિખિત માહિતી તૈયાર કરો.


AHJKCF

# ૧૧. સમાનતાની લડત

આધુનિક ભારતની પ્રગતિમાં રાજકીય સ્વતંત્રતાની લડાઈ મહત્ત્વની હતી. આ લડત માનવમુક્તિના વ્યાપક તત્ત્વજ્ઞાન પર આધારિત હતી. તેથી આ લડત દરમ્યાન રાજકીય ગુલામીની સાથે સામંતશાહી, સામાજિક વિષમતા, આર્થિક શોષણ જેવી બાબતોનો પણ વિરોધ થવા લાગ્યો. સ્વતંત્રતાની જેમ જ સમાનતાનું તત્વ પણ મહત્ત્વનું છે. તે માટે ખેડૂતો કામગાર, સ્ત્રીઓ, દલિતો વગેરેએ ચલાવેલી ચળવળો અને સમાનતાને મહત્ત્વ આપનાર સમાજવાદના પ્રવાહનું યોગદાન મહત્ત્વપૂર્ણ રહ્યું તેને ધ્યાનમાં લીધા સિવાય આધુનિક ભારતની રચના સમજી શકાય નહીં, માટે આપણે કેટલીક ચળવળોનો અભ્યાસ કરીએ.

**ખેડૂત ચળવળ :** બ્રિટિશરોના આર્થિક ધોરણનું દુષ્પરિણામ ભારતીય ખેડૂતોએ ભોગવવું પડતું હતું. બ્રિટિશ સરકાર જમીનદાર, સાહુકારોને સંરક્ષણ આપતી હતી. તેઓ ખેડૂતો પર અન્યાય કરતા હતા. આ અન્યાય વિરુધ્ધ ખેડૂતોએ અનેક બળવા કર્યા. પરાણે ગળી ઉત્પાદન કરવાના વિરોધમાં બંગાળના ખેડૂતોએ કૃષિ સંગઠન સ્થાપીને બળવો કર્યો. દીનબંધુ મિત્રના નાટક 'નીલદર્પણ' ગળી ઉત્પાદક ખેડૂતોની હાલાકી સમાજ સમક્ષ રજૂ કરી. ઇ.સ. ૧૮૭૫માં મહારાષ્ટ્રના ખેડૂતોએ જમીનદાર અને સાહુકારના અત્યાચારો વિરૂધ્ધ મોટો બળવો કર્યો. ઇ.સ. ૧૯૧૮માં બાબા રામચંદ્રના નેતૃત્વમાં ઉત્તર પ્રદેશના ખેડૂતોએ 'કિસાન સભા' સંસ્થાની સ્થાપના કરી. કેરળમાં ખેડૂતોએ મોટો બળવો કર્યો. જેને બ્રિટિશ સરકારે કચડી નાંખ્યો.

ઇ.સ. ૧૯૩૬માં પ્રા. એન. જી. રંગાના નેતૃત્વમાં 'અખિલ ભારતીય ખેડૂત સભા'ની સ્થાપના કરવામાં આવી. સ્વામી સહજાનંદ સરસ્વતી આ સભાના અધ્યક્ષ હતા. આ સભાએ રાષ્ટ્રીય સભા સમક્ષ ખેડૂતોના હક્કોનું જાહેરનામું રજૂ કર્યું. ઇ.સ. ૧૯૩૬માં મહારાષ્ટ્રના ગ્રામીણ ક્ષેત્ર ફૈજપુરમાં રાષ્ટ્રીય સભાનું અધિવેશન ભરાયું હતું. આ અધિવેશનમાં હજારો ખેડૂતો હાજર હતા.



પ્રા. એન. જી. રંગા

ઇ.સ. ૧૯૩૮માં પૂર્વ ખાનદેશમાં અતિવૃષ્ટિ થઈ અને પાક તણાઈ ગયો. ખેડૂતોની સ્થિતિ દયનીય બની. સાને ગુરૂજીએ સ્થળે સ્થળે સભાઓ ભરીને મહેસૂલ-મુક્તિની માંગ કરી. કલેક્ટરની કચેરી ઉપર મોરચો કાઢ્યો. ઇ.સ. ૧૯૪૨ના ક્રાંતિપર્વમાં ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.



સાને ગુરૂજી

**શું તમે જાણો છો ?**

સાને ગુરૂજીએ ખેડૂત કામગારોને એકત્રિત કર્યા. ધૂળે-અમળનેરને કામાગર સંગઠનના પ્રબળ કેન્દ્રો બનાવવાનો તેમનો પ્રયત્ન હતો. અમળનેરના મીલ કામદાર યુનિયનના તેઓ અધ્યક્ષ હતા.


પંઢરપુરના વિઠ્ઠલ મંદિરમાં દલિતોના પ્રવેશ માટે તેમણે પંઢરપુરમાં આમરણ ઉપવાસ કર્યા હતા.

**કામદાર સંગઠન :** ઓગણીસમાં શતકના ઉત્તરાર્ધમાં ભારતમાં કાપડની મીલો, રેલ્વે કંપનીઓ જેવા ઉદ્યોગોની શરૂઆત થઈ. મોટા પ્રમાણમાં કામગાર વર્ગ ઉદયમાં આવ્યો નહોતો, તો પણ આ



નારાયણ મેઘાજી લોખંડે

કાળમાં કામગારોના પ્રશ્ન ઉકેલવા માટે પ્રયત્ન કરવામાં આવ્યા. શશિપદ બેનર્જી, નારાયણ મેઘાજી લોખંડેએ સ્થાનિક સ્તરે કામગારોનું સંગઠન સ્થાપ્યું. લોખંડેએ કામગાર વિષયક કરેલું કાર્ય એટલું મહત્ત્વપૂર્ણ હતું કે તેમને 'ભારતીય કામગાર ચળવળના જનક' કહેવામાં આવે છે.




**શું તમે જાણો છો ?**

નારાયણ મેઘાજી લોખંડેનું મૂળગામ પુણે જિલ્લામાં સાસવડ પાસે આવેલું કાન્હેસર ગામ હતું. ઇ.સ. ૧૮૯૦માં તેમણે 'બોમ્બે મિલ હૈન્ડસ એસોસિએશન' નામે મીલ કામદાર સંગઠનની સ્થાપના કરી. આ કામગાર સંગઠનને ભારતમાં સંઘઠિત ચળવળની શરૂઆત માનવામાં આવે છે. તેઓ મહાત્મા ફુલેએ સ્થાપેલ સત્યશોધક સમાજના મુંબઇ શાખાના અધ્યક્ષ પણ હતા. તેમના પ્રયત્નોને કારણે ૧૦ જૂન, ૧૮૯૦થી કામગારોને રવિવારે સાપ્તાહિક રજા મળવા લાગી.

આજ સમયમાં આસામમાં ચાના બગીચામાં કામ કરનારા કામગારોની દારૂણ અવસ્થા વિરૂદ્ધ આંદોલન કરવામાં આવ્યું. ઇ.સ. ૧૮૯૯માં ગ્રેટ ઇન્ડિયન પેનિન્સુલર (જી.આય.પી.) રેલ્વેના કામગારોએ પોતાની માંગણીઓ પૂરી કરવા માટે હડતાલ કરી. બંગભંગ આંદોલનના સમયમાં સ્વદેશીને ટેકો સ્થાપવા માટે કામગારોએ અવારનવાર હડતાલ કરી. પહેલા વિશ્વયુદ્ધ પછી ભારતમાં થયેલા ઔદ્યોગિકરણને કારણે કામગાર વર્ગ વધ્યો, ત્યારે રાષ્ટ્રવ્યાપી કામગાર સંગઠનની આવશ્યકતા જણાઈ. તેથી ઇ.સ. ૧૯૨૦માં ઑલ ઇંડિયા ટ્રેડ યુનિયન કૉંગ્રેસ (આયટક)ની સ્થાપના કરવામાં આવી. આયટકના કાર્યમાં ના. મ. જોશીનું ખૂબ યોગદાન હતું. આયટકના પહેલા અધિવેશનના અધ્યક્ષ હતા લાલા લજપતરાય. તેમણે જણાવ્યું કે, કામગારોએ રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય સહભાગ લેવો જોઈએ.


કામગાર વર્ગમાં સમાજવાદી વિચારોનો પ્રસાર કરીને તેમની લડાયક સંગઠન ઊભું કરવાનું કાર્ય શ્રીપાદ અમૃત ડાંગે, મુઝફ્ફર અહમદ જેવા સમાજવાદી નેતાઓએ કર્યું. ઇ.સ. ૧૯૨૮માં મુંબઇમાં મીલ કામદાર સંઘે છ મહિના હડતાલ કરી. રેલ્વે કામગાર, શણ કામગાર વગેરે લોકોએ આવી અનેક હડતાલો કરી. કામગાર ચળવળની વધતી શક્તિ જોઈને સરકાર અસ્વસ્થ બની. આ ચળવળને દબાવી દેવા માટે કાયદા કરવામાં આવ્યા કામગારોની લડત રાષ્ટ્રીય ચળવળને પૂરક બની.



શ્રીપાદ અમૃત ડાંગે

**સમાજવાદી ચળવળ :** સામાન્ય જનતાના હિતરક્ષણ માટે બ્રિટિશ સરકારને ઉથલાવવી જરૂરી છે, એવું રાષ્ટ્રીય સભાના અનેક તરૂણ કાર્યકર્તાઓને લાગવા માંડ્યું. તે જ પ્રમાણે આર્થિક અને સામાજિક સમાનતાના તત્વ પર આધારિત સમાજની ફેરરચના કરવી જોઈએ એવી પણ જાણ થઈ અને તેમાંથી જ સમાજવાદી વિચારસરણીનો ઉદય અને વિકાસ થયો.

રાષ્ટ્રીય સભાના સમાજવાદી તરૂણોએ નાસિકની જેલમાં રહીને જ રાષ્ટ્રીય સભા અંતર્ગત સમાજવાદી પક્ષ સ્થાપવાનો નિર્ણય લીધો. આ નિર્ણય અનુસાર ઇ.સ. ૧૯૩૪માં કોંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના કરવામાં આવી. જેમાં આચાર્ય નરેન્દ્ર દેવ, જયપ્રકાશ નારાયણ, મિનૂ મસાની, ડૉ.રામમનોહર લોહિયા વગેરે નેતા હતા. ઇ.સ. ૧૯૪૨ ના 'ભારત છોડો' આંદોલનમાં સમાજવાદી તરૂણોએ આગળ પડતો ભાગ લીધો હતો.



આચાર્ય નરેન્દ્ર દેવ



ડૉ. રામમનોહર લોહિયા

ભારતીયોને કાર્લ માર્ક્સ અને તેના સામ્યવાદનો પરિચય થવા લાગ્યો. ઇ.સ. ૧૮૮૧માં જ લોકમાન્ય ટિળકે માર્ક્સ વિશે લેખ લખ્યો હતો. પહેલા વિશ્વયુધ્ધ પછી ભારતમાં સામ્યવાદનો પ્રભાવ જણાવા લાગ્યો. માનવેન્દ્રનાથ રૉયે આંતરરાષ્ટ્રીય સામ્યવાદી ચળવળમાં સક્રિય સહભાગ લીધો હતો.

ઇ.સ. ૧૯૨૫માં ભારતમાં સામ્યવાદી પક્ષની સ્થાપના થઈ. સામ્યવાદી તરૂણોએ કામગારો અને ખેડૂતોનું લડાયક સંગઠન ઊભું કરવાનું કાર્ય કર્યું. સરકારને સામ્યવાદી ચળવળનો ભય લાગવા માંડ્યો. સરકારે આ ચળવળ દબાવી દેવાનું નક્કી કર્યું. શ્રીપાદ અમૃત ડાંગે, મુઝફ્ફર અહમદ, કેશવ નીલકંઠ જોગળેકર વગેરે નેતાઓની ધરપકડ કરવામાં આવી તેમના પર બ્રિટિશ રાજ્યને ઉથલાવી નાખવાનું કાવતરું કરવાનો આરોપ મૂકવામાં આવ્યો. તેમને જુદી જુદી શિક્ષા કરવામાં આવી. આ ખટલો મીરતમાં ચલાવવામાં આવ્યો હોવાથી તેને 'મીરત કાવતરું ખટલો' કહેવામાં આવે છે. મીરત ખટલા બાદ પણ કામગાર ચળવળ પર સામ્યવાદનો પ્રભાવ કાયમ રહ્યો.

**સ્ત્રીઓની ચળવળ :** ભારતની સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓને ઉતરતું સ્થાન આપવામાં આવતું હતું. અનેક દુષ્ટ રીત રિવાજોને કારણે તેમના પર અન્યાય થતો હતો, પરંતુ આધુનિક યુગમાં તેના વિરોધમાં જાગૃતિ થવા લાગી. સ્ત્રી-વિષયક સુધારણા ચળવળનું નેતૃત્વ કેટલાક પુરૂષ સુધારકો પાસે હતું. પરંતુ સમય જતા સ્ત્રીઓ નેતૃત્વ માટે આગળ આવવા લાગી. સ્ત્રીઓની સ્વતંત્ર સંસ્થા પણ સ્થાપવામાં આવી. પંડિતા રમાબાઈએ સ્થાપેલી 'આર્ય મહિલા સમાજ' અને 'શારદા સદન' સંસ્થા, તેમજ રમાબાઈ રાનડેએ સ્થાપેલી 'સેવાસદન' સંસ્થા તેના ઉદાહરણો છે. 'ભારત મહિલા પરિષદ' (૧૯૦૪). 'ઑલ ઇંડિયા વુમેન્સ કૉન્ફરન્સ' (૧૯૨૭) સંસ્થાઓની પણ સ્થાપના થઈ. તેથી આ સંસ્થાત્મક કાર્ય રાષ્ટ્રીય સ્તરે પહોંચ્યું. વારસા હક્ક, મતદાનનો હક્ક જેવા પ્રશ્નો માટે સ્ત્રીઓ સંગઠનના માધ્યમથી સંઘર્ષ કરવા લાગી.



પંડિતા રમાબાઈ



રમાબાઈ રાનડે

રખમાબાઈ જનાર્દન સાવે ભારતને વૈદ્યકીય સેવા આપનાર પહેલા સ્ત્રી ડૉક્ટર હતા. તેમણે સ્ત્રીઓ માટે આરોગ્યવિષયક વ્યાખ્યાનમાળાઓ ચલાવી. તેમજ રાજકોટમાં રેડક્રોસ સોસાયટીની શાખા ખોલી.



ડૉ. રખમાબાઈ સાવે

વીસમા શતકમાં સાર્વજનિક જીવનમાં સ્ત્રીઓનો સહભાગ વધવા લાગ્યો. રાષ્ટ્રીય ચળવળમાં અને ક્રાંતિના કાર્યોમાં સ્ત્રીઓનો મહત્ત્વપૂર્ણ સહભાગ હતો. ઇ.સ. ૧૯૩૫ના કાયદા પછી પ્રાંતિક મંત્રીમંડળમાં પણ સ્ત્રીઓનો સમાવેશ થયો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી ભારતીય સંવિધાનમાં સ્ત્રીપુરૂષ સમાનતાનું તત્વ સ્પષ્ટપણે રજૂ કરવામાં આવ્યું.

**શું તમે જાણો છો ?**


**ડૉ. આનંદીબાઈ જોશી :** તેઓ ભારતના પહેલા સ્ત્રી ડૉક્ટર હતા. તેમના ૧૦ દિવસના છોકરાનું મૃત્યુ તેમને વૈદ્યકીય શિક્ષણ તરફ લઈ જવાનું કારણ બન્યું. માર્ચ ૧૮૮૬માં તેમણે એમ.ડી.ની પદવી મેળવી. ભારત પાછા ફરતા જ તેમને ક્ષય રોગ થયો અને ૧૬ ફેબ્રુઆરી, ૧૮૮૭ના રોજ પુણેમાં તેમનું મૃત્યુ થયું.



ડૉ. આનંદીબાઈ જોશી

**દલિત ચળવળ :** ભારતની સમાજરચના વિષમતા પર આધારિત હતી. સમાજમાં દલિતોને થતા અન્યાય વિરૂધ્ધ મહાત્મા જોતીરાવ ફુલે, નારાયણ ગુરૂ જેવા સમાજ સુધારકોએ જનજાગૃતિ કરી. મહાત્મા ફુલેની શિખામણ અનુસાર ગોપાળબાબા વલંગકર, શિવરામ જાનબા કાંબળે એ અસ્પૃશ્યતા નિર્મૂલનનું કાર્ય કર્યું. ઇ.સ. ૧૮૮૮માં ગોપાળબાબા વલંગકરે 'વિટાળ વિધ્વંસન' પુસ્તક દ્વારા અસ્પૃશ્યતાનું ખંડન કર્યું. શિવરામ જાનબા કાંબળેએ ૧ જુલાઈ, ૧૯૦૮ના રોજ 'સોમવંશીય મિત્ર' નામના માસિકની શરૂઆત કરી. મુરળી, જોગતિણીના પ્રશ્નોને વાચા આપી. તેમજ દેવદાસીના વિવાહ માટે પણ આગળ આવ્યા. તમિલનાડુમાં પેરિયાર રામસ્વામીએ અસ્પૃશ્યતા નિર્મૂલનની ચળવળ શરૂ કરી.

ઇ.સ. ૧૯૦૬માં મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદેએ દલિતોની પ્રગતિ માટે 'ડિપ્રેસ્ડ કલાસેસ મિશન' સંસ્થા શરૂ કરી. દલિતોને સ્વાભિમાની, સુશિક્ષિત અને ઉદ્યમી બનાવવા એ તેમના કાર્યનો મહત્ત્વનો ભાગ હતો અને ઉચ્ચવર્ણના લોકોના મનમાં રહેલા દલિત વિષયક ભ્રામક વિચારો દૂર કરવા એ તેમના કાર્યોનો બીજો ભાગ હતો. તે માટે તેમણે મુંબઈમાં પરેલ, દેવનારમાં મરાઠી શાળા, ઉદ્યોગશાળા શરૂ કરી. પુણેના પર્વતી મંદિરમાં પ્રવેશ સત્યાગ્રહ, દલિત ખેડૂત પરિષદ, સંયુક્ત મતદાર સંઘ વગેરેમાં તેઓ દલિતોના હિત માટે સક્રિય ભાગ લેતા હતા.



મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદે

રાજર્ષિ શાહૂમહારાજે ડૉ.બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વને ટેકો આપ્યો. તે જ સમયે શરૂ થયેલી બ્રાહ્મણેતર ચળવળનું નેતૃત્વ કર્યું. રાજર્ષિ શાહૂ મહારાજે કોલ્હાપૂર સંસ્થાનમાં આરક્ષણનું ક્રાંતિકારી જાહેરનામું રજૂ કર્યું. મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો તૈયાર કર્યો. તેમણે જાતિભેદ નિર્મૂલન માટે ઘણું કાર્ય કર્યું. જાતિ વ્યવસ્થામાં રોટી બંધી, બેટી બંધી અને વ્યવ્યાસાય બંધી જેવા ત્રણ પ્રતિબંધ હતા. આથી શાહુ મહારાજે સભા, પરિષદમાંના દલિત લોકોના હાથનું અન્ન ગ્રહણ કરીને રોટી બંધીને જાહેરમાં જાકારો આપ્યો. શાહુ મહારાજની એવી માન્યતા હતી કે જ્યાં સુધી સમાજમાં બેટી બંધીનો પ્રતિબંધ પાળવામાં આવશે ત્યાં સુધી જાતિભેદનો સમૂળગો નાશ થશે નહીં. આથી તેમણે પોતાના સંસ્થાનમાં આંતરજાતીય વિવાહને કાયદેસર માન્યતા આપતો કાયદો મંજૂર કર્યો. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૧૮ના રોજ કોલ્હાપુર સરકારના ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ થયું અને સંસ્થાનોમાં 'બલુતેદારી પધ્ધતિ' નષ્ટ કરવામાં આવી. કોઈ પણ વ્યક્તિને કોઈ પણ વ્યવસાય કરવાની પરવાનગી આપવામાં આવી. શાહૂ મહારાજે વ્યવસાય સ્વાતંત્ર્ય આપીને લોકોને



રાજર્ષિ શાહૂ મહારાજ



ઠક્કર બાપા

એક પ્રકારની સામાજિક ગુલામીમાંથી મુક્તિ આપી.

દક્ષિણ ભારતમાં જસ્ટિસ પક્ષે સામાજિક સમાનતા માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. મહાત્મા ગાંધીએ કૉંગ્રેસની વ્યાસપીઠ પરથી અસ્પૃશ્યતાનો પ્રશ્ન રજૂ કર્યો. યેરવડા જેલવાસ દરમ્યાન સનાતની હિંદુ પંડિતો સાથે વાદ કરીને અસ્પૃશ્યતાને શાસ્ત્રોનો આધાર ન હોવાનું જણાવ્યું. તેમણે હરિજન સેવક સંઘને પ્રેરણા આપી. તેમની પ્રેરણાથી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર ઉર્ફે ઠક્કર બાપા, અપ્પાસાહેબ પટવર્ધન વગેરે કાર્યકર્તાઓએ સમાનતા કાર્યમાં ઝુકાવ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ નીચે દલિતોના સંઘર્ષની શરૂઆત થઈ. સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુતા જેવા તત્વો પર આધારિત સમાજની રચના એ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ધ્યેય હતું. તેમને ખાત્રી હતી કે જાતિસંસ્થાનો સમૂળગો નાશ થયા સિવાય દલિતો પર થતા અન્યાય અને વિષમતાનો અંત થશે નહીં. તેમનું માનવું હતું કે, સામાજિક સમાનતા એ દલિતોનો હક્ક છે. તેઓ સ્વાભિમાન પર આધારિત ચળવળ કરવા ઈચ્છતા હતા. તેમણે જુલાઈ ૧૯૨૪માં ‘બહિષ્કૃત હિતકારિણી સભા’ની સ્થાપના કરી. તેમણે પોતાના અનુયાયીઓને ‘શીખો, સંગઠિત રહો અને સંઘર્ષ કરો’નો સંદેશ આપ્યો.

બાબાસાહેબ બોલેએ મુંબઈ પ્રાંતના વિધિમંડળમાં અસ્પૃશ્યો માટે સાર્વજનિક પાણીનો સંગ્રહ (કૂવા) ખુલ્લા મૂકવાનું વિધેયક માન્ય કરાવ્યું હતું. તેમ છતાં પ્રત્યક્ષમાં દલિતો માટે કૂવા થયા ન હતા, માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને તેમના અનુયાયીઓએ મહાડના ચવદાર તળાવ પર સત્યાગ્રહ કર્યો. તેમણે વિષમતાનું સમર્થન કરનાર ‘મનુસ્મૃતિ’નું દહન કર્યું. ઇ.સ. ૧૯૩૦માં નાસિકના કાળારામ મંદિરમાં દલિતોને પ્રવેશ મળે તે માટે સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહનું નેતૃત્વ કર્મવીર દાદાસાહેબ ગાયકવાડે કર્યું.

વર્તમાન પત્રો ડૉ.બાબાસાહેબ આંબેડકરની ચળવળનું અવિભાજ્ય અંગ હતા. સમાજમાં જાગૃતિ નિર્માણ કરવા માટે અને પ્રશ્નોને વાચા આપવા માટે તેમણે ‘મૂકનાયક’, ‘બહિષ્કૃત ભારત’, ‘જનતા’, ‘સમતા’ જેવા વર્તમાનપત્રો શરૂ કર્યા.



મહાડના ચવદાર તળાવનો સત્યાગ્રહ

ડૉ.બાબાસાહેબ આંબેડકરે 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી. કામગારોના હિતમાં ન હોય તેવા કાયદાનો વિધિમંડળમાં વિરોધ કર્યો. દલિતોના પ્રશ્નને પ્રભાવી રીતે રજૂ કરવા માટે તેમણે ઇ.સ. ૧૯૪૨માં 'શેડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન'ની સ્થાપના કરી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ભારતીય સંવિધાન દ્વારા આધુનિક ભારતમાં સમાનતા પર આધારિત સમાજ રચના નિર્માણ કરવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. ઇ.સ. ૧૯૫૬માં નાગપુરમાં તેમણે પોતાના અસંખ્ય અનુયાયીઓ સાથે માનવતા અને સમાનતાના હિમાયતી બૌધ્ધ ધર્મનો સ્વીકાર કર્યો.

આધુનિક ભારતની રચનામાં સમાનતાની લડત/ચળવળોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(લાલા લજપત રાય, સાને ગુરૂજી, રખમાબાઈ જનાર્દન સાવે)

(૧) ........... એ રાજકોટમાં રેડક્રોસ સોસાયટીની સ્થાપના કરી.

(૨) અમલનેરના મીલ કામદાર યુનિયનના અધ્યક્ષ ......... હતા.

(૩) આયટકના પહેલા અધિવેશનના અધ્યક્ષ .......... હતા.

**૨. ટૂંક નોંધ લખો.**

(૧) મહર્ષિ વિઠ્ઠલ રામજી શિંદેના સામાજિક કાર્ય

(૨) રાજર્ષિ શાહુ મહારાજે કોલ્હાપુર સંસ્થાનમાં કરેલી સુધારણા

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) સરકારે સામ્યવાદી ચળવળને દબાવી દેવાનું નક્કી કર્યું.

(૨) ડૉ. બાબાસાહેબ આંબેડકરે મૂકનાયક, બહિષ્કૃત ભારત જેવા વર્તમાનપત્રો શરૂ કર્યા.

(૩) રાષ્ટ્રવ્યાપી કામગાર સંગઠનની આવશ્યકતા જણાવા લાગી.

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

(૧) આધુનિક ભારતની લડતમાં સમાનતાની લડાઈ મહત્ત્વપૂર્ણ છે. શા માટે ?

(૨) પૂર્વ ખાનદેશમાં સાને ગુરૂજીએ કરેલું કાર્ય લખો.

(૩) કામગારોની લડત રાષ્ટ્રીય ચળવળને કઈ રીતે પૂરક બની ?

(૪) સ્ત્રી વિષયક સુધારણા ચળવળનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

(૧) ડૉ.આનંદીબાઈ જોશીના જીવન પર આધારિત પુસ્તક વાંચો.

(૨) રાજર્ષિ શાહૂ મહારાજનું જીવન ચરિત્ર વાંચો.

AHTGE3

# ૧૨. સ્વાતંત્ર્યપ્રાપ્તિ

બીજા વિશ્વયુધ્ધનાં સમય દરમ્યાન ભારતમાં સ્વાતંત્ર્ય ચળવળ વ્યાપક બની હતી. ભારતના સ્વાતંત્ર્યની માંગણીએ જોર પકડ્યું હતું. જેની ગંભીર નોંધ લેવી આવશ્યક છે. તે બ્રિટિશ રાજ્યકર્તાઓના ધ્યાનમાં આવ્યું. તેથી ભારતને સ્વાતંત્ર્ય આપવા માટે બ્રિટિશ સરકાર વિવિધ યોજનાઓ તૈયાર કરવા લાગી.

રાષ્ટ્રીય સભાની સ્થાપના ધર્મનિરપેક્ષતાના તત્વ પર થઈ હતી. રાષ્ટ્રીય આંદોલનમાં દરેક જાતિ-ધર્મના લોકો સહભાગી થયા હતા. આ ચળવળને દાબી દેવા માટે અંગ્રેજોએ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ આપનાવી. જેના પરિણામે 'મુસ્લિમ લીગ'ની સ્થાપના થઈ.

ઇ.સ. ૧૯૩૦માં ડૉ. મુહમ્મદ ઈકબાલ નામના પ્રસિધ્ધ કવિએ સ્વતંત્ર મુસ્લિમ રાષ્ટ્રનો વિચાર રજૂ કર્યો. આગળ જતા ચૌધરી રહમત અલીએ પાકિસ્તાનની કલ્પના રજૂ કરી. બેરિસ્ટર મહમ્મદ અલી ઝીણાએ દ્વિરાષ્ટ્ર સિધ્ધાંત રજૂ કરીને સ્વતંત્ર મુસ્લિમ રાષ્ટ્રની માંગણી રજૂ કરી. રાષ્ટ્રીય સભા માત્ર હિંદુઓની સંસ્થા છે. તેનાથી મુસલમાનોને કોઈ ફાયદો થવાનો નથી એવો પ્રચાર બેરિસ્ટર ઝીણા અને મુસ્લિમ લીગે શરૂ કર્યો.

**વેવ્હેલ યોજના :** જૂન ૧૯૪૫માં ભારતના વાઈસરૉય લૉર્ડ વેવ્હેલે એક યોજના તૈયાર કરી. આ યોજનામાં વિવિધ જોગવાઈઓ હતી. જેમાં કેન્દ્રિય અને પ્રાંતિક વિધિ મંડળમાં મુસ્લિમ, દલિત અને અલ્પસંખ્યકોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવશે. વાઈસરૉયના કાર્યકારી મંડળમાં હિંદુ અને મુસ્લિમ સભ્યોની સંખ્યા સમાન રહેશે, જેવી કેટલીક મુખ્ય જોગવાઈઓ હતી. આ યોજના પર વિચાર કરવા માટે સિમલામાં ભારતના પ્રમુખ રાજકીય પક્ષોની બેઠક આયોજિત કરવામાં આવી હતી. વાઈસરૉયના કાર્યકારી મંડળમાં મુસ્લિમ પ્રતિનિધિઓના નામો સૂચવવાનો અધિકાર માત્ર મુસ્લિમ લીગને હોવો જોઈએ, એવો આગ્રહ બેરિસ્ટર ઝીણાએ કર્યો. તેથી વેવ્હેલ યોજના સફળ થઈ શકી નહીં.

**ત્રિમંત્રી યોજના :** બીજા વિશ્વયુધ્ધની સમાપ્તિ પછી ભારતને સ્વતંત્રતા આપવા માટે બ્રિટિશ રાજ્યકર્તા અનુકૂળ બન્યા. બ્રિટિશ વડાપ્રધાન ઍટલીએ પાર્લામેન્ટમાં ભારત વિષયક ધોરણો સ્પષ્ટ કર્યા. તે અનુસાર ભારતીય જનતાનો ભારતીય સંવિધાન તૈયાર કરવાનો અધિકાર માન્ય કરવામાં આવ્યો. અલ્પસંખ્યકોના પ્રશ્ન ભારતની સ્વતંત્રતા આડે આવશે નહીં તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું. ઇ.સ. ૧૯૪૬ના માર્ચમાં બ્રિટિશમંત્રી પૅથિક લૉરેન્સ, સ્ટેફર્ડ ક્રિપ્સ અને એ.વી.એલેકઝાઁડરના શિષ્ટ મંડળે ભારતના સંદર્ભે ઈંગ્લેન્ડની યોજના ભારતીય નેતા સામે રજૂ કરી. તેને 'ત્રિમંત્રી યોજના' કહેવાય છે.

આ યોજનાની કેટલીક જોગવાઈઓ રાષ્ટ્રીય સભાને માન્ય ન હતી. તેમ જ મુસ્લિમોનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની જોગવાઈ આ યોજનામાં ન હોવાથી મુસ્લિમ લીગ પણ અસંતુષ્ટ હતી. માટે ત્રિમંત્રી યોજના પૂર્ણ પણે માન્ય થઈ નહીં.

**પ્રત્યક્ષ કૃતિદિન :** પાકિસ્તાનની માગણી પૂર્ણ થતી નથી. એવું લાગતા મુસ્લિમ લીગે પ્રત્યક્ષ કૃતિ કરવાનું નક્કી કર્યું. તે અનુસાર ૧૬ ઑગસ્ટ, ૧૯૪૬ ના રોજ પ્રત્યક્ષ કૃતિ દિન તરીકે પાળવાનું મુસ્લિમ લીગે જાહેર કર્યું. આ દિવસે મુસ્લિમ લીગના અનુયાયીઓએ હિંસક માર્ગ અપનાવ્યો. દેશમાં વિવિધ સ્થળે હિંદુ મુસ્લિમ વચ્ચે રમખાણ થયા. બંગાળ પ્રાંતમાં નોઆખાલીમાં ભીષણ કત્લેઆમ થઈ. આ હિંસાચાર અટકાવવા માટે ગાંધીજી પોતાના પ્રાણની પરવા કર્યા સિવાય ત્યાં ગયા. તેમણે ત્યાં શાંતિ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો.

**હંગામી સરકારની સ્થાપના :** આખા દેશમાં હિંસાચાર ફેલાતા વાઈસરૉય વેવ્હેલે હંગામી સરકારની સ્થાપના કરી. પં. જવાહરલાલ નહેરુ આ સરકારના પ્રમુખ હતા. શરૂઆતમાં મુસ્લિમ લીગે હંગામી સરકારમાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો હતો. કેટલાક સમય બાદ મુસ્લિમ લીગ હંગામી સરકારમાં સહભાગી થઈ. પરંતુ મુસ્લિમ લીગના નેતાઓએ લીધેલી અવરોધની ભૂમિકાને કારણે હંગામી સરકારનો કારભાર સરળતાથી ચાલી શક્યો નહીં.

**માઉંટબેટન યોજના :** ઈંગ્લેન્ડના વડાપ્રધાન એટલીએ ઘોષિત કર્યું કે જૂન ૧૯૪૮ પહેલા ઈંગ્લેન્ડ ભારત પરની પોતાની સત્તા છોડી દેશે. ભારતમાં સત્તાંતરની પાર્શ્વભૂમિ પર ભારતના વાઈસરૉય તરીકે લૉર્ડ માઉંટબૅટનની નિમણૂંક કરવામાં આવી. લૉર્ડ માઉંટબૅટને ભારતના પ્રમુખ નેતાઓ સાથે વિચાર વિનિમય કર્યો. ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન એ બે સ્વતંત્ર રાષ્ટ્રોનું નિર્માણ કરવાની યોજના તૈયાર કરી. રાષ્ટ્રીય સભાએ ભાગલાનો વિરોધ કર્યો. દેશની એકતા એ રાષ્ટ્રીય સભાની ભૂમિકાનો મૂળ આધાર હતો, પરંતુ મુસ્લિમ લીગે પાકિસ્તાનના નિર્માણનો આગ્રહ રાખ્યો. તેથી ભાગલા સિવાય બીજો કોઈ પર્યાય ન હતો. રાષ્ટ્રીય સભાએ અંતે



પરાણે ભાગલાના નિર્ણયને માનતા આપી.

**ભારતીય સ્વાતંત્ર્યનો કાયદો :** માઉંટબેટનની યોજનાના આધારે ૧૮ જૂલાઈ, ૧૯૪૭ના રોજ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે ભારતના સ્વાતંત્ર્યના કાયદાને સંમતિ આપી. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત અને પાકિસ્તાન એ બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવશે. ત્યારબાદ તેમના પર બ્રિટિશ પાર્લામેન્ટનો કોઈપણ અધિકાર રહેશે નહીં. સંસ્થાનો પરના બ્રિટિશરોના સ્વામીત્વનો અંત થશે. તેઓ ભારત અથવા પાકિસ્તાનમાં જોડાઈ શકશે અથવા સ્વતંત્ર રહી શકશે એવી જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી.

**સ્વાતંત્ર્યપ્રાપ્તિ :** ભારતીય સ્વાતંત્ર્યના કાયદા અનુસાર ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને સ્વતંત્રતા આપવામાં આવી. ૧૪ ઑગસ્ટ, ૧૯૪૭ના મધ્યરાત્રિએ દિલ્લીમાં સંસદભવનના સભાગૃહમાં સંવિધાન સભાની બેઠક ચાલુ હતી. મધરાતે બારના ટકોરા પડતા જ ભારતની ગુલામી પૂરી થઈ. બ્રિટિશરોનો યુનિયન જેક નીચે ઉતારી તેની જગ્યાએ ભારતનો ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવ્યો અને દોઢસો વર્ષની ગુલામીમાંથી ભારત આઝાદ થયું.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિનો આનંદ સંપૂર્ણ ન હતો. દેશના ભાગલા થયા, તે સમયે થયેલા ભયાનક હિંસાચારને કારણે ભારતના લોકો દુઃખી હતા. ગાંધીજી સ્વતંત્રતા સમારંભમાં સહભાગી થવાને બદલે બંગાળમાં લોહી પાણી એક કરી રહ્યા હતા. ભારતને સ્વતંત્રતા મળ્યાના માત્ર છ મહિનામાં નથુરામ ગોડસેએ ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ગાંધીજીની નિર્દય રીતે હત્યા કરી. હિંદુ-મુસ્લિમ એકતા ટકાવી રાખવા માટે ગાંધીજીએ સતત પ્રયત્નો કર્યા અને પોતાના પ્રાણનું બલિદાન પણ આપ્યું.

AI3CFQ

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વાક્ય ફરીથી લખો.**

(૧) હંગામી સરકારના પ્રમુખ .......... હતા.
(અ) વલ્લભભાઈ પટેલ (બ) મહાત્મા ગાંધી
(ક) પં.જવાહરલાલ નહેરુ (ડ) બેરિસ્ટર ઝીણા

(૨) ભારત અને પાકિસ્તાન આ બે સ્વતંત્ર રાષ્ટ્રોનું નિર્માણ કરવાની યોજના...... એ તૈયાર કરી.
(અ) લૉર્ડ વેવ્હેલ (બ) સ્ટેફર્ડ ક્રિપ્સ
(ક) લૉર્ડ માઉંટબેટન (ડ) પૅથિક લૉરેન્સ

**૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

(૧) બેરિસ્ટર ઝીણાએ કઈ માગણીનો આગ્રહ રાખ્યો?

(૨) ત્રિમંત્રી યોજનામાં સહભાગી મંત્રીના નામ લખો.

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) રાષ્ટ્રીય સભાએ ભાગલાને માન્યતા આપી.

(૨) હંગામી સરકારનો કારભાર સરળતાથી ચાલી શક્યો નહીં.

(૩) વેવ્હેલ યોજના સફળ થઈ નહીં.

**૪. આપેલ કાળરેખા પર ઘટનાક્રમ લખો.**

૧૯૪૫ ૧૯૪૬ ૧૯૪૭ ૧૯૪૮

**૫. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તરો લખો.**

(૧) બ્રિટિશરોએ ભારતને સ્વતંત્રતા દેવાની દિશામાં શાથી પગલા ભર્યા ?

(૨) માઉંટબૅટન યોજના વિશે માહિતી લખો.

(૩) મુસ્લિમ લીગે ૧૬ ઑગસ્ટ ને પ્રત્યક્ષ કૃતિ દિન તરીકે પાળવાનું જાહેર કર્યું, શા માટે ? તેનું પરિણામ શું આવ્યું ?

**ઉપક્રમ**

વિવિધ સંદર્ભગ્રંથ તેમજ ઈન્ટરનેટની મદદથી સ્વતંત્રતા મળ્યા બાદ સામાન્ય જનતાની શું પ્રતિક્રિયા હતી, તે વિશે માહિતી મેળવો.

# ૧૩. સ્વાતંત્ર્ય લડતની પૂર્તિ

ભારત સ્વતંત્ર થયા બાદ પણ સ્વતંત્રતાની લડાઈ હજુ પૂર્ણ થઈ નહોતી. ભારતમાં અનેક સંસ્થાનો હતા. સંસ્થાનોને ભારતમાં જોડાવાનો અથવા સ્વતંત્ર રહેવાનો હક્ક મળ્યો હતો. તેથી રાષ્ટ્રીય સભાનું અખંડ ભારતનું સ્વપ્ન પૂર્ણ થયું ન હતું. સંસ્થાનો સ્વતંત્ર રહે તો ભારતના અનેક ટુકડા થાય તેમ હતા. ભારતના કેટલાક ભાગોમાં હજી પોર્તુગીઝ અને ફ્રેંચે પોતાની સત્તા છોડી ન હતી. ભારતે આ પ્રશ્ન દઢતાથી ઉકેલ્યો તેની માહિતી આપણે આ પાઠમાં મેળવીશું.

**સંસ્થાનોનું ભારતમાં વિલીનીકરણ :** ભારતમાં છસ્સોથી વધારે નાના મોટા સંસ્થાનો હતા. અસહકાર ચળવળના પ્રભાવથી સંસ્થાનોમાં રાજકીય જાગૃતિ આવવાની શરૂઆત થઈ. સંસ્થાનોમાં પ્રજામંડળની સ્થાપના થવા લાગી. પ્રજામંડળ સંસ્થાનોની પ્રજાના હિત માટે અને તેમને રાજકીય અધિકાર મળે તે માટે કામ કરતું જનસંગઠન હતું. ઇ.સ. ૧૯૨૭માં આવા પ્રજામંડળોએ મળીને એક અખિલ ભારતીય પ્રજા પરિષદની સ્થાપના કરવામાં આવી. તેથી સંસ્થાનોમાં ચાલતી ચળવળોને વેગ મળ્યો. ભારત સ્વતંત્ર થતા ભારતના તત્કાલીન ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે સંસ્થાનોના વિલીનીકરણનો પ્રશ્ન ઉકેલવા માટે મુત્સદ્દીગીરીનો ઉપયોગ કર્યો. તેમણે સંસ્થાનિકોને વિશ્વાસમાં લઇને સૌને માન્ય હોય તેવું 'શામીલનામું' તૈયાર કર્યું.




સરદાર વલ્લભભાઈ પટેલ

ભારતમાં જોડાવું, સંસ્થાનો માટે કઈ રીતે હિતકારક છે તે સરદાર પટેલે સંસ્થાનિકોને સમજાવ્યું. આ આહ્‌વાનને સંસ્થાનિકોએ સારો પ્રતિસાદ આપ્યો. જૂનાગઢ, હૈદ્રાબાદ અને કાશ્મીર સંસ્થાનોને બાદ કરતા બાકીના બધા સંસ્થાનો ભારતમાં વિલીન થયા. સંસ્થાનોના વિલીનીકરણનો પ્રશ્ન સરદાર પટેલે દઢતાપૂર્વક ઉકેલ્યો.

**જૂનાગઢનું વિલીનીકરણ :** જૂનાગઢ એ સૌરાષ્ટ્રમાં આવેલું એક સંસ્થાન હતું. ત્યાંની પ્રજા ભારત સાથે જોડાવા ઈચ્છતી હતી. પરંતુ ત્યાંનો નવાબ પાકિસ્તાન સાથે જોડાવા ઈચ્છતો હતો. જૂનાગઢની પ્રજાએ નવાબના આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો, ત્યારે નવાબ પાકિસ્તાન જતો રહ્યો. ત્યારબાદ ફેબ્રુઆરી ૧૯૪૮માં જૂનાગઢ ભારતમાં વિલીન થયું.

**હૈદ્રાબાદ મુક્તિ સંગ્રામ :** હૈદ્રાબાદ ભારતનું સૌથી મોટું સંસ્થાન હતું. જેમાં તેલુગુ, કન્નડ, મરાઠી ભાષી પ્રાંત આવેલા હતા. ત્યાં નિઝામનું એકહથ્થુ શાસન હતું. ત્યાં નાગરી અને રાજકીય હક્કોનો અભાવ હતો. હૈદ્રાબાદ સંસ્થાનની જનતાએ પોતાનો હક્ક મેળવવા માટે તેલંગણ ભાગમાં આંધ્ર પરિષદ, મરાઠવાડા ભાગમાં મહારાષ્ટ્ર પરિષદ અને કર્ણાટક ભાગમાં કર્ણાટક પરિષદની સ્થાપના કરી ઇ.સ. ૧૯૩૮માં સ્વામી રામાનંદ તીર્થે હૈદ્રાબાદ સ્ટેટ કૉંગ્રેસની સ્થાપના કરી. જેના પર નિઝામે પ્રતિબંધ મૂક્યો. હૈદ્રાબાદ સ્ટેટ કૉંગ્રેસને માન્યતા મળે તે માટે અને લોકશાહી હક્કો મેળવવા માટે લડત શરૂ થઈ. વીર સેનાની સ્વામી રામાનંદ તીર્થે આ લડતનું નેતૃત્વ કર્યું. નારાયણ રેડ્ડી, સિરાઝ-ઉલ્-હસન તિરમિજીએ તેમને સાથ આપ્યો. પી. વી. નરસિંહરાવ અને ગોવિંદભાઈ શ્રૉફ સ્વામીજીના નિષ્ઠાવાન અનુયાયી હતા.



સ્વામી રામાનંદ તીર્થ

જૂલાઈ ૧૯૪૭માં હૈદ્રાબાદ સ્ટેટ કૉંગ્રેસે હૈદ્રાબાદ સંસ્થાનને ભારતમાં વિલીન કરવાનો ઠરાવ રજૂ કર્યો.

નિઝામે ભારત વિરોધી ધોરણ સ્વીકાર્યું હતું. તે હૈદ્રાબાદ સંસ્થાનને પાકિસ્તાનમાં વિલીન કરવા ઈચ્છતો હતો. નિઝામના સહકારી કાસીમ રઝવીએ સંસ્થાનની પ્રજાની ભારતમાં વિલીન થવાની માંગણીને ફગાવી દેવા માટે 'રઝાકાર' નામના સંઘઠનની સ્થાપના કરી. કાસીમ રઝવી અને તેમના સાથીદારોએ હિંદુઓની સાથે, લોકશાહીવાદી ચળવળને ટેકો આપતા મુસ્લિમો પર પણ અત્યાચાર કર્યા. તેથી દરેક જગ્યાએ લોકમત ઉઠવા લાગ્યો. ભારત સરકાર નિઝામ સાથે સામોપચારથી સંવાદ કરવાનો પ્રયત્ન કરતી હતી, પરંતુ નિઝામ દાદ આપતો નહતો. આખરે ૧૩ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ ભારત સરકારે નિઝામ વિરુધ્ધ પોલીસ કાર્યવાહી શરૂ કરી. જેનું સાંકેતિક નામ હતું. 'ઓપરેશન પોલો' – અંતે ૧૭ સપ્ટેમ્બર, ૧૯૪૮ના નિઝામ શરણે આવ્યો. હૈદ્રાબાદ સંસ્થાન ભારતમાં વિલીન થયું. સંસ્થાનની પ્રજાની લડત યશસ્વી થઈ.

**હૈદ્રાબાદ મુક્તિસંગ્રામમાં મરાઠવાડાનું યોગદાન :** આ લડતમાં સ્વામી રામાનંદ તીર્થ, બાબાસાહેબ પરાંજપે, ગોવિંદભાઈ શ્રોફ, અનંત ભાલેરાવ, આશાતાઈ વાઘમારે, માણિકચંદ પહાડે વગેરેનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

વિદ્યાર્થીઓએ પણ 'વંદે માતરમ્' ચળવળ દ્વારા હૈદ્રાબાદની મુક્તિ લડતમાં સહભાગ આપ્યો. હૈદ્રાબાદ મુક્તિસંગ્રામમાં વેદપ્રકાશ, શ્યામલાલ, ગોવિંદ પાનસરે, બહિર્જી શિંદે, શ્રીધર વર્તક, જનાર્દન મામા શોએબ ઉલ્લા ખાન વગેરે શહીદ થયા. તેમનું બલિદાન ભારતના લોકો માટે પ્રેરણાદાયી બન્યું. આના પરથી હૈદ્રાબાદના મુક્તિસંગ્રામમાં મરાઠવાડાના નેતા અને જનતાનો સહભાગ જણાઈ આવે છે.

હૈદ્રાબાદ મુક્તિસંગ્રામ દિવસ ૧૭ સપ્ટેમ્બરને મરાઠવાડામાં 'મરાઠવાડા મુક્તિદિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સ્વતંત્ર ભારતમાં મરાઠવાડાનો સમાવેશ ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના થયો નહતો. ઇ.સ. ૧૯૪૮માં જનતાની લડત પછી આ પ્રદેશ સ્વતંત્ર ભારતમાં વિલીન થયો.

**કાશ્મીરની સમસ્યા :** કાશ્મીર સંસ્થાનના રાજા હરિસિંગે સ્વતંત્ર રહેવાનું નક્કી કર્યું હતું. પાકિસ્તાન કાશ્મીરને પાકિસ્તાનમાં જોડવા ઈચ્છતું હતું. પાકિસ્તાને હરિસિંગ પર દબાણ લાવવાનું શરૂ કર્યું. ઓક્ટોબર ૧૯૪૭માં પાકિસ્તાનની ચડામણીથી સશસ્ત્ર ઘુસણખોરોએ કાશ્મીર પર હુમલો કર્યો, ત્યારે ભારતમાં જોડાવાના કરાર પર હરિસિંગે હસ્તાક્ષર કર્યાં. આમ કાશ્મીર ભારતમાં વિલીન થયું તે પછી કાશ્મીરના રક્ષણ માટે ભારતીય લશ્કર મોકલવામાં આવ્યું. લશ્કરે કાશ્મીરનો મોટો ભાગ ઘુસણખોરો પાસેથી પાછો મેળવ્યો. કેટલોક ભાગ પાકિસ્તાનના તાબામાં રહ્યો.

**ફ્રેંચ વસાહતોનું વિલીનીકરણ :** ભારત સ્વતંત્ર થયું ત્યાર બાદ પણ ચંદ્રનગર, પુદુચ્ચેરી, કારિકલ, માહે અને યાનમ પ્રદેશ પર ફ્રાન્સનું આધિપત્ય હતું. ત્યાંના રહેવાસી ભારત સાથે જોડાવા ઉત્સુક હતા. આ પ્રદેશ ભારતના ઘટક હોવાથી ભારતને સ્વાધીન કરવા, એવી માંગણી ભારત સરકારે કરી.

ઇ.સ. ૧૯૪૯માં ફ્રાન્સે ચન્દ્રનગરમાં સર્વમત લીધો. ત્યાંની જનતાએ ભારતના પક્ષમાં મત આપતા ચન્દ્રનગર ભારતને સ્વાધીન કરવામાં આવ્યું. ત્યાર બાદ ફ્રાન્સે ભારતના અન્ય પ્રદેશો પણ ભારત સરકારના હાથમાં સોંપી દીધા.

**ગોવા મુક્તિ સંગ્રામ :** પોર્તુગલે પોતાના તાબામાં રહેલા ભારતીય પ્રદેશ ભારતને સ્વાધીન કરવાનું નકાર્યું. આ પ્રદેશ મેળવવા માટે ભારતના લોકોએ લડત લડવી પડતી. આ લડતમાં ડૉ. ટી. બી. કુન્હા આગળ પડતા હતા. તેમણે પોર્તુગીઝ સરકાર વિરુધ્ધ જનતામાં જાગૃતિ આણવાનું કામ કર્યું. તેમણે પોર્તુગીઝ વિરુધ્ધ લડત ચલાવવાના ઉદ્દેશથી ગોવા કૉંગ્રેસ સમિતિની સ્થાપના કરી.



ડૉ. ટી. બી. કુન્હા

ઇ.સ. ૧૯૪૫માં ડૉ.કુન્હાએ મુંબઈમાં 'ગોવા યુથ લીગ' સંગઠનની સ્થાપના કરી. ઇ.સ. ૧૯૪૬માં તેમણે ગોવા જઈને ભાષણ બંધીનો આદેશ તોડ્યો. તેથી ડૉ.કુન્હાને આઠ વર્ષના કારાવાસની શિક્ષા આપવામાં આવી. ડૉ.રામમનોહર લોહિયાએ પણ ઇ.સ. ૧૯૪૬માં ગોવા મુક્તિ માટે સત્યાગ્રહ શરૂ કર્યો. તેમણે બંદી હુકમ અવગણીને ગોવામાં મડગાવમાં ભાષણ આપ્યું. તેથી પોર્તુગીઝ સરકારે તેમને હદ્દપાર કર્યા.

આજ સમય દરમ્યાન ગુજરાતની પોર્તુગીઝ વસાહતો દાદરા અને નગર હવેલીની મુક્તિ માટે 'આઝાદ ગોમંતક' દળની સ્થાપના કરવામાં આવી. ૨ ઑગસ્ટ, ૧૯૫૪ના રોજ આ દળના તરૂણોએ સશસ્ત્ર હુમલો કરીને દાદરા અને નગર હવેલીનો પ્રદેશ પોર્તુગીઝ સત્તાથી મુક્ત કર્યો. આ હુમલામાં વિશ્વનાથ લવંદે, રાજાભાઉ વાકણકર, સુધીર ફડકે, નાનાસાહેબ કાજરેકર વગેરેએ ભાગ લીધો હતો.

ઇ.સ. ૧૯૫૪માં ગોવા મુક્તિ સમિતિની સ્થાપના કરવામાં આવી. આ સમિતિએ મહારાષ્ટ્રમાંથી સત્યાગ્રહીઓની અનેક ટુકડીઓ ગોવા મોકલી. જેમાં ના. ગ. ગોરે, સેનાપતિ બાપટ, પીટર અલ્વારિસ, મહાદેવશાસ્ત્રી જોશી અને તેમના પત્ની સુધાતાઈ વગેરેનો સહભાગ હતો. મોહન રાનડે ગોવામુક્તિ આંદોલનના એક પ્રમુખ નેતા હતા. સત્યાગ્રહીઓ પર પોર્તુગીઝ સરકારે અમર્યાદિત જુલમ-અત્યાચાર કર્યો. તેથી ભારતમાં જનમત વધુ દૃઢ બન્યો.

ગોવાના સ્વાતંત્ર્ય સંગ્રામે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. ભારત સરકાર પોર્તુગીઝ સરકાર સાથે સામોપચારથી વાટાઘાટ કરી રહી હતી, જેને દાદ મળતી નહતી. અંતે ના છૂટકે ભારત સરકારે લશ્કરી બળનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો. ડિસેમ્બર ૧૯૬૧માં ભારતીય સૈન્યએ ગોવામાં પ્રવેશ કર્યો. ટૂંક સમયમાં જ પોર્તુગીઝ લશ્કરે શરણાગતિ સ્વીકારી ૧૯ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ ગોવા પોર્તુગીઝોના વર્ચસ્વમાંથી મુક્ત બન્યું. ભારતની ભૂમિ પરથી સામ્રાજ્યવાદનો સંપૂર્ણ અંત થયો. ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ ખરા અર્થમાં પૂર્ણ થયો.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(૧) ભારતમાં છસોથી વધારે નાના મોટા ........ હતા.

(અ) રાજ્યો (બ) ગામડાં
(ક) સંસ્થાનો (ડ) શહેરો

(૨) જૂનાગઢ ......અને કાશ્મીર સંસ્થાનોને બાદ કરતા બાકીના બધા સંસ્થાનો ભારતમાં વિલીન થયા.

(અ) ઔંધ (બ) ઝાંસી
(ક) વડોદરા (ડ) હૈદ્રાબાદ

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) જૂનાગઢ ભારતમાં વિલીન થયું.

(૨) ભારત સરકારે નિઝામ વિરુધ્ધ પોલીસ કાર્યવાહી શરૂ કરી.

(૩) ભારતમાં જોડાવાના કરાર પર હરિસિંગે હસ્તાક્ષર કર્યા.

**૩. ટૂંકમાં જવાબ લખો.**

(૧) સંસ્થાનોના વિલીનીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન સ્પષ્ટ કરો.

(૨) હૈદ્રાબાદ મુક્તિસંગ્રામમાં સ્વામી રામાનંદ તીર્થનું યોગદાન સ્પષ્ટ કરો.

**ઉપક્રમ**

'હૈદ્રાબાદ મુક્તિસંગ્રામ' વિશે ચિત્ર અને માહિતી સંકલિત કરો. ઇતિહાસના વર્ગમાં તેના પર આધારિત કોષ્ટકોનું પ્રદર્શન આયોજિત કરો.

AIC8HD

# ૧૪. મહારાષ્ટ્ર રાજ્યની નિર્મિતિ

ભારતને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા બાદ ભાષા પર આધારિત પ્રાંતરચનાની માંગણી મોટા પ્રમાણમાં કરવામાં આવી. મહારાષ્ટ્રમાં પણ ઇ.સ. ૧૯૪૬ થી મરાઠી ભાષિક રાજ્યની માંગણી માટે 'સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળ' શરૂ થઈ. ૧ મે, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર રાજ્યની નિર્મિતિ થઈ.

**પાર્શ્વભૂમિ :** વીસમા શતકની શરૂઆતથી જ મરાઠી ભાષિક લોકોના એકત્રિકરણનો વિચાર અનેક વિચારકોએ વ્યક્ત કર્યો. ઇ.સ. ૧૯૧૧માં અંગ્રેજ સરકારે બંગાળના ભાગલા રદ્દ કરવા પડ્યા. તે પાર્શ્વભૂમિ પર ન. ચિં. કેલકરે લખ્યું કે, 'મરાઠી ભાષા બોલતી બધી લોકસંખ્યા એક અમલ નીચે હોવી જોઈએ.' ઇ.સ. ૧૯૧૫માં લોકમાન્ય ટિળકે ભાષાવાર પ્રાંતરચનાની માંગણી કરી હતી. પરંતુ તે સમયે ભારતની સ્વતંત્રતાનો પ્રશ્ન વધુ મહત્ત્વનો હોવાથી આ પ્રશ્ન બાજુએ રહી ગયો.

૧૨ મે, ૧૯૪૬માં બેલગાંવમાં આયોજિત સાહિત્ય સંમેલનમાં સંયુક્ત મહારાષ્ટ્રના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ ઠરાવ મંજૂર કરવામાં આવ્યો.

**સંયુક્ત મહારાષ્ટ્ર પરિષદ :** ૨૮ જુલાઈના રોજ મુંબઈમાં શંકરરાવ દેવની અધ્યક્ષતામાં 'મહારાષ્ટ્ર એકીકરણ પરિષદ' ભરાણી. આ પરિષદે એવો ઠરાવ પસાર કર્યો કે મરાઠી ભાષિક પ્રદેશોનો એક પ્રાંત કરવો. જેમાં મુંબઈ, મધ્ય પ્રાંતના મરાઠી ભાષિક પ્રદેશો તેમજ મરાઠવાડા અને ગોમંતકનો સમાવેશ કરવો.

**દાર કમિશન :** ૧૭ જૂન, ૧૯૪૮ના રોજ સંવિધાન સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ન્યાયાધીશ એસ. કે. દારની અધ્યક્ષતામાં ભાષાવાર પ્રાંતરચના માટે 'દાર કમિશન'ની સ્થાપના કરી. ૧૦ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ દાર કમિશનનો અહેવાલ પ્રસિધ્ધ થયો. પરંતુ આ પ્રશ્ન ઉકેલાયો નહીં.

**જે. વી. પી. સમિતિ (ત્રિ-સભ્ય સમિતિ) :** ભાષાવાર પ્રાંતરચના નિર્માણ કરવા માટે પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે કૉંગ્રેસે ૨૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ એક સમિતિ નીમી. જેમાં પં. જવાહરલાલ નેહરુ, વલ્લભભાઈ પટેલ અને પટ્ટાભિસીતારામય્યાનો સમાવેશ હતો. આ ત્રણ સભ્યોના નામના પ્રથમ અક્ષરો પરથી આ સમિતિ જે. વી. પી. સમિતિ તરીકે ઓળખાતી. આ સમિતિએ પોતાના અહેવાલમાં ભલામણ કરી કે ભાષાવાર પ્રાંતરચના કૉંગ્રેસને માન્ય છે, પરંતુ આ યોગ્ય સમય નથી. સમગ્ર મહારાષ્ટ્રમાં આ અહેવાલના વિરોધમાં તીવ્ર પ્રતિક્રિયાઓ ઉઠી. તે સમયે સેનાપતિ બાપટે જનજાગૃતિ માટે પ્રભાત ફેરીઓ કાઢી.

આચાર્ય અત્રેએ મુંબઈ મહાપાલિકામાં મુંબઈ સહિત સંયુક્ત મહારાષ્ટ્રનો ઠરાવ રજૂ કર્યો. જે ૩૫ની સામે ૫૦ મતોથી મંજૂર થયો. આથી મુંબઈ મહારાષ્ટ્રમાં હોવું જોઈએ, એવી જનતાથી ઈચ્છા સિધ્ધ થઈ.

**રાજ્ય પુનર્રચના આયોગ :** ૨૯ ડિસેમ્બર, ૧૯૫૩ના રોજ ભારત સરકારે ન્યાયમૂર્તિ એસ. ફાઝલ અલીની અધ્યક્ષતામાં 'રાજ્યપુનર્રચના આયોગ'ની સ્થાપના કરી. આ આયોગે ૧૦ ઓક્ટોબર, ૧૯૫૫ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો. આ અહેવાલમાં મુંબઈનું દ્વિભાષિક રાજ્ય નિર્માણ કરવું એવી ભલામણ કરવામાં આવી.

**નાગપુર કરાર :** સર્વ મરાઠી ભાષિક જનતાના એક રાજ્યની સ્થાપના માટે ઇ.સ. ૧૯૫૩માં નાગપુર કરાર થયો. આ કરાર પ્રમાણે પશ્ચિમ મહારાષ્ટ્ર અને વિદર્ભ-મરાઠવાડા સહિત સંયુક્ત મહારાષ્ટ્રની નિર્મિતિ થઈ. ઇ.સ. ૧૯૫૬માં સંવિધાનમાં થયેલ સુધારણા દ્વારા સંવિધાનમાં કલમ ૩૭૧(૨)નો સમાવેશ કરવામાં આવ્યો. તે અનુસાર વિકાસ કાર્યો માટે સમન્યાયી નિધિ, તાંત્રિક અને વ્યાવસાયિક શિક્ષણ માટે પૂરતી નિધિ, તે ભાગની લોકસંખ્યાના પ્રમાણમાં રાજ્ય સરકારમાં નોકરીની તક અને

મહારાષ્ટ્ર વિધાનસભાનું એક વાર્ષિક અધિવેશન નાગપુરમાં ભરવું વગેરે બાબતોને નાગપુર કરાર દ્વારા મંજૂરી આપવામાં આવી.

મરાઠી ભાષિકોએ મુંબઈ સહિત મહારાષ્ટ્રનું નિર્માણ કરવા માટે સંઘર્ષ કર્યો. મુંબઈમાં કામગાર મેદાનમાં મોટી સભા ભરવામાં આવી. તે સમયે શંકરરાવ દેવે કહ્યું, ''મહારાષ્ટ્રથી મુંબઈને જુદું કરવાનો આપણે ચોક્કસ વિરોધ કરીશું.'' જનતાની ભાવના અને માંગણીએ જનઆંદોલનનું સ્વરૂપ લઈ લીધું. જેમાં મહિલાઓએ પણ સક્રિય ભાગ લીધો. સુમતીબાઈ ગોરે, ઈસ્મત ચુગતાઈ, દુર્ગા ભાગવત, તારા રેડ્ડી, ચારૂશીલા ગુપ્તે, કમલાતાઇ મોરે, સુલતાના જોહારી જેવી અનેક સ્ત્રીઓએ આંદોલનમાં ભાગ લીધો.

૭ નવેમ્બર, ૧૯૫૫ના રોજ કામગારોની સભા ભરાણી. જેમાં વિવિધ કામગાર સંસ્થા, કમ્યુનિસ્ટ પ્રજા સમાજવાદી, સમાજવાદી, ખેડૂત કામગાર પક્ષ, જનસંઘ જેવા અનેક રાજકીય પક્ષોએ ભાગ લીધો. આ સભાના અધ્યક્ષ કૉમ્રેડ શ્રીપાદ અમૃત ડાંગે હતા. આ અધિવેશનમાં એસ. એમ. જોશીએ ઠરાવ પસાર કર્યો કે મુંબઈ-વિદર્ભ સહિત સંયુક્ત મહારાષ્ટ્રની રચના થાય.

**પ્રત્યક્ષ સંઘર્ષની શરૂઆત :** મરાઠી ભાષિક જનતાનો અસંતોષ વધી રહ્યો હતો. સેનાપતિ બાપટના નેતૃત્વમાં વિધાનસભા પર મોટો મોરચો કાઢવામાં આવ્યો. એ સમયે મોરારજી દેસાઈ મુખ્યમંત્રી હતા. સરકારે બંધી આદેશ આપ્યો. પોલીસે મોરચા પર લાઠીચાર્જે, અશ્રુગેસનો ઉપયોગ કર્યો. તે જ દિવસે સાંજે કામગાર મેદાન પર આશરે ૫૦ હજાર લોકોની હાજરીમાં જાહેર સભા ભરવામાં આવી. કૉમ્રેડ ડાંગે સભાનું માર્ગદર્શન કર્યું. સંયુક્ત મહારાષ્ટ્રની લડતને વધુ વેગ આપવા માટે ૨૧ નવેમ્બર, ૧૯૫૫ના રોજ એક દિવસીય લાક્ષણિક બંધનો નિર્ણય લેવામાં આવ્યો.

**સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિની સ્થાપના :** મરાઠી



પ્ર. કે. અત્રે

ભાષિક જનતાની સંયુક્ત મહારાષ્ટ્રની માંગણીનો પ્રશ્ન વિકટ બનતો ગયો. આખા રાજ્યમાં અસંતોષ હતો. ૬ ફેબ્રુઆરી, ૧૯૫૬ના રોજ કેશવરાવ જેધેની અધ્યક્ષતામાં પુણેના ટિળક સ્મારક મંદિરમાં સભા ભરવામાં આવી. જેમાં સમિતિએ પોતાની કાર્યકારિણી જાહેર કરી. તે અનુસાર અધ્યક્ષપદે ડૉ.શ્રીપાદ અમૃત ડાંગે, ઉપાધ્યક્ષ ડૉ. ત્ર્યં. રા. નરવણે અને સચિવ પદે એસ. એમ. જોશીની પસંદગી કરવામાં આવી. સમિતિની સ્થાપનામાં ગ. ત્ર્યં. માડખોલકર, આચાર્ય પ્ર. કે. અત્રે, મધુ દંડવતે, પ્રબોધનકાર કેશવ ઠાકરે, ય. કૃ. સોવનીએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. સેનાપતિ બાપટ, ક્રાંતિસિંહ નાના પાટીલ, લાલજી પેંડસે, અહિલ્યાબાઈ રાગણેકરે સંયુક્ત મહારાષ્ટ્ર



એસ. એમ. જોશી



પ્રબોધનકાર ઠાકરે

ચળવળમાં મોટું યોગદાન આપ્યું. આંદોલન મહારાષ્ટ્રના ગામોગામ સુધી પહોંચાડ્યું.

જ્યારે મુંબઈનો મહારાષ્ટ્રમાં સમાવેશ થશે નહીં. તેવું સ્પષ્ટ કરવામાં આવ્યું, ત્યારે પ્રચંડ જનઆંદોલન થયું. રાજ્યસરકારે આ ચળવળ દરમ્યાન કરેલા ગોળીબારમાં ૧૦૬ જણ મૃત્યુ પામ્યા. સંયુક્ત મહારાષ્ટ્રની નિર્મિતિ માટે શહાદત વહોરનાર ૧૦૬ સુપુત્રોનું 'હુતાત્મા સ્મારક' મુંબઈમાં ફ્લોરા ફાઉન્ટન પાસે ઉભું કરવામાં આવ્યું.

## શું તમે જાણો છો ?


લોકશાહિર અન્નાભાઊ સાઠે


શાહિર અમર શેખ


શાહિર દ. ના. ગવાણકર

**મરાઠી વર્તમાનપત્રો અને શાહિરોની (શાયરોની) કામગિરી :** આ આંદોલનમાં વર્તમાનપત્રોની ભૂમિકા મહત્ત્વની હતી. પ્રબોધન, કેસરી, સકાળ, નવાકાળ, નવયુગ, પ્રભાત જેવા અનેક વર્તમાનપત્રોએ વિશિષ્ટ કામગીરી કરી. સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનમાં આચાર્ય અત્રેના ‘મરાઠા’ વર્તમાનપત્રએ વિશિષ્ટ કામગિરી કરી. બાળાસાહેબ ઠાકરેએ ‘માવળા’ ઉપનામથી વ્યંગચિત્રો દોરીને જન આંદોલન વ્યાપક બનાવ્યું.

લોકશાહીર અન્નાભાઉ સાઠે, શાહીર અમર શેખ અને શાહીર દ. ના. ગવાણકરે પોતાના લેખન દ્વારા મોટા પ્રમાણમાં જનજાગૃતિ કરી.

૧ નવેમ્બર, ૧૯૫૬ના રોજ દ્વિભાષિક મુંબઈ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. ત્યારબાદ ૧૯૫૭ના રોજ લોકસભા, વિધાનસભા અને મુંબઈ મહાનગર-પાલિકાની ચૂંટણીઓ થઈ. જેમાં સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિને સફળતા મળી. આ પરિણામો પરથી મતદારો દ્વિભાષિકોની વિરુદ્ધ અને સંયુક્ત મહારાષ્ટ્રના પક્ષમાં છે, તે સ્પષ્ટ થયું.

૩૦ નવેમ્બર, ૧૯૫૭ના રોજ પ્રતાપગઢ પર છત્રપતિ શિવાજી મહારાજના અશ્વારૂઢ પૂતળાનું અનાવરણ વડાપ્રધાન પ.જવાહરલાલ નહેરુના હસ્તે થવાનું હતું. તે સમયે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિએ ભાઈ માધવરાવ બાગલના નેતૃત્વ નીચે પ્રચંડ મોરચો કાઢ્યો. એસ. એમ. જોશી, ના. ગ. ગોરે, જયંતરાવ ટિળક, પ્ર. કે. અત્રે, ઉદ્ધવરાવ પાટીલ વગેરે નેતા હાજર હતા. સમિતિએ પસરણી ઘાટ અને પોલાદ પૂર પાસે તીવ્ર દેખાવો કર્યા. મરાઠી ભાષિકોની ભાવના અને કુલ પરિસ્થિતિની જાણ પ.નેહરુને કરવામાં સમિતિને સફળતા મળી.


ઉદ્ધવરાવ પાટીલ

સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિના નેતૃત્વમાં થયેલ આંદોલનને કારણે કેન્દ્ર સરકાર મહારાષ્ટ્રની નિર્મિતિ માટે અનુકૂળ બની. આ પ્રસંગે કૉંગ્રેસના અધ્યક્ષ ઈંદિરા ગાંધીએ સંયુક્ત મહારાષ્ટ્રને પોતાનો ટેકો આપ્યો. મહારાષ્ટ્ર અને ગુજરાત આ બે ભાષિક પ્રાંતની રચનાને કેન્દ્ર સરકારે અનુમતિ આપી. એપ્રિલ ૧૯૬૦માં સંસદે મુંબઈ પુનર્રચના કાયદો મંજૂર કર્યો અને આ કાયદા અનુસાર ૧ મે, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર રાજ્યની નિર્મિતિ થઈ.

૧ મે, ૧૯૬૦ની સવારે રાજભવનમાં થયેલા વિશેષ સમારંભમાં પંડિત નહેરુએ કામગાર દિને મહારાષ્ટ્ર રાજ્યની અધિકૃત ઘોષણા કરી. મહારાષ્ટ્રના પહેલા મુખ્યમંત્રી તરીકે યશવંતરાવ ચવ્હાણે જવાબદારી સ્વીકારી.


યશવંતરાવ ચવ્હાણ

## સ્વાધ્યાય

### ૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.

(૧) ૧ મે, ૧૯૬૦ના રોજ ............. રાજ્યની નિર્મિતિ થઈ.

(અ) ગોવા (બ) કર્ણાટક

(ક) આંધ્રપ્રદેશ (ડ) મહારાષ્ટ્ર

(૨) મુંબઈ મહાપાલિકામાં ......... એ મુંબઈ સહિત સંયુક્ત મહારાષ્ટ્રનો ઠરાવ રજૂ કર્યો.

(અ) ગં. ત્ર્યં. માડખોલકર

(બ) આચાર્ય અત્રે

(ક) દ. વા. પોતદાર

(ડ) શંકરરાવ દેવ

(૩) મહારાષ્ટ્રના પહેલા મુખ્યમંત્રી તરીકે .........એ જવાબદારી સ્વીકારી.

(અ) યશવંતરાવ ચવ્હાણ

(બ) પૃથ્વીરાજ ચવ્હાણ

(ક) શંકરરાવ ચવ્હાણ

(ડ) વિલાસરાવ દેશમુખ

### ૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.

(૧) સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિની સ્થાપના કરવામાં આવી.


(૨) સંયુક્ત મહારાષ્ટ્રની લડતમાં વર્તમાનપત્રોની ભૂમિકા મહત્ત્વની હતી.

### ૩. ટૂંક નોંધ લખો.

(૧) સંયુક્ત મહારાષ્ટ્ર પરિષદ

(૨) સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિનું યોગદાન

### ૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.




**ઉપક્રમ**

મહારાષ્ટ્રના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર વ્યક્તિ વિશે માહિતી મેળવો અને શિક્ષકની મદદથી તેના પર આધારિત પ્રકલ્પ તૈયાર કરો.

AIL4J1

# નાગરિકશાસ્ત્ર
## (સંસદીય શાસન પદ્ધતિ)

### અનુક્રમણિકા


| ક્ર. | પાઠનું નામ ................................ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | સંસદીય શાસન પદ્ધતિનો પરિચય......... | ૬૮ |
| ૨. | ભારતીય સંસદ............................. | ૭૧ |
| ૩. | કેન્દ્રિય કારોબારી મંડળ .................... | ૭૫ |
| ૪. | ભારતની ન્યાય વ્યવસ્થા.................. | ૭૯ |
| ૫. | રાજ્યસરકાર ............................. | ૮૩ |
| ૬. | નોકરશાહી ................................ | ૮૬ |

# અધ્યયન નિષ્પત્તિ

| સૂચવેલ શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **વિદ્યાર્થીને જોડીમાં, સમૂહમાં, વ્યક્તિગત અધ્યયનની તક આપવી અને તેમને નીચેની બાબતો માટે પ્રવૃત્ત કરવા.**<br>• બંધારણ, સંસદ, ન્યાયસંસ્થા, સીમાંતિકરણ અથવા સમાસીકરણ (marginalization) જેવી સંકલ્પનાઓ પરની ચર્ચામાં સહભાગી થવું.<br>• ભારતીય બંધારણનું મહત્ત્વ, આમુખ, સંસદીય શાસન પધ્ધતિ, સત્તાનું વિભાજન, સંઘરાજ્ય પધ્ધતિ વિશે રેખાચિત્ર અને સચિત્ર ભીંતપત્ર બનાવવું અને લેખિત / મૌખિક રજૂઆત કરવી.<br>• વર્ગમાં/શાળામાં/ઘરમાં/સમાજમાં સ્વાતંત્ર્ય સમતા અને બંધુતા જેવા તત્વો કેવી રીતે આચરવામાં આવે છે તે વિશે ચર્ચા કરવી.<br>• રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના લોકસભા મતદાર ક્ષેત્રના નકશાનું નિરીક્ષણ કરવું.<br>• બાળસંસદ અને અભિરૂપ આચાર સંહિતા સહિત ચૂંટણીનું આયોજન કરવું.<br>• પોતાના પરિસરના નોંધણીકૃત મતદારોની યાદી તૈયાર કરવી.<br>• પોતાના પરિસરમાં મતદાનના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા અભિયાન ચલાવવું.<br>• પોતાના મતદાન ક્ષેત્રના લોકપ્રતિનિધિઓએ હાથ ધરેલા સાર્વજનિક કાર્યોની માહિતી મેળવવી.<br>• પ્રાથમિક માહિતી અહેવાલ (FIR)ના આશયની તપાસ કરવી.<br>• દાવેદારોને ન્યાય મળવામાં ન્યાયાધીશની ભૂમિકા વિશે વિસ્તૃત અને ચિકિત્સક લેખનના માધ્યમે સ્વમત અભિવ્યક્તિની તક આપવી.<br>• વિશેષ કરીને સ્ત્રીઓ, અનુસૂચિત જાતિ અને જમાતી, ભટકતી અને વિમુક્ત જાતિ, ધાર્મિક અને ભાષિક અલ્પસંખ્યાંક, દિવ્યાંગ, વિશેષ આવશ્યકતાવાળા બાળકો, અન્ય વંચિત જૂથના માનવ હક્કોનું ઉલ્લંઘન, સંરક્ષણ અને પ્રચાર, આ વિષય પર સમૂહ ચર્ચાનું આયોજન કરવું.<br>• બાળમજૂર, બાળહક્ક અને ભારતની ફોજદારી ન્યાય વ્યવસ્થા વિશેની ભૂમિકાનું પાલન.<br>• સાર્વજનિક સુવિધા અને પાણીની, આરોગ્યની સગવડ, વીજળીની ઉપલબ્ધતામાં વિષમતા વિશે સહવિદ્યાર્થીઓ સાથે અનુભવનું આદાન-પ્રદાન કરવાની તક આપવી.<br>• સાર્વજનિક સુવિધા પૂરી પાડવા માટે શાસન કેવી રીતે જવાબદાર છે, તે વિશે ચર્ચાનું આયોજન કરવું. | **અધ્યયનાર્થી**<br>08.73H.14. ભારતના સંવિધાનના સંદર્ભમાં પોતાના પ્રદેશની સામાજિક અને રાજકીય સમસ્યાઓની સમીક્ષા કરે છે.<br>08.73H.15. ઘટક રાજ્યશાસન અને કેન્દ્રશાસન વચ્ચે ભેદ કરે છે.<br>08.73H.16. લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનું વર્ણન કરે છે.<br>08.73H.17. રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશના લોકસભાના મતદાર ક્ષેત્રોનું સ્થાન નિશ્ચિત કરી સ્થાનિક લોકપ્રતિનિધિઓના નામો લખે છે.<br>08.73H.18. કાયદાની નિર્મિતિની પ્રક્રિયાનું વર્ણન કરે છે. (દા.ત. ઘરગથ્થુ હિંસાથી સંરક્ષણ આપનાર કાયદો, માહિતીના અધિકારનો કાયદો, શિક્ષણના હક્કનો કાયદો વગેરે.)<br>08.73H.19. કેટલાક મહત્ત્વના ન્યાયાલયીન નિર્ણયો જણાવી તેના આધારે ભારતની ન્યાય વ્યવસ્થાના કાર્ય સ્પષ્ટ કરે છે.<br>08.73H.20. 'પ્રથમ માહિતી અહેવાલ' (FIR) કેવી રીતે નોંધાવવો તે દર્શાવે છે.<br>08.73H.21. પોતાના પ્રદેશના દુર્બળ સમાજઘટકોને પરિઘ બહાર શા માટે રહેવું પડે છે તેના કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે.<br>08.73H.22. પાણી, સાર્વજનિક સ્વચ્છતા, રસ્તા, વીજળી વગેરે સાર્વજનિક સુવિધા પૂરી પાડવામાં શાસનની ભૂમિકા ઓળખે છે અને તે સેવાઓની ઉપલબ્ધતાની નોંધ લે છે.<br>08.73H.23. મહારાષ્ટ્રની શાસન યંત્રણાનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. |

# ૧. સંસદીય શાસન પધ્ધતિનો પરિચય

ભારતના સંવિધાનમાં ક્યા પ્રકારની શાસન યંત્રણા અથવા શાસન પધ્ધતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેનો અભ્યાસ આપણે આ પાઠમાં કરીશું.

**તમને આ પ્રશ્ન થાય છે કે ?**

- સંસદીય શાસન પધ્ધતિ એટલે શું ?
- ભારતમાં વડાપ્રધાન છે પણ અમેરિકામાં વડાપ્રધાન નથી, શા માટે ?
- સંસદીય શાસન પધ્ધતિ અને અધ્યક્ષીય શાસન પધ્ધતિમાં શું તફાવત છે ?

ઉપર આપેલા પ્રશ્નોથી તમારા ધ્યાનમાં આવશે કે દરેક દેશની શાસન પધ્ધતિનું સ્વરૂપ જુદું જુદું હોય છે. વિવિધ પ્રકારની શાસન પધ્ધતિનું સ્વરૂપ સમજતા પહેલા આપણે શાસનસંસ્થાની પ્રમુખ શાખા વિશે ટૂંકમાં માહિતી મેળવીએ.

કાયદામંડળ કાયદા બનાવવાનું કાર્ય કરે છે. કારોબારી મંડળ તે કાયદાનો પ્રત્યક્ષ અમલ કરે છે. ન્યાયમંડળ ન્યાય આપવાનું કાર્ય કરે છે. આ ત્રણેય શાખાના કાર્યો, તેમના અધિકારક્ષેત્ર અને મર્યાદા, ત્રણેય શાખાનો પરસ્પર સંબંધ સંવિધાન નક્કી કરે છે. આ સંબંધ ક્યા પ્રકારનો છે તેના પરથી શાસનસંસ્થાનું સ્વરૂપ નક્કી થાય છે.

એના પરથી શાસન પધ્ધતિના બે પ્રમુખ પ્રકાર જણાય છે. (૧) સંસદીય શાસન પધ્ધતિ (૨) અધ્યક્ષીય શાસન પધ્ધતિ

## સંસદીય શાસન પધ્ધતિ

સંસદીય શાસન પધ્ધતિ મુખ્યત્વે ઈંગ્લેન્ડમાં હોવા છતાં આજે પણ ત્યાંનો રાજ્યકારભાર પરંપરાગત સંકેતોને આધારે ચાલે છે. 'પાર્લામેન્ટ' ત્યાં ઉત્ક્રાંત થયેલી એવી જ એક સંસ્થા છે. પાર્લામેન્ટ પર આધારિત પાર્લામેંટરી (Parliamentary) શાસન પધ્ધતિને ઈંગ્લેન્ડનું યોગદાન માનવામાં આવે છે. ભારતમાં આ શાસન પધ્ધતિને સંસદીય શાસન-પધ્ધતિ તરીકે સ્વીકારવામાં આવી છે. ઈંગ્લેન્ડની પાર્લમેંટરી શાસન પધ્ધતિ અને ભારતની સંસદીય શાસન પધ્ધતિમાં વ્યાપક દ્દષ્ટિએ સામ્ય જણાય છે. પરંતુ સંસ્થાત્મક આશયની દ્દષ્ટિએ ભારતીય શાસન પધ્ધતિ જુદી છે.

ભારતીય સંસદીય શાસન પધ્ધતિની નીચેની વિશિષ્ટતાઓ વિશે સમજીએ.

- સંસદીય શાસન પધ્ધતિ એ રાજ્યકારભારની એક પધ્ધતિ છે. કેન્દ્રિય શાસન યંત્રણાના કાયદામંડળને સંસદ કહેવામાં આવે છે. રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભા મળીને સંસદ તૈયાર થાય છે.
- સંસદના લોકસભાના પ્રતિનિધિઓ જનતા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટવામાં આવે છે. સભાગૃહના સભ્યોની સંખ્યા નિશ્ચિત હોય છે.
- ચોક્કસ મુદત પછી લોકસભાની ચૂંટણી થાય છે. આ ચૂંટણીમાં દરેક રાજકીય પક્ષ ભાગ લે છે. તેમાંથી જે રાજકીય પક્ષને અડધા કરતાં વધુ જગ્યા મળે છે, તેને બહુમતી ધરાવતો પક્ષ માનવામાં આવે છે. બહુમતી ધરાવતો પક્ષ સરકાર બનાવે છે.
- કેટલીકવાર કોઈપણ એક પક્ષને સ્પષ્ટ બહુમત મળતો નથી, આવા સમયે કેટલાક પક્ષ એકત્રિત થઈને પોતાનો બહુમત સિધ્ધ કરે છે અને સરકારની સ્થાપના કરે છે. જેને ગઠબંધન સરકાર કહેવામાં આવે છે.
- આ રીતે જનતા દ્વારા ચૂંટાઈને આવેલા પ્રતિનિધિ કાયદામંડળના સભ્યો બને છે અને બહુમત મેળવેલ પક્ષ સરકાર બનાવે છે.

- બહુમત ધરાવનાર પક્ષના નેતા વડાપ્રધાન બને છે અને તે પોતાના કેટલાક સહયોગીઓને મંત્રી પદ માટે પસંદ કરે છે.
- વડાપ્રધાન અને તેમણે પસંદ કરેલ મંત્રીમંડળ એટલે સંસદીય શાસન પદ્ધતિનું કારોબારી મંડળ. સંસદીય શાસન પદ્ધતિમાં કારોબારી મંડળ પર બેવડી જવાબદારી હોય છે. (૧) કારોબારી મંડળ તરીકે તેમણે કાયદાનો અમલ કરવાનો હોય છે. (૨) તેઓ કાયદામંડળના પણ સભ્યો હોય છે. માટે તેમણે કાયદામંડળ સંબંધિત જવાબદારી પાર પાડવાની હોય છે.

વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ પોતાના દરેક કાર્ય અને ધોરણ માટે કાયદામંડળને જ જવાબદાર હોય છે. અર્થાત મંત્રીમંડળે કાયદામંડળને અધીન રહીને જ રાજ્યકારભાર કરવો પડે છે માટે જ સંસદીય શાસન પદ્ધતિને 'જવાબદાર શાસન પદ્ધતિ' કહેવામાં આવે છે. તે જ રીતે સામૂહિક જવાબદારી એ સંસદીય શાસન પદ્ધતિની બીજી ખાસ વિશિષ્ટતા છે. એક ખાતાનો નિર્ણય રાજ્યનો નિર્ણય માનવામાં આવે છે. આ નિર્ણયની જવાબદારી સંપૂર્ણ મંત્રીમંડળની હોય છે. તે પ્રત્યક્ષ રૂપે કેવી રીતે થાય છે, તે આપણે આગળના બે પાઠમાં ઉદાહરણ સહિત જોઈશું.

સંસદીય શાસન પદ્ધતિમાં કારોબારી મંડળ કાયદામંડળના વિશ્વાસ પર આધારિત હોય છે. એટલે કે જ્યાં સુધી કારોબારી મંડળને કાયદામંડળનો ટેકો હોય અથવા સંમતિ હોય ત્યાં સુધી જ કારોબારી મંડળ એટલે કે વડાપ્રધાન અને મંત્રીમંડળ શાસન-ચલાવવાનો અધિકાર ધરાવે છે. જ્યારે પણ કાયદા મંડળ અથવા સંસદને એવું લાગે કે કારોબારી મંડળ તેમની ઈચ્છા અનુસાર કાર્ય કરી રહ્યું નથી. ત્યારે સંસદમાં અવિશ્વાસનો પ્રસ્તાવ લાવીને કારોબારી મંડળને સત્તા પરથી દૂર કરે છે. અવિશ્વાસનો પ્રસ્તાવ એ નિયંત્રણનું એક પ્રભાવી સાધન છે.

સંસદીય શાસન પદ્ધતિમાં સંસદ અથવા કાયદામંડળ શ્રેષ્ઠ/ સર્વોપરી હોય છે. લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ સંસદમાં સામાન્ય જનતાની અપેક્ષાઓ વ્યક્ત કરે છે. લોકહિત માટે શું કરવું જોઈએ તે સંસદ નક્કી કરે છે. લોકોના પ્રતિનિધિઓનું સભાગૃહ હોવાથી તેમ જ જનતાનો સર્વશ્રેષ્ઠ અધિકાર વ્યક્ત કરતું હોવાથી સંસદનો દરજ્જો શ્રેષ્ઠ હોય છે.

## આપણે સંસદીય શાસન પદ્ધતિ શા માટે સ્વીકારી?

ભારતે સંસદીય શાસન પદ્ધતિનો સ્વીકાર કર્યો તે માટે કેટલાક કારણો હતા. બ્રિટિશ રાજવહીવટના કાળમાંજ ભારતમાં સંસદીય સંસ્થાનું નિર્માણ થયું હતું. બ્રિટિશરોએ આ પદ્ધતિથી રાજ્યકારભાર કરવાની શરૂઆત કરી હતી. સંસદીય શાસન પદ્ધતિ પણ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો એક આવિષ્કાર છે. ભારતીયો આ પદ્ધતિથી પરિચિત હતા. સંવિધાન સભામાં આ પદ્ધતિ વિશે ઘણી જ ચર્ચા થઈ. સંવિધાન કર્તાઓએ આ પદ્ધતિમાં ભારતીય પરિસ્થિતિને અનુકૂળ ફેરફાર કર્યા.

સંસદીય શાસન પદ્ધતિમાં ચર્ચા, વિચાર વિનિમયને ખૂબ અવકાશ હોય છે. સાર્વજનિક હિતસંબંધી પ્રશ્નો પર સંસદમાં ચર્ચા થાય છે. આ ચર્ચામાં વિરોધ પક્ષના સભ્યો પણ ભાગ લે છે. યોગ્ય સ્થળે સરકાર સાથે સહકાર્ય કરવું, સરકારના ધોરણમાં અથવા કાયદામાં રહેલી ત્રુટિ દર્શાવવી, પ્રશ્નોની અભ્યાસપૂર્ણ માંડણી કરવી જેવી બાબતો વિરોધ પક્ષ કરી શકે છે. જેથી સંસદ માટે વધુ નિર્દોષ કાયદા બનાવવા શક્ય બને છે.

## અધ્યક્ષીય શાસન પદ્ધતિ

અધ્યક્ષીય શાસન પદ્ધતિ એ રાજ્યકારભારની બીજી એક પદ્ધતિ છે. અમેરિકા જેવા દેશોમાં આ શાસન પદ્ધતિ છે. આ પદ્ધતિ સંસદીય શાસન પદ્ધતિ કરતાં જુદી છે. જેમાં કારોબારી મંડળ કાયદામંડળથી અલિપ્ત હોય છે અને કાર્યકારી પ્રમુખ (રાષ્ટ્રાધ્યક્ષ) પ્રત્યક્ષ રીતે જનતા દ્વારા ચૂંટવામાં આવે છે, આ પદ્ધતિને અધ્યક્ષીય શાસન પદ્ધતિ કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં શાસન સંસ્થાની

ત્રણેય શાખા એકબીજાથી સ્વતંત્ર હોય છે. માત્ર તેમના કાર્યોમાં એકસૂત્રતા જળવાય તેટલો સંબંધ તેમની વચ્ચે હોય છે. અમેરિકાએ અધ્યક્ષીય શાસન પધ્ધતિ આપનાવી છે. આ શાસન પધ્ધતિની કેટલીક વિશિષ્ટતા નીચે પ્રમાણે છે :

- અધ્યક્ષીય શાસન પધ્ધતિમાં કાયદામંડળ અને કારોબારી મંડળ પ્રત્યક્ષરૂપે એકબીજા પર આધારિત હોતા નથી. કાયદામંડળના બંને સભાગૃહ અને રાષ્ટ્રાધ્યક્ષ એ જનતા દ્વારા ચૂંટવામાં આવે છે. રાષ્ટ્રાધ્યક્ષ કારોબારી પ્રમુખ હોય છે અને તેમને કાયદાનું અમલીકરણ સહિત અન્ય અનેક અધિકારો પ્રાપ્ત હોય છે.
- અધ્યક્ષીય શાસન પધ્ધતિની રચના આ પ્રકારે હોવા છતાં કાયદામંડળ અને કારોબારી મંડળ પરસ્પર પર નિયંત્રણ રાખે છે. પરસ્પર પરના નિયંત્રણને કારણે રાજ્યકારભાર જવાબદાર પધ્ધતિથી થઈ શકે છે.

સંસદીય અને અધ્યક્ષીય શાસન પધ્ધતિ સિવાયની બીજી કેટલીક શાસન પધ્ધતિ સ્વિત્ઝર્લેંડ, જર્મની જેવા દેશોમાં અપનાવવામાં આવી છે. વિવિધ દેશો પોતાની પરિસ્થિતિને અનુરૂપ શાસન પધ્ધતિ અપનાવે છે.

આગળના પાઠમાં આપણે ભારતમાં સંસદની રચના, કાર્યપધ્ધતિ અને ભૂમિકાનો વિચાર કરીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) સંસદીય શાસન પધ્ધતિ ..............માં વિકસિત થઈ.

(અ) ઈંગ્લેન્ડ (બ) ફ્રાન્સ

(ક) અમેરિકા (ડ) નેપાળ

(૨) અધ્યક્ષીય શાસન પધ્ધતિમાં .............. કારોબારી પ્રમુખ હોય છે.

(અ) વડાપ્રધાન (બ) લોકસભા અધ્યક્ષ

(ક) રાષ્ટ્રાધ્યક્ષ (ડ) રાજ્યપાલ

**૨. નીચેના કોષ્ટકમાં માહિતી પૂર્ણ કરો.**

| અ. ક્ર. | મંડળનું નામ | કાર્યો |
|---|---|---|
| ૧. | કાયદામંડળ | |
| ૨. | કારોબારી મંડળ | |
| ૩. | ન્યાય મંડળ | |

**૩. નીચેના વિધાનો કારણ સહિત સ્પષ્ટ કરો.**

(૧) ભારતે સંસદીય શાસન પધ્ધતિનો સ્વીકાર કર્યો છે.

(૨) સંસદીય શાસન પધ્ધતિમાં ચર્ચા અને વિચાર વિનિમય મહત્ત્વપૂર્ણ હોય છે.

**૪. નીચેના પ્રશ્નોના ૨૫ થી ૩૦ શબ્દોમાં ઉત્તર લખો.**

(૧) જવાબદાર શાસન પધ્ધતિ એટલે શું ?

(૨) અધ્યક્ષીય શાસન પધ્ધતિની વિશિષ્ટતા સ્પષ્ટ કરો.

**૫. વિરોધી પક્ષની ભૂમિકા શા માટે મહત્ત્વપૂર્ણ હોય છે? તમારો મત વ્યક્ત કરો.**

**ઉપક્રમ**

દૂરદર્શન પર લોકસભા અને રાજ્યસભાના કામકાજનું સીધું રાષ્ટ્રીય પ્રસારણ જોઈ તેનું નિરીક્ષણ કરો.

AIUZKN

# ૨. ભારતીય સંસદ



સંસદ ભવન, નવી દિલ્લી

સંસદના બે સભાગૃહોને લોકસભા અને રાજ્યસભા કહેવામાં આવે છે.

**લોકસભા :** ભારતીય સંસદનું કનિષ્ઠ અને પ્રથમ સભાગૃહ એટલે લોકસભા. લોકસભા એ જનતા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલ સભાગૃહ હોવાથી તેને પહેલું સભાગૃહ પણ કહેવાય છે.

સંસદીય શાસન પધ્ધતિમાં સંસદ મહત્ત્વપૂર્ણ હોય છે, તે આપણે જોયું. પ્રસ્તુત પાઠમાં ભારતની સંસદ વિશે વિચાર કરીશું.

ભારતની સંસદનું નિર્માણ સંવિધાન દ્વારા કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્તરે એટલે કે કેન્દ્રિય શાસન યંત્રણના કાયદામંડળને 'સંસદ' કહેવામાં આવે છે. તે મુજબ સંસદમાં રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ ભારતની સંસદના અવિભાજ્ય ઘટક હોય છે. પરંતુ તેઓ સંસદના સભાગૃહમાં હાજર રહી વિચાર-વિનિમયમાં ભાગ લઈ શકતા નથી.

**શોધો ?**

ઘટક રાજ્યોને તેમની લોકસંખ્યાના પ્રમાણમાં લોકસભામાં જગ્યા/બેઠક મળે છે, ચૂંટણી માટે દરેક રાજ્યનું વિભાજન ભૌગોલિક મતદાર સંઘમાં કરવામાં આવે છે. મતદાર સંઘની લોકસંખ્યા સામાન્ય રીતે સમાન હોય છે. ઈન્ટરનેટની મદદથી વિવિધ ઘટક રાજ્યોની લોકસભામાં રહેલી જગ્યા/ બેઠક સંખ્યા શોધો. દા.ત.

મહારાષ્ટ્ર : ૪૮
ગુજરાત :
મધ્યપ્રદેશ :
ઉત્તરપ્રદેશ :
ગોવા :

લોકસભાની ચૂંટણી માટે ભૌગોલિક મતદાર સંઘ નિર્માણ કરવામાં આવે છે. લોકસભાની મુદત પાંચ વર્ષની હોય છે. લોકસભાની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. આ ચૂંટણી સાર્વત્રિક ચૂંટણી તરીકે ઓળખાય છે. કેટલીક વાર પાંચ વર્ષની મુદત પૂર્ણ થાય તે પહેલા જ લોકસભા વિસર્જિત થયાના પણ કેટલાક ઉદાહરણો છે. આવા સમયે કરવામાં આવેલ ચૂંટણીને મધ્યાવર્તી ચૂંટણી કહેવાય છે.

લોકસભા એ દેશના લોકોનું પ્રતિનિધિત્વ કરનાર સભાગૃહ છે. લોકસભાના સભ્યોની સંખ્યા વધારેમાં વધારે ૫૫૨ હોય છે. આપણાં દેશના દરેક સમાજ ઘટકોને પ્રતિનિધિત્વ મળે તે માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતીને આરક્ષણ આપવામાં આવ્યું છે. તેમજ એંગ્લો ઈન્ડિયન સમાજનું પૂરતું પ્રતિનિધિત્વ ન હોવાથી રાષ્ટ્રપતિ તે સમાજના બે પ્રતિનિધિની નિમણૂંક (લોકસભામાં) કરી શકે છે.

**રાજ્યસભા :** ભારતીય સંસદનું વરિષ્ઠ અને દ્વિતીય સભાગૃહ એટલે રાજ્યસભા. રાજ્યસભા એ ભારતીય સંસદનું અપ્રત્યક્ષ રીતે ચૂંટાતું સભાગૃહ છે. રાજ્યસભા ભારતીય સંઘરાજ્યના ૨૮ ઘટક રાજ્યો અને ૯ કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે. એનો અર્થ એ છે કે, રાજ્યસભામાં ઘટક રાજ્યોના પ્રતિનિધિ સભ્ય તરીકે કામ કરે છે.



### કરી જુઓ :

**મેરી** : હું દસમા ધોરણમાં પાસ થયા બાદ લોકસભાની ચૂંટણી લડી શકું કે ?
**રાધિકા** : ના, તું ૧૮ વર્ષની થઈશ ત્યારે તને મતદાન કરવા મળશે, પણ ચૂંટણી લડવા નહીં મળે.
**રણવીર** : અરે, તમને ખબર છે ને લોકસભાની ચૂંટણી લડવા માટે ૨૫ વર્ષ પૂર્ણ થવા જોઈએ.
**શબાના** : આપણાં પાડોશી દેશની વ્યક્તિ લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છે તો ?
**મુસ્કાન** : એ કેવી રીતે શક્ય છે ? તે વ્યક્તિ ભારતનો નાગરિક છે કે ?
**પ્રણવ** : ધારો કે, મારે કેરળથી ચૂંટણી લડવી હોય તો, તે શક્ય છે કે ?
**રાધિકા** : હા, કારણ કે આપણાં શિક્ષકે કહ્યું હતું કે, કોઈપણ રાજ્યના મતદાર સંઘમાંથી લોકસભાની ચૂંટણી લડી શકાય છે.
**મૃણાલ** : વય, નાગરિકત્વ સંબંધી શરતો સમજાઈ ગઈ. પણ ચૂંટણી લડવા માટે અપાત્ર કોને સમજવા ?
**મેરી** : પાત્રતાની જેમજ અપાત્રતાની પણ કેટલીક શરતો હશે જ. ચાલો આપણે શિક્ષક પાસે જઈને સમજીએ.

રાજ્યસભાની કુલ સભ્ય સંખ્યા ૨૫૦ છે. એમાંથી ૨૩૮ સભ્યો વિવિધ ઘટક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચૂંટાઈને આવે છે. રાજ્યસભામાં દરેક ઘટક રાજ્યોની સભ્ય સંખ્યા સરખી હોતી નથી. લોકસંખ્યાના પ્રમાણમાં રાજ્યસભામાં પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય છે. બાકીના ૧૨ સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. સાહિત્ય, વિજ્ઞાન, કલા, ક્રીડા અને સામાજિક કાર્ય જેવા ક્ષેત્રોમાં કામનો પ્રત્યક્ષ અનુભવ ધરાવનાર અથવા તેનું વિશેષ જ્ઞાન ધરાવનાર વ્યક્તિઓ પૈકી કેટલાકની નિમણૂક રાજ્યસભામાં કરવામાં આવે છે. રાજ્યસભામાં સભ્યોની પસંદગી પ્રમાણસર પ્રતિનિધિત્વ પદ્ધતિથી થાય છે.

રાજ્યસભા ક્યારેય પણ એકસાથે વિસર્જિત થતી નથી, માટે તેને કાયમી સભાગૃહ કહેવામાં આવે છે. એટલે કે દર બે વર્ષે રાજ્યસભામાં છ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર ૧/૩ સભ્યો નિવૃત્ત થાય છે અને ફરી તેટલા જ સભ્યો ચૂંટવામાં આવે છે. તબક્કાવાર ગણતરીની સંખ્યામાં સભ્યો નિવૃત્ત થતા હોવાથી રાજ્યસભા સતત કાર્યરત હોય છે. રાજ્યસભાની ચૂંટણી લડનાર વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જોઈએ. તેની વય ૩૦ વર્ષ પૂર્ણ હોવી જોઈએ.

લોકસભા અને રાજ્યસભાના સભ્યોને સંસદ સભ્ય કહેવામાં આવે છે. સંસદ સભ્યો પોતાના મતદાર સંઘના પ્રશ્નો, સમસ્યા લોકસભામાં રજૂ કરે છે અને તેને ઉકેલવાનો પ્રયત્ન કરે છે. સરકાર તેમને તેમના મતદાર સંઘના વિકાસકામો માટે વિકાસનિધિ આપે છે.

**સંસદનું કાર્ય :** ભારતીય સંસદના બે સભાગૃહ લોકસભા અને રાજ્યસભા વિશે માહિતી મેળવ્યા બાદ હવે આપણે તેના કાર્ય વિશે માહિતી મેળવીશું.

**કાયદાની નિર્મિતિ :** લોકોનું હિત અને કલ્યાણ થાય તેમજ સંવિધાનના ઉદ્દેશોને પ્રત્યક્ષ સિદ્ધ કરી શકાય માટે સંસદે અનેક નવા કાયદા બનાવવા પડે છે. તેમ જ કાળબાહ્ય (જે વર્તમાન સમયને અનુરૂપ ન હોય તેવા જૂના, અપ્રચલિત) કાયદા રદ્દ કરવા પડે છે, કેટલાક કાયદામાં જરૂરી ફેરફાર કરવા પડે છે. સંવિધાનમાં કાયદો બનાવવાની પ્રક્રિયા સ્પષ્ટ કરવામાં આવી છે. તે અનુસાર સંસદ પોતાની આ પ્રાથમિક અથવા મુખ્ય જવાબદારી પાર પાડે છે.

**મંત્રીમંડળ પર નિયંત્રણ :** વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ સંસદમાંથી નિર્માણ થાય છે અને



### કહો જોઈએ?

કાળબાહ્ય થવાથી રદ્દ કરવામાં આવ્યા હોય તેવા કાયદાના કેટલાક ઉદાહરણો તમે આપી શકશો કે ? દા.ત. સંસ્થાનિકોનું વર્ષાસન.

સંસદનું તેમના પર નિયંત્રણ હોય છે. સંસદ પાસે નિયંત્રણના વિવિધ માર્ગો ઉપલબ્ધ હોય છે. મંત્રીમંડળ સંસદની અવગણના કરીને કારભાર કરે નહીં તે જોવાની જવાબદારી સંસદની હોય છે.

**સંવિધાનની સુધારણા** : ભારતના સંવિધાનમાં કેટલીક સુધારણા કરવાની જરૂર ઉભી થાય તો તેનો નિર્ણય સંસદ લે છે. સંવિધાનમાં સુધારણા કરવાનો પ્રસ્તાવ મહત્ત્વપૂર્ણ હોય છે. તેની જરૂરિયાત અંગે ચર્ચા કરીને તે પ્રસ્તાવ સ્વીકારવો કે નહીં તે સંસદ નક્કી કરે છે. ભારતમાં સંવિધાનમાં સુધારણા કરવાની પદ્ધતિઓ નીચે મુજબ છે. (૧) ભારતના સંવિધાનમાં કેટલીક જોગવાઈઓ સંસદના સાદા બહુમતથી બદલવામાં આવે છે. (૨) કેટલીક જોગવાઈઓ માટે સંસદના વિશેષ બહુમત (૨/૩)ની જરૂર હોય છે. (૩) જ્યારે કેટલીક જોગવાઈ સંસદના વિશેષ બહુમતથી વધારે, અડધા કરતા વધારે ઘટક રાજ્યોની માન્યતા મળ્યા બાદ બદલવામાં આવે છે.

**લોકસભાના અધ્યક્ષ** : લોકસભાની ચૂંટણી બાદ પહેલી બેઠકમાં લોકસભાના સભ્યો પોતાનામાંથી જ એકને 'અધ્યક્ષ' ચૂંટે છે અને એકને 'ઉપાધ્યક્ષ' ચૂંટે છે. લોકસભાનું કામકાજ લોકસભા અધ્યક્ષના માર્ગદર્શન અનુસાર અને નિયંત્રણમાં ચાલે છે.

લોકસભા ભારતની જનતાનું પ્રતિનિધિત્વ કરે છે અને અધ્યક્ષ લોકસભાનું પ્રતિનિધિત્વ કરે છે. અધ્યક્ષપદે ચૂંટાઈને આવ્યા પછી અધ્યક્ષે સંપૂર્ણ સભાગૃહનું કામકાજ એકદમ નિષ્પક્ષપણે ચલાવવાનું હોય છે. લોકસભાના સભ્યોને લોકપ્રતિનિધિ હોવાના નાતે કેટલાક હક્ક અને વિશેષાધિકાર હોય છે. જેનું જતન અધ્યક્ષ કરે છે. સભાગૃહનું કામકાજ સરળતાથી ચલાવવું. સભાગૃહની પ્રતિષ્ઠા સાચવવી, કામકાજ વિષયક નિયમોનું અર્થઘટન કરી તે મુજબ કામકાજ ચલાવવું, જેવા કામો અધ્યક્ષે કરવાના હોય છે.

**રાજ્યસભાના સભાપતિ** : રાજ્યસભાના સંપૂર્ણ કામકાજનું નિયંત્રણ સભાપતિ કરે છે. ભારતના ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના પદસિધ્ધ સભાપતિ હોય છે. રાજ્યસભાના સભાપતિએ પણ સભાગૃહમાં શિસ્ત જાળવવી, ચર્ચા કરાવવી, સભ્યોને બોલવાની તક આપવી જેવા કાર્યો કરવાના હોય છે.

**જાણી લો !**

લોકસભા અને રાજ્યસભા આ બંને સભાગૃહના અધિકાર સમાન હોય છે, તે છતાં કેટલાક અધિકાર માત્ર લોકસભાને હોય છે, રાજ્યસભાને હોતા નથી. દા.ત. કરવિષયક પ્રસ્તાવ પૈસા સાથે સંબંધિત હોય છે. પૈસા સંબંધિત પ્રસ્તાવ 'આર્થિક' કહેવાય છે જે માત્ર લોકસભામાં રજૂ કરી શકાય અને મંજૂર કરી શકાય. આ સંદર્ભે રાજ્યસભાને ખૂબ મર્યાદિત અધિકાર હોય છે.

કેટલાંક અધિકાર રાજ્યસભાને હોય છે પણ લોકસભાને હોતા નથી. દા.ત. રાજ્યસૂચિમાંના એકાદ વિષય અંગે રાષ્ટ્રના હિતની દષ્ટિએ કોઈ કાયદો બનાવવાની જરૂર સંસદને જણાય તો, તે ઠરાવ રાજ્યસભામાં પસાર કરવામાં આવે છે.

## સંસદ કાયદો કેવી રીતે તૈયાર કરે છે ?

આપણાં દેશમાં સંસદને કાયદા બનાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે. કાયદો તૈયાર કરવા માટે વિશિષ્ટ પદ્ધતિ અપનાવવામાં આવે છે. આ પદ્ધતિને 'કાયદા નિર્મિતિની પ્રક્રિયા' કહેવાય છે.

પહેલા કાયદાનો કાચો મસુદો તૈયાર કરવામાં આવે છે. આ કાચા મસુદાને અથવા ઉપરેખાને કાયદાનો પ્રસ્તાવ અથવા ખરડો/ વિધેયક કહેવામાં આવે છે.

સંસદના સભાગૃહમાં રજૂ કરાતા ખરડા/ વિધેયકોના મુખ્યત્વે બે પ્રકાર છે. (૧) અર્થ વિધેયક/ ખરડો (૨) સર્વ સાધારણ વિધેયક/ખરડો.

ખરડાનું કાયદામાં રૂપાંતર કરવા માટે નીચે મુજબ પ્રક્રિયા કરવામાં આવે છે.

**પહેલું વાંચન** : સંબંધિત ખાતાના મંત્રી અથવા સંસદ સભ્ય વિધેયક રજૂ કરે છે અને રજૂ કરતી વખતે ટૂંકમાં તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. આ વિધેયકને 'પહેલું વાંચન' કહેવામાં આવે છે.

**બીજું વાંચન :** બીજા વાંચનના બે તબક્કા હોય છે. પહેલા તબક્કામાં વિધેયકના ઉદ્દેશો વિશે ચર્ચા કરવામાં આવે છે. સભાગૃહના સભ્યો વિધેયક અંગે પોતાનો મત વ્યક્ત કરે છે. વિધેયકના સમર્થકો વિધેયકના પક્ષમાં વિચારો રજૂ કરે છે. જ્યારે વિરોધીઓ વિધેયકની ઉણપો અને દોષો સ્પષ્ટ કરે છે. સભાગૃહમાં વિધેયક વિશે ચર્ચા થયા બાદ જરૂર જણાય તો તે વિધેયક સભાગૃહની એક સમિતિ પાસે મોકલવામાં આવે છે. સમિતિ વિધેયકને અચૂક બનાવવા માટે સૂચના અને સુધારણા દર્શાવતો અહેવાલ સભાગૃહને મોકલે છે.

ત્યાર બાદ વાંચનનો બીજો તબક્કો શરૂ થાય છે. આ તબક્કામાં વિધેયક વિશે કલમવાર ચર્ચા થાય છે. સભ્યો સુધારા સૂચવી શકે છે. ત્યાર બાદ તેના માટે સભાગૃહમાં મતદાન કરવામાં આવે છે.

**ત્રીજું વાંચન :** ત્રીજા વાંચનના સમયે વિધેયક અંગે ફરીથી ટૂંકમાં ચર્ચા થાય છે. વિધેયક ને મંજૂરી આપતા ઠરાવ માટે મતદાન થાય છે. વિધેયકને આવશ્યક બહુમતી મળે તો સભાગૃહે તે વિધેયકને સંમતિ આપી તેમ માનવામાં આવે છે.

- સંસદના બીજા સભાગૃહમાં પણ વિધેયક અંગે ઉપરની બધી પ્રક્રિયાઓ થાય છે. બંને સભાગૃહ વિધેયકને મંજૂરી આપે તો તેને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવામાં આવે છે.
- કેન્દ્રમાં લોકસભા અને રાજ્યસભામાં વિધેયક અંગે મતભેદ ઉદ્‌ભવે તો બંને સભાગૃહના સંયુક્ત અધિવેશનમાં વિધેયકનું ભાવિ નક્કી થાય છે.

રાષ્ટ્રપતિના સંમતિદર્શક સ્વાક્ષર (સહી) પછી વિધેયકનું રૂપાંતર કાયદામાં થાય છે અને કાયદો તૈયાર થાય છે.

**જાણી લો.**

- દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં અર્થમંત્રી દેશનું અંદાજપત્રક લોકસભામાં રજૂ કરે છે.
- રાજ્યના વિધાન મંડળમાં પણ કાયદો બનાવવા માટે સંસદ જેવી પદ્ધતિ અપનાવવામાં આવે છે. રાજ્યના વિધાન મંડળે મંજૂર કરેલા વિધેયક પર રાજ્યપાલની સંમતિદર્શક સ્વાક્ષર (સહી) થાય, પછી તે વિધેયક કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) લોકસભામાં.......... પદ્ધતિથી ઉમેદવાર ચૂંટીને મોકલવામાં આવે છે.

(અ) ભૌગોલિક મતદાર સંઘ

(બ) ધાર્મિક મતદાર સંઘ

(ક) સ્થાનિક શાસન સંસ્થા મતદાર સંઘ

(ડ) પ્રમાણસર પ્રતિનિધિત્વ પદ્ધતિ

(૨) ભારતના ............... રાજ્યસભાના પદસિધ્ધ સભાપતિ હોય છે.

(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ

(ક) વડાપ્રધાન (ડ) મુખ્ય ન્યાયાધીશ

**૨. શોધો અને લખો.**

(૧) લોકસભા અને રાજ્યસભાના સભ્યોને ............ નામથી સંબોધવામાં આવે છે.

(૨) કાયદા નિર્મિતિની જવાબદારી............ની છે.

**૩. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) રાજ્યસભા એ કાયમી સભાગૃહ છે.

(૨) લોકસભાને પહેલું સભાગૃહ કહેવામાં આવે છે.

**૪. નીચેના પ્રશ્નોના ૨૫ થી ૩૦ શબ્દોમાં જવાબ લખો.**

(૧) લોકસભાના સભ્યો કઈ રીતે ચૂંટવામાં આવે છે.

(૨) લોકસભાના અધ્યક્ષના કાર્યો સ્પષ્ટ કરો.

**૫. કાયદા નિર્મિતિની પ્રક્રિયાના તબક્કા સમજાવો.**

**ઉપક્રમ**


રાષ્ટ્રપતિ રાજ્યસભામાં ૧૨ સભ્યોની નિમણૂંક કરે છે. આ સભ્યોની પસંદગીના માપદંડ ક્યા હોય છે તે વિષે માહિતી મેળવો.

AJ4VHB

# ૩. કેન્દ્રિય કારોબારી મંડળ

પાછલા ધોરણમાં આપણે કેન્દ્રિય સ્તરના કાયદામંડળની એટલે કે સંસદની રચના અને કાર્યપધ્ધતિ વિશે માહિતી મેળવી આ પાઠમાં આપણે કેન્દ્રિય કારોબારી મંડળનો અભ્યાસ કરીશું.

**સંઘશાસનની રચના :** સંઘશાસન એટલે કેન્દ્રશાસન. સંઘશાસનના ઘટકો નીચે મુજબ છે.




કાયદામંડળ, કારોબારી મંડળ અને ન્યાય મંડળ એ શાસનસંસ્થાની ત્રણ શાખા છે અને જનતાનું હિત ધ્યાનમાં રાખીને જનતાના કલ્યાણ માટે તે કામ કરે છે તે તમે જાણો છો. સંસદીય શાસન પદ્ધતિમાં કારોબારી મંડળ તે કાયદા મંડળને જ જવાબદાર હોય છે. આ કારોબારી મંડળમાં કોનો સમાવેશ હોય છે, સંવિધાનમાં તે વિશે કઈ જોગવાઈઓ છે, કારોબારી મંડળ લોકોના હિત માટે કેવી રીતે ધોરણ તૈયાર કરે છે જેવી બાબતો કારોબારી મંડળનો અભ્યાસ કરતી વખતે આપણે જાણીશું.

**રમા :** રાષ્ટ્રપતિ નામધારી પ્રમુખ હોય છે અને વડાપ્રધાન કારોબારી પ્રમુખ હોય છે. આ બંને પદ પરની વ્યક્તિ વચ્ચે ક્યા પ્રકારનો સંબંધ હોય છે ?

**વિદ્યા :** મને એવું લાગે છે કે, વડાપ્રધાન નિયમિત રીતે રાષ્ટ્રપતિને મળીને તેઓ કઈ રીતે રાજ્યકારભાર કરી રહ્યા છે તેની માહિતી આપે છે.

હા ! બરાબર છે. દેશનો રાજ્યકારભાર અને નવાનવા કાયદા, ધોરણોની માહિતી વડાપ્રધાન રાષ્ટ્રપતિને આપે છે. આ માહિતી મેળવવાનો રાષ્ટ્રપતિનો અધિકાર છે.

ભારતના કેન્દ્રિય કારોબારી મંડળમાં – રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને મંત્રી મંડળનો સમાવેશ થાય છે.

**રાષ્ટ્રપતિ :** ભારતના સંવિધાનની જોગવાઇ અનુસાર રાષ્ટ્રપતિ સર્વોચ્ચ રાષ્ટ્રપ્રમુખ છે. રાષ્ટ્રપતિનું પદ ખૂબ સન્માનનીય અને પ્રતિષ્ઠિત છે. જે ભારતીય પ્રજાસત્તાકનું પ્રતિનિધિત્વ કરે છે. સંવિધાને દેશની સંપૂર્ણ કારોબારી સત્તા રાષ્ટ્રપતિને આપી છે. દેશનો રાજ્યકારભાર રાષ્ટ્રપતિના નામે ચાલે છે. તેમ છતાં પ્રત્યક્ષ વ્યવહારમાં વડાપ્રધાન અને મંત્રી મંડળ રાજ્યકારભાર કરે છે. એટલે કે રાષ્ટ્રપતિ નામધારી સંવિધાનાત્મક પ્રમુખ છે. જ્યારે વડાપ્રધાન કારોબારી પ્રમુખ છે.

**રાષ્ટ્રપતિની ચૂંટણી :** ભારતની જનતા અપ્રત્યક્ષ રૂપે રાષ્ટ્રપતિને ચૂંટે છે. ભારતના સામાન્ય મતદાર પ્રત્યક્ષ રીતે રાષ્ટ્રપતિને ચૂંટતાં નથી, પણ તેમણે ચૂંટેલા સંસદ સભ્યો અને વિધાનસભાના સભ્યો રાષ્ટ્રપતિને ચૂંટે છે. સંસદ સભ્યો અને વિધાન સભા સભ્યોના આ જૂથને નિર્વાચન મંડળ કહેવાય છે.

રાષ્ટ્રપતિનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી લડવા ઈચ્છતી વ્યક્તિ ભારતીય નાગરિક હોવી જોઈએ. તેની વય ૩૫ વર્ષ પૂર્ણ હોવી જોઈએ. રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાયેલી વ્યક્તિએ પોતાનું પદ સ્વીકારતી વખતે શપથ ગ્રહણ કરવી પડે છે. તે અનુસાર સંવિધાનનું રક્ષણ કરવાની અને સંવિધાન અનુસાર રાજ્યકારભાર ચાલે છે કે નહીં તે જોવાની જવાબદારી રાષ્ટ્રપતિ પર હોય છે. વડાપ્રધાન અને મંત્રીમંડળે આપેલી સલાહ અનુસાર રાષ્ટ્રપતિ રાજ્યકારભાર ચલાવે છે.

સંવિધાનનું રક્ષણ કરવાની જવાબદારી રાષ્ટ્રપતિની હોય છે, પરંતુ તેમનું કોઈ વર્તન સંવિધાનનો ભંગ કરનાર ઠરે તો રાષ્ટ્રપતિને તેમના પદ પરથી દૂર કરવાનો અધિકાર સંસદને હોય છે. આ પ્રક્રિયાને 'મહાભિયોગ' પ્રક્રિયા કહે છે. રાષ્ટ્રપતિ દ્વારા સંવિધાન ભંગ થવાનો આરોપ કોઈપણ એક સભાગૃહ મૂકે છે અને તે આરોપની તપાસ બીજું સભાગૃહ કરે છે. બંને સભાગૃહના વિશેષ બહુમતથી (૨/૩) ઠરાવ મંજૂર થવો આવશ્યક છે. ત્યાર બાદ રાષ્ટ્રપતિ પદ પરથી દૂર થાય છે.

**રાષ્ટ્રપતિના કાર્યો અને અધિકાર** : સંવિધાને રાષ્ટ્રપતિને અનેક કાર્યો આપ્યા છે. તે પૈકી કેટલાક કાર્યો નીચે મુજબ છે.

(૧) સંસદનું અધિવેશન બોલાવવું, સ્થગિત કરવું, સંસદને સંદેશ પાઠવવો, મુદ્દત પૂરી થયા પછી અથવા મુદ્દત પહેલા લોકસભા બરખાસ્ત કરવી આ બધા અધિકાર રાષ્ટ્રપતિને હોય છે.

(૨) લોકસભા અને રાજ્યસભાએ સંમત કરેલા વિધેયક પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર આવશ્યક હોય છે. તેમના હસ્તાક્ષર સિવાય વિધેયકનું કાયદામાં રૂપાંતર થતું નથી.

(૩) રાષ્ટ્રપતિ વડાપ્રધાનની નિમણૂંક કરે છે અને વડાપ્રધાને સૂચવેલ વ્યક્તિઓને મંત્રી પદે નિમણૂંક કરે છે.

(૪) સર્વોચ્ચ અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. તે જ પ્રમાણે દરેક રાજ્યોના રાજ્યપાલ, મુખ્ય ચૂંટણી આયુક્ત અને અન્ય મહત્ત્વના પદ પરની વ્યક્તિની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.

(૫) રાષ્ટ્રપતિ સંરક્ષણ દળના સર્વોચ્ચ પ્રમુખ હોય છે. યુધ્ધ અને શાંતિ બાબતના નિર્ણયો રાષ્ટ્રપતિ લે છે.

(૬) રાષ્ટ્રપતિને કેટલાક ન્યાયાલયીન અધિકારો પણ હોય છે. દા.ત. કોઈ વ્યક્તિની શિક્ષા ઓછી કરવી. શિક્ષાની તીવ્રતા ઓછી કરવી અથવા અપવાદાત્મક પરિસ્થિતિમાં માનવતાવાદી ભૂમિકા દ્વારા શિક્ષા ઓછી કરવાનો અથવા રદ્દ કરવાનો અધિકાર રાષ્ટ્રપતિને હોય છે.

(૭) દેશમાં સંકટની પરિસ્થિતિ ઉદ્દભવે ત્યારે કટોકટી જાહેર કરવાનો અધિકાર રાષ્ટ્રપતિને હોય છે. સંવિધાનમાં ત્રણ પ્રકારની કટોકટી આપેલી છે. (૧) રાષ્ટ્રીય કટોકટી (૨) ઘટક રાજ્યોની કટોકટી અથવા રાષ્ટ્રપતિ શાસન (૩) આર્થિક કટોકટી.

રાષ્ટ્રપતિની અનુપસ્થિતિમાં તેમના કામો ઉપરાષ્ટ્રપતિ સંભાળે છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદના બંને સભાગૃહોના સભ્યો દ્વારા કરવામાં આવે છે.

**વડાપ્રધાન અને મંત્રીમંડળ** : રાષ્ટ્રપતિ સંવિધાનાત્મક પ્રમુખ હોય છે. તેમના હાથમાં નામ માત્ર સત્તા હોય છે. પ્રત્યક્ષ રૂપમાં રાજ્યકારભાર વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ ચલાવે છે તે આપણે જાણીએ છીએ. વડાપ્રધાન ક્યા કાર્યો અને ભૂમિકા પાર પાડે છે તે આપણે હવે જોઈએ.



**કરી જુઓ.**

રાષ્ટ્રપતિને આપવામાં આવતી શપથનો મસૂદો મેળવો અને શિક્ષકની મદદથી તેનો આશય સમજી લો.

ચૂંટણીમાં બહુમત મેળવેલ પક્ષ પોતાના નેતાની વડાપ્રધાન પદે પસંદગી કરે છે. તે પક્ષના વડાપ્રધાન વિશ્વાસુ સહકાર્યકર્તાઓનો સમાવેશ વડાપ્રધાનના મંત્રીમંડળમાં કરવામાં આવે છે. વડાપ્રધાન અને અન્ય મંત્રી સંસદના સભ્ય હોવા આવશ્યક હોય છે. જો તેઓ સભ્ય ન હોય તો તેમણે છ મહિનાની અંદર સંસદનું સભ્યપદ મેળવવું પડે છે. ખરા અર્થમાં રાજ્યકારભાર વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ ચલાવે છે. તેનો અર્થ એ થયો કે રાજ્યકારભારની વાસ્તવિક સત્તા વડાપ્રધાન અને મંત્રીમંડળ પાસે હોય છે.

## વડાપ્રધાનના કાર્યો

(૧) વડાપ્રધાને સૌ પ્રથમ પોતાનું મંત્રીમંડળ તૈયાર કરવું પડે છે. વડાપ્રધાન પોતાના પક્ષના વિશ્વાસુ સહકાર્યકર્તાઓને પ્રાધાન્ય આપે છે. સાથે જ મંત્રીની પસંદગી કરતી વખતે પ્રશાસકીય અનુભવ, રાજ્યકારભારનું કૌશલ્ય, કાર્યક્ષમતા, વિષયતજ્ઞોનો પણ વિચાર કરવામાં આવે છે.

(૨) મંત્રી મંડળમાં કોનો સમાવેશ કરવાનો છે તે નક્કી થયા પછી વડાપ્રધાન તેમને ખાતાની વહેંચણી કરે છે.

(૩) વડાપ્રધાન મંત્રીમંડળનું નેતૃત્વ કરે છે. મંત્રીમંડળની બધી બેઠકોનું અધ્યક્ષપદ વડાપ્રધાન પાસે હોય છે.

(૪) ખાતાની વહેંચણી થયા પછી વિવિધ ખાતાઓમાં સુસૂત્રતા રાખવી, ખાતાઓમાં પરસ્પર સહકાર્ય વધારવું, ખાતાના કારભાર કાર્યક્ષમતાથી થાય છે કે નહીં તે જોવું, જેવા કામ વડાપ્રધાને કરવાના હોય છે.

(૫) આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે દેશની પ્રતિષ્ઠા વધારવા માટે જાગતિક લોકમત પોતાને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કરવો. દેશની જનતાને આશ્વસ્ત કરવી, આપત્તિના કાળમાં આપદ્‌ગ્રસ્તોને પડખે ઉભા રહેવું જેવી ભૂમિકા વડાપ્રધાને ભજવવાની હોય છે.

### શું તમે જાણો છો ?

તમે 'જમ્બો મંત્રીમંડળ' શબ્દ સાંભળ્યો છે કે ?

એનો અર્થ એ થાય કે ખૂબ મોટું મંત્રીમંડળ. આપણાં દેશમાં મંત્રીમંડળનું કદ મોટું રાખવાનું વલણ હતું. મંત્રીમંડળનું કદ મર્યાદિત રાખવા માટે સંવિધાનમાં સુધારણા કરવામાં આવી. તે અનુસાર મંત્રીમંડળની સંખ્યા લોકસભાની કુલ સભ્ય સંખ્યાના ૧૫ ટકા કરતાં વધું ન હોવી જોઈએ એવું નક્કી કરવામાં આવ્યું.

## મંત્રીમંડળના કાર્યો

(૧) સંસદીય શાસન પધ્ધતિમાં મંત્રીમંડળ કાયદાની નિર્મિતિમાં આગેવાની લે છે. તેની રૂપરેખા તૈયાર કરીને તેના વિશે ચર્ચા કરે છે અને ત્યાર બાદ તેને સભાગૃહમાં રજૂ કરવામાં આવે છે. મંત્રીમંડળ દરેક મહત્ત્વના પ્રશ્નો અંગે ચર્ચા કરીને નિર્ણય લે છે.

(૨) શિક્ષણ, ખેતી, ઉદ્યોગ, આરોગ્ય, પરરાષ્ટ્ર વ્યવહાર જેવા અનેક વિષયો માટે મંત્રીમંડળે એક નિશ્ચિત ધોરણ અથવા કાર્યની દિશા નક્કી કરવી પડે છે. મંત્રીમંડળે નક્કી કરેલા ધોરણ અંગે સંસદને વિશ્વાસમાં લેવી પડે છે, તેથી મંત્રીમંડળમાંના મંત્રી પોતપોતાના ખાતાનું ધોરણ સંસદમાં રજૂ કરી તેના વિશે ચર્ચા કરાવી, તેને સંસદમાં મંજૂર કરાવવાનો પ્રયત્ન કરે છે.

(૩) મંત્રીમંડળની મુખ્ય જવાબદારી ધોરણનો અમલ કરાવવાની હોય છે. સંસદ ધોરણને અથવા કાયદાના પ્રસ્તાવને માન્યતા આપે એટલે મંત્રીમંડળ તેનો અમલ કરે છે.

## સંસદ મંત્રીમંડળ પર કેવી રીતે નિયંત્રણ રાખે છે?

સંસદીય શાસન પધ્ધતિમાં સંસદ મંત્રીમંડળ પર નિયંત્રણ રાખવાનો પ્રયત્ન કરે છે. કાયદાની અથવા ધોરણની નિર્મિતિ, અમલ અને તે પછીના કાળમાં પણ સંસદ મંત્રીમંડળ પર નીચે મુજબ નિયંત્રણ રાખે છે.

**(૧) ચર્ચા અને વિચાર વિનિમય :** કાયદાની નિર્મિતિ દરમ્યાન સંસદ સભ્યો ચર્ચા અને વિચાર વિનિમય કરીને મંત્રીમંડળના ધોરણમાંની અથવા કાયદામાં રહેલી ત્રુટિ દર્શાવે છે. નિર્દોષ કાયદો તૈયાર થવા માટે આ ચર્ચા ખૂબ મહત્ત્વની હોય છે.

**(૨) પ્રશ્નોત્તર :** સંસદનું અધિવેશન ચાલુ હોય ત્યારે કામકાજની શરૂઆત સંસદ સભ્યોએ પૂછેલા પ્રશ્નો દ્વારા થાય છે. સંબંધિત મંત્રીઓએ આ

પ્રશ્નોના સમાધાનકારક ઉત્તરો આપવાના હોય છે. પ્રશ્નોત્તર એ મંત્રીમંડળ પર નિયંત્રણ રાખવાનો એક અતિશય પ્રભાવી માર્ગ છે. પ્રશ્નકાળ દરમ્યાન સરકારની ટીકા કરવામાં આવે છે. વિવિધ સમસ્યા અંગે પ્રશ્ન પૂછવામાં આવે છે. મંત્રીના ઉત્તરથી સમાધાન ન થતા વિવાદ નિર્માણ થઈ શકે છે. પોતાનો નિષેધ વ્યક્ત કરવા માટે કેટલીક વાર સંસદ સભ્યો સભા ત્યાગ કરે છે અથવા સભાગૃહના મધ્યવર્તી સ્થળે આવી ઘોષણા કરે છે.

**(૩) શૂન્ય કાળ :** અધિવેશન કાળમાં બપોરે ૧૨ વાગ્યાનો સમય શૂન્ય કાળ તરીકે ઓળખાય છે. આ કાળમાં સાર્વજનિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ કોઈ પણ પ્રશ્ન વિશે ચર્ચા કરી શકાય છે.

**(૪) અવિશ્વાસનો પ્રસ્તાવ :** મંત્રીમંડળ પર નિયંત્રણ રાખવાનો આ એક પ્રભાવી માર્ગ છે. જ્યાં સુધી લોકસભામાં બહુમત હોય ત્યાં સુધી સરકાર કાર્ય કરી શકે છે. સંસદ સભ્યો બહુમત પાછો ખેંચી લે તો સરકાર અથવા મંત્રીમંડળ સત્તા પર રહી શકતા નથી. 'અમને મંત્રીમંડળ પર વિશ્વાસ નથી.' એક કહીને સંસદ સભ્યો અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરી શકે છે. જો બહુમતીથી અવિશ્વાસ પ્રસ્તાવ માન્ય થાય તો મંત્રીમંડળે રાજીનામું આપવું પડે છે.

**કહો જોઈએ?**

ચર્ચામાં પ્રભાવી રીતે સહભાગી થઈ શકાય તે માટે સંસદ સભ્યોએ શું કરવું જોઈએ ?

કારોબારી મંડળના નિયંત્રણ હેઠળ મોટી નોકરશાહી હોય છે. નોકરીશાહીની રચનાનો અભ્યાસ આપણે છઠ્ઠા પ્રકરણમાં કરીશું.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

(૧) ભારતમાં કાર્યકારી સત્તા ...........પાસે હોય છે.
(રાષ્ટ્રપતિ, વડા પ્રધાન, સભાપતિ)

(૨) રાષ્ટ્રપતિનો કાર્યકાળ ........... વર્ષનો હોય છે.
(ત્રણ, ચાર, પાંચ)

(૩) મંત્રીમંડળનું નેતૃત્વ ................ કરે છે.
(પક્ષપ્રમુખ, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ)

**૨. ઓળખો અને લખો.**

(૧) રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મંત્રીમંડળનો ભારતના જે મંડળમાં સમાવેશ થાય છે તે મંડળનું નામ -

(૨) અધિવેશન કાળમાં બપોરે ૧૨ વાગ્યાનો સમય આ નામથી ઓળખાય છે.


**૩. નીચેની સંકલ્પના તમારા શબ્દોમાં વર્ણવો.**

(૧) મહાભિયોગ પ્રક્રિયા (૨) અવિશ્વાસ પ્રસ્તાવ
(૩) જમ્બો મંત્રી મંડળ

**૪. ટૂંકમાં ઉત્તર લખો.**

(૧) મંત્રીમંડળના કાર્યો સ્પષ્ટ કરો.
(૨) સંસદ મંત્રીમંડળપર કઈ રીતે નિયંત્રણ રાખે છે ?

**૫. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**




**ઉપક્રમ**

(૧) જો તમે વડાપ્રધાન બનો, તો ક્યા કામને પ્રથમ પ્રાધાન્યતા આપશો. તેની પ્રાધાન્ય ક્રમાનુસાર, યાદી તૈયાર કરી વર્ગમાં પ્રસ્તુત કરો.

(૨) ભારતના રાષ્ટ્રપતિઓના ચિત્રો અને તેમના વિશે માહિતી મેળવો.

AJDRNY

# ૪. ભારતની ન્યાયવ્યવસ્થા

કાયદામંડળ અને કારોબારી મંડળની સાથે ન્યાયમંડળ પણ શાસનસંસ્થાનો એક મહત્ત્વનો ઘટક છે. કાયદાની નિર્મિતિ કાયદામંડળ કરે છે. કારોબારી મંડળ તેનો અમલ કરે છે અને ન્યાયમંડળ ન્યાય આપે છે. આ પાઠમાં આપણે ન્યાયમંડળ કેવી રીતે ન્યાય કરે છે, તેને કારણે સમાજમાંથી અન્યાય દૂર થઈને સામાજિક સ્વાસ્થ્ય કઈ રીતે પ્રાપ્ત થાય છે તેનો વિચાર કરીશું. તે પહેલા આપણે ન્યાયદાનની આવશ્યકતા શા માટે છે તે સમજીશું.

વ્યક્તિ-વ્યક્તિમાં મત, વિચાર, દષ્ટિકોણ, સમજૂતી, શ્રધ્ધા, સંસ્કૃતિ વગેરે બાબતે ભિન્નતા હોય છે. સહિષ્ણુતા રાખીએ તો આ બાબતોમાં સંઘર્ષ નિર્માણ થતો નથી. પરંતુ મત ભિન્નતા વધી જાય ત્યારે તેમાંથી સંઘર્ષ નિર્માણ થાય છે અને તેનું નિરાકરણ નિષ્પક્ષ રીતે કાયદાના આધારે કરવું જરૂરી હોય છે. તે માટે ન્યાયમંડળ જેવી નિ:સ્પૃહ યંત્રણા આવશ્યક હોય છે.

- વ્યક્તિ અને શાસનસંસ્થા વચ્ચે પણ હિત સંબંધ બાબતે સંઘર્ષ નિર્માણ થઈ શકે છે. શાસનનો એકાદ નિર્ણય અથવા કાયદો લોકોને અન્યાયકારક લાગી શકે છે અને તેના વિરોધમાં ન્યાયાલયમાં દાદ માંગી શકે છે.
- જે રીતે સરકાર સંવિધાનના સામાજિક ન્યાય અને સમતા જેવા ઉદ્દેશોને પ્રત્યક્ષ વ્યવહારમાં લાવવાનો પ્રયત્ન કરે છે. તેજ પ્રમાણે ન્યાયમંડળ પણ કેટલાક ખટલાઓનો નિકાલ કરીને અથવા સક્રિય ભૂમિકા લઈને સરકારને ટેકો આપી શકે છે. સમાજના દુર્બળ ઘટકો, સ્ત્રીઓ, બાળકો, દિવ્યાંગ અને તૃતિયપંથી (transgender) જેવા સમાજ ઘટકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે ન્યાયાલય મદદ કરી શકે છે.
- સ્વાતંત્ર્ય, સમતા, ન્યાય અને લોકશાહીના ફાયદા જ્યારે સામાન્ય માણસને મળે છે. ત્યારે લોકાશાહીની વ્યાપ્તિ અને ઊંડાઈ વધે છે. લોકશાહી મજબૂત થવા માટે આ બાબત આવશ્યક છે.
- કાયદાનું અધિરાજ્ય ન્યાયમંડળને કારણે સુરક્ષિત રહે છે. ગરીબ, શ્રીમંત, પ્રગત-અપ્રગત, સ્ત્રી-પુરૂષ બધા માટે કાયદો સમાન રીતે લાગુ પડે છે તે ન્યાયદાન દ્વારા સ્પષ્ટપણે વ્યક્ત થાય છે.
- ન્યાયદાન દ્વારા નાગરિકોના હક્કોનું સંરક્ષણ થાય છે. કાયદા અનુસાર ઝગડાનું નિરાકરણ થાય છે અને કોઈપણ જૂથની, વ્યક્તિની દમનશાહી અથવા હુકુમતશાહી નિર્માણ થવા પર પ્રતિબંધ આવે છે.

**ન્યાયમંડળની રચના :** ભારત સંઘરાજ્ય છે. કેન્દ્ર સરકાર અને ઘટક રાજ્યોનું સ્વતંત્ર કાયદામંડળ અને કારોબારી મંડળ હોય છે. પરંતુ ન્યાયમંડળ આખા દેશ માટે એક જ છે. તેના કેન્દ્ર અને ઘટક રાજ્યો જેવા સ્વતંત્ર વિભાગ નથી. અર્થાત ભારતની ન્યાય વ્યવસ્થા એકાત્મ સ્વરૂપની છે. આ ન્યાય વ્યવસ્થાના સર્વોચ્ચ સ્તરે ભારતનું સર્વોચ્ચ ન્યાયાલય હોય છે. તેની નીચે ઉચ્ચ ન્યાયાલયો હોય છે. ઉચ્ચ ન્યાયાલયોના નિયંત્રણ નીચે જિલ્લા ન્યાયાલય અને તેના પછી કનિષ્ઠ ન્યાયાલય એવી રચના છે.

**સર્વોચ્ચ ન્યાયાલય :** ભારતના મુખ્ય ન્યાયાધીશ સર્વોચ્ચ ન્યાયાલયના પ્રમુખ હોય છે ભારતના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. સર્વોચ્ચ ન્યાયાલયના સૌથી જ્યેષ્ઠ ન્યાયાધીશ 'મુખ્ય ન્યાયાધીશ' પદે નીમવામાં આવે એવો સંકેત છે.

ન્યાયદાનનું કામ કોઈપણ દબાણ હેઠળ થાય તો ચાલે નહીં. ન્યાયાધીશો નિર્ભયતાથી ન્યાયદાન કરી શકે તે માટે ન્યાય મંડળ સ્વતંત્ર રાખવાનો



ભારતનું સર્વોચ્ચ ન્યાયાલય - નવી દિલ્લી

પ્રયત્ન કરવામાં આવે છે. તે માટે આપણા સંવિધાને કરેલી જોગવાઈ નીચે મુજબ છે.

- ન્યાયાધીશોની પાત્રતાની શરતો સંવિધાનમાં સ્પષ્ટ કરવામાં આવી છે. નિષ્ણાત કાયદા તજજ્ઞો ધરાવતા, ઉચ્ચ ન્યાયાલયમાં ન્યાયાધીશ પદે રહેલ અથવા વકીલાતનો અનુભવ ધરાવતી વ્યક્તિને પાત્ર માનવામાં આવે છે.
- ન્યાયાધીશની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. તેથી રાજકીય દબાણ દૂર રાખી શકાય છે.
- ન્યાયાધીશોની સેવા શાશ્વત હોય છે. ક્ષુલ્લક કારણોસર અથવા રાજકીય હેતુથી તેમને પદભ્રષ્ટ કરી શકાતા નથી. સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ૬૫મા વર્ષે અને ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ ૬૨મા વર્ષે નિવૃત્ત થાય છે.
- ન્યાયાધીશોને વેતન ભારતની સંચિત નિધીમાંથી આપવામાં આવે છે. તેના વિશે સંસદમાં ચર્ચા થતી નથી.
- ન્યાયાધીશોની કૃતિ અને નિર્ણય પર વ્યક્તિગત ટીકા કરી શકાતી નથી. ન્યાયાલયનું અપમાન કરવું એ પણ એક ગુનો છે અને તેના માટે શિક્ષા થાય છે. આ જોગવાઈને કારણે અયોગ્ય ટીકાથી ન્યાયાધીશોને સંરક્ષણ તો મળે જ છે પણ તેની સાથે જ ન્યાયમંડળનું સ્વાતંત્ર્ય પણ અબાધિત રહે છે.
- સંસદ ન્યાયાધીશના વર્તન વિશે ચર્ચા કરી શકતી નથી. પરંતુ ન્યાયાધીશોને તેના પદ પરથી દૂર કરવાનો અને તેના માટે મહાભિયોગ પ્રક્રિયા ચલાવવાનો અધિકાર સંસદને છે.

**ન્યાયાલયીન સક્રિયતા :** ન્યાયાલય પાસે ઝગડો પહોંચે તો તેને ઉકેલવો એ ન્યાયાલયની પારંપરિક પ્રતિમા છે. છેલ્લા કેટલાક દશકોથી ન્યાયાલયની આ પ્રતિમામાં ફેરફાર થયો છે અને ન્યાયાલય સક્રિય બન્યા છે. અર્થાત ન્યાયાલય હવે સંવિધાનના ન્યાય, સમતાના ઉદ્દેશો પૂર્ણ કરવા માટે આગળ આવે છે. સમાજના દુર્બળ ઘટક, મહિલા, આદિવાસી, કામગાર, ખેડૂત, બાળકોને કાયદાકીય સંરક્ષણ આપવાનો પ્રયત્ન ન્યાયાલયે કર્યો છે. તેના માટે જનહિતાર્થ યાચિકા મહત્ત્વની રહી છે.

**સર્વોચ્ચ ન્યાયાલયના કાર્યો**

* સંઘરાજ્યના ન્યાયાલય તરીકે કેન્દ્રસરકાર અને ઘટક રાજ્યો, ઘટક રાજ્યો અને ઘટક રાજ્યો, કેન્દ્રસરકાર અને ઘટક રાજ્યો વિરુધ્ધ અન્ય ઘટક રાજ્યોના ઝગડા ઉકેલવા.
* નાગરિકોના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવું, તે માટે આદેશ આપવો.
* કનિષ્ઠ ન્યાયાલયે આપેલા નિર્ણય પર પુન વિંચાર કરવો, પોતાના જ નિર્ણયો પર પુનર્વિચાર કરવો.
* સાર્વજનિક દષ્ટિએ મહત્ત્વના પ્રશ્નોની કાયદેસર બાજુ સમજવા માટે રાષ્ટ્રપતિ સલાહ માંગે તો આપવી.

**કહો જોઈએ?**

રાષ્ટ્રપતિ એકાદ મહત્ત્વના સાર્વજનિક પ્રશ્ન વિશે સર્વોચ્ચ ન્યાયાલયની સલાહ શા માટે માંગે છે ?

**પરિચ્છેદ વાંચો અને લખો.**

**ન્યાયાલયીન પુનઃ અવલોકન :** સંવિધાનનું સંરક્ષણ કરવું એ સર્વોચ્ચ ન્યાયાલયની બીજી એક મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. સંવિધાન એ દેશનો મૂળભૂત કાયદો હોય છે એ તમે જાણો છો. આ કાયદાનો ભંગ થાય અથવા તેનો વિરોધી હોય તેવો કાયદો સંસદ ઘડી શકતો નથી. કારોબારી મંડળના પ્રત્યેક ધોરણ અને કૃતિ સંવિધાન સાથે સુસંગત હોવી જોઈએ. સંસદનો કોઈ કાયદો અથવા કારોબારી મંડળની એકાદ કૃતિ સંવિધાનની જોગવાઈનો ભંગ કરતા હોય તો ન્યાયાલય તે કાયદો અને કૃતિને ગેરકાયદેસર ઠેરવે છે અને રદ્દ કરે છે. ન્યાયાલયના આ અધિકારને ન્યાયાલયીન પુનઃ અવલોકનનો અધિકાર કહેવાય છે.

- ન્યાયાલયને આવો અધિકાર હોવો જોઈએ કે?

**ઉદાહરણો જુઓ :**

ન્યાયાલયે ચૂંટણીમાં ઉભા રહેનાર ઉમેદવારોને તેમની માલમત્તા અને આવક તેમજ શૈક્ષણિક પાત્રતા વિશે માહિતી આપતું સોગંદનામું રજૂ કરવા કહ્યું હતું. તેની પાછળનો હેતુ ઉમેદવારોની સાચી માહિતીના આધારે મતદારો મતદાન કરે એ હતો. એ આપણી ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક કરવાનો પ્રયત્ન નથી કે ?

આ સંદર્ભે ન્યાયાલયના બીજા કોઈ આદેશ છે કે ? તે વિશે માહિતી મેળવો.

જનહિત યાચિકા એટલે સાર્વજનિક પ્રશ્ન ઉકેલવા માટે પ્રયત્નશીલ નાગરિક, સામાજિક સંગઠન અથવા બિનસરકારી શાસકીય સંગઠને સંપૂર્ણ જનતા વતી ન્યાયાલયમાં દાખલ કરેલી યાચિકા. ન્યાયાલય તેના વિશે વિચાર કરીને નિર્ણય આપે છે.

**ઉચ્ચ ન્યાયાલય :** ભારતના સંઘરાજ્યના પ્રત્યેક ઘટક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલય સ્થાપવાનો અધિકાર સંસદને આપવામાં આવ્યો છે. હાલમાં આપણાં દેશમાં ૨૪ ઉચ્ચ ન્યાયાલયો છે.

ઉચ્ચ ન્યાયાલયમાં એક મુખ્ય ન્યાયાધીશ અને બીજા કેટલાક ન્યાયાધીશ હોય છે.

ઉચ્ચ ન્યાયાલયના બધા ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે.



**કરી જુઓ.**

મુંબઈ ઉચ્ચ ન્યાયાલય એ મહારાષ્ટ્ર અને ગોવા એ બે રાજ્યો અને દાદરા નગર હવેલી અને દીવ દમણ જેવા કેન્દ્ર શાસિત પ્રદેશો માટે છે. એક કરતાં વધુ રાજ્ય માટે હોય તેવા ઉચ્ચ ન્યાયાલયના બીજા બે ઉદાહરણો શોધો.

**ઉચ્ચ ન્યાયાલયના કાર્યો**

- પોતાના અધિકાર ક્ષેત્રમાં આવતાં કનિષ્ઠ ન્યાયાલય પર નિયંત્રણ અને દેખરેખ રાખવાનો અધિકાર.
- મૂળભૂત હક્કોના રક્ષણ માટે આદેશ આપવાનો અધિકાર.
- જિલ્લા ન્યાયાલયના ન્યાયાધીશોની નિમણૂંક કરતી વખતે રાજ્યપાલ ઉચ્ચ ન્યાયાલયની સલાહ લે છે.

**જિલ્લા અને કનિષ્ઠ ન્યાયાલયો :** જે ન્યાય સંસ્થા સાથે લોકોને હંમેશા સંપર્ક થાય છે તે જિલ્લા અને તાલુકા સ્તરના ન્યાયાલયો હોય છે. દરેક જિલ્લા ન્યાયાલયમાં એક જિલ્લા ન્યાયાધીશ હોય છે.

**ભારતમાં કાયદા પધ્ધતિની શાખા :** કાયદા પધ્ધતિની બે પ્રમુખ શાખા છે.

(૧) દિવાની કાયદા (૨) ફૌજદારી કાયદા

**દિવાની કાયદા :** વ્યક્તિના હક્કોને અવરોધનાર

ઝગડા આ કાયદા અંતર્ગત આવે છે. દા.ત. જમીન સંબંધી વાદવિવાદ, ભાડાના કરાર, છૂટાછેડા વગેરે સંબંધિત યાચિકા ન્યાયાલયમાં દાખલ કર્યા બાદ ન્યાયાલય તેના પર નિર્ણય આપે છે.

**ફોજદારી કાયદા :** ગંભીર સ્વરૂપના ગુના ફોજદારી કાયદાના આધારે ઉકેલવામાં આવે છે. દા.ત. ચોરી, દહેજ માટે ત્રાસ, હત્યા વગેરે. આ ગુના બાબતે પ્રથમ પોલિસ પાસે પ્રથમ માહિતી અહેવાલ (એફઆયઆર) દાખલ કરવામાં આવે છે. પોલીસ તેની તપાસ કરે છે, ત્યાર બાદ કોર્ટમાં ખટલો દાખલ કરવામાં આવે છે. ગુનો સિધ્ધ થતા શિક્ષાનું સ્વરૂપ ગંભીર હોય છે.

ભારતની પ્રગતિમાં દેશની ન્યાય વ્યવસ્થાનું ખૂબ યોગદાન છે. સામાન્ય માણસના મનમાં પણ ન્યાય વ્યવસ્થા બાબતે આદર અને વિશ્વાસ છે. ભારતીય ન્યાય વ્યવસ્થાએ વ્યક્તિ સ્વાતંત્ર્યનું, સંઘરાજ્યનું, સંવિધાનનું સંરક્ષણ કર્યું છે. ભારતની લોકશાહીને મજબૂત બનાવવામાં ન્યાયાલયનું ખૂબ યોગદાન છે.

## સ્વાધ્યાય

**૧. આપેલા પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરી વિધાન ફરીથી લખો.**

(૧) કાયદાની નિર્મિતિ .............. કરે છે.
(અ) કાયદા મંડળ (બ) મંત્રી મંડળ
(ક) ન્યાય મંડળ (ડ) કારોબારી મંડળ

(૨) સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની નિમણૂંક ............ કરે છે.
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ગૃહમંત્રી (ડ) મુખ્ય ન્યાયાધીશ

**૨. સંકલ્પના સ્પષ્ટ કરો.**

(૧) ન્યાયાલયીન પુનઃ અવલોકન
(૨) જનહિત યાચિકા


**૩. ટૂંક નોંધ લખો.**

(૧) દિવાની અને ફોજદારી કાયદા
(૨) ન્યાયાલયીન સક્રિયતા

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

(૧) સમાજમાં કાયદાની જરૂર શા માટે હોય છે ?
(૨) સર્વોચ્ચ ન્યાયાલયના કાર્યો સ્પષ્ટ કરો.
(૩) ભારતમાં ન્યાય મંડળને સ્વતંત્ર રાખવા માટે કઈ જોગવાઈ કરવામાં આવી છે ?

**૫. નીચેનું કોષ્ટક પૂર્ણ કરો.**




**ઉપક્રમ**

(૧) તમારી શાળામાં 'અભિરૂપ ન્યાયાલય'નું આયોજન કરીને વિવિધ જનહિત યાચિકાના પ્રશ્ન તૈયાર કરો અને અભિરૂપ ન્યાયાલયમાં પૂછો.

(૨) નજીકની પોલીસ ચોકીની મુલાકાત લઈને શિક્ષકની મદદથી પ્રથમ માહિતી અહેવાલ (FIR) કેવી રીતે દાખલ કરવો તેની પ્રક્રિયા વિશે માહિતી મેળવો.

AJHMQL

# ૫. રાજ્યસરકાર

પાછલા પાઠ સુધી આપણે સંઘસરકારના સંસદ અને કારોબારી મંડળનું સ્વરૂપ સમજ્યા. ભારતની એકાત્મ ન્યાય વ્યવસ્થાનો પણ પરિચય મેળવ્યો. આ પાઠમાં આપણે ઘટક રાજ્યોની અથવા રાજ્ય સરકારની માહિતી મેળવીશું.

સંઘરાજ્ય વ્યવસ્થામાં બે સ્તરે શાસન સંસ્થા કાર્યરત હોય છે. રાષ્ટ્રીય સ્તરે સંઘસરકાર જ્યારે પ્રાદેશિક સ્તરે રાજ્યસરકાર કાર્ય કરે છે. ભારતમાં ૨૯ ઘટક રાજ્યો છે અને તેમનો કારભાર ત્યાંની રાજ્યસરકાર કરે છે.

**પાર્શ્વભૂમિ :** ભારતનો ભૌગોલિક વિસ્તાર મોટો છે અને લોકસંખ્યાનું સ્વરૂપ પણ વિષમ ભિન્ન છે. ભાષા, ધર્મ, રીતરિવાજ અને પ્રાદેશિક સ્વરૂપમાં વિવિધતા છે. આવા સમયે એક જ કેન્દ્રિય સ્થળેથી રાજ્યકારભાર કરવો સુવિધાજનક નહીં રહે એમ વિચારીને સંવિધાને ભારત માટે સંઘરાજ્ય વ્યવસ્થા સ્વીકારી. ઘટક રાજ્યોની નિર્મિતિ ભાષાના આધારે કરવાનું નક્કી થયું. તે અનુસાર ભાષાવાર પ્રાંતરચના થઈ.

ભારતના દરેક ઘટક રાજ્યોની શાસન યંત્રણાનું રાજકીય સ્વરૂપ સરખું જ છે. જેમાં જમ્મુ અને કાશ્મીર અપવાદ છે. મહારાષ્ટ્રના સંદર્ભમાં આપણે ઘટક રાજ્યોની શાસનસંસ્થાનું સ્વરૂપ સમજીશું.

**શું તમે જાણો છો ?**

ભારતમાં ૨૮ ઘટક રાજ્યો હોવા છતાં પણ વિધાનસભાની સંખ્યા ૩૧ છે. કારણ કે દિલ્હી, પુદુચ્ચેરી અને જમ્મુ અને કાશ્મીર એ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાન-સભા અસ્તિત્વમાં છે.

**રાજ્યસરકારનું વિધિમંડળ :** કેન્દ્રિય સ્તરની સંસદની જેમ રાજ્યસરકાર સ્તરે દરેક રાજ્યોનું વિધિમંડળ છે. માત્ર સાત જ રાજ્યોનું વિધિમંડળ બે સભાગૃહોનું છે. જેમાં મહારાષ્ટ્રનો સમાવેશ છે. વિધિમંડળના સભ્યોને વિધાનસભ્ય કહે છે.

**મહારાષ્ટ્રનું વિધિમંડળ :** મહારાષ્ટ્રમાં વિધાન-સભા અને વિધાન પરિષદ એમ બે સભાગૃહો છે.



વિધાન ભવન, મુંબઈ

**વિધાનસભા :** મહારાષ્ટ્રના વિધિમંડળનું આ પહેલું સભાગૃહ છે. જેની સભ્યસંખ્યા ૨૮૮ છે. ઍંગ્લો ઇંડિયન સમાજને પૂરતું પ્રતિનિધિત્વ ન મળ્યું હોય, તો રાજ્યપાલ તે સમાજના એક પ્રતિનિધિની વિધાનસભામાં નિમણૂંક કરે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતી માટે કેટલીક જગ્યા આરક્ષિત હોય છે. ચૂંટણી માટે સંપૂર્ણ મહારાષ્ટ્રનું મતદાર સંઘમાં વિભાજન કરવામાં આવે છે. દરેક મતદાર સંઘમાંથી એક પ્રતિનિધિ ચૂંટવામાં આવે છે.

વિધાનસભાની મુદત પાંચ વર્ષની હોય છે. અપવાદાત્મક પરિસ્થિતિમાં વિધાન સભાની ચૂંટણીઓ મુદત પહેલા પણ થઈ શકે છે.

૨૫ વર્ષ પૂર્ણ કરેલ કોઈપણ ભારતીય નાગરિક જો મહારાષ્ટ્રમાં રહેતો હોય તો વિધાનસભાની ચૂંટણી લડી શકે છે.

**વિધાનસભાના અધ્યક્ષ :** વિધાનસભાનું કામકાજ અધ્યક્ષના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ ચાલે છે. ચૂંટણી પછી નવેસરથી અસ્તિત્વમાં આવેલી વિધાનસભાના સભ્યો પોતાનામાંથી એકને અધ્યક્ષ અને એકને ઉપાધ્યક્ષ તરીકે ચૂંટે છે.

સભાગૃહનું કામકાજ શિસ્તબધ્ધ રીતે પાર પડે તે માટે કાર્યક્રમ પત્રિકા તૈયાર કરવાથી લઈને ગેર સંસદીય વર્તન કરનારા સભ્યોને નિલંબિત કરવા સુધીના અનેક કાર્યો અધ્યક્ષે કરવાના હોય છે. અધ્યક્ષની અનુપરિસ્થિતિમાં આ જવાબદારી ઉપાધ્યક્ષ પાર પાડે છે.

મહારાષ્ટ્ર વિધિમંડળના વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ અધિવેશન થાય છે. અર્થ સંકલ્પના વિશેનું અને ચોમાસું અધિવેશન મુંબઈમાં થાય છે. જ્યારે શિયાળુ અધિવેશન નાગપુરમાં થાય છે.

**વિધાન પરિષદ :** મહારાષ્ટ્ર વિધિમંડળનું આ બીજું સભાગૃહ છે. જેમાં અપ્રત્યક્ષ રીતે સમાજના વિવિધ ઘટકોમાંથી સભ્યો ચૂંટવામાં આવે છે. મહારાષ્ટ્ર વિધાન પરિષદની સભ્ય સંખ્યા ૭૮ છે. જેમાં કળા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોના તજ્ઞ વ્યક્તિની નિમણૂંક રાજ્યપાલ કરે છે. જ્યારે બાકીના પ્રતિનિધિ વિધાનસભા, સ્થાનિક શાસન સંસ્થા, શિક્ષક-મતદાર સંઘ, પદવીધર મતદાર સંઘમાંથી ચૂંટવામાં આવે છે.

વિધાન પરિષદ પૂર્ણ પણે બરખાસ્ત થતી નથી. તેની ચોક્કસ સભ્ય સંખ્યા દર બે વર્ષે નિવૃત્ત થાય છે અને તેટલીજ જગા માટે ચૂંટણી કરી તે પદો ભરવામાં આવે છે. વિધાન પરિષદનું કામકાજ વિધાન પરિષદ સભાપતિના નિયંત્રણ અને માર્ગદર્શન હેઠળ ચાલે છે. સભાપતિની અનુપરિસ્થિતિમાં ઉપસભાપતિ જવાબદારી સંભાળે છે.

**મહારાષ્ટ્રનું કારોબારી મંડળ :** મહારાષ્ટ્રના કારોબારી મંડળમાં રાજ્યપાલ, મુખ્યમંત્રી અને મંત્રીમંડળનો સમાવેશ થાય છે.

**રાજ્યપાલ :** કેન્દ્રિય સ્તરે રાષ્ટ્રપતિ નામધારી પ્રમુખ હોય છે. તે જ પ્રમાણે ઘટક રાજ્ય સ્તરે રાજ્યપાલ નામધારી પ્રમુખ હોય છે.

રાજ્યપાલની નિયુક્તિ રાષ્ટ્રપતિ કરે છે. તેઓ પોતાની ઇચ્છા સુધી પદ પર રહી શકે છે. રાજ્યપાલોને પણ કાયદાવિષયક કેટલાક મહત્ત્વના અધિકાર હોય છે. દા.ત. વિધાનસભા અને વિધાન પરિષદે સંમત કરેલ વિધેયક રાજ્યપાલના હસ્તાક્ષર પછી કાયદામાં રૂપાંતરિત થાય છે. વિધિમંડળનું અધિવેશન બોલાવવાનો અધિકાર રાજ્યપાલને હોય છે. વિધિમંડળનું અધિવેશન ચાલુ ન હોય ત્યારે એકાદ કાયદો બનાવવાની જરૂરિયાત ઉભી થતા રાજ્યપાલ તેવો અધ્યાદેશ કાઢી શકે છે.

**મુખ્યમંત્રી અને મંત્રીમંડળ :** વિધાનસભામાં જે પક્ષને સ્પષ્ટ બહુમતી મળે છે તે પક્ષના નેતા મુખ્યમંત્રી તરીકે ચૂંટવામાં આવે છે. મુખ્યમંત્રી પોતાના વિશ્વાસુ સહકાર્યકર્તાઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરે છે. વડાપ્રધાનની જેમ જ મુખ્યમંત્રી કારોબારી પ્રમુખ હોય છે. રાજ્યનો સંપૂર્ણ કારભાર રાજ્યપાલના નામથી ચાલે છે. પરંતુ પ્રત્યક્ષ રૂપે સંપૂર્ણ કારભાર મુખ્યમંત્રી કરે છે.

## મુખ્યમંત્રીના કાર્યો

**મંત્રીમંડળની નિર્મિતિ :** બહુમત સિધ્ધ થયા પછી મુખ્યમંત્રીએ પ્રથમ પોતાનું મંત્રીમંડળ તૈયાર કરવું પડે છે. આ કામ આહ્વાનાત્મક હોય છે. કારણકે મંત્રીમંડળ વધુને વધુ પ્રાતિનિધિક બને તે માટે દરેક પ્રદેશોને, વિવિધ સામાજિક ઘટકો (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતી, અન્ય પછાત વર્ગીય લોકો, મહિલા, અલ્પસંખ્યક વગેરે) નો સમાવેશ કરવો પડે છે. સ્પષ્ટ બહુમત ન હોય તો કેટલાક પક્ષ ભેગા થઈને સરકાર સ્થાપન કરે છે. આવા સમયે દરેક ઘટક પક્ષોને મંત્રીમંડળમાં સ્થાન આપવાનું મુશ્કેલ કામ મુખ્યમંત્રી પાર પાડે છે.

**ખાતા વહેંચણી :** મંત્રીમંડળની નિર્મિતિ થયા પછી મુખ્યમંત્રીએ ચૂંટેલા મંત્રીઓને ખાતાની વહેંચણી કરવી પડે છે. ખાતાની વહેંચણી કરતી વખતે પણ મંત્રીઓનો રાજકીય અનુભવ, પ્રશાસકીય કૌશલ્ય, તેમના લોકમતની માહિતી, નેતૃત્વ વગેરે બાબતનો વિચાર કરવો પડે છે.

**ખાતાઓમાં સમન્વય :** મુખ્યમંત્રી અને તેમનું મંત્રીમંડળ એકત્રિત રીતે વિધાનસભાને જવાબદાર હોવાથી કાર્યક્ષમ કારભારની અંતિમ જવાબદારી મુખ્યમંત્રી પર હોય છે. ખાતા-ખાતામાં સહકાર્ય અને સમન્વય ન હોય તો તેનું પરિણામ સરકારની કામગીરી પર થાય છે. માટે મુખ્યમંત્રીએ ખાતાઓ વચ્ચેનો વિવાદ દૂર કરી બધા ખાતા એક જ દિશામાં કામ કરે છે કે નહીં તે જોવું પડે છે.

**રાજ્યોનું નેતૃત્વ :** જે રીતે વડાપ્રધાન દેશનું નેતૃત્વ કરે છે તે જ રીતે મુખ્યમંત્રી રાજ્યોનું નેતૃત્વ કરે છે. પોતાના રાજ્યના લોકોનું હિત, તેમની સમસ્યા અને મુશ્કેલીઓને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીએ તે અનુસાર નવા ધોરણો તૈયાર કરવા પડે છે. રાજ્યોની જનતા મુખ્યમંત્રી તરફ 'પોતાના પ્રશ્ન ઉકેલનાર વ્યક્તિ' તરીકે જુએ છે. રાજ્યના પ્રશ્નોની નોંધ લઈને તે વિશે સરકાર વતી ઉપાયયોજના કરવાનું આશ્વાસન મુખ્યમંત્રી તરફથી મળતા જનતાને દિલાસો મળે છે.

મહારાષ્ટ્ર રાજ્ય એ ભારતનું એક પ્રાગતિક રાજ્ય છે. શિક્ષણ, ઉદ્યોગ, સેવાક્ષેત્ર, આરોગ્યસેવા અને સામાજિક સુરક્ષિતતા વગેરે ક્ષેત્રે તે પ્રમુખ સ્થાને છે. દહેશતવાદી કાર્યો અને કેટલાક ભાગમાં ચાલતી નક્ષલવાદી ચળવળ આપણાં રાજ્ય સામે રહેલા બે મોટા આહ્વાનો છે.

## સ્વાધ્યાય

**૧. નીચેના પર્યાયો પૈકી યોગ્ય પર્યાય પસંદ કરીને વિધાનો પૂર્ણ કરો.**

(૧) મહારાષ્ટ્ર વિધિમંડળનું શિયાળુ અધિવેશન ........... માં ભરાય છે.
(અ) મુંબઈ (બ) નાગપુર
(ક) પૂણે (ડ) ઔરંગાબાદ

(૨) રાજ્યપાલની નિયુક્તિ ............ કરે છે.
(અ) મુખ્યમંત્રી (બ) વડાપ્રધાન
(ક) રાષ્ટ્રપતિ (ડ) મુખ્યન્યાયાધીશ

(૩) રાજ્ય વિધિમંડળનું અધિવેશન બોલાવવાનો અધિકાર ........... ને હોય છે.
(અ) મુખ્યમંત્રી (બ) રાજ્યપાલ
(ક) રાષ્ટ્રપતિ (ડ) સભાપતિ

**૨. કોષ્ટક પૂર્ણ કરો.**

| અ. ક્ર. | સભાગૃહો | કાર્યકાળ | સભ્ય સંખ્યા | ચૂંટણીનું સ્વરૂપ | પ્રમુખ |
|---|---|---|---|---|---|
| ૧. | વિધાનસભા | | | | |
| ૨. | વિધાન પરિષદ | | | | |

**૩. ટૂંક નોંધ લખો.**

(૧) રાજ્યપાલ (૨) મુખ્યમંત્રીના કાર્યો.

**૪. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

(૧) વિધાનસભાના અધ્યક્ષના કાર્યો સ્પષ્ટ કરો.
(૨) સંવિધાને ભારત માટે સંઘરાજ્ય વ્યવસ્થા શા માટે સ્વીકારી છે ?
(૩) ખાતાની વહેંચણી કરતી વખતે મુખ્યમંત્રીએ કઈ બાબતોનો વિચાર કરવો પડે છે ?

**ઉપક્રમ**

મહારાષ્ટ્ર સરકારના અધિકૃત સંકેત સ્થળની મુલાકાત લઈને વિવિધ મંત્રી અને તેમના ખાતાના કારભાર વિશે માહિતી મેળવો.

AJHIS9

# ૬. નોકરશાહી

જિલ્લાધિકારીએ ટોળાબંધીનો આદેશ આપ્યો.

મહાપાલિકા આયુક્તે અંદાજપત્રક રજૂ કર્યું.

વિત્ત સચિવોનું રાજીનામું

વિભાગીય આયુક્ત મહેસૂલનું સર્વેક્ષણ કરશે.

ઉપરના ચોરસમાં જિલ્લાધિકારી મહાનગર-પાલિકા આયુક્ત, વિત્ત સચિવ, વિભાગીય આયુક્ત જેવા પદોનો ઉલ્લેખ છે. શાસનની પ્રશાસન યંત્રણામાં આ સનદી અધિકારીઓ હોય છે. તેમના કાર્યો શું છે, એવો પ્રશ્ન તમને થાય છે કે ?

કારોબારી મંડળની ભૂમિકા સ્પષ્ટ કરતા પ્રકરણમાં આપણે જોયું કે વડાપ્રધાન અને તેમનું મંત્રીમંડળ નવા કાયદાનો પ્રસ્તાવ તૈયાર કરે છે અને ધોરણ પણ નક્કી કરે છે. સરકારે નક્કી કરેલા ધોરણો પ્રત્યક્ષ કાર્યવાહીમાં લાવનાર અને કારોબારી મંડળના નિયંત્રણ હેઠળ રહેલી પ્રશાસકીય યંત્રણા 'નોકરશાહી' તરીકે ઓળખાય છે. પ્રસ્તુત પાઠમાં આપણે નોકરશાહીનું મહત્ત્વ સમજીશું.

કોઈપણ દેશની શાસનસંસ્થાએ મૂળભૂત બે પ્રકારના કાર્યો કરવાના હોય છે.

(૧) પરકીય આક્રમણથી દેશનું સંરક્ષણ અને અંતર્ગત સુરક્ષા વિષયક જોખમથી સંરક્ષણ કરીને નાગરિકોને સુરક્ષિત રાખવા.

(૨) નાગરિકોને વિવિધ પ્રકારની સેવા પૂરી પાડી તેમનું દૈનિક જીવન વધુ સરળ બનાવવું અને તેના દ્વારા પોતાનો અને સમાજનો વિકાસ સાધ્ય કરી શકાય.

એ પૈકી પહેલા કામ માટે દેશની સંરક્ષણ યંત્રણા સજ્જ હોય છે. આ સેવા અંતર્ગત સુરક્ષિતતા માટે નાગરી સેવાને મદદ કરે છે. તેમાંની સેવાને આપણે 'લશ્કરી સેવા' કહીએ છીએ. બીજા કામ માટે પ્રશાસકીય યંત્રણા ઉભી કરવામાં આવે છે. તેને આપણે 'સનદી સેવા' કહીએ છીએ. સનદી સેવકોની આ મોટી યંત્રણાને નોકરશાહી કહેવાય છે.

સંસદીય લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિ અને મંત્રી પર પ્રશાસનની જવાબદારી હોય છે. સરકારના કામો વિવિધ ખાતાઓ દ્વારા કરવામાં આવે છે. દરેક ખાતાના એક મંત્રી હોય છે અને તેઓ તે ખાતાના રાજકીય પ્રમુખ હોય છે. જનતાના પ્રતિનિધિ તરીકે મંત્રીએ પોતાના ખાતાનો કારભાર લોકહિતને પ્રાધાન્ય દઈને કરવાનો હોય છે. મંત્રી આ વિષયના તજજ્ઞ ન હોય તો પણ તેમને વ્યાપક લોકહિત શું છે તેની જાણ હોય છે. મંત્રીના ખાતાના સચિવો તેમને આવશ્યક સલાહ આપે છે. આ સચિવ સનદી સેવામાંથી નીમવામાં આવે છે. લોકોની ઇચ્છા અને પ્રશાસકીય તજજ્ઞતાનો સમન્વય આ રીતે સંસદીય પધ્ધતિમાં સાધવામાં આવે છે.

## નોકરશાહીનું સ્વરૂપ

- **કાયમ સ્વરૂપી યંત્રણા** : કર ભેગો કરનારી, પર્યાવરણનું રક્ષણ કરનારી, કાયદો અને સુવ્યવસ્થા રાખનારી, આપણને સામાજિક સુરક્ષિતતા આપનારી નોકરશાહી પોતાનું કામ સાતત્યથી કરતી હોય છે. કારણ કે તે કાયમસ્વરૂપી હોય છે. દરેક ચૂંટણી પછી નવા વડાપ્રધાન અને મંત્રીમંડળ સત્તા પર આવી શકે છે. પરંતુ તેમના નિયંત્રણ હેઠળની નોકરશાહી બદલાતી નથી. તેનું અસ્તિત્વ કાયમ સ્વરૂપી હોય છે.

- **રાજકીય દષ્ટિએ તટસ્થ** : નોકરશાહી રાજકીય દષ્ટિએ તટસ્થ હોય છે. એટલે કે સરકાર ભલે કોઈ પણ પક્ષની બને. તે સરકારના ધોરણોનો અમલ નોકરશાહીએ તે જ કાર્યક્ષમતા અને નિષ્ઠાથી

કરવો જોઈએ તે સંદર્ભે સનદી સેવકોએ રાજકીય ભૂમિકા લેવાની હોતી નથી અથવા પોતાના રાજકીય મતાનુસાર કામ કરવાનું હોતું નથી. એકાદ પક્ષ ચૂંટણી હારી જાય તો તે સત્તા પરથી દૂર થાય છે અને બીજા પક્ષની સરકાર બને છે. પહેલાની સરકારના કેટલાક ધોરણો નવી સરકાર બદલી શકે છે. આવી પરિસ્થિતિમાં નોકરશાહીએ તટસ્થ રહીને પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.

• **અનામિકતા :** અનામિકતા એટલે એકાદ ધોરણની સફળતા કે નિષ્ફળતા માટે નોકરશાહીને જવાબદાર ન ગણતા તેનું સ્વરૂપ અનામિક રાખવું. પોતાના ખાતાનો કારભાર કાર્યક્ષમતાથી ચલાવવો એ મંત્રીની જવાબદારી હોય છે. એકાદ ખાતાના અકાર્યક્ષમ કારભાર માટે પણ મંત્રીને જ જવાબદાર ગણવામાં આવે છે. સનદી સેવકોની જાહેર ટીકા થતી નથી. સંસદ જે તે ખાતાના ગેરવ્યવહાર માટે મંત્રીઓને જવાબદાર ગણે છે. આ સંદર્ભે મંત્રીઓ પોતે ઉત્તરદાયિત્વ લે છે અને નોકરશાહીને સંરક્ષણ આપે છે.

## ભારતમાં નોકરશાહીનું મહત્ત્વ

ભારતમાં નોકરશાહીની રચના અતિશય વ્યાપક અને ગૂંચવણ ભરેલી છે. સ્વાતંત્ર્યોત્તર કાળથી જે અનેક મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યા તેનો અમલ આ યંત્રણાએ પ્રભાવક રીતે કર્યો છે. આજે આપણને જે અનેક સારા સામાજિક ફેરફાર દેખાય છે તેનું એક કારણ છે, ભારતીય નોકરશાહીએ તે ધોરણોના અમલ દ્વારા તેને સામાન્ય નાગરિકો સુધી પહોંચાડ્યા છે. નોકરશાહીને કારણે રાજ્ય વ્યવસ્થાને સ્થિરતા પ્રાપ્ત થાય છે. પાણી પૂરવઠો, સાર્વજનિક સ્વચ્છતા, વાહનવ્યવહાર, આરોગ્ય, ખેતી સુધારણા, પ્રદુષણ પર પ્રતિબંધ જેવી અનેક સેવાઓ આપણને સતત મળતી રહે છે. જેથી લોકોના દૈનિક જીવનને સ્થિરતા મળે છે.

નોકરશાહી પણ સમાજ પરિવર્તનનું એક સાધન છે. સ્ત્રીઓનું સક્ષમીકરણ, બાળકોનું સંરક્ષણ, દુર્બળ ઘટકો માટેની યોજના જેવી બાબતોમાં સરકાર જે કાયદા કરે છે તેને પ્રત્યક્ષમાં લાવવાનું કામ નોકરશાહી કરે છે. ધોરણોના અમલ દ્વારા સામાજિક ફેરફાર થાય છે.

સમાજના લોકશાહીકરણની પ્રક્રિયામાં પણ નોકરશાહીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. અનામત ધોરણને કારણે અનેક દુર્લક્ષિત સમાજઘટક હવે મુખ્ય પ્રવાહમાં આવ્યા છે. નિર્ણય પ્રક્રિયામાં પણ તેમનો સહભાગ વધ્યો છે. તેથી સમાજનું લોકશાહીકરણ થવા માટે પ્રગતિશીલ કાયદા અને ધોરણની આવશ્યકતા હોય છે. તેમજ નોકરશાહીના કાર્યક્ષમ સહભાગની પણ આવશ્યકતા હોય છે.

**સનદી સેવાના પ્રકાર :** ભારતમાં સનદી સેવાના પ્રમુખ ત્રણ પ્રકાર છે.

**(૧) અખિલ ભારતીય સેવા :** ભારતીય પ્રશાસકીય સેવા (IAS), ભારતીય પોલીસ સેવા (IPS) અને ભારતીય વન સેવા (IFS) નો સમાવેશ થાય છે.

**(૨) કેન્દ્રિય સેવા :** એ કેન્દ્રસરકારના હાથમાં-સત્તામાં હોય છે. ભારતીય વિદેશ સેવા (IFS), ભારતીય મહેસૂલ સેવા (IRS) વગેરેનો તેમાં સમાવેશ થાય છે.

**(૩) રાજ્યસેવા :** એ રાજ્યસરકારના હાથમાં-સત્તામાં હોય છે. ઉપજિલ્લાધિકારી, જૂથવિકાસ અધિકારી, તહેસીલદાર વગેરે પ્રશાસકીય અધિકારી સ્પર્ધા પરીક્ષા દ્વારા પસંદ કરવામાં આવે છે.

સનદી સેવકોની પસંદગી ગુણવત્તા અને કાર્યક્ષમતાના માપદંડના આધારે થાય તે માટે ભારતીય સંવિધાને લોકસેવા આયોગ જેવી સ્વતંત્ર યંત્રણા નિર્માણ કરી. કેન્દ્રિય લોકસેવા આયોગ (UPSC), અખિલ ભારતીય સેવા અને કેન્દ્રિય સેવા માટે પરીક્ષા લઈને ઉમેદવાર પસંદ કરે છે અને તેની નિમણૂંક સરકાર કરે છે. મહારાષ્ટ્ર લોકસેવા આયોગ (MPSC) મહારાષ્ટ્રની સનદી સેવા માટે સ્પર્ધા પરીક્ષા દ્વારા ઉમેદવાર પસંદ કરે છે અને

તેમની નિમણૂંક માટે સરકારને ભલામણ કરે છે.

નોકરશાહી અને સનદી સેવા માટે પણ સમાજના દરેક ઘટકોને તક મળે તે માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જમાતી, મહિલા, અન્ય પછાત વર્ગો અને દિવ્યાંગોને આરક્ષણ આપીને સેવામાં આવવાની તક આપી છે. સામાજિક વિષમતાને કારણે દુર્બળ ઘટક સનદી સેવાની તકથી વંચિત ન રહે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

**મંત્રી અને સનદી સેવક :** મંત્રી અને ખાતાના સનદી સેવક અથવા સચિવ, ઉપસચિવ પદની વ્યક્તિ વચ્ચેનો સંબંધ કેવો છે તેના પર પણ તે તે ખાતાની કાર્યક્ષમતા આધારિત હોય છે. ખાતા સંબંધી નિર્ણય મંત્રી લે છે પરંતુ તેમને નિર્ણય લેવા માટે આવશ્યક બધી માહિતી સનદી સેવક આપે છે. માહિતી પર સનદી સેવકો અર્થાત નોકરશાહીનું પૂર્ણ નિયંત્રણ હોય છે. એકાદી યોજના માટે કેટલીક આર્થિક જોગવાઈ ઉપલબ્ધ હોય છે. તે સનદી નોકર જ કહી શકે છે. ધોરણોની સફળતા-નિષ્ફળતાનો ઇતિહાસ પણ તેમને ખબર હોય છે. તેથી મંત્રી મોટા પ્રમાણમાં સનદી સેવકો પર આધારિત હોય છે. મંત્રીઓ પણ સનદી સેવકો સાથે સંવાદ જાળવે અને પરસ્પરના સંબંધમાં વિશ્વાસ, પારદર્શકતા રાખે તો ખાતાઓનો કારભાર કાર્યક્ષમ રીતે થઈ શકે છે.

## સ્વાધ્યાય

**૧. નીચેના વિધાનો સાચા છે કે ખોટા તે ઓળખો અને ખોટા વિધાનો સુધારીને લખો.**

(૧) સંસદીય લોકશાહીમાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિ અને મંત્રી પર પ્રશાસનની જવાબદારી હોય છે.

(૨) કેન્દ્રિય લોકસેવા આયોગ (UPSC) મહારાષ્ટ્રની સનદી સેવા માટે સ્પર્ધા પરીક્ષા દ્વારા ઉમેદવાર પસંદ કરે છે.

**૨. નીચેના વિધાનો સકારણ સ્પષ્ટ કરો.**

(૧) સનદી સેવામાં પણ અનામત જગ્યાનું ધોરણ હોય છે.


(૨) સનદી સેવક રાજકીય દષ્ટિએ તટસ્થ હોવા જરૂરી છે.

**૩. નીચેના પ્રશ્નોના ૨૫ થી ૩૦ શબ્દોમાં જવાબ લખો.**

(૧) ખાતાઓનો કારભાર કાર્યક્ષમતાથી ચલાવવા માટે મંત્રી અને સનદી સેવકોની ભૂમિકા સ્પષ્ટ કરો.

(૨) નોકરશાહીને કારણે રાજ્યવ્યવસ્થાને સ્થિરતા કેવી રીતે પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરો.

**૪. નીચેનું સંકલ્પના ચિત્ર પૂર્ણ કરો.**





**૫. નોકરશાહીનું સ્વરૂપ સ્પષ્ટ કરો.**


**ઉપક્રમ**


તમારા પરિસરમાં સનદી સેવામાં કાર્યરત અધિકારીની મુલાકાત લેવા માટે પ્રશ્નાવલી તૈયાર કરો અને મુલાકાત લો.

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ

- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५









મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

इतिहास व नागरिकशास्त्र इ.८ वी (गुजराती माध्यम)

₹ 42.00